
કુમાર

વર્ષ ૪૬ · અંક ૧૦ · ઑક્ટોબર ૧૯૬૯
તંત્રી · બચુભાઈ રાવત
સંસ્થાપક · રવિશંકર મ. રાવળ
૫૫૦મા અંક



ફોટો : દત્તા ખોપકર

ઑક્ટોબર ૧૯૬૯ · અંક ૫૫૦

તંત્રી: બચુભાઈ રાવત — ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો


ચરિત્ર

વાર્તા

લેખો


વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૬-૨૦, પરદેશ : રૂ ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ. ૧-૫૦.



તુંગનાથ : હિમાલયનું સર્વોન્નત દેવસ્થાન (ફોટો કલાકાર : આર. આર. ભારદ્વાજ)

હિમાલયનાં ઉત્તુંગ શિખરો પર આકાશની અનંતતા સાથે એકતાનતા સાધતાં બદ્રીનાથ-કેદારનાથ આદિ સર્વ દેવધામોમાં ઊંચામાં ઊંચુ ૧૨,૨૦૦ ફૂટ—આ મંદિર આસપાસના વાદળભર્યા શાંત ગંભીર વાતાવરણમાં જાણે વિમાનની માફક તરી રહ્યું છે. તેજ અને છાયાના બે ભાગમાં વહેંચાએલા ચિત્રમાં તેજવાળા ભાગમાં વાદળની મુલાયમતા અને છાયાભાગમાં શિલાની રૂક્ષતા બંને એકીસાથે અડોઅડ નિરૂપવાનો કપરો કસબ સાધવા સાથે ફોટોકલાકારે દ્યાવા-પૃથિવીના ઐક્યનું એક સુંદર નિદર્શન કરાવ્યું છે.



ભારતીય ચિત્રકળાની પરંપરામાં મુઘલ શૈલી ભલે થોડો સમય ચાલી, પણ બે ખાસ કારણે વિશિષ્ટ છાપ મૂકી ગઈ છે: એક એ, કે તે એતદ્દેશીય કલામાં પહેલી વાર ભળેલી ઈરાની અસરના સંમિશ્રણનું ફરજંદ છે; અને બીજું એ કે તેણે અહીંની પરંપરાગત ઢબની ઝડપી. બીજાત્મક ને કઢંગી રેખાવટ તથા ભડક રંગાવટવાળી શૈલીને યથાતથ વાસ્તવદર્શી નિરૂપણ કરતી, મીઠા રંગવૈવિધ્યની નજાકતભરી આલેખન શૈલીમાં પલટાવી નાખી.

એની શરૂઆત તિમુરવંશી બાબરના પુત્ર હુમાયુએ ઈરાનમાંના પોતાના નિર્વાસનમાંથી પાછા આવતી વખતે સાથે લાવેલા ચિત્રકારોની નિગાહમાં ચીતરાવેલી પરાક્રમકથા 'હમઝા નામા'થી થઈ. (જુઓ આ અંકમાં 'વડોદરા ચિત્રવીથિ'ના લેખ સાથેનું ચિત્ર) એણે તે માટે ઈરાની કલાકાર અબ્દુસ્સમદના હાથ નીચે રોકેલા પચાસેક ચિત્રકારોમાં મોટા ભાગના હિંદી કલાકારો હતા. તેના પુત્ર અકબરે તો એક આખું ચિત્રકળા ખાતું ઊભું કર્યું; અને એ વખતે ભારતનાં જુદાં જુદાં કેન્દ્રોમાં—મુખ્યત્વે કાશ્મીર, ગ્વાલિયર અને ગુજરાતમાં—ચિત્રકળા પ્રફુલ્લતી હતી ત્યાંથી સંખ્યાબંધ કલાકારોને દિલ્હીના દરબારમાં લાવીને વસાવ્યા; જેમાંના ગુજરાતમાંથી ગયેલા ભીમ ગુજરાતી, કેસૂ ગુજરાતી, શંકર ગુજરાતી અને સૂરજ ગુજરાતીનાં નામ જાણીતાં છે. અકબર-જહાંગીર-શાહજહાંના કાળમાં વિકસતી જઈને મુઘલ કલા ઔરંગઝેબના સમયમાં વિલીન થતી ગઈ, તો પણ એની લોકપ્રિયતા કેવળ ભારતમાં જ નહિ ભારત બહાર પણ એટલી હતી કે ઑસ્ટ્રિયાની રાણી મારીઆ થેરેસાએ ઈ. ૧૭૪૦ થી '૪૭ દરમ્યાન બંધાવેલા તેના મહેલના એક કમરાની સમગ્ર ભીંતો ચુનંદાં મુઘલશૈલીનાં ચિત્રોથી સુહાવી હતી

અકબર-સલીમ વચ્ચે સમાધાન (મુઘલ કલમ. સત્તરમી સદીનો આરંભકાળ)

વડોદરા સંગ્રહાલયની ચિત્રવીથિમાંનું એક ચિત્રરત્ન. બ્લૉક તેમના સૌજન્યથી

ા-પુત્રવચ્ચેના વિખવાદને અંતે પુત્ર સલીમને અકબરના દરબારમાં મોતીની માળા નજર કરતો અહીં આલેખ્યો
શૈલી વાસ્તવદર્શી હોવાથી દરબારીઓ સુધ્ધાં બધાં પાત્રો ઓળખી શકાય છે. જોકે ચિત્રની માંડણી ભારતીય
રાની છે, જેમાં આગળના ભાગમાં ચોકમાં ઊભેલા ઘોડેસવાર તથા હાથી, તે પછી બે બાજુ બગીચાનાં ઝાડ
દ્વારપાળ સાથેની આરસની ફર્શ, ત્યાર બાદ ગાલીચો બિછાવેલો દરબાર અને તે પછી કિનખાબી કનાત બાંધેલું
બરનું સિંહાસન, એમ એક ઉપર એક નિરૂપતા જઈ તેની પાછળ મકાનની સ્થાપત્યરેખા તથા આકાશ બતાવ્યાં
સપ્રમાણ સંયોજના અને તેજમધુર રંગોથી ઓપતું આ ચિત્રરત્ન ગુજરાતના સંગ્રહની મોંઘી મૂડી છે.

તમે આવ્યાં ને આ... / માધવ રામાનુજ[૧]

· શિખરિણી ·

તમે આવ્યાં ને આ અમથું અમથું મૌન ઊઘડ્યું,
ગયા ગોરંભીને ઘન વરસી, આકાશ ઊઘડ્યું,
થીજ્યાં આંસું એથી સ્મરણ: અધરે સ્મિત ઊઘડ્યું.

—યુગોથી વેંઢારી નરી અલગતા ચંદ્ર ફરતો
રહે, મારું યે આ જીવતર વીત્યું એ જ ગતિમાં;
તમારા આવ્યાનો કલરવ ભરી યાન ઊતર્યું
અને રુંવે રુંવે પ્રથમ પળનું દર્દ ઊઘડ્યું!

અષાઢી રાતોનાં રિમઝિમ બધાં ગીત ફણગે
તમારાં આછેરાં કુમકુમ ડગે—સ્તબ્ધ ફળિયે;
ઝરૂખે ટાંગેલી નીરવ ઠીબની પાંખ ફરકે
તમારી કીકીના સજલ ટહુકે; મુગ્ધ નળિયે
ઝમે આળો આળો દિવસ; ઘરમાં રાત રણકે!

ઘડી ઊભાં રે'જો ઉંબર પર સિંદૂરવરણાં,
તમારા સેંથામાં મિલન-પળનું મૌન ભરી દૌં.

શરદાગમને / ભાનુપ્રસાદ પંડ્યા[૨]

· હરિણી ·

વજન વિખરી દીધું—સાધ્વી સમી સિત વાદળી
રસળી, તૃણ સૌ ધીરેધીરે ધરે છવિ હેમની!
ગળચટી વહે પાકેલા મોલની કચહીં સોડમ,
હદ થઈ સૂતા શેઢાઓને ભૂંસી રહી મોસમ!

હિજરત કરી ગામે?—સીમે વસે વધુ ઓરડાં!
ગગનસરનાં સે'લાણી તો છૂપાં રહી હીંચકે
અહીં કણસલે! ટોચાની ગોફણે સહુ પાંદડાં
ફરર કરતાં ઊડ્યાં જાણે!—જુદે વળી ખેતરે!

અબઘડી ખુલી આળી ચાંચે મીઠાશની કામના
લઈ સતત આ મોભારે ભાદ્રવી રવ ઊડતો!
રજની નવને મીઠા કંઠે ભરી દઈ ઘૂમતા
ચરણ ઝીલવા ઝંખે ચૌટું; અને સહુ ભીંતને
મલકી ઊઠવાની વેળા આ, ચહે મૂક ટોડલા:
શિશુ સમ હવે તેડી લેવા દિયો લઘુ કોડિયાં!

(મૌસમ = પાક, આળી ચાંચે...ભાદ્રવી રવ = કાગ્રોલિયાં-કાગડાનાં બચ્ચાં; રજની...ઘૂમતા ચરણ = નવરાત્રિનું સૂચન; ભીંતનું મલકી ઊઠવું = ધોળાવાથી.

૧) આગમનના આનંદની પરાકાષ્ઠાનું સૌંદર્ય. ચંદ્રના પ્રતીકથી આજ સુધી વીતેલા જીવનની અલગતાની વેદનાનું નિરૂપણ. પ્રથમ પળનું દર્દ જાગે છે, રિમઝિમ બધાં ગીત આછેરાં કુંકુમડગે ફણગે છે... (ગીતને ફણગાવવાં, ઠીબની પાંખો ફરકવી, કીકીનો ટહુકો, દિવસનું ઝમવું–આ બધાં કવિત્વમયી નવાં નિરૂપણ જુઓ)...અને એમ મિલનપળના મૌનથી 'સિંદૂરવરણાં'નો સેંથો પૂરવાની પળ સુધી કવિ આવી પહોંચે છે.

૨) મેઘ ઠલવી દઈને હલકી થએલી સફેદ વાદળીઓ, સોનાંપીળાં થએલાં ઘાસ, પાકેલા મોલની ગળચટી સોડમ, શેઢાઓને ભૂંસી નાખતો મબલખ પાક, એના રક્ષણ માટે ગામ ખાલી કરીને સીમમાં જઈ વસેલા લોકો, ટોચાની ગોફણે કણસલાં પરથી ઊડી જતાં પંખી તથા મોભારે ઊડતાં આળી ચાંચવાળાં કાગડાનાં બચ્ચાં (ભાદ્રવી રવ), નવરાત્રી રણકાવતાં ચરણને ઝંખતું ચૌટું, ધોળાવાની રાહ જોતી ભીંતો અને કોડિયાંને તેડી લેવા ઉત્સુક ટોડલા—એવી એવી તળપદા જીવનની અભિનવ કલ્પનાઓથી સાધેલું ઋતુલક્ષ્મી શરદના આગમનનું મધુર ચિત્ર.

એકસાંજની વેળા / મૌન બલોલી[૩]

· કટાવ ·

સૈયરની શરમાળ હથેળી મહીં
હિનાની ભાત નિહાળી,
એક સાંજની વેળા આવે યાદ:
હજી ના જરા ઊંચકાયો
સંધ્યાના મુખથી ઘૂંઘટ
ત્યાં તો ખરે ભાલથી સૂરજ...
ધસતું બારીમાંથી અમાસિયું નભ,
શેરીમાં દખણાદી ઊંચી ડોકે
રૂએ શ્વાન,
ગોંદરે ઘુવડ બેઠું ગાય મરશિયા,
ઘરની વચ્ચે પોક મૂકતી
વ્હેલી વ્હેલી રાત,
રાતડી હથેળિયુંમાં
ભડકે બળે મસાણ.
માઢે વળાવતાં સૈયરને જોતાં વાટ:
ઝાંઝરાં નવાણથી
રણકાર ઢોળતાં ક્યારે આવે,
તવે દાણે અવાવરી આંખોમાં
ફરકે પાનેતરથી
સરી ગએલો ખેસ...

અભીપ્સા / મનોજ ખંડેરિયા[૪]

· ગાન ·

પાંદડાની કોર મહીં પોઢ્યો છું કંપ—
મને અડકો જરાક તો કોળું.

દૂર દૂર ઝૂંપડીનો ધુમાડો જોઈ મારી
કામનાનું વન થાય લીલું,
શમણામાં સોનાની પગલીઓ પાડતા
સૂરજને કેમ કરી ઝીલું?
ચકલીના સ્વર માંહી સરતું આકાશ
હવે હળવે થાતું રે પ્હોળું પ્હોળું.

લીલાશની વ્હેતી રે નદિયુંનાં નીર મહીં
ફોર્યો ફ્હોર્યો રે પરપોટો,
એક એક શ્વાસને ઊગી ગઈ ઝંખના કે
થઈ જઈએ આજ ગલગોટો,
ટેરવામાં રેલાતું ગીત મને આપો
તો લીલુંછમ નભ મારું ઢોળું.

શોધ / મનહર તળપદા

· વસંતતિલકા ·


ક્યાં શોધવી અવ તને પથહીન દેશે
અંધારના? નજરનાં હરણાં ય થાકી
પાષાણના બની ગયા તુજ નામ કેરા
જ્યાં પાળિયા......

ને દૂર દૂર ક્ષિતિજે તણી પેલી પારે
નીલા સમંદર મહીં હજી યે ઊભેલા
ઝ્હેલે, તમે બની જઈ રૂપ હેમ કેરાં
પેટાવિયા દીપક સૌ, ક્ષણના વિયોગે
ઝરતં કો' મીન તણાં થઈ જાય આંસું.

આકાશ એક હજુ યે ઝઝૂમી રહેલું
એવું જ છે, ફકત બે પગલાંની કેડી
મેંદીભરી, ક્ષિતિજની રણ-શૂન્યતામાં
શોધ્યા કરે છે તમને......


૩) સૈયરની સાસરવાસ-વિદાય વખતે પોતાના નંદવાઈ ગએલા સૌભાગ્યનું સ્મરણ... ૪) 'પાંદડાની કોરમાં પોઢેલા કંપ' સમું અતીવ સૌંદર્યસભર રૂપક યોજીને, કોળવા માટે કોઈકના સ્પર્શની રાહ જોઈ બેઠેલી ઉત્કંઠાનું કવિત્વમય આલેખન.

જન્મકુંડળી



જન્મશતાબ્દીએ જીવનસ્મરણ

છેક કુમારવયથી 'સત'ના પાયા પર જીવનનું ચણતર કરીને ૭૮ વર્ષના જીવનકાળની એકેએક પળને જેમણે આ દેશનાં જડ અને કૃત્રિમ મૂલ્યોનું આમૂલ પરિવર્તન કરી નાખવામાં ખર્ચી;...જેમણે (શ્રી યશવંત શુકલના શબ્દોમાં) 'અપાર કરુણા ને વત્સલતાથી, જાગ્રત પરિણામદષ્ટિ અને સતત ક્રિયાશીલતાથી, સત્તાની આકાંક્ષાથી નહિ પણ ગીતાપ્રોક્ત સ્પૃહારહિત કર્તવ્યબુદ્ધિથી આ દેશના પ્રશ્નોને વિધાયક દૃષ્ટિએ ઉકેલવા પ્રયાસ કરીને, એક દરિદ્ર, મૂઢ, પરવશ પ્રજાની ચેતનાને ઢંઢોળીને એક મહાન સાંસ્કૃતિક વારસાનું આત્મભાન તેનામાં પ્રકટાવ્યું; અને જેમણે એક વિશાળ સામ્રાજ્યને હચમચાવી આ દેશને સ્વરાજ્યને કાંઠે લાવી નાંગર્યો'–એ મહાન આત્માના, લગભગ ત્રણ પેઢીના પ્રત્યક્ષ જીવનને તથા સમસ્ત જગતની વર્તમાન તેમજ ભાવિ વિચારધારાને આવરી લેતા વિરાટ વ્યક્તિત્વનો ખયાલ આપવાને તો ગ્રંથો જોઇએ. એટલે અહીં તો એ વિરાટતાનું માત્ર સ્મરણ કરીને, એ જીવનની કેવળ તવારીખી નોંધ તથા એમના જીવનના તબક્કાવાર થોડાંક ચિત્રોની નીચે, એમના જ શબ્દોમાં એમની સત્યપૂત આત્મકથાની રૂપરેખા આપવાનો પ્રયાસ કર્યો છે.



૧૮૬૯: ૨જી ઑક્ટોબર : કાઠિયાવાડના ટેકીલા મુત્સદ્દી ઉત્તમચંદ (ઓતા) ગાંધીના પુત્ર પોરબંદરના દીવાન કરમચંદ (કબા)ગાંધીનેત્યાં એમનાં ચોથીવારનાં પત્ની પૂતળીબાઈથી વૈષ્ણવ કુટુંબમાં જન્મ. પિતાનાં ત્રણ પુત્રી–ત્રણ પુત્રોમાં સૌથી નાના.

૧૮૭૬ : પોરબંદરથી પિતાશ્રી રાજસ્થાનિક કોર્ટના સભ્ય થઇ રાજકોટ જતાં તેમની સાથે રાજકોટ ગયા ને ત્યાં પ્રાથમિક શાળામાં દાખલ થયા. ત્યાં શરમાળ ને સત્યપ્રિય વિદ્યાર્થી તરીકે ખ્યાતિ.

૧૮૮૧ : રાજકોટની હાઈસ્કૂલમાં પ્રવેશ. 'શ્રવણ પિતૃભક્તિ' અને 'હરિશ્ચંદ્ર' નાટકની ઊંડી અસર સત્યવાદી થવાનો સંકલ્પ.

૧૮૮૩ : ગોકુલદાસ મકનજી નામના વેપારીનાં પુત્રી કસ્તૂરબાઈ સાથે લગ્ન.

૧૮૮૪-૮૫ : બીડી પીવાનો તથા દેખાદેખીએ માંસ ખાવાનો પ્રયોગ કર્યો, પણ માતાપિતાને છેતરવાના દુઃખે છોડી દીધો. સત્યપ્રિય અને નિખાલસ જીવનનો બીજક પ્રસંગ. વચેટ ભાઈને ચોરી કરવામાં કરેલી મદદ માટે અસહ્ય પશ્ચાત્તાપ થતાં પિતાજીને ચિઠ્ઠી લખી દોષ કબૂલ કર્યો. પિતાજીના અશ્રુબિંદુઓએ તેમને વીંધ્યા ને અહિંસાનો પહેલો પદાર્થપાઠ શીખ્યા. અપકારનો બદલો ઉપકારથી વાળવાનો શામળભટ્ટનો જાણીતો છપ્પો આ અરસામાં જીવનનું સૂત્ર બન્યો. માંદા પિતાની મનઃપૂર્વક સેવા. ૧૭ મે વર્ષે પિતાનું મૃત્યુ.

૧૮૮૭ : મૅટ્રિક પસાર કરીને ભાવનગર સામળદાસ કૉલેજમાં પ્રવેશ પણ પ્રથમ સત્ર પછી અભ્યાસ છોડી બૅરિસ્ટરના અભ્યાસ માટે ઇંગ્લંડ જવાનો નિર્ણય. તેથી જ્ઞાતિશેઠે નાત બહાર મૂક્યા.

૧૮૮૮ સપ્ટેમ્બર: ઇંગ્લંડ પહોંચ્યા; જ્યાં માંસ, મદિરા તથા સ્ત્રી-સંગથી દૂર રહેવાની માતાને આપેલી પ્રતિજ્ઞા ઘણી અગવડ તથા મુશ્કેલીઓ વેઠીને પણ પાળીને અભ્યાસ કર્યો. ધાર્મિક વાચનમાં ગીતાની સારી અસર. રહેણીકરણી, ખોરાક, ધર્મ આદિ બાબતોમાં વિવિધ અનુભવો તથા અખતરા. ખર્ચ જેમ બને તેમ ઓછું કરવા જુદી ઓરડી રાખી હાથે રાંધવાનું શરૂ કર્યું તથા ગાડીભાડું બચાવવા રોજનું ૮-૧૦ માઈલ ચાલવાનું રાખ્યું, અગ્રેજી પાકું કરવા લંડનની મૅટ્રિકની પરીક્ષા પાસ કરી. શાકાહારીઓનું મંડળ તેના મંત્રી બન્યા.

૧૮૯૧ જૂન : બૅરિસ્ટર થઈ હિંદ પાછા ફર્યા.

૧૮૯૩ એપ્રિલ : મુંબાઇમાં વકાલત મુશ્કેલ લાગવાથી રાજકોટ ગયા. કાઠિયાવાડના ખુશામત અને કાવાદાવાના ઝેરી વાતાવરણથી અકળાઈ પોરબંદરની એક મેમણની પેઢીના દક્ષિણ આફ્રિકામાં ચાલતા મોટા મુકદ્દમામાં મદદ કરવાની નોકરીની તક મળતાં ત્યાં જવા ઊપડ્યા.

૧૮૯૪ : નાતાલની કોર્ટમાં સૌ પહેલા હિંદી વકીલ તરીકે પ્રવેશ. યુરોપિયનો તરફથી હિંદીઓનાં ડગલે ને પગલે થતાં અપમાનનો જાતઅનુભવ. પહેલા વર્ગની ટિકિટ હોવા છતા કેવળ રંગભેદને કારણે આગગાડીમાંથી ઉતારી મૂકવામાં આવ્યા. સિગરામમાં પણ અન્યાયનો વિરોધ કરતાં સખત માર. હિંદીઓનાં દુઃખો દૂર કરવાનો નિશ્ચય. પોતાના અસીલના કેસમાં બંને પક્ષો આખરે ખુવાર થઈ જશે એમ લાગવાથી કાળજાતૂટ મહેનત કરીને કેસ ઘરમેળે પતાવવાની સલાહ આપી, જે અનુસાર પંચથી નિકાલ થયો. એમાં તેમના અસીલ જીત્યા. તે કેસ પૂરો થયે ઘર તરફ આવવા તૈયાર થયા, પણ એ જ અરસામાં હિંદીઓના મતાધિકાર ખૂંચવી લેવાનો કાયદો સરકાર કરતી હોવાથી લોકોએ આગ્રહ કરી તેના વિરોધ માટે રોકી રાખ્યા. વિરોધ-પ્રદર્શન તરીકે દસ હજાર સહીઓવાળી જંગી અરજી મોકલી.

૧૮૯૪ મે માસ: હિંદીઓનાં હિતની રક્ષાર્થે નાતાલ ઇંડિયન કૉંગ્રેસ સ્થાપી.

૧૮૯૬ નવેમ્બર: થોડો વખત હિંદ આવીને ફિરોઝશાહ મહેતા, લોકમાન્ય ટિળક તથા ગોપાળ કૃષ્ણ ગોખલેને મળી દ. આફ્રિકાની સ્થિતિ સમજાવીને 'લીલા ચોપાનિયા વડે' હિંદભરમાં દક્ષિણ આફ્રિકાને લગતો પ્રચાર કરી કુટુંબ સાથે પાછા ફર્યા.

૧૮૯૭ જાન્યુઆરી ૧૩મી: ડરબન બંદરે ઊતરતાં જ ઉશ્કેરાએલા અંગ્રેજ ટોળાનો હુમલો. સખત માર પડ્યો પણ બચી ગયા. કોઈના પર કામ ચલાવવાની ઉદાર દિલે સાફ ના પાડી.

૧૮૯૯ : બોઅર વિગ્રહમાં અંગ્રેજ સૈનિકોની શુશ્રૂષા કરવા હિંદી સ્વયંસેવકોની એક ટુકડી ઊભી કરીને વરસતી ગોળીઓ વચ્ચે છ અઠવાડિયાં સુધી હિંમતભરી કામગીરી બજાવી ચાંદ મેળવ્યા. (આગળ ચાલુ)



પિતા કરમચંદ ગાંધી



માતા પૂતળીબાઈ



ગાંધીજી ઈ. ૧૮૭૬માં · સાત વર્ષના

ગાંધી કુટુંબ પ્રથમ તો ગાંધિયાણાનો વેપાર કરનારું. પણ મારા દાદાથી માંડીને ત્રણ પેઢી થયાં તો એ કારભારું કરતું આવેલું. ઉત્તમચંદ (ઓતા) ગાંધી ટેકીલા હશે એમ લાગે છે. તેમણે રાજખટપટને લીધે પોરબંદર છોડી જૂનાગઢ રાજ્યમાં આશ્રય લીધેલો.

ઓતા ગાંધીના પાંચમા દીકરા કરમચંદ અથવા કબા ગાંધી, તે મારા પિતાશ્રી. એમને ચોથાં પત્ની પૂતળીબાઈથી એક દીકરી અને ત્રણ દીકરા. તેમાંનો છેલ્લો હું.

પિતા કુટુંબપ્રેમી, સત્યપ્રિય, શૂરા, ઉદાર પણ ક્રોધી હતા. તેઓ લાંચથી દૂર ભાગતા, તેથી શુદ્ધ ન્યાય આપતા એવી અમારા કુટુંબમાં અને બહાર લોકવાયકા હતી. રાજ્યના વફાદાર હતા. દ્રવ્ય એકઠું કરવાનો લોભ એમણે કદી રાખ્યો નહોતો, તેથી અમ ભાઈઓ સારું થોડી જ મિલકત મૂકી ગયેલા.

પિતાની કેળવણી કેવળ અનુભવની હતી. જેને આજે આપણે ગુજરાતી પાંચ ચોપડીનું જ્ઞાન ગણીએ તેટલી કેળવણી તે પામેલા હશે. ઇતિહાસ ભૂગોળનું જ્ઞાન તો મુદ્દલ ન મળે. આમ છતાં વ્યવહારજ્ઞાન તો એવા ઊંચા પ્રકારનું હતું કે ઝીણામાં ઝીણા પ્રશ્નોના ઉકેલ કરવામાં કે હજાર માણસોની પાસે કામ લેવામાં તેમને મુશ્કેલી ન આવતી. ધાર્મિક કેળવણી નહિ જેવી હતી. પણ મંદિરોમાં જવાથી કથા વગેરે સાંભળીને જે ધર્મજ્ઞાન અસંખ્ય હિંદુઓને સહેજે મળી રહે છે તે તેમને હતું. છેવટના વર્ષમાં એક વિદ્વાન બ્રાહ્મણ જેઓ કુટુંબના મિત્ર હતા તેમની સલાહથી તેમણે ગીતાપાઠ શરૂ કર્યો હતો અને રોજ થોડાઘણા શ્લોકો પોતાના પૂજાના સમયે ઊંચે સ્વરે પાઠ કરી જતા.

માતા સાધ્વી સ્ત્રી હતી. એવી મારા ઉપર છાપ રહેલી છે. તે બહુ ભાવિક હતી. પૂજાપાઠ વિના કદી ન જમે. હવેલીએ હમેશાં જાય. હું સમજણો થયો ત્યારથી તેણે કદી ચાતુર્માસ છોડ્યા હોય એવું મને સ્મરણ નથી. કઠણમાં કઠણ વ્રતો તે આદરતી અને નિર્વિઘ્ને પૂરાં કરતી. લીધેલાં વ્રત માંદી પડે તો પણ ન જ છોડે. એવો એક સમય મને યાદ છે જ્યારે તેણે ચાંદ્રાયણ વ્રત લીધેલું. તેમાં માંદી પડેલી પણ વ્રતને ન છોડેલું. ચાતુર્માસમાં એકટાણાં કરવાં તો તેને સામાન્ય વાત હતી. એક ચાતુર્માસમાં તેનું એવું વ્રત હતું કે સૂર્યનારાયણનાં દર્શન કર્યા પછી જ જમાય. એ ચોમાસે અમે છોકરાં વાદળ સામું જોઈ રહીએ કે ક્યારે સૂર્ય દેખાય અને ક્યારે મા જમે. ચોમાસામાં ઘણી વેળા સૂર્યનાં દર્શન દોહ્યલાં થાય. એવા દિવસો યાદ છે કે જ્યારે અમે સૂર્યને જોઈએ, 'બા, બા સૂરજ દેખાયો' કહીએ, ને બા ઉતાવળી ઉતાવળી આવે ત્યાં તો સૂરજ ભાગી જાય. 'કાંઈ નહિ, આજે નસીબમાં જમવાનું નહિ હોય' કહી મા પાછી જાય ને પોતાના કામમાં ગૂંથાઈ જાય.

માતા વ્યવહારકુશળ હતી. દરબારી બધી વાતો જાણે. રણવાસમાં તેની બુદ્ધિની આંકણી ઠીક મુકાતી. હું બાળક હોઈ કોઈકોઈ વેળા મને મા દરબારગઢમાં સાથે લઈ જતી. 'બામાસાહેબ'ની સાથે થતા સંવાદો મને હજી કેટલાક યાદ છે.

આ માતાપિતાને ત્યાં હું સંવત ૧૯૨૫ના ભાદરવા વદ ૧૨ને દિવસે, એટલે સન ૧૮૬૯ના ઑક્ટોબરની ૨જી તારીખે પોરબંદર અથવા સુદામાપુરીમાં જન્મ પામ્યો.

બચપણ પોરબંદરમાં જ ગયું. કોઈ નિશાળમાં મને મૂકવામાં આવેલો. મુશ્કેલીથી થોડા પાડા શીખેલો. તે કાળે છોકરાઓની સાથે હું મહેતાજીને માત્ર ગાળ દેતાં શીખેલો એવું યાદ છે. અને બીજું કાંઈ જ યાદ નથી. તેથી હું અનુમાન કરું છું કે મારી બુદ્ધિ મંદ હશે.

પિતાશ્રી રાજસ્થાની કોર્ટના સભ્ય થઈ રાજકોટ ગયા ત્યારે મારી ઉંમર સાતેક વર્ષની હશે; રાજકોટની ગામઠી શાળામાં મને મૂકવામાં આવ્યો. ગામઠી નિશાળમાંથી પરાની નિશાળમાં, ને ત્યાંથી હાઈસ્કૂલમાં પહોંચતાં મને બારમું વર્ષ વીતી ગયું. હું અતિશય શરમાળ.

પહેલા જ વર્ષમાં ઈન્સ્પેક્ટર નિશાળ તપાસવા આવ્યા પાંચ શબ્દ લખાવ્યા. એક શબ્દની જોડણી મેં ખોટી લખી. માસ્તરે બૂટની અણી મારી. મને એમ ભાસી ન શક્યું કે માસ્તર મને સામેના છોકરાની પાટીમાં જોઈ જોડણી સુધારવાનું કહે. મારી 'મૂર્ખાઈ' માસ્તરે પાછળથી સમજાવી, પણ મારા મન ઉપર તે સમજૂતીની કશી અસર ન થઇ. મને ચોરી કરતાં કદી ન આવડ્યું. છતાં માસ્તર તરફ હું મારો વિનય કદી ન ચૂક્યો. વડીલોની આજ્ઞાનું પાલન કરવું એટલું હું સમજ્યો હતો. તેઓ કહે તે કરવું; કરે તેના આપણે કાજી ન બનવું.

નિશાળનાં પુસ્તકો ઉપરાંત કંઈ વાંચવાનો શોખ નહોતો. પાઠ કરવા જોઇએ તેથી પાઠ વાંચતો. પણ પિતાશ્રીએ ખરીદેલું શ્રવણપિતૃભક્તિ નાટક રસપૂર્વક વાંચી ગયો. કાચમાં ચિત્રો દેખાડનારા પાસેથી શ્રવણ માતપિતાને કાવડમાં બેસાડી યાત્રા કરવા લઈ જાય છે એ દૃશ્ય મેં જોયું. બંને વસ્તુની મારા ઉપર ઊંડી છાપ પડી: મારે પણ શ્રવણ જેવા થવું.

આ જ અરસામાં 'હરિશ્ચન્દ્ર'નું નાટક જોયું. ફરી ફરી તે જોવાનું મન થાય. એમ વારંવાર તો કોણ જવા દે? પણ મારા મનમાં એ નાટક સેંકડો વખત ભજવ્યું હશે. 'હરિશ્ચન્દ્ર જેવા સત્યવાદી બધા કાં ન થાય?' એ ધૂન ચાલી હરિશ્ચંદ્ર ઉપર પડેલી તેવી વિપત્તિઓ ભોગવવી ને સત્યનું પાલન કરવું, એ ધૂન ખરું સત્ય. હરિશ્ચન્દ્રનું દુ:ખ જોઈ તેનું સ્મરણ કરી હું ખૂબ રોયો છું

હાઇસ્કૂલમાં મિત્રતાનું નામ આપી શકાય એવા બે મિત્રો હતા. એક સંબંધ લાંબો ન ચાલ્યો. બીજાનો સંગ માતુશ્રી, જ્યેષ્ઠ ભાઈ અને ધર્મપત્નીને કડવો લાગતો હતો. તે સંગ કરવામાં મારી સુધારક દૃષ્ટિ હતી. 'મને તે આડે માર્ગે નહિ લઈ જાય, કેમ કે મારો તેની સાથેનો સંબંધ કેવળ તેને સુધારવાને ખાતર છે,' એવું આશ્વાસન મેં સૌને આપ્યું.

ત્યારે રાજકોટમાં સુધારાપંથ પ્રવર્તતો હતો. આ મિત્રે મારી આગળ માંસાહારની પ્રશંસા અને દલીલ અનેક દાખલાઓથી શણગારી ઘણી વાર કરી ઘણા હિંદુ છૂપી રીતે માંસાહાર કરતા એમ કહ્યું. તેનાં શારીરિક પરાક્રમો મને મુગ્ધ કરતાં. વળી હું બહુ બીકણ હતોને એ પોતે એમાંથી મુક્ત હતો એ માંસાહારના પ્રતાપે, એવું મને ઠસાવ્યું. હું પીગળ્યો. માંસાહારનો આરંભ કરવાનો દિવસ મુકરર થયો. મેં માંસાહાર આરંભ્યો. એક વર્ષમાં પાંચ છ વાર કર્યો. જો માતાપિતા જાણે કે દીકરો માંસાહારી થયો છે તો તો તેમના પર વીજળી જ પડે. મેં નિશ્ચય કર્યો: માતાપિતાને છેતરવાં એ માંસ ન ખાવા કરતાં યે ખરાબ છે. ત્યારથી માંસાહાર છૂટયો.

આ પહેલાં એક સગાની સાથે બીડી પીવાનો શોખ થયો. પૈસા ન મળે. કાકા બીડીનાં ઠૂંઠાં ફેંકી દે તે ચોરવાનું અમે શરૂ કર્યું. ઠૂંઠાં હર વખતે ન મળી શકે, એટલે ચાકરના બે-ચાર દોકડામાંથી એકાદ ચોરવાની ટેવ પાડી. અમે બીડી ખરીદતા થયા. પણ વડીલોની આજ્ઞાવિના કંઈ જ ન થાય એ દુઃખ થઈ પડયું. કંટાળ્યા. આપઘાતનો નિશ્ચય કર્યો; પણ હિમ્મત ન ચાલે. આપઘાતના વિચારનું એક પરિણામ, તે બીડી ચોરીને પીવાની તેમજ નોકરોના દોકડા ચોરવાની ટેવ ભૂલી જ ગયા. આ વખતે મારી ઉમ્મર બારતેર વર્ષની.

પરંતુ આથી વધારે ગંભીર બીજો એક ચોરીનો દોષ મારાથી થયો. મોટા ભાઈએ પચીસેક રૂપિયાનું કરજ કર્યું હતું. તે પતાવવા ભાઈના હાથનું સોનાનું કડું કાપ્યું. કરજ ફીટયું, પણ આ વાત અસહ્ય થઈ પડી. હવે પછી ચોરી ન જ કરવાનો મેં નિશ્ચય કર્યો. પિતાશ્રીની પાસે કબૂલ કરી દેવું જોઇએ એમ લાગ્યું. જીભ તો ન ઊપડે. છેવટે દોષ કબૂલ કરવા પિતાજીને ચિઠ્ઠી લખી. બધો દોષ કબૂલ કર્યો ને સજા માગી. તેમણે એ વાંચી. એમની આંખમાંથી મોતીનાં બિંદુ ટપક્યાં. મારે સારુ આ અહિંસાનો પદાર્થપાઠ હતો. મારા એકરારથી પિતાજીનો મહાપ્રેમ વૃદ્ધિ પામ્યો. આ વેળાએ મારી ઉમર પંદર વર્ષની હશે.



૧૮૮૬

મને સોળમું વર્ષ ચાલતું હતું ત્યારે પિતાજીનું અવસાન થયું. તેઓ લાંબો વખત ખાટલાવશ રહ્યા. મારો વખત નિશાળમાં અથવા પિતાજીની સેવામાં જ જતો; છતાં વિષય મારા ઉપર સવાર થઈ શકતો હતો. છેલ્લી રાત્રિએ કાકાશ્રીએ સૂઈ જવાનું કહ્યું. હું શયનગૃહમાં ગયો. પાંચસાત મિનિટ થઈ ત્યાં મને પિતાજી ગુજરી જવાના ખબર મળ્યા. જો હું વિષયાંધ ન હોત તો આ છેવટની ઘડીએ વિયોગ ન હોત. એ કાળો ડાઘ હું આજ સુધી ભૂલી શક્યો નથી. એ વિષયાંધપણાથી છૂટતાં પહેલાં ઘણાં ધર્મસંકટો વેઠવાં પડ્યાં.

ધર્મનું શિક્ષણ નિશાળમાં ન પામ્યો. જન્મ વૈષ્ણવ સંપ્રદાયમાં, એટલે હવેલીએ જવાનું બને. પણ ત્યાંથી મને કંઈ જ ન મળ્યું.


માતાપિતા હવેલીએ જાય, રામમંદિર પણ જાય અને અમને લઈ જાય. પિતાજી પાસે જૈન ધર્માચાર્યો આવે અને ધર્મની વાતો કરે. એમના મુસલમાન અને પારસી મિત્રો હતા તે પોતપોતાના ધર્મની વાતો કરે. આ વાતાવરણની અસર એ પડી કે, સર્વ ધર્મો પ્રત્યે મારામાં સમાન ભાવ પેદા થયો. પિતાજીના પુસ્તકસંગ્રહમાંથી મનુસ્મૃતિનું ભાષાન્તર હાથ આવ્યું. તેમાં જગતની ઉત્પત્તિ વગેરેની વાતો વાંચી. તેના પર શ્રદ્ધા ન બેઠી. મનુસ્મૃતિ વાંચીને હું એ વેળા અહિંસા તો ન જ શીખ્યો.



૧૮૮૬

સને ૧૮૮૭માં મૅટ્રિક્યુલેશન પસાર કરી કૉલેજમાં આગળ ભણતર ચલાવવું એમ વડીલોની ઇચ્છા. ભાવનગર સામળદાસ કૉલેજમાં જવાનો ઠરાવ થયો. પહેલી ટર્મ પૂરી કરી ઘેર આવ્યો. કુટુંબના મિત્ર અને સલાહકાર માવજી દવે ઘેર આવ્યા. મારા ભણતર વિષે પૂછપરછ કરી આગ્રહપૂર્વક સલાહ આપી કે મોહનદાસને આ વર્ષે જ વિલાયત મોકલી દેવો. વડીલ ભાઈ વિમાસણમાં પડ્યા: પૈસાનું શું કરવું? મેં મારી સ્ત્રીનાં ઘરેણાં કાઢી નાખવાની સૂચના કરી. ભાઈએ રૂપિયા પૂરા પાડવાનું બીડું ઝડપ્યું. કુટુંબના સલાહકાર બેચરજી સ્વામીએ મદદ કરી. મારી પાસે માંસ, મદિરા અને સ્ત્રીસંગથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લેવડાવી. માતાએ વિલાયત જવાની આજ્ઞા આપી.

હું વિલાયત જવા વડીલ ભાઇ સાથે મુંબાઈ આવ્યો. ભાઈએ તોફાની દરિયાની વાત સાંભળી મને તુરત મોકલવાની ના પાડી. હું મુંબઇમાં રોકાયો. દરમ્યાન નાતમાં ખળભળાટ ઊઠ્યો. મને નાતની વાડીમાં હાજર રહેવા ફરમાવવામાં આવ્યું. હું ગયો. નાતના શેઠ અને મારી વચ્ચે સવાલજવાબ થયા. શેઠે હુકમ કર્યો: 'આ છોકરાને આજથી નાત બહાર ગણવામાં આવશે.' મારા ઉપર આ ઠરાવની કંઈ અસર ન થઇ. સને ૧૮૮૮ના સપ્ટેમ્બરની ૪થી તારીખે મેં મુંબાઈનું બંદર છોડ્યું.



રાજકોટમાં જ્યાં ગાંધીજી ભણતા તે પ્રાથમિક શાળા



૧૮૯૮



૧૯૦૦



૧૯૦૫

સુખદુઃખે મુસાફરી પૂરી કરી હું ફલાલીનનાં કોટપાટલૂન પહેરીને સાઉધૅમ્પ્ટન બંદરે ઊતર્યો. એકબે દિવસ હું હોટેલમાં રહ્યો. પછી કોટડીમાં વસ્યો. અહીં ખૂબ મૂંઝાયો. માતાનો પ્રેમ મૂર્તિમંત થાય. દેશ ખૂબ યાદ આવે. વિલાયત ગમે નહિ ને દેશ પાછા જવાય નહિ.

દાક્તર પ્રાણજીવન મહેતાએ એક મિત્રને ત્યાં રાખ્યો. મિત્રે અંગ્રેજી રીતરિવાજો શીખવ્યા. અંગ્રેજીમાં વાત કરવાની ટેવ પાડી. હું ત્યાં એક માસ રહ્યો. તે માંસાહાર કરવાનું રોજ સમજાવે. હું કહું: 'હું લાચાર છું. પ્રતિજ્ઞા નહિ તૂટે.' મિત્રે દલીલ કરવી છોડી દીધી.

દાક્તર મહેતાએ હવે મને એક કુટુંબમાં મૂક્યો. અહીં માંસાહારની ચર્ચામાં ઊતરવું નહોતું પડ્યું. એક દિવસ ફૅરિંગ્ડન સ્ટ્રીટમાં 'વેજિટેરિયન રેસ્ટોરાંમાં'માં 'અન્નાહારની હિમાયત' પુસ્તક જોયું. ખરીદ્યું, વાંચ્યું. ત્યારથી હું વિચારથી અન્નાહારમાં માનતો થયો.

નિશ્ચય કર્યો કે સભ્યનાં લક્ષણો કેળવીશ ને અન્નાહારની વિચિત્રતા ઢાંકીશ. 'આર્મી ને નેવી' સ્ટોરમાં કપડાં કરાવ્યાં. ટાઈ બાંધવાની કળા હાથ કરી. વાળને પટિયાં પાડી સેંથો પાડવામાં રોજ દસેક મિનિટનો ક્ષય થાય. નાચ, વાયોલિન અને છટાદાર ભાષણ શીખવાનો નિશ્ચય કર્યો. છેવટે હું જાગ્યો: હું વિદ્યાર્થી છું. મારે વિદ્યાધન વધારવું જોઈએ. મારા સદ્‌વર્તનથી હું સભ્ય ગણાઉં તો ઠીક, નહિતો એ લોભ છોડવો જોઈએ. સભ્ય બનવાની ઘેલછા ત્રણેક માસ ને પોશાકની ટાપટીપ વર્ષો સુધી ચાલી. પણ હું વિદ્યાર્થી બન્યો.

બારિસ્ટર થઇને દેશ આવ્યા બાદ પોરબંદરની એક મેમણ પેઢીના કેસમાં મદદ કરવા ૧૮૯૩ના એપ્રિલમાં હું દક્ષિણ આફ્રિકા ઊપડ્યો. લામુ અને મૉમ્બાસા થઈ ઝાંઝીબાર પહોંચ્યા. કપ્તાન, એક અંગ્રેજ મિત્ર અને હું કપ્તાનના મછવામાં સહેલ કરવા ઊતર્યા. હબસી ઓરતોના વાડામાં પહોંચ્યા. દરેક એક એક કોટડીમાં પુરાયા. હું તો જેવો અંદર દાખલ થયો હતો તેવો જ બહાર નીકળ્યો. મેં ઈશ્વરનો પાડ માન્યો કે પેલી બહેનને જોઈ મને વિકાર સરખો પેદા ન થયો. મારી ઈશ્વર ઉપરની આસ્થા વધી. ઝાંઝીબારથી મોઝાંબિક, ને મેની આખરે નાતાલ પહોંચ્યા.

પેઢીના અબદુલ્લા શેઠ મને ઘેર લઈ ગયા. પોતાની પડખે એક કોટડી હતી તે આપી. એ તત્ત્વજ્ઞાનની વાતોનો શોખ રાખતા. તેમના સહવાસથી મને ઇસ્લામનું વ્યાવહારિક જ્ઞાન મળ્યું. બીજે કે ત્રીજે દિવસે મને ડરબનની કોર્ટ જોવા લઈ ગયા. ત્યાં મૅજિસ્ટ્રેટે મને પાઘડી ઉતારવા કહ્યું. મેં ના પાડી ને કોર્ટ છોડી.

અંગ્રેજો હિન્દીઓને કુલી જ કહે. હું 'કુલી બારિસ્ટર' કહેવાયો. આ સ્થિતિમાં પાઘડી ઉતારવી એટલે માનભંગ સહન કરવો. મેં વિચાર્યું: હું હિન્દુસ્તાની પાઘડીને રજા આપું અને અંગ્રેજી ટોપી પહેરું, જેથી તે ઉતારવામાં માનભંગ ન લાગે. અબદુલ્લા શેઠને એ સૂચના ન ગમી. મેં મારા ને પાઘડીના બચાવનો કાગળ છાપામાં લખ્યો. મને દક્ષિણ આફ્રિકામાં જાહેરાત મળી. મારી પાઘડી તો લગભગ છેવટ લગી રહી.

અબ્દુલ્લા શેઠના કેસ માટે હું ડરબનથી પ્રિટોરિયા રવાના થયો. મારે સારુ પહેલા વર્ગની ટિકિટ કઢાવી. ટ્રેઈન નવેક વાગ્યે મૅરિત્સબર્ગ પહોંચી. એક ઉતારુ આવ્યો. મને ભાતીગર જોઇ મૂંઝાયો. એક અમલદારને લઈ આવ્યો. તેણે મને છેલ્લા ડબામાં જવા કહ્યું. ઊતરવાની મેં ના કહી. સિપાઇએ હાથ પકડી ધક્કો મારી નીચે ઉતાર્યો. ટ્રેઈન રવાના થઈ.

મેં મારો ધર્મ વિચાર્યો: 'કાં તો મારે મારા હક્કોને સારુ લડવું અથવા પાછા જવું. કેસ પડતો મૂકીને ભાગવું એ તો નામર્દી ગણાય. મારા ઉપર દુઃખ પડ્યું તે તો ઉપરચોટિયું દરદ હતું. ઊંડે રહેલા મહારોગનું લક્ષણ. આ મહારોગ તે રંગદ્વેષ. એ ઊંડો રોગ નાબૂદ કરવા જાત પર દુઃખ પડે તે બધાં સહન કરવાં.'

સવારમાં મેં જનરલ મૅનેજરને ફરિયાદનો લાંબો તાર કર્યો. દાદા અબ્દુલ્લાને ખબર આપ્યા. તે જનરલ મૅનેજરને મળ્યા. મને વગર હરકતે મારે સ્થળે પહોંચાડવા સ્ટેશન માસ્તરને ભલામણ કરી. ટ્રેઈન મને ચાર્લ્સટાઉન લઈ ચાલી. ચાર્લ્સટાઉનથી જોહાનિસબર્ગ પહોંચવા સિગરામ હતા. ઉતારુઓ બધા સિગરામની અંદર જ બેસે. હું તો 'કુલી' ગણાઉં. હાંકનાર પડખે એક બેઠક ઉપર સિગરામની કંપનીનો એક મુખી ગોરો બેસતો. એ અંદર બેઠો. મને હાંકનારની પડખે બેસાડ્યો. મેં એ અપમાનને પી જવું યોગ્ય ધાર્યું. મનમાં તો ખૂબ કોચવાયો.

સિગરામ પારડીકોપ પહોંચ્યો. પેલા ગોરાને મારી બેઠકે બેસવાની ઇચ્છા થઈ. મને પગ રાખવાના પાટિયા ઉપર બેસવાનું કહ્યું. મેં કહ્યું: 'હું અંદર જવા તૈયાર છું, પણ તમારા પગની પાસે બેસવા તૈયાર નથી.' મારા ઉપર તમાચાનો વરસાદ વરસ્યો. પેલાએ મારું બાવડું ઝાલી નીચે ઘસડ્યો. મેં બેઠક પાસેના સળિયા ઝોડની જેમ પકડી રાખ્યા. પેલો ગાળો કાઢી રહ્યો હતો, મને ખેંચીને મારી પણ રહ્યો હતો. હું ચૂપ હતો. કેટલાકને દયા આવી: 'એ બિચારાને ત્યાં બેસવા દે; તેની વાત સાચી છે.' પેલો ભોંઠો પડ્યો. સિગરામ ચાલ્યો. પેલો મારી સામે ડોળા કાઢ્યા જ કરે. ને હું મારી વહાર કરવા પ્રભુને અરજી કરતો રહ્યો. રાતે સ્ટૅન્ડરટન પહોંચ્યા. મેં સિગરામ કંપનીના એજન્ટ પર ચિઠ્ઠી લખી. મને બીજા ઉતારુઓની પડખે જ જગ્યા મળશે એવું તેણે જણાવ્યું. મને સવારે યોગ્ય જગ્યા મળી. કોઈ જાતની હાલાકી વિના તે રાત્રે જોહાનિસબર્ગ પહોંચ્યો.



૧૯૦૬

પ્રિટોરિયાનું એક વર્ષ મારા જીવનમાં અમૂલ્ય હતું. બંને પક્ષે સારામાં સારા સૉલિસિટરો ને બારિસ્ટરો રોકવામાં આવ્યા હતા. વાદીનો કેસ તૈયાર કરવાનો બોજો મારા ઉપર હતો. મેં કેસમાં પૂરો રસ લીધો ને જોઈ લીધું કે અસીલનો કેસ ઘણો મજબૂત છે, પણ કેસ લડતાં બંને સગા ખુવાર થઈ જશે. મેં સમાધાનીને સારુ મહેનત કરી. તૈયબ શેઠ માન્યા. છેવટે કેસમાં દાદા અબદુલ્લા જીત્યા.

પણ જો પંચના ઠરાવની બજાવણી થાય તો તૈયબ શેઠ એટલા પૈસા એકાએક ન જ આપી શકે. દાદા અબદુલ્લાએ ઉદારતા વાપરી ને ખૂબ લાંબો વખત આપ્યો. બંને પક્ષ રાજી થયા ને પ્રતિષ્ઠા વધી. હું ખરી વકીલાત શીખ્યો, મનુષ્યહૃદયમાં પ્રવેશ કરતાં શીખ્યો. મેં જોયું કે વકીલનું કર્તવ્ય પક્ષકારોની વચ્ચે પડેલી તૂટ સાંધવાનું છે. આ શિક્ષણે મારા મનમાં એવી જડ ઘાલી કે મારી વીસ વર્ષની વકાલતનો મુખ્ય કાળ મારી ઑફિસમાં બેઠાં સેંકડો કેસોની સમાધાનીઓ કરાવવામાં જ ગયો. તેમાં મેં ખોયું નહિ. દ્રવ્ય ખોયું એમ પણ ન કહેવાય. આત્મા તો ન જ ખોયો. અબ્દુલ્લા શેઠનો કેસ પૂરો થયો એટલે મેં હિંદુસ્તાન પાછા જવાની તૈયારી કરી શેઠે મારે સારુ ખાનપાનનો મેળાવડો કર્યો. ત્યાં છાપાના એક ખૂણામાં નાનકડો ફકરો જોયો. તેની મતલબ એ હતી કે હિંદીઓને નાતાલની ધારાસભામાં સભ્યોની ચૂંટણી કરવાના હક હતા તે લઈ લેવા. મેં અબ્દુલ્લા શેઠને કહ્યું : 'આ કાયદો પસાર થાય તો એ હિંદીઓની હસ્તીના નાશનું પહેલું પગથિયું છે.' આ વાત બીજા મહેમાનો ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા હતા. એકે કહ્યુ : 'જો તમે મહિનોમાસ રોકાઈ જાઓ તો અમે કહો તે પ્રમાણે લડીએ.' મેં એક માસ રહી જવાનો નિશ્ચય કર્યો.

('નવજીવન પ્રકાશન આત્મકથા'માંથી)

જીવનની મુખ્તેસર તવારીખ

હવે પૃ. ૩૬૦ ને અનુસંધાને એમના જીવનના અગત્યના પ્રસંગોની નોંધ

૧૯૦૧ : હિંદ પાછા આવવા નીકળતાં મળેલી અનેક કિંમતી ભેટની વસ્તુઓ જાહેર કામ માટે આપી દઈ તેનું ટ્રસ્ટ કર્યું. હિંદ પાછા આવી કલકત્તા ખાતેની કૉંગ્રેસ-બેઠકમાં સ્વયંસેવક બનીને સેવાઓ આપી. મુંબાઈમાં સ્થિર થયા ન થયા ત્યાં—

૧૯૦૨: દક્ષિણ આફ્રિકામાં હિંદી વિરોધી કાયદો ઘડાતાં, તેનો સામનો કરવા નિમંત્રણ કરતો હિંદીઓનો તાર આવતાં પાછા ગયા.

૧૯૦૩: ટ્રાન્સવાલની સુપ્રીમ કોર્ટમાં ઍટર્ની તરીકે દાખલ થયા. ટ્રાન્સવાલ બ્રિટિશ ઈન્ડિયન એસોસીએશનની સ્થાપના, જેના (હિંદ આવતાં સુધી) માનાર્હ મંત્રી તથા કાયદાના સલાહકાર રહ્યા.

૧૯૦૪ : દક્ષિણ આફ્રિકાના હિંદીઓમાં અસ્મિતા તથા સંગઠન સાધી તેમનો અવાજ રજૂ કરવા 'ઇન્ડિયન ઓપિનિયન' સાપ્તાહિક શરૂ કર્યું. જોહાનિસબર્ગમાં પ્લેગ ફાટી નીકળતાં જીવના જોખમે સેવા માટે ઍસ્પિટલ ખોલી ગોરાઓની પણ પ્રશંસા મેળવી.

૧૯૦૫: રસ્કિનના 'અન ટુ ધ લાસ્ટ' પુસ્તકની એટલી ઊંડી છાપ પડી કે તેમાંના વિચારો મૂર્તિમાન કરવા સારુ તથા શીલ ને તપભર્યા સાધનાજીવન માટે ડરબનમાં ફીનિક્સ આશ્રમની સ્થાપના કરી.

૧૯૦૬ : ઝુલુ બળવા વખતે 'સારવાર મથક' ઊભું કરી ગોરાઓ તથા ગરીબહબસીઓની છ અઠવાડિયાં સુધી ખડે પગે ચાકરી કરી. જીવનભર બ્રહ્મચર્ય વ્રત પાળવાનો નિર્ણય.

૧૯૦૬ સપ્ટેમ્બર ૧૧ : જોહાનિસબર્ગમાં વિરાટ સભા આગળ કાળા 'એશિયાટિક કાયદા' સામે સર્વસ્વ હોમી દેવાના હજારો હિંદીઓ સાથે સોગંદ લીધા.

૧૯૦૬ ઑક્ટોબર થી ડિસેમ્બર : એ કાળા કાયદા અંગેનું હિંદીઓનું દષ્ટિબિંદુ રજૂ કરવા ઇંગ્લંડ ગયા, પણ સફળતા ન મળી.

૧૯૦૭ : કચડાએલી પ્રજાને દિલાસારૂપ નીવડેલા, આજ સુધી અજ્ઞાત પણ પાછળથી દુનિયાભરમાં પ્રખ્યાત થએલા એવા નવતર 'સત્યાગ્રહ' આંદોલનની શરૂઆત. વરસની ૫-૬ હજારની કમાણીવાળી વકાલત ત્યજી દઈ, બચેલી બધી રકમ દાનમાં આપી દઈ, ત્યાગી જીવનનો સ્વીકાર કર્યો.

૧૯૦૮ જાન્યુઆરી ૧૦ : ૪૮ કલાકમાં ટ્રાન્સવાલ છોડી જવાના સરકારના હુકમનો ભંગ કરતાં બે માસની જેલ; પાછળ હજારો હિંદીઓએ કાયદાભંગ કરી જેલો ભરી દીધી.

૧૯૦૮ જાન્યુઆરી ૩૦ : ટ્રાન્સવાલના સર્વાધિકારી જનરલ સ્મટ્સે કેદીના વેશમાં જ મુલાકાત માટે બોલાવ્યા. કાળો કાયદો રદ કરવાની શરતે સમાધાન થતાં છુટકારો.

૧૯૦૮ ફેબ્રુ. ૮ : સમાધાનથી સંતોષ ન પામેલા ને અફવાઓથી ઉશ્કેરાએલા પઠાણોનો પ્રાણઘાતક હુમલો; પણ બચી ગયા. પકડાએલા હુમલાખોર પર કેસ ચલાવવાની ના.

૧૯૦૮ ઑગસ્ટ ૧૬ : જનરલ સ્મટ્સે થએલા કરારનો ભંગ કરતાં ફરીથી બમણા ઉત્સાહથી સત્યાગ્રહની શરૂઆત.

૧૯૦૮ ઑક્ટોબર ૧૫ : ધરપકડ અને બે માસની સખત મજૂરીની કેદ. છૂટયા. ફરી જેલ. જેલમાં ચોર ડાકુઓ સાથે કાળજાતૂટ શારીરિક મહેનત અને નિઃસત્વ ખોરાકનું સેવન કરવાં પડયાં.

૧૯૦૯ જૂન ૨૩ : વાટાઘાટ કરવા ઇંગ્લંડ રવાના; પણ ત્યાં નિરાશા મળી.


૧૯૦૯ નવેમ્બર : દક્ષિણ આફ્રિકા પાછા ફર્યા.

૧૯૧૩



૧૯૧૪





૧૯૧૪



૧૯૧૫



૧૯૧૮

રસ્તામાં, ચક્રવર્તી સિદ્ધાંતો પ્રબોધતી પુસ્તિકા 'હિંદ સ્વરાજ' ૯ દિવસમાં લખાઈ.

૧૯૧૦ મે ૩૦: વકાલતને તિલાંજલિ આપી જોહાનિસબર્ગ પાસે પરમમિત્ર કૅલનબેકે આપેલી ૧૧૦૦ એકર જમીન પર ટૉલ્સ્ટૉય ફાર્મની સ્થાપના. સત્યાગ્રહીઓનાં સ્ત્રી-બાળકોને ત્યાં રાખી આદર્શ સત્યાગ્રહી બનાવવા તાલીમ આપવા માંડી.

૧૯૧૨: યુરોપિયન વેશ તથા દૂધનો ત્યાગ; માત્ર ફળો પર રહેવાનો પ્રયોગ. સત્યાગ્રહીઓનો કેસ સરકાર આગળ રજૂ કરવા આવેલા ગોખલેનો ઠેરઠેર ભવ્ય સત્કાર.

૧૯૧૩: આશ્રમની બે વ્યક્તિઓના નૈતિક પતન માટે અઠવાડિયાના ઉપવાસ, ને ૫ માસ કેવળ એક વખત જ આહાર લઈને રહ્યા. ફરી ૧૪ દિવસના (બીજા) ઉપવાસ.

૧૯૧૩ નવેમ્બર ૬: હિંદીઓ પરનો ૩ ડૉલરનો ટૅક્સ રદ કરવાના વચનનો સરકારે ભંગ કરવાથી ફરી સત્યાગ્રહની શરૂઆત. ૫૦૦૦ ઉપરાંત સ્ત્રીપુરુષ તથા બાળકો સાથે નાતાલમાંથી ૩૬ માઈલ દૂર આવેલા ટ્રાન્સવાલમાં જંગી કૂચ અને ધરપકડ.

૧૯૧૩ નવેમ્બર ૯: ૧ વરસની સખત મજૂરીની કેદ; સરઘસમાંનાં ઇતર હજારો સ્ત્રીપુરુષોની ધરપકડ.

૧૯૧૩ ડિસેમ્બર ૧૮: પણ સરકારે નમતું મૂકી છોડી મૂક્યા.

૧૯૧૪ જાન્યુઆરી ૧૪: અંતે જનરલ સ્મટ્સે સંધિ કરી. સર્વ માગણીઓ મંજૂર; કાળો કાયદો ગયો; ૩ પાઉન્ડનો કર ગયો; ગેરકાયદેસર ઠરાવાએલાં હિંદીઓનાં લગ્નો કાયદેસર ઠર્યાં. સત્યાગ્રહના દિવ્યાસ્ત્રનું અસરકારકપણું જગતને પ્રતીત થયું.

૧૯૧૪ જુલાઈ: દક્ષિણ આફ્રિકાનું પોતાનું કાર્ય પૂરું થતાં માંદગી ભોગવી રહેલા ગોખલેને મળવા વિલાયત ગયા.

૧૯૧૪ ઑગસ્ટ: પહેલું મહાયુદ્ધ ફાટી નીકળતાં સરકારને મદદ કરવા હિંદી સારવાર દળની સ્થાપના. પણ તબિયત સખત બગડવાથી તે કામ પડતું મૂકવું પડ્યું.

૧૯૧૫ જાન્યુઆરી: હિંદ પાછા ફર્યા; યુદ્ધ-સેવાઓ માટે સરકાર તરફથી કૈસરે હિંદ સુવર્ણચંદ્રક મળ્યો.

૧૯૧૫ ફેબ્રુઆરી: વીરમગામની જકાતબારીની હાડમારી દૂર કરાવી. રવીન્દ્રનાથે પહેલી જ વાર 'મહાત્મા' તરીકે સંબોધ્યા. ખોરાક પર વધુ મર્યાદા. અંધારા પહેલાં જમી લેવાનો તથા ભોજનમાં પાંચ વસ્તુ કરતાં વધુ ન લેવાનો નિર્ધાર.

૧૯૧૫ મે ૨૫: અમદાવાદમાં સાબરમતીને કાંઠે કોચરબમાં જીવણલાલ બૅરિસ્ટરના મકાનમાં પચીસ સ્ત્રીપુરુષો સાથે પ્રસિદ્ધ સત્યાગ્રહ આશ્રમની સ્થાપના.

૧૯૧૭: હિંદમાંથી પાંચ વર્ષના કરારે દક્ષિણ આફ્રિકા આદિ ઠેકાણે મજૂરો મોકલવાની ગિરમીટની પ્રથા રદ કરવા વીજળિક ઝુંબેશ. સરકારે ડરી જઈ ગિરમીટનો કાયદો રદ કર્યો. હિંદમાં પહેલો વિજય.

૧૯૧૭ એપ્રિલ: ચંપારણ (બિહાર)માં ગળીનાં કારખાનાંના પીડિત મજૂરોની કફોડી સ્થિતિનો અભ્યાસ કરવા ગયા; ધરપકડ; છુટકારો; ગુલામ સમ મજૂરોની સ્થિતિની તપાસ કરવા નિમાએલી તપાસ સમિતિમાં નિમણૂક, છ માસ સુધી સતત પ્રયત્ન કરી તેમને ગોરા માલિકોના જુલમોમાંથી છોડાવી વિજય મેળવ્યો.

૧૯૧૮ જાન્યુઆરી-માર્ચ: અમદાવાદમાં મજૂરોનો પક્ષ લઈ હડતાળ પડાવી. તેમાં કેટલાક મજૂરો ઢીલા પડેલા દેખાતાં હડતાળના ૧૮મે દિવસે ઉપવાસ શરૂ કરવાને ત્રીજે દિવસે લવાદ નિમાઇને મજૂરોની માગણી મંજૂર થઈ. હિંદમાં ત્રીજો મહાન વિજય. અમદાવાદના જગ-વિખ્યાત મજૂર મહાજનની સ્થાપના. પાક નિષ્ફળ જવાથી મહેસૂલ મોકૂફ રખાવવા ખેડા જિલ્લામાં સત્યાગ્રહ. સરકારને નમતું આપી મહેસૂલમાં રાહત આપવી પડી.

૧૯૧૮ એપ્રિલ ૨૭: પહેલા મહાયુદ્ધમાં સરકારને મદદ કરવાનો વિચાર કરવા વાઈસરૉયે બોલાવેલી યુદ્ધ-પરિષદમાં હાજરી અને હિંદુસ્તાનીમાં ભાષણ; સરકારને યુદ્ધમાં મદદ કરવાનો નિર્ણય. સૈન્યભરતી માટે ખેડા જિલ્લામાં પ્રવાસ.

૧૯૧૯ ફેબ્રુઆરી ૨૮: જીવલેણ માંદગીમાંથી ઊઠતાં જ નામચીન બનેલા 'કાળા કાયદા' રૉલૅટ બિલ વિરુદ્ધ સત્યાગ્રહની પ્રતિજ્ઞા.

૧૯૧૯ એપ્રિલ ૬: એ કાયદા સામે સત્યાગ્રહના શ્રી ગણેશ કરી હિંદના રાજકીય ઇતિહાસમાં પ્રથમ દેશવ્યાપી જબ્બર હડતાળ પડાવી. હિંદની પહેલી રાષ્ટ્રવ્યાપી લડતનાં મંડાણ. તેમના જપ્ત થએલા પુસ્તક 'હિંદ સ્વરાજ'નું છૂટથી બિનકાયદે વેચાણ.

૧૯૧૯ એપ્રિલ ૮: પંજાબમાં પ્રવેશબંધીના હુકમનો ભંગ કરવા જતા રસ્તામાં દિલ્હી આગળ ધરપકડ; મુંબાઈ લાવી છોડી મૂક્યા. હિંસાત્મક પગલાં ભરતા ટોળાને શાંત રહેવાનો ઉપદેશ.

૧૯૧૯ એપ્રિલ ૧૩: પંજાબમાં જલિયાંવાલા બાગનો હત્યાકાંડ. આથી વાઈસરૉય પાસે પરવાનગી માગીને પંજાબ ગયા અને ૩ માસ સુધી ૨૦૦૦ જેટલા સાક્ષીઓની નિષ્પક્ષ રીતે તપાસ કરીને અમલદારોનાં કાળાં કૃત્યોને પ્રકાશમાં આણ્યાં.


૧૯૧૯ એપ્રિલ ૧૪: ઠેરઠેર થએલાં હિંસાત્મક તોફાનોના વિરોધમાં ત્રણ દિવસના ઉપવાસ. સત્યાગ્રહ બાબત પોતે ઉતાવળ કરીને હિમાલય જેવડી ભૂલ કર્યાની નડિયાદમાં નિખાલસ કબૂલાત.



૧૯૨૦



૧૯૨૧



૧૯૨૪

૧૯૧૯ એપ્રિલ ૧૮ : સત્યાગ્રહ મોકૂફ રાખ્યો.

૧૯૧૯ સપ્ટેમ્બર : ઈન્દુલાલ યાજ્ઞિકના 'નવજીવન' માસિકને સાપ્તાહિક બનાવી તેના તંત્રીપદેથી ગુજરાતમાં નવજીવનનો સંચાર.

૧૯૧૯ ઑક્ટોબર ૮ : હિંદભરના યુયુત્સુ નવયૌવનને ઘડતા તથા માર્ગદર્શન આપતા પ્રખ્યાત 'યંગ ઇન્ડિયા' નામના અંગ્રેજી અર્ધ-સાપ્તાહિકના તંત્રી બન્યા.

૧૯૧૯ નવેમ્બર ૨૪ : અખિલ હિંદ ખિલાફત પરિષદના પ્રમુખપદેથી હિંદુ-મુસ્લિમ એકતાના પ્રતીકસમી ખિલાફત ચળવળ શરૂ કરી. પરદેશી કાપડનો બહિષ્કાર તથા અસહકારનો પ્રારંભ.

૧૯૧૯ ડિસેમ્બર: મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા સ્વીકારી. લેવાની કૅાંગ્રેસને સલાહ ઈતર નેતાઓનો વિરોધ છતાં તેમનો ઠરાવ પસાર.

૧૯૨૦ ઑગસ્ટ ૧: વાઈસરૉયને કાગળ લખી, કેસરે હિંદ ચંદ્રક તથા બોઅર અને ઝુલુ યુદ્ધ સમયની સેવાઓ અર્થે મળેલા પદકો સરકારી અત્યાચારોના વિરોધ રૂપે પાછા મોકલી આપ્યા.

૧૯૨૦ સપ્ટેમ્બર : સરકારની નીતિનો વિરોધ કરવા તથા સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવા માટે-ના તેમના અસહકારના નવા કાર્યક્રમનો કૅાંગ્રેસના ખાસ અધિવેશને સ્વીકાર કર્યો.

૧૯૨૦ નવેમ્બર : રાષ્ટ્રીય મુક્ત અને વાતાવરણ માટે જાણીતી શિક્ષણસંસ્થા ગુજરાત વિદ્યાપીઠની અમદાવાદમાં સ્થાપના.

૧૯૨૦ ડિસેમ્બર : કૅાંગ્રેસના બંધારણ માટે તેમણે સુચવેલા સુધારાઓનો સ્વીકાર, અહિંસક માર્ગે સરકારનો સામનો કરી સ્વરાજ્ય મેળવવાના તેમના ઠરાવનો નાગપુર કૅાંગ્રેસ દ્વારા સ્વીકાર. દેશભરમાં અસહકારનો તેજસ્વી જુવાળ. ઠેરઠેર પરદેશી કાપડની હોળીઓ. શાળા કૉલેજો બંધ, સરકારી નોકરીમાંથી સેંકડોનાં રાજીનામાં.

૧૯૨૧ એપ્રિલ : કૅાંગ્રેસના ૧ કરોડ સભ્યો બનાવવાનો, ૧ કરોડ રૂપિયાનું ટિળક ફંડ ઉઘરાવવાનો તથા ૨૦ લાખ ચરખા ગુંજતા કરવાનો વિરાટ કાર્યક્રમ શરૂ કરી એક જ વર્ષમાં પાર પાડ્યો.

૧૯૨૧ નવેમ્બર : પહેરણ ટોપી પહેરવાનું છોડી એકલો ટૂંકો કચ્છ પહેરવાનો નિર્ણય.

૧૯૨૧ ડિસેમ્બર: કૅાંગ્રેસની રાજકીય ચળવળની સંપૂર્ણ સત્તા તેમને સોંપાઈ.

૧૯૨૨ ફેબ્રુઆરી ૧ : ખેડૂતોમાં પણ અસહકારનો જુવાળ ફેલાવવા બારડોલીમાં નાકરનો સત્યાગ્રહ શરૂ કરવાની પોતાની ઇચ્છા વાઈસરૉયને જણાવી; પણ—

૧૯૨૨ ફેબ્રુઆરી ૫ : ચૌરીચૌરા (યુક્ત પ્રાંત)માં ટોળાંએ ૨૧ પોલીસ અને ૧ સબ-ઈન્સ્પેક્ટરને બાળી મૂકવાથી સત્યાગ્રહ ચળવળ મોકૂફ અને પ્રાયશ્ચિત્ત રૂપે ૫ દિવસના ઉપવાસ.

૧૯૨૨ માર્ચ ૧૦ : ધરપકડ; ને તા. ૧૮મીએ ૬ વર્ષની કેદ મળી.

૧૯૨૪ જાન્યુઆરી ૧૨ : એપેન્ડિસાઇટિસ માટે પૂનાની ઑસ્પિટલમાં ડૉ. મેડકના હાથે સફળ શસ્ત્રક્રિયા કરવામાં આવી.


૧૯૨૪ ફેબ્રુઆરી ૫ : બિનશરતી છુટકારો. જુહુમાં થોડો કાળ આરામ.

૧૯૨૪ સપ્ટેમ્બર ૧૮ : દેશભરમાં ફાટી નીકળેલો કોમી દાવાનળ શાંત કરવા દિલ્હીમાં ૨૧ દિવસના ઉપવાસ.


૧૯૨૪ ડિસેમ્બર: બેલગામમાં ભરાએલી કૅાંગ્રેસના પ્રમુખપદે.

૧૯૨૫ સપ્ટેમ્બર: લાખો ગરીબોને રેંટિયા દ્વારા રોજી આપતા અખિલ હિંદ ચરખા સંઘની સ્થાપના. રેંટિયાનો પ્રચાર.


૧૯૨૬



૧૯૨૮



૧૯૩૦





૧૯૩૧



૧૯૩૫



૧૯૩૮

૧૯૨૫ નવેમ્બર ૨૪: આશ્રમવાસીઓના અપકૃત્યના પ્રાયશ્ચિત્ત માટે ૭ દિવસના ઉપવાસ; 'આત્મકથા' લખવાની શરૂઆત.

૧૯૨૮ ફેબ્રુઆરી: બારડોલીમાં સરકારે વધારેલા મહેસૂલ સામે તેમના માર્ગદર્શન નીચે સરદાર વલ્લભભાઈ પટેલે નેતૃત્વ લઈ કરેલો વિખ્યાત ટેકીલો સફળ સત્યાગ્રહ.

૧૯૨૮ ડિસેમ્બર: ૧૯૨૯ના અંત સુધી જો ડોમિનિયન સ્ટેટ્સ ન આપવામાં આવે તો પૂર્ણ સ્વરાજની લડતની હિમાયત કરતો તેમનો ઠરાવ કૉંગ્રેસમાં પસાર થયો.

૧૯૨૯ ડિસેમ્બર ૩૧: લાહોરના કૉંગ્રેસ બેઠકમાં તેમની સૂચનાથી પૂર્ણ સ્વરાજની હિમાયત, ને તે માટે લડતની જાહેરાત.

૧૯૩૦ ફેબ્રુઆરી: કૉંગ્રેસ મહાસમિતિએ સવિનય ભંગ માટે તેમને સર સેનાપતિ નીમ્યા. લડતનો કાર્યક્રમ નક્કી થયો.

૧૯૩૦ માર્ચ ૨: કૉંગ્રેસની માગણીઓ કબૂલ ન રખાય તો મીઠાનો કાયદો તોડવાના પોતાના મક્કમ સંકલ્પની જાણ કરતો ખુલ્લો પત્ર વાઇસરૉયને લખ્યો.

૧૯૩૦ માર્ચ ૧૨: દાંડીના દરિયાકાંઠે જઈ મીઠાનો કાયદો તોડવા માટેની સત્યાગ્રહીઓ સાથેની ઐતિહાસિક 'દાંડીકૂચ'નો સાબરમતી આશ્રમથી પ્રારંભ. ૨૫ દિવસ બાદ ૨૪૧ માઈલની મુસાફરી કરીને દાંડીને દરિયાકિનારે પહોંચ્યા. આ કૂચ વડે આખા દેશને રાષ્ટ્રીયતાથી સળગાવી મૂક્યો.

૧૯૩૦ એપ્રિલ ૬: દાંડીના કાંઠેથી મીઠું ઉપાડીને સરકારના જુલ્મી કાયદાનો ભંગ કરી દેશસમસ્તમાં કાયદાભંગનો મંત્ર ફૂંક્યો.

૧૯૩૦ મે ૫: ધરાસણાના મીઠાના અગર પર ધાડ લઈ જવાનો વિચાર સરકારને જણાવતાં ધરપકડ, ને વગર કેસ ચલાવ્યે કેદ. હિંદવ્યાપી હડતાળ. એક વર્ષમાં ૧ લાખ મનુષ્યોનું જેલગમન.

૧૯૩૧ જાન્યુઆરી ૨૬: જેલમાંથી બિનશરતી છુટકારો

૧૯૩૧ ફેબ્રુઆરી-માર્ચ: વાઈસરૉય લૉર્ડ અરવિન સાથે અનેક મંત્રણા, જેને પરિણામે સુપ્રસિદ્ધ ગાંધી-અરવિન કરાર થયા.

૧૯૩૧, ઑગસ્ટ ૨૯: બીજી ગોળમેજી પરિષદમાં કૉંગ્રેસના એકમેવ પ્રતિનિધિ તરીકે ઇંગ્લંડ.

૧૯૩૧ ડિસેમ્બર ૧૮: નિષ્ફળ ગોળમેજીનો 'ઝેરનો કટોરો' પી પાછા ફર્યા. હિંદને કિનારે ઊતરતાં જ સરકારના અત્યાચાર માટે વાઈસરૉય પાસે જવાબ માગી લડત શરૂ કરવાની જાણ કરી.

૧૯૩૨ જાન્યુઆરી ૪: ધરપકડ અને બિનકેસ ચલાવ્યે કેદ. દેશભરમાં સભા, સરઘસ તથા હડતાલ. સરકારી દમનનો કોરડો.

૧૯૩૨ સપ્ટેમ્બર ૨૦: કોમી ચુકાદામાં હરિજનોને અલગ મતાધિકાર આપવા સામે આમરણાંત ઉપવાસ શરૂ કર્યા.

૧૯૩૨ સપ્ટેમ્બર ૨૬: માગણીનો સ્વીકાર-સમાધાન થતાં ઉપવાસ છોડયા.

૧૯૩૩ ફેબ્રુઆરી ૧૧: હરિજનોના પ્રશ્ન ચર્ચવા 'હરિજન' સાપ્તાહિક અંગ્રેજીમાં અને 'હરિજન સેવક' હિંદીમાં શરૂ કરાવ્યાં.

૧૯૩૩ મે ૮: હરિજનોની અનેક હાડમારીઓ નિવારવા ૨૧ દિવસના ઉપવાસ શરૂ કર્યા. તે જ દિવસે બિનશરતી છુટકારો.

૧૯૩૩ મે ૯: સવિનય ભંગની લડત ૬ અઠવાડિયાં માટે મોકૂફ.

૧૯૩૩ મે ૨૯: ઉપવાસનો સફળ અંત.

૧૯૩૩ જુલાઈ ૨૬: અમદાવાદ સાબરમતીનો સત્યાગ્રહ આશ્રમ દેશના યજ્ઞમાં હોમી દીધો: જે પાછળથી હરિજન સેવક સંઘના કાર્ય માટે સોંપી દેવાને કારણે 'હરિજન આશ્રમ' બન્યો.

૧૯૩૩ જુલાઈ ૩૦: સવિનય ભંગ ફરી જાગ્રત કરવા ૩૩ અનુયાયીઓ સહિત અમદાવાદથી રાસ મુકામે કૂચ કરવાના પોતાના વિચારની મુંબાઇ સરકારને ખબર આપી.

૧૯૩૩ જુલાઈ ૩૧: પણ રાતના જ અમદાવાદ રણછોડભાઇ શેઠને ત્યાંથી ધરપકડ અને એક વરસની સાદી જેલની સજા.

૧૯૩૩ ઑગસ્ટ ૧૬: અસ્પૃશ્યતા-નિવારણની પ્રવૃત્તિ ચલાવવા માટેની સગવડો સરકારે બંધ કરવાથી ઉપવાસ શરૂ કર્યા.

૧૯૩૩ ઑગસ્ટ ૨૩: ૭ દિવસ બાદ સરકારે છોડી મૂક્યા.


૧૯૩૩ નવેમ્બર ૭: હરિજન-ઉદ્ધાર માટે હિંદભરમાં પ્રવાસ શરૂ. રસ્તામાં અજમેરમાં સ્વયંસેવકોએ એક સનાતની સાથે અઘટિત વ્યવહાર કરવાથી તેના પ્રાયશ્ચિત્ત રૂપે ૭ દિવસના ઉપવાસ.

૧૯૩૪ સપ્ટેમ્બર ૧૭: ગ્રામોદ્ધાર, અસ્પૃશ્યતા નિવારણ, હાથઉદ્યોગ ઈત્યાદિ રચનાત્મક કાર્ય માટે ૧લી ઑક્ટોબરથી રાજકારણમાંથી નિવૃત્ત થવાની જાહેરાત. હરિજનોની સેવા માટે હરિજન સેવકસંઘની સ્થાપના. બંધ પડેલા ગુજરાતી 'નવજીવન' અઠવાડિકને બદલે 'હરિજનબંધુ' શરૂ.

૧૯૩૬ એપ્રિલ ૩૦: ગ્રામોદ્ધાર કેવો હોય તે મૂર્તિમંત કરી આદર્શ ગામડાની રચના કરવા મધ્ય પ્રાંતમાં વર્ધા પાસેના એક ગામડા સેગાંવ (સેવાગ્રામ)માં પોતાનું વડું મથક સ્થાપવાનો નિર્ધાર.

૧૯૩૭ ઑક્ટો૦ ૨૨: વર્ધા ખાતે મળેલી શિક્ષણ પરિષદના પ્રમુખપદેથી હસ્તોદ્યોગ દ્વારા શિક્ષણ આપવાની પોતાની અભિનવ યોજના (વર્ધા યોજના-પાછળથી 'નઈ તાલીમ' તરીકે જાણીતી)ની જાહેરાત.

૧૯૩૯ માર્ચ ૩: રાજકોટમાં પ્રજાલડત અંગે થએલા કોલકરારનો ત્યાંના દીવાન વીરાવાળાએ ભંગ કરવાથી રાજકોટ રાજ્યે



૧૯૪૨

આપેલાં વચનો પળાવવા આમરણાંત ઉપવાસ શરૂ. વાઈસરૉયે દરમ્યાનગીરી કરવાથી ૭મી માર્ચે ઉપવાસ છોડ્યા.

૧૯૪૦ જુલ ઇ-સપ્ટેમ્બર : શરૂ થએલા બીજા મહાયુદ્ધની બાબતમાં ચર્ચા કરવા વાઈસરૉયનું આમંત્રણ આવવાથી મળ્યા.

૧૯૪૦ ઑક્ટો૦ : વાણીસ્વાતંત્ર્ય તથા બીજા હક્કો પર તરાપ મારતા જુલમી કાયદાઓના વિરોધ તરીકે વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ. 'હરિજન'માંનું લખાણ પ્રથમ સરકારે તપાસી લીધા પછી જ પ્રસિદ્ધ કરવાનો હુકમ કરવાથી 'હરિજન' પત્રો બંધ કર્યા.

૧૯૪૧ ડિસે ૩૦ : તેમની વિનંતીથી તેમને કૉંગ્રેસનેતા તરીકે કારોબારીએ નિવૃત્ત કર્યા.

૧૯૪૨ જાન્યુ ૧૮ : 'હરિજન' પત્રો ફરી શરૂ.


માર્ચ ૨૭ : હિંદને સ્વરાજ આપવા અંગે વાટાઘાટો કરવા આવેલા સર સ્ટૅફર્ડ ક્રિપ્સને મળ્યા; પાછળથી તેની દરખાસ્તો ઘણી અપૂર્ણ અને 'આગોતરી તારીખના ચેક' જેવી છે એમ જાહેર કર્યું.

મે : હિંદને તેના નસીબને ભરોસે છોડી જવા (ક્વિટ ઇન્ડિયા)ની બ્રિટિશ સરકારને જગજાહેર સલાહ.

ઑગસ્ટ ૮ : કૉંગ્રેસની મહાસમિતિ આગળ 'હિંદ છોડો'ની ચળવળનો અર્થ સમજાવી તેને માટે 'કરેંગે યા મરેંગે'નો નિર્ધાર રજૂ કરતું શકવર્તી ભાષણ. આખરી લડત માટે પ્રજાને હાકલ.

ઑગસ્ટ ૯ : ધરપકડ અને પૂનાના આગાખાન મહેલમાં કેદ.

ડિસે. ૩૧ : ત્યાર બાદ દેશભરમાં થએલાં જબ્બર તોફાનોની જવાબદારી અંગે વાઈસરૉય સાથે પત્રવ્યવહાર. 'ચોર કોટવાલને દંડે' એ ન્યાયે વાઇસરૉયે તોફાનોની



૧૯૪૬

બધી જવાબદારી તેમને માથે ઓઢાડી.

૧૯૪૩ ફેબ્રુ. ૧૦ : સરકારના આ હડહડતા જુઠાણા સામે પ્રભુના દરબારમાં ન્યાય તોળાવવા ૨૧ દિવસના ઉપવાસ, જે ૩ માર્ચે સફળતાથી પૂરા કર્યા.

૧૯૪૪ ફેબ્રુઆરી ૨૨ : જીવનસંગિની કસ્તૂરબાનું જેલમાં અવસાન.

મે. ૬ : તેમની તબિયત બગડતાં જેલમાંથી બિનશરતી મુક્તિ.

સપ્ટેમ્બર ૯ થી ૨૭ : જનાબ ઝીણા સાથે હિંદુમુસ્લિમ પ્રશ્ન અને પાકિસ્તાન બાબત મંત્રણા; પણ તેમાં નિષ્ફળતા.

ઑક્ટો૦ ૨ : ૭૫મી વર્ષગાંઠે કસ્તૂરબા સ્મારક માટે એક કરોડ ૧૦ લાખની થેલી.

ઑક્ટો૦ ૨૮ : રચનાત્મક કાર્ય કરવા કૉંગ્રેસીઓને હાકલ.


૧૯૪૫ જૂન ૨૫ : સિમલા પરિષદ, જેમાં કૉંગ્રેસના સલાહકાર તરીકે ભાગ લીધો.

૧૯૪૬ ડિસેમ્બર : ૧૬ ઑગસ્ટના મુસ્લિમ લીગના સીધા પગલાના દિવસે થએલી હુમલાખોરી અને આમ કતલને પરિણામે પૂર્વ બંગાળ નોઆખલીમાં દુઃખી લોકોને સાન્ત્વન આપવા તથા હિન્દુમુસ્લિમ ઐક્ય સ્થાપવા મહાયાત્રા શરૂ કરી. ગામડે ગામડે નીડરતા ને શાંતિનો સંદેશ આપતા પગપાળા ફરી વળ્યા.

૧૯૪૭ માર્ચ ૩૦ : દિલ્હીમાં આગમન; એશિયાઈ પરિષદ આગળ હિંદનો અલૌકિક પયગામ જગતને આપતું યાદગાર ભાષણ.

એપ્રિલ ૧૧ : પૂર્વ બંગાળના પ્રત્યાઘાતોથી તોફાન કરી ઉઠેલા બિહારમાં શાંતિ-પ્રવાસ કરવા જવાનો નિર્ણય

એપ્રિલ ૧૫ : કોમી દાવાનળની શાંતિ માટે ગાંધી-ઝીણા અપીલ.



૧૯૪૮

મે ૫ : કોમોને લડાવી મારતા બ્રિટનને હિંદ એકદમ છોડી જવાની સલાહ

મે ૬ : ઝીણા સાથે ફરી મંત્રણા. તેમની દેશવિચ્છેદન(પાકિસ્તાન)ની યોજના તથા દ્વિરાષ્ટ્ર સિદ્ધાન્ત સ્વીકારવાની ના.

મે ૨૫ : હિંદના નકશાને બિલકુલ ન ફેરવતાં બધી સત્તા લોકસભાને સોંપી દેવાની ત્રિમંત્રી-મંડળને સલાહ.

જૂન ૨ : કોઈ પણ સંજોગોમાં હિંદને અખંડ જ રાખવાના આગ્રહની જાહેરાત.

જૂન ૩ : હિંદને હિંદુસ્તાન અને પાકિસ્તાનમાં વહેંચી દઈને ૧૫મી ઑગસ્ટે હિંદને સ્વતંત્ર કરવા ઠરાવતી કૉંગ્રેસ અને લીગ બંને પક્ષે સ્વીકારેલી ત્રિમંત્રી-મંડળની યોજના બહાર પડી. કૉંગ્રેસ સામે બળવો ન કરવા સલાહ.

ઑગસ્ટ ૧૫ : મહાત્માજીના અવિશ્રાંત શ્રમ તથા અદ્વિતીય નેતાગીરીને પરિણામે દેશ (વિભાગાએલો છતાં) આઝાદ બન્યો.

સપ્ટે. ૧ : કલકત્તામાં કોમી ગાંડપણ શાંત કરવા ઉપવાસ, જે ૭૩ કલાક બાદ શાંતિ સ્થપાતાં છોડ્યા અને થોડા દિવસ બાદ દિલ્હીમાંના એવા ગાંડપણથી ત્યાં ગયા.

૧૯૪૮ જાન્યુ. ૧૩ : દેશ કોમી ગાંડપણ ત્યજી દઈ સ્વસ્થતા ધારણ કરે તે માટે દિલ્હીમાં અનિશ્ચિત મુદતના ઉપવાસ પર ઊતર્યા. ૫ દિવસ બાદ નેતાઓની કોમી એખલાસ સ્થાપવાની ખાત્રી પછી ઉપવાસ છોડ્યા.

જાન્યુ. ૨૦ બૉંબ ફેંકી તેમને મારી નાખવાનો નિષ્ફળ પ્રયાસ; હુમલાખોરને માફી.

જાન્યુ. ૩૦ સાંજની પ્રાર્થનાસભામાં જતાં, તેમના ઉપર હિંદુ-મહાસભાવાદી મહારાષ્ટ્રી નાથુરામ વિનાયક ગોડસેએ રિવૉલ્વરમાંથી ત્રણ ગોળી છોડી હીચકારો હુમલો કર્યો. ૩૫ મિનિટ બાદ ૫-૪૦ વાગ્યે અવસાન.

અંતરનાદ

ફાધર વાલેસ

માણસનું હૃદય ભગવાનના અસ્તિત્વની સાક્ષી પૂરે છે: પોતાના શુભ ભાવો ને સંકલ્પોથી; પોતાની ગહનતા ને ગૂઢતાથી; પ્રેમ કરવા ને પામવાની અખૂટ શક્તિ (ને અતૃપ્ત ઝંખના) થી.

પણ એ સાક્ષી તે હજી બીજી ને વધુ પ્રબળ રીતે પૂરે છે. માણસનું હૃદય માણસને નીતિ–અનીતિનો ભેદ સમજાવે છે. તે નીતિ આચરે તો અંદરથી એ એને ટેકો આપે છે; અનીતિ તરફ વળે તો એ તરત ડંખ દે છે. તેની ઇચ્છા હોય કે ન હોય, ધ્યાન હોય કે ન હોય, પણ એનું હૃદય એને એ શિખામણ આપતું રહેશે ને સાથે યાદ દેવડાવતું રહેશે કે એણે બીજા કોઈકની આગળ નીતિ-અનીતિનો હિસાબ આપવાનો છે. ન્યાયાધીશ બેઠો છે. પ્રેમાળ, દયાળુ, સમજુ,–પણ બેઠો જ છે. માણસ એકલો નથી. પોતાનો માલિક નથી. એ અંતરાત્માની શિખામણ છે. હૃદયની સાક્ષી છે.

છોકરાને કોઈ કહે કે જૂઠું બોલવું ખોટું છે તે પહેલાં એ જાણે છે કે તે ખોટું જ છે; અને ચાલાક વેપારી પોતાની જાતને સમજાવે કે જૂઠું તો બોલવું પડયું પણ એમાં કશું ખોટું નથી કારણ કે બધા એમ કરે છે,—તે પછી પણ એ જાણે છે કે જૂઠું બોલવું ખોટું છે. એ નિયમ એના દિલમાં જ છે. કોઈ એનો બોધ આપે તે પહેલાં એ નિયમ ત્યાં હતો. અને કોઈ અવળું સમજાવે તે પછી પણ એ નિયમ ત્યાં રહેશે.

માણસના હૃદયમાં એક અવાજ સંભળાય છે: દિલની વાણી; અંતરનાદ. સ્પષ્ટ, સચોટ, આગ્રહી. એ માણસમાં છે પણ માણસનો નથી; કેમ કે ઘણી વાર તે એની વિરુદ્ધ બોલે છે, એને શાન્ત પાડવા માગે તો ય બોલે છે, એને ભૂલી જવા માગે તો ય બોલે છે. બીજાનો અવાજ છે. અંદરથી આવે છે એટલે લગભગ પોતાનો લાગે. જેનો એ હોય તે આપણી સાવ નજીક, અંદર, આપણી સાથે લગભગ એક થએલો હોવો જોઇએ. પણ છે બીજાનો અવાજ.

વૈજ્ઞાનિકો ને ખગોળવેત્તાઓ ખાસ રેડિયો યંત્રો વડે તપાસ કરી રહ્યા છે કે અવકાશમાંથી, દૂરદૂરના તારાઓ ને ગ્રહોમાંથી કોઈ બુદ્ધિસંપન્ન જીવે મોકલેલા સંકેતો કે સંદેશા મળે છે કે કેમ. અમુક તારામાંથી આવતાં રેડિયોમોજાં એવી નિયમિતતાથી શરૂ થતાં ને બંધ થતાં કે એની પાછળ ચોક્કસ હેતુ હોવો જોઈએ, કોઇની બુદ્ધિ એની પાછળ હોવી જોઈએ એમ કેટલાક વૈજ્ઞાનિકો માનવા લાગ્યા. એ માન્યતાને હજુ સુધી ટેકો મળ્યો નથી, છતાં એ સંકેતો વૈજ્ઞાનિકો ઝીલતા રહે છે, તપાસતા રહે છે; ને કોઈક દિવસ જો કોઈ ગ્રહ કે તારાવિશ્વમાંથી ખરેખર એવો સંદેશ આવે, બુદ્ધિવાળા પ્રાણીએ હેતુપૂર્વક મોકલેલ સંદેશ આવે તો આપણે જાણીશું કે બ્રહ્માંડમાં આપણા ઉપરાંત આપણા જેવા બીજા જીવો છે.

પણ એવો એક સંદેશ આપણી પાસે આવી ચૂક્યો છે. એના સંકેતો આપણને રોજ મળે છે. દૂરદૂરથી કે નજીકનજીકથી તે કહેવાય નહિ; પણ રોજ મળે છે. તે ઝીલવા માટે રેડિયો કે યંત્રોની પણ જરૂર નથી. તેના પડઘા સીધા હૃદયમાં પડે છે, ને તેનો અર્થ સીધો મનને સમજાય છે. અંતરનો અવાજ છે. નીતિની આજ્ઞા છે. સત્કર્મો માટે શાબાસી ને દુષ્કર્મો માટે ઠપકો ને ચેતવણી છે. પણ સ્પષ્ટ સંદેશ છે. ને એ સાંભળીને આપણને ભાન થાય છે કે બ્રહ્માંડમાં આપણે એકલા નથી. હૃદયની એકલતામાં પણ આપણે એકલા નથી.

એ અંતરનો અવાજ કેવો પ્રબળ હોય છે એ તો તેની અવગણના આપણે કરીએ ત્યારે જણાય છે. અવગણના તો કરી શકાય, કેમ કે આખર આપણે સ્વતંત્ર છીએ. એ માત્ર અવાજ જ છે, આજ્ઞા છે; જુલમ કે જબરદસ્તી નહિ. તેનો સીધો આદેશ છતાં આપણે એથી ઊંધું કરી શકીએ, એણે આપણને ચીંધેલો રસ્તો છોડીને આપણે બીજો લઈ શકીએ, એની આજ્ઞાનું ઉલ્લંઘન આપણે કરી શકીએ; પણ ત્યારે જ એનું ખરું સ્વરૂપ ને એની સાચી શક્તિ દેખાય છે. આપણે ખોટું કરીએ, તેને ઉવેખીને ખોટું કરીએ ત્યારે એ નવું સ્વરૂપ ધારણ કરે છે. અગાઉ એણે ચેતવણી આપી હતી; હવે તે પસ્તાવો જન્માવે છે. ખોટું કરતાં પહેલાં એની મનાઇ એણે કરી હતી; ખોટું કર્યા પછી એનું દુ:ખ ને તિરસ્કાર એ દિલમાં પેદા કરે છે. ને પશ્ચાત્તાપની એ લાગણી એવી તીવ્ર હોઇ શકે છે કે પેલું ખોટું કરવાથી જે લાભ કે સુખ મળવાની ગણતરી હતી તે એમાં સાવ ઓગળી જાય છે. ચોરી કરી, હરામના પૈસા લીધા, પણ એ પૈસાનો સ્પર્શ થતાં હાથ (અને દિલ) એવાં દાઝયાં કે એ પૈસાનો ધારેલો ઉપયોગ કરવાની હવે તો હોંશ જ ઊડી ગઈ. એ સ્ત્રીને છેતરી; ખોટું સુખ લૂટયું; પણ પછી એની એવી શરમ લાગી કે એની સાથે કાયમ માટે સંબંધ બગડયો. શરમ, વસવસો, પસ્તાવો. ખોટું કર્યા પછી પણ એ અંતરનો નાદ આપણો પીછો છોડવાનો નથી.

પાપના ભારથી છૂટવા માણસ અનેક પ્રયત્ન કરે છે, પ્રાયશ્ચિત્ત કરે છે. એ પ્રાયશ્ચિત્તમાં પેલા અંતરનાદને મને-કમને આપેલું પણ સૌથી ઉજ્જવલ પ્રમાણપત્ર છે. કુકર્મોની ચીંસમાંથી છૂટવા માણસ ઉપવાસ કરે, યાત્રા કરે, દાન દે, માફી માગે, કે કોઈ આત્મીય સુહૃદ કે ગુરુની પાસે જઇ અંતરનો ભાવ ઠાલવે ને શિક્ષા માગે. શ્રી પન્નાલ લ પટેલની 'પ્રાયશ્ચિત્ત' વાર્તામાં આ વર્ણન છે: 'ભાઈ! પાપ થઈ ગયું છે! અને એ ધોયું ધોવાય એવું જ નથી! ઘેર જતાં એક મન તો થયું કે બે'ુ લઇને જઉં પાધરો કૂવે ને લોકને ને ભાઈને આ કાળુ મોઢેખાડવા કરતાં પરભાર્યો ત્યાં જ ડૂબી મરું!...પાપ મોટું તો પ્રાયશ્ચિત્ત પણ એનું આકરું જ કરશું. તમે મારા ગુરુ સમાન છો. તમે જે કહેશો તે હું કરીશ. ને જુઓ, એમાં પછી તમારે ય દયા ન રાખવી એ તો જેવો ગુનો એવી જ સજા. તમે કે'શો તો અગિયાર ને કે'શો તો એકવીસ દનનાય અપવાસ કરીશ. અરે, તમે કે'શો કે ઝાડે ટિંગાઈ જા તો ઝાડે ય હસતે મોંએ ટિંગાઇ જઈશ. પછી તો બસ ને?'

કરેલા ગુનાના ભારથી ગાંડા થઈ ગએલાઓના કિસ્સા નોંધાયા છે; ને અપકૃત્યોના સ્મરણથી દિલમાં જિંદગી સુધી બંધાઈ ગયેલી લઘુગ્રંથિઓ તો અગણિત હશે. આધુનિક મનોવિશ્લેષણની સારવારપદ્ધતિના પાયામાં પણ એ જ ખયાલ છે. દર્દી (ને અહીં દર્દી એટલે હૃષ્ટપુષ્ટ ને લહેરથી હરતોફરતો પણ અંદરથી પીડાતો-દબાતો માણસ) આવે, ખાટલામાં સૂઈ જાય, આંખો બંધ કરે, ને પોતાની વાતો, ભૂતકાળની ને શરમની ને કલેશની ને સ્વપ્નની વાતો મનોનિષ્ણાતની આગળ કહેવા માંડે. ને એ ચિત્તશોધક વિધિથી ને નિષ્ણાતની સલાહથી એને રાહત મળે છે.

મનોવિશ્લેષણ ને પ્રાયશ્ચિત્ત, વિવેકબુદ્ધિ ને અંતરનાદ, નીતિના નિયમો ને દિલના આદ્ય સંસ્કારો એ જ વાતની સાક્ષી પૂરે છે. એ નિયમો ઘડનાર, માણસના હૃદયમાં કોતરનાર એ પાળવા માટે પ્રેરણા આપનાર, ને એ ન પાળ્યા બદલ ઠપકો આપનાર ઉપર બેઠો છે, અંદર બેઠો છે. ને એમાં જ માનવીનો ઉગારો છે. ભગવાન છે જ; અને માનવીને માટે એ આટલી લાગણી રાખે છે, આટલી કાળજી રાખે છે, એ શુભમાં શુભ સમાચાર છે ને!

ઉત્તર-રામચરિત

શેક્સ્પીઅરનાં નાટકોનાં લોકપ્રિય વાર્તા-રૂપાંતર (જેની, 'કુમાર'માં આવ્યા પછી પુસ્તકાકારે પ્રકટ થએલી પહેલી આવૃત્તિ પણ ખપી ગઇ)થી જાણીતા પ્રો. ડૉ. મધુસૂદન પારેખે હવે શરૂ કરેલાં સંસ્કૃત નાટકોનાં વાર્તાંતર સંસ્કૃત ન જાણનારા તેમજ અન્ય પ્રાકૃતજનોને પણ એના ઉચ્ચ સાહિત્યગુણનો આસ્વાદ આપે તેટલાં મધુર અને પ્રાસાદિક પુરવાર થયાં છે. એનો એક વધુ આસ્વાદ—સંસ્કૃત નાટકોમાં પહેલી હરોળના અને ભવભૂતિની કૃતિઓમાં ઉત્તમ ગણાતા નાટકનું વાર્તાંતર—નામી કલાકાર શ્રી 'ચન્દ્ર'નાં ચિત્રો સાથે.



...ચિત્ર જોઈને એ આશ્ચર્યચકિત થઈ

વાર્તાંતર · ડૉ. મધુસૂદન પારેખ

ચિત્રો · 'ચન્દ્ર'

સીતાનું અપહરણ કરી જનાર લંકાધીશ રાવણનો નાશ કરી રામચંદ્ર સીતાની સાથે અયોધ્યા પાછા આવી પહોંચ્યા હતા; તેમનો રાજ્યાભિષેક પણ થઈ ચૂકયો હતો, ને સીતા સગર્ભા હતી. રાજમહોત્સવ રૂડી પેરે ઊજવાઈ ગયા પછી ઋષિમુનિઓ, અતિથિઓ એક પછી એક પોતાના સ્થાને વિદાય થઈ ગયા.

સ્વજનોનો આ વિયોગ સીતાને સંતાપી રહ્યો. કેટલાં બધાં વર્ષોની વનતપશ્ચર્યા પછી અયોધ્યામાં કિલ્લોલ મચી રહ્યો હતો! અને એ દિવસો પણ સ્વપ્નાની જેમ વીતી ગયા! આમ વિમાસી રહેલી સીતાને મધુર વચને રામ રીઝવી રહ્યા હતા ત્યાં અષ્ટાવક્ર-મુનિ વસિષ્ઠનો સંદેશો લઇને આવી પહોંચ્યા. અતિથિના આગમનથી સીતા અતિ પ્રસન્ન થઈ. વસિષ્ઠમુનિએ એને આશીર્વાદ પાઠવ્યા હતા: 'વીરજનની થજે'. સીતા કૃતકૃત્ય બની ગઈ. વસિષ્ઠ જેવા જ્ઞાની-ઋષિનો આવો અનુગ્રહ જોઈ રામ ગદ્ગદિત થઈ ગયા: 'અહો, આ તો આર્ષવાણી! અર્થ વાણીને અવશ્ય અનુસરશે.' વસિષ્ઠે રામને પણ આદેશ પાઠવ્યો હતો: 'પ્રજાના અનુરંજનમાં રત રહેજે; એમાં જ સાચી કીર્તિ છે.' રામે આદેશને વધાવી લેતાં કહ્યું: 'લોક આરાધના એ તો મારું રાજકર્તવ્ય; તદર્થે સતત જાગ્રત રહીશ.' અને કંઈક ઊર્મિલ થઈ બોલી ઊઠયા: 'લોકેચ્છા કદી હો યથા જાનકીત્યાગની, મને નહિ વ્યથા.' પતિની આ રાજધર્મની વાણી પર સીતા વારી ગઈ: કેવા પ્રતાપી નૃપતિની પોતે પત્ની હતી!

અષ્ટાવક્રે વિદાય લીધી ત્યાં લક્ષ્મણ ઉમંગભેર આવી પહોંચ્યો. એના હાથમાં ચિત્રમંજૂષા હતી. લક્ષ્મણે એમાં ચિત્રકાર પાસે પૂર્વ-રામચરિતનાં ચિત્રો આલેખાવ્યાં હતાં. સીતાએ આ લાડકા લક્ષ્મણને મધુર વાણીથી, મીઠા સ્મિત વડે સત્કાર્યો, લક્ષ્મણ સીતાનું મનોરંજન કરવા જ આ ચિત્રસંપુટ લઈને આવ્યો હતો. રામ તેને પ્રસન્નતાપૂર્વક પૂછી રહ્યા: 'ચિત્રમાળા કેટલે સુધી આવી, વત્સ?'

'આર્યાની અગ્નિશુદ્ધિ સુધી'. લક્ષ્મણે સ્વાભાવિકપણે ઉત્તર દીધો. પરંતુ આ ઉદ્ગારથી તે ભાઈ-ભાભીનું કેવું મનદુઃખ કરી બેઠો તેનો તેને ખયાલ રહ્યો નહિ. સીતાની અગ્નિકસોટીની સ્મૃતિ રામને વીંધી રહી: 'અરેરે, આજન્મ વિશુદ્ધ સીતાની પણ અગ્નિ-પરીક્ષા થઇ! મસ્તક રહેવા સર્જાએલું પુષ્પ ચરણ તળે ચંપાઈ ગયું! રામ ઉદ્વિગ્ન બની રહ્યા. સીતાએ રામને હળવાશથી ચિત્ર-વીથિ ભણી દોર્યા, અને એ દંપતી ચિત્રદર્શનમાં મગ્ન બની રહ્યાં.

લક્ષ્મણ એક પછી એક ચિત્ર દર્શાવતો રહ્યો. આર્યપુત્ર રામની આબેહૂબ તસવીર નિહાળી સીતા પુલકિત બની ગઇ: હર્ષનો રોમાંચ એ અનુભવી રહી. વિવાહની દીક્ષા પામીને પત્ની સાથે ઊભેલા ચારે ભાઇઓનું ચિત્ર જોઈને તો એ આશ્ચર્યચકિત થઈ ગઈ! એનું મન ભૂતકાળના એ સુખદ પ્રસંગોમાં દોડી ગયું. કેવા કામગરા ભાઇઓ હતા! અને...એના હોઠ મલકયા. ચિત્રમાં એક સ્ત્રી તરફ આંગળી ચીંધી તે ડાવકી થઈને પૂછી રહી: 'વત્સ લક્ષ્મણ, આ સ્ત્રી કોણ?' લક્ષ્મણને શેરડા પડયા. એ ચિત્ર તો ઊર્મિલાનું હતું! લક્ષ્મણની લજ્જા જોઈ સીતા મલકી રહી. રામની ચિત્તસૃષ્ટિમાં અયોધ્યાના એ સુખ દિવસો તરવરી રહ્યા. એક ઊંડો નિશ્વાસ નીકળી ગયો: 'તે હિ નો દિવસા ગતા'.

ચિત્રાવલિનાં ચિત્રો ફરતાં રહ્યાં અને ભૂતકાળ ફરી સજીવ થતો ગયો: રામવનવાસ, ભાગીરથનાં પુણ્યદર્શન, પંચવટીનો નિ-વાસ... આ બધાં ચિત્રો ત્રણેનાં ચિત્તમાં અવનવી સંવેદના પ્રક-ટાવી રહ્યાં. પંચવટીમાં સીતાના સાન્નિધ્યમાં માણેલા શૃંગારનું સ્મ-રણ થતાં રામને રોમાંચ થયો. એ સુખદ સ્મૃતિને રામ ઘૂંટી રહ્યા. ત્યાં ચિત્ર પલટાયું. લક્ષ્મણ બંનેનું ધ્યાન દોરી રહ્યા: 'અને આ

પેલી શૂર્પણખા—રાક્ષસી!'

સીતાના કાળજે કંપ થયો. એને ફડક પેઠી: 'હાય, આર્યપુત્ર! અહીંથી જ આપણા વિયોગનો આરંભ!' એ પછી ચિત્રો પલટાતાં રહ્યાં તેમ તેમ સીતાના હૃદયમાં આશંકા–કુશંકા થવા માંડી: 'અરેરે, ફરી મારા નાથને ખોઈ બેઠી હું!' ચિત્રસંપુટમાં દૃશ્યો ઝડપથી ફરવા લાગ્યાં: સીતાહરણ, જટાયુનું રાવણ સામે યુદ્ધ...વિયોગે ઝૂરતા રામ એકલ અવસ્થામાં વૃક્ષ નીચે ઊભા હતા. રામના હૃદયમાં ફરી વિયોગ સજીવન થયો. એમનું ધૈર્ય ચલિત થઈ ગયું. 'રહેવા દે, લક્ષ્મણ રહેવા દે...ઓહ!' એમનું હૃદય દ્રવી ગયું. આર્દ્ર વાણીએ તે બોલી રહ્યા: 'આવ્યો મારે ફરીથી વળી શું જાનકીનો વિયોગ?' સીતા પણ વિકળ બની ગઈ. લક્ષ્મણ આ વ્યથા સમજી ગયો. હવે પછીનાં ચિત્રો આથી પણ વિશેષ વેદનાકારી નીવડે તેવાં હતાં. એણે તરત ચિત્રમંજૂષા બંધ કરી અને સીતાને લક્ષીને કહ્યું: 'તમે હવે થાકચાં લાગો છો. વિસામો જ ઇષ્ટ છે.'

ચિત્રદર્શન પૂરું થતાં સીતાને પાવનકારી ભાગીરથીનું સ્મરણ ભીંજવી રહ્યું. ભાગીરથીના પવિત્ર જળમાં સ્નાન કરવાનો તેને દોહદ જાગ્યો. રામે પ્રસન્નતાથી–પ્રેમભાવે તરત સંમતિ આપી અને લક્ષ્મણને વિના વિલંબે રથ સજ્જ કરવાની આજ્ઞા દીધી. સ્નેહભરી નજરે સીતા રામને નીરખી રહી; કહેવા લાગી: 'હું એકલી નહિ નાથ! તમારો પણ સાથ...'

રામ તરત બોલી ઊઠચા: 'અરે! એ પણ કહેવાનું કે?'

સીતાના મુખ પર પ્રસન્નતાની ઝલક છાઈ રહી. લક્ષ્મણ રથને સજ્જ કરવા વિદાય થયો. સીતા સાચે જ થાકી હતી. એનાં પોપચાં પર નિદ્રાનો ભાર હતો. રામે સીતાને મૃદુતાથી ગ્રહી. નાથના આલંબને સીતા લચી રહી, લસી રહી...અને એમના હાથનું ઉશીકું કરી સંતોષસ્મિતા સીતા સદ્ય પોઢી ગઈ. સીતાના અંગનો સુખદ સ્પર્શ-રોમાંચ રામ માણી રહ્યા. એમની દૃષ્ટિ તેની નાજુક દેહયષ્ટિ પર સ્થિર થઈ ગઈ. એ સુખસમાધિમાં લીન થયા. એમનું પરિતૃપ્ત હૃદય મીઠો ગુંજારવ કરી રહ્યું: 'સીતા! મારા સકલ સંસારની શ્રી! કેવી પોઢી છે વિશ્વાસે! ઓ અમૃતમયી! કૃતાર્થજીવન સીતે!' અને અત્યંત કુમાશથી રામની અંગુલી સીતાની લટમાં ફરી રહી...સીતાનું સાન્નિધ્ય રામ મનભર માણી રહ્યા: 'કેવાં દારુણ દુઃખો પછી આ પુનઃ સંયોગ! હવે ફરી એનો વિરહ...'

'આવી પહોંચ્યો છે, દેવ!' બહારથી એકાએક અવાજ સાંભળી રામની સમગ્ર હૃદયસૃષ્ટિ હચમચી ઊઠી. એમની સુખસમાધિ તૂટી. કોઈ પ્રબલ આશંકાનો તરંગ એમના કાળજે અથડાઈ રહ્યો.

પ્રતિહારીએ તરત પ્રવેશ કરીને સમાચાર આપ્યા: રામનો પરિચારક નગરદૂત દુર્મુખ આવી પહોંચ્યો હતો. રામે જનપદવાસીઓની ચર્ચા જાણવાની ફરજ એને સોંપી હતી. દુર્મુખે આવીને પ્રજામાં થતા તેમના જયજયકારની વાત કરી. રામે એને તરત વાર્યો: 'પ્રશંસા પછી. પ્રજામાં કંઈ ટીકા? મારો કાંઈ દોષ?'

દુર્મુખ સાવ ઝંખવાઈ ગયો. એની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. એણે મોં ફેરવી લીધું. રામે એને આશ્વાસન આપી એને સત્ય વાત કહેવાનો આદેશ દીધો. કંપતે સ્વરે ને દુઃખી હૃદયે દુર્મુખે સાવ ધીરે સાદે લોકચર્ચાનો સાર કહી સંભળાવ્યો. એકાએક વજ્ર પડ્યું હોય તેમ રામ દિગ્મૂઢ બની ગયા. એમની તમામ શક્તિ હણાઈ ગઈ. દુર્મુખે આસનાવાસના કરી એમને સ્વસ્થ કર્યા. પરંતુ એમનું હૃદય ભાંગી ગયું હતું: 'અરેરે, અગ્નિની સાક્ષીએ સીતા વિશુદ્ધ નીવડી છતાં આવો લોકાપવાદ? દૈવનો જ કોપ, બીજું શું? પરંતુ સીતાના પરિત્યાગ પછી જીવન જીરવાશે કેમ?' રામ ધ્રૂજી ઊઠચા. એમને બ્રહ્માંડ ફરતું લાગ્યું. સીતા વિનાના જીવનની કલ્પના જ તે કરી શકયા નહિ.

ત્યાં વસિષ્ઠની મૂર્તિ ચક્ષુ સમક્ષ તરવરી રહી. એમનો આદેશ હૃદયમાં વ્યાપી વળ્યો: 'લોકઆરાધના એ જ રાજધર્મ!' અને રઘુકુલરીતિ પણ એ જ કહી રહી હતી. પરંતુ આવી નિષ્કલંક સીતાનો પરિત્યાગ? કેવી પરમ શ્રદ્ધાથી એ પોઢી છે! એના હૃદયનો વિશ્વાસઘાત કરું? એને અપમાનિત કરું? ફરી વાર? રામની હૃદયવેદના આંખોમાં ઊભરાઈ ઊઠી. એક બાજુ નિષ્કલંક સીતાની અમોલી પ્રીત; બીજી બાજુ લોક-આરાધનાનો આદેશ, રઘુકુલની રીત! ધર્મ ને પ્રેમનો સંઘર્ષ રામને ભીંસી રહ્યો. એમનું મુખ તંગ બન્યું; ચહેરા પર કઠોર રેખા ઊપસી આવી. દુર્મુખને શુષ્ક સ્વરે તેમણે આદેશ દીધો: 'જા, લક્ષ્મણને જઈને કહે તારો નવો રાજા રામ આજ્ઞા કરે છે: સીતાને માટે તાકીદે રથ સજ્જ કરો...'

દુર્મુખના હૃદયમાં ચીરો પડચો: 'પ્રભુ! પ્રભુ! આવી કઠોરતા! દુર્જનની નાની શી ટીકા માટે દેવી સીતાનો ત્યાગ...?'

'તું મારા નગરજનોને દુર્જન કહે છે?' રામ આવેશમાં બોલી ઊઠચા: 'નહિ નહિ, કોઈનો દોષ નથી. દોષ મારા દુર્દૈવનો! જા જા, સત્વરે રથ સજ્જ કરાવ.' દુર્મુખ ભારે હૈયે વિદાય થયો.

તીવ્ર વેદનાનો પરિતાપ અનુભવતા રામની દૃષ્ટિ સીતા પર ઠરી રહી. ગાઢ ઊંડો નિશ્વાસ નાખી હળવે પગલે તે સીતાની નજીક સર્યા. એનું મસ્તક ખોળામાં લીધું અને એની અલકલટને રામ પ્રેમ-વેદનાથી પંપાળી રહ્યા. હૃદય પળે પળે રહેંસાતું હતું; ચિત્તને ભારે ચોટ લાગી હતી. પોતાની જાતને જ એ ઉપાલંભ દઈ રહ્યા: 'અરે હત્યારા, આ નિર્દોષ પંખિણીને મોતના મુખે હડસેલતાં ભલો તારો જીવ ચાલ્યો! કસાઈ કહીંનો! ના, ના; તારા કરતાં તો કસાઈ વિશેષ કરુણાવાન હશે. તારા વિશ્વાસે જેનું જીવિત છે તેનો જ દ્રોહ?! આ ગભરુ ગર્ભિણીને આવો ઘોર અન્યાય? એનું આવું નિર્લજ્જ અપમાન! ધિક્ છે રઘુરાય, ધિક્ છે!'

રામનું ધૈર્ય ઓસરી ગયું એમનું મન આવેશમાં આવી ગયું. આત્મતિરસ્કારથી એ ઉચ્ચરી ઊઠચા: 'અરે પાતકી, હજી તારા સ્પર્શથી એના અંગને અભડાવી રહ્યો છે? એને સ્પર્શવાનો પણ તને શો અધિકાર છે?' રામના હાથ સ્થિર—જડ બની ગયા. એમનાં રોમ રોમ કરુણ આક્રંદ કરી ઊઠચાં: 'સીતા! દેવી! તારા વિના જીવન વેરાન થઈ જશે. સંસાર સૂનો થઈ જશે. સીતે! મારું કોઈ શરણ નથી. અરેરે, તારું જીવિત મેં રોળી નાખ્યું! ઓ હતભાગિની, વિષવૃક્ષને કચાં વળગી? તું વિશ્વાસે મરી! દેવી! દેવી!

આ તારો નાથ તારો બલિ ચડાવી રહ્યો છે. ઓ પિતૃદેવતાઓ, ગુરુજનો, હે માતાઓ, આ દુષ્ટ રામને હાથે તમે સહુ લૂટાયાં છો, અપમાનિત થયાં છો. રામ તમારો દ્રોહ કરી રહ્યો છે.'

ચોધાર આંસુએ રામ વિલાપ કરી રહ્યા. છલકાતી આંખે તેમણે પોતાના મસ્તક વડે સીતાનો ચરણસ્પર્શ કર્યો: 'દેવી, ક્ષમા દષ્ટે જોજે. રામ તને છેલ્લી વિદાય દઈ રહ્યો છે. તારા ચરણપંકજનો આ છેલ્લો સ્પર્શ...' ને મહાપ્રયાસે રામ સીતાથી વિમુખ થયા.

સમગ્ર જીવન ખોઈ બેઠા હોય તેમ એ ભગ્નાશ બનીને ઊભા ત્યાં અચાનક એમના કાન ચમક્યા. બહાર શોરબકોર મચી રહ્યો હતો. પ્રજાનો પોકાર સંભળાયો. કોઈ દુષ્ટ રાક્ષસો બ્રાહ્મણો પર સિતમ ગુજારતા હતા. રામની આંખ રાતી થઈ. એ દુરાત્માઓનો સંહાર કરવા શત્રુઘ્નને સજ્જ થવાનો આદેશ આપવા તે તત્પર થયા. સીતા ભણી છેલ્લી દૃષ્ટિ નાખતાં તેમના ચરણમાંથી બળ ઓસરી ગયું. હૈયું દ્રવી ગયું: 'સીતે! દેવી! શી સ્થિતિ હવે તારી? અરણ્યમાં એકલી તું... એકલી તું...' અને હોઠ પીસીને મહાપ્રયાસે આંસુ ખાળીને તે વાસગૃહની બહાર નીકળી ગયા.

દુઃસ્વપ્નથી છળી ઊઠેલી સીતા તંદ્રાવસ્થામાં બૂમ પાડી ઊઠી: 'આર્યપુત્ર! ક્યાં છો? ક્યાં ગયા તમે?' અને એકદમ એની આંખ ઊઘડી ગઈ. હાય રે, સ્વપ્નમાં હું તો આર્યપુત્રને પોકાર કરી ઊઠી!' એણે આમતેમ દૃષ્ટિ ફેરવી: 'ક્યાં ગયા એ? મને એકલી સૂતી મૂકીને ચાલ્યા ગયા!' અને મનના મોરલાને એ નચવવા લાગી: 'હવે પાછા મળે એટલે વાત છે! એમની સાથે બરાબર રિસાઈશ.' અને હોઠ સહેજ મલકી ઊઠ્યા: 'જો હૈયું હાથ રહે તો!' સીતા જાગ્રત થઈને બેઠી ત્યાં પ્રતિહાર સંદેશો લઈને આવ્યો. રથ સજ્જ થઈ ગયો હતો. એની જ પ્રતીક્ષા હતી ને? સીતા સ્વસ્થ થઈ બહાર નીકળી. રામ હમણાં આવી રહેશે એમ માનીને રથમાં બેસી ગઈ.

...અને અયોધ્યાના પથ પર રથ પૂરપાટ દોડી રહ્યો.

*

બાર વર્ષનાં વહાણાં વાઈ ગયાં. રાજધર્મમાં કઠોર રામ સીતાના વિયોગે કૃશ બની રહ્યા હતા. સીતા માટે હરદમ એમનું હૈયું તડપતું હતું. રાજધર્મ બજાવવામાં વજ્રથી પણ કઠોર રામ સીતાની સ્મૃતિ થતાં પુષ્પથી પણ મૃદુ બની જતા હતા. અને દિનપ્રતિદિન એ પીસાતા જ રહ્યા. બાર વર્ષનો સમયગાળો પણ એમની વ્યથા રૂઝવી શક્યો નહિ. વિરહ દૂઝતો જ રહ્યો. અને છતાં રઘુકુલરીતિ અનુસાર એ રાજધર્મ બજાવતા જ રહ્યા.

એક પ્રસંગે રાજદરબારમાં કોઈક બ્રાહ્મણ દોડી આવ્યો. એની ખાંધ પર એનો મૃત પુત્ર હતો. આક્રંદ કરતા બ્રાહ્મણે પુત્રનું શબ રાજ્યસિંહાસન આગળ નાખ્યું. રામરાજ્યમાં પુત્રનું અકાળ અવસાન થવા માટે તે છાતીફાટ રોતા રાજા સમક્ષ ધા નાખી રહ્યો. રાજાના કોઈ દોષ વિના આમ અકાળ મૃત્યુ ન નીપજે એવી પ્રજામાનસની દૃઢ પ્રતીતિ હતી. રામે એ બ્રાહ્મણને ખૂબ આશ્વાસન આપ્યું. પોતાના કયા દોષનું આ ફળ હશે તેનો રામ વિચાર કરી રહ્યા.

એમને જાણ થઈ કે શમ્બૂક નામનો કોઈ શૂદ્ર અરણ્યમાં તપ કરવાની અનધિકારચેષ્ટા કરી રહ્યો હતો અને તેના પાપે બ્રાહ્મણના પુત્રનું અકસ્માત મૃત્યુ નીપજ્યું હતું. વેદની આજ્ઞા વિરુદ્ધ તપશ્ચર્યા કરનાર શમ્બૂકનો શિરચ્છેદ કરવા માટે રામ પોતે તેની શોધમાં નીકળી પડ્યા, અને શોધ કરતાં કરતાં પંચવટીમાં આવી પહોંચ્યા. શમ્બૂક એ સ્થળે જ તપશ્ચર્યા કરતો હતો. રામને હાથે મૃત્યુ પામીને તે ભવસાગર તરી ગયો.

પંચવટીની અધિષ્ઠાત્રી વાસંતીએ એક તાપસી પાસેથી સીતાપરિત્યાગની કથા ઊંડી વ્યથા સાથે સાંભળી હતી. એ સીતાની પરમ પ્રિય સખી હતી. પંચવટીમાં રામ અને સીતાનાં સંભારણાં તેના સ્મરણમાં ઊભરાઈ આવ્યાં. સીતાની સ્મૃતિ થતાં જ તેનું કાળજું કોરાઈ ગયું. પંચવટીમાં રામનો પ્રવેશ થયો છે તેની એ તાપસીએ તેને જાણ કરી. અને તે રામને પંચવટીમાં શોધી રહી.

લક્ષ્મણે ગંગાતટ પર રથ લાવીને સીતાને રામ-આજ્ઞા કહી સંભળાવી; અને પછી આંખો મીંચીને રથ પાછો દોડાવી મૂક્યો. સીતાને કારમો ઘા લાગ્યો. એને પારાવાર કષ્ટ ઊપડ્યું. નિરાધાર સીતાએ અંતિમ વિસામો ગંગાના જીવનમાં શોધ્યો. ગંગાના આશ્રયે સીતાએ જોડિયા પુત્રોને જન્મ આપ્યો. ગંગામૈયાએ તેમની રક્ષા કરી અને મા વસુંધરાને તેમની સોંપણી કરી. ગંગા અને વસુંધરાની ગોદમાં સીતા પુત્રરત્નોનું જતન કરી રહી, અને બાળકોનું ધાવણ છૂટતાં જ તેમને ઉચિત સંસ્કારો પામવા માટે વાલ્મીકિ આશ્રમમાં વિદાય કરવામાં આવ્યા. એ વાતને બાર વર્ષ વીતી ગયાં હતાં.

માતા વસુંધરા અને ભગવતી ભાગીરથીના સાન્નિધ્યમાં તેણે પંચવટીમાં રામના આગમનના સમાચાર સાંભળ્યા. સીતા ગોદાવરીને તીરે આવી. ત્યાં ભગવતી તમસાનો તેને મેળાપ થયો. તમસા લોકમાતા હતી. જાનકીનો તેના પર અનહદ પ્રેમ હતો. ભાગીરથીએ તમસાને જાનકીની દેખભાળ સોંપી.

બંને ગોદાવરીતીરે રામની પ્રતીક્ષામાં સંચરતાં હતાં ત્યાં મેઘગર્જના જેવો ગંભીર રામનો સાદ સંભળાયો. રામચંદ્રે શમ્બૂકનો વધ કર્યા પછી તરત તેમનું ધ્યાન-મન પંચવટીમાં મગ્ન થયું. એ પૂર્વપરિચિત સ્થળ જોતાં જ હૈયામાં સ્મરણોની ભરતી ઊછળી રહી. સીતાનો વિરહદાહ તેમને કાળજે ચંપાવા લાગ્યો.

સીતાએ રામને દૂરથી નિહાળ્યા. એમનો દેહ કૃશ બની ગયો. મુખપ્રભા વિલાઈ ગઈ હતી. વિરહાતુર રામચંદ્રને જોતાં જ સીતા અતિ વ્યાકુળ બની ગઈ. એનું હૈયું હાથ ન રહ્યું. તમસાએ તેને ખૂબ સમજાવીને સ્વસ્થ કરી. રામ ધીરે ધીરે નજીક આવી રહ્યા હતા. સીતા ઘેલી બની ગઈ. પંચવટીનાં વૃક્ષો, પરિચિત વનરાજિ, ગોદાવરીનો તટ આ દશ્યો જોતાં જ રામના સંયમના બંધ તૂટી ગયા. 'હા! પ્રિય જાનકી!' એટલું બોલતાંમાં તો એ બેશુદ્ધ થઈને પડ્યા. સીતાનો શ્વાસ અધ્ધર થઈ ગયો. એ ભગવતી તમસાને વળગી પડી: 'મા, રક્ષા કરો! રક્ષા કરો! આર્યપુત્રને સજીવન કરો. મા! એમને શુદ્ધિમાં આણો!' તમસાએ સીતાને માથે હાથ ફેરવી આશ્વાસન દઈ સૂચના કરી: 'તારા સંજીવનીસ્પર્શે તું જ રામને સચેતન કર.'



ભગવતીનો આદેશ મળતાં જ સીતા શુધબુધ ભૂલીને તરત રામ સમીપ પહોંચી. પળભર રામની મુખાકૃતિ નીરખી રહી. એનો સુકુમાર હસ્ત રામના લલાટપ્રદેશે ફરી રહ્યો. કોઈ સુખદ પરિચિત સ્પર્શનો અનુભવ થતાં જ રામનું ચેતન સળવળ્યું. એમના મુખ પર તૃપ્તિની રેખા અંકિત થઈ. રામનાં ચક્ષુ ઊઘડે તે પહેલાં જ સીતા હળવેકથી તેમની સમીપથી સરકી ગઈ. રામ સચેતન થયા. એ મધુર સ્પર્શદાયિની જાનકી જ હતી એની એમને પ્રતીતિ થઈ. એને શોધવા તેમણે આસપાસ દૃષ્ટિ ફેરવી અને હૈયામાંથી ઊંડા નિઃશ્વાસભર્યા ઉદ્ગારો નીકળી પડ્યા : 'ઓહ ! પ્રિય મધુર જાનકી !'

'પ્રિય જાનકી !'નું આ સંબોધન સાંભળીને ક્ષણભર તો સીતાને રોષ થયો. વિના-કસૂર પરિત્યાગ કર્યા પછી હવે આ?' પરંતુ રામની હૃદયસ્થિતિનો ખયાલ આવતાં જ તે ગદ્ગદિત બની ગઈ : 'હાય રે, આવા વત્સલ આર્યપુત્ર પર હું નિર્દય થાઉં છું ? એમનું હૃદય હું જાણું છું, મારું એ.'

ચોપાસ નજર નાખતાં પણ સીતા ક્યાંય જણાઈ નહિ. રામ દ્વિધામાં પડ્યા : 'ત્યારે આ અમૃતસ્પર્શ કોનો ? મને સચેતન કોણે કર્યો ? કે પછી આ બધો સંભ્રમ ?' અતિ ભારે નિઃશ્વાસ નાખી મહાકષ્ટે રામ ઊભા થયા : 'હા, સંભ્રમ જ. અહીં વળી પ્રિયતમા જાનકી ક્યાંથી ?' ભગ્ન હૈયે તે ચાલ્યા. સીતાની આંખોમાંથી ખર ખર આંસુ વહી રહ્યાં. નિરાધાર સીતા દીન વદને ભગવતી તમસાને વળગી રહી. તમસાએ એને પંપાળી–થાબડીને શાંત કરી. સીતા અને તમસા રામની દૃષ્ટિ પડે નહિ તે રીતે તેમની પાછળ ચાલ્યાં.

રામ જરાક આગળ વધ્યા ત્યાં વાસંતીએ તેમને ઓળખી કાઢ્યા : 'આર્ય...દેવ !' રામે આશ્ચર્યથી પાછળ દૃષ્ટિ કરી : 'અરે, દેવીની પ્રિય સખી વાસંતી !'

સીતા પણ આશ્ચર્યથી વાસંતીને નીરખી રહી. એ ઉમંગમાં આવી ગઈ. રામ ને વાસંતીની પાછળ પાછળ સીતા-તમસા ચાલ્યાં. પંચવટીની ચિરપરિચિત સૃષ્ટિ રામના સમગ્ર હૃદયને ભીંજવી રહી. એકાએક રામ ઊભા રહી ગયા : 'વાસંતી, આ જો કદંબનો છોડ ! પ્રિય જાનકીએ જતનથી ઉછેર્યો હતો.' રામની પાંપણ ભીંજાઈ.

સીતાની આંખ પણ ભીની થઈ: 'આર્યપુત્રે કદંબને બરાબર ઓળખ્યો!' વાસંતીએ આસન આપીને રામને બેસવાની વિનંતી કરી: 'દેવ ! અહીં વિરાજો. આ જ એ કદલીવન ! હરણાંને તૃણ નીરતી સીતા અહીં કેવા આનંદ...' ત્યાં તો રામ વચમાં જ બોલી ઊઠ્યા : 'નહિ નહિ, વાસંતી, અહીં નહિ. ચાલ ક્યાંક બીજે. મારું ચિત્ત કોરાય છે.' અને આંખ લૂછતા રામ થોડેક દૂર જઇને બેઠા. વાસંતી પાસે બેઠી. રામ પંચવટીનું દર્શન કરતાં વિકળ બની રહ્યા. વાસંતીને પણ સીતાની સ્મૃતિ સતાવી રહી. એની આંખ ઉભરાઈ આવી. જરા કઠોર થઈને તે રામને પૂછી રહી: 'દેવ, દેવ, આવા ક્રૂર તમે ક્યાંથી થયા ? તમે તો કહેતા હતા—જાનકી મારું જીવિત, હૃદય દ્વિતીય ! મારા નયનની કૌમુદી ! એ બધું જ સ્મરણમાંથી સરી પડ્યું ? આવો અઘટિત વર્તાવ, દેવ, તમે કર્યો ?' અને વાસંતી ડૂસકાં ભરી રડી પડી.

સીતાને ભારે આઘાત થયો : 'અરે વાસંતી, આર્યપુત્રને નાહક દાઝ્યા પર ડામ શાને દે છે ? રહેવા દે, સખી, એ વીતેલી વાત...'

વાસંતીનાં મર્મવચને રામનું હૃદય વિંધાયું. એ દુઃખી થઇને કહેવા લાગ્યા : 'વાસંતી, લોકરંજન માટે મેં કર્તવ્ય બજાવ્યું. લોકો દેવી સીતાને સહી લેવા તૈયાર નહોતા.'

'એમ ? શા માટે ?' 'એ લોકોને ખબર.'

વાસંતીની ભીની આંખોમાં રોષ પ્રગટ્યો : 'દેવ, આટલા કઠોર તમે હશો એ નહોતું જાણ્યું. પ્રિય સીતા કરતાં યશ તમે વધુ વહાલો ગણ્યો ? એ બીચારીનું આ ઘોર અરણ્યમાં શું થશે તેનો પણ તમને કલ્પના ન આવી ?'

વાસંતીનો આ આકરો ઉપાલંભ ભગવતી તમસા આનંદથી સાંભળી રહી : 'હાં...યોગ્ય થયું. એ જ લાગના છે !' પરંતુ સીતાને તો કાળજે ઘા થયો : 'અરે સખી વાસંતી ! આવી કઠોર તને નહોતી કલ્પી. હણ્યા એલાને કાં હણી રહી છે ?'

વાસંતીના મર્મબાણે રામનો વિયોગવ્રણ દૂઝ્યો; કંઠ રુંધાયો : 'સખી વાસંતી, સીતા હવે જીવિત કેવી ? ક્યારની ય કોઇ હિંસક પશુથી લેપાઇ ગઇ હશે ! હા જાનકી...જાનકી !' અને રામ મોકળે હૃદયે આંસુ વહાવી રહ્યા. સીતા બેચેન બની. અજંપાથી ઊછળી પડી : 'જીવું છું, આર્યપુત્ર જીવું છું.'

રામ રુંધાએલા કંઠે વાસંતીને કહી રહ્યા હતા : 'મારું દુઃખ કોને કહું ? નથી મરી શકાતું, નથી જીવી શકાતું. હૃદયમાં જ્વાલા જલે

છે, પણ હૃદય ભસ્મ નથી થતું. કેવું દુઃખ, વાસંતી! કેવી વેદના!' સીતા મનોમન બોલી ઊઠી: 'આર્યપુત્ર, મારી પણ એ જ સ્થિતિ છે.'

રામ ધીરેધીરે સ્વસ્થ થયા. એમની સમક્ષ જનસમાજ તરવરી રહ્યો. રાજધર્મીને વળી રુદન કેવાં? સીતાનો પરિત્યાગ કરી પછી વિલાપવું એ તો પ્રજાદ્રોહ; રાજધર્મની ન્યૂનતા. દીન બનીને એ સ્વગત ઉચ્ચરી રહ્યા: 'પ્રિય નગરજનો! તમારા જ વેણને ખાતર તૃણની જેમ સીતાને ભર અરણ્યમાં એકલી ત્યજી દીધી. એનો શોક પણ ન કર્યો. પરંતુ આજે—આજે બાર વર્ષે આ પરિચિત પંચવટી સીતાનાં સ્મરણો જગાવી રહી છે. મારી આંખો અવશ બનીને વરસે છે. મારું કંઇ ચલણ નથી. પુરજનો! ક્ષમા દષ્ટે જોજો.'

વાસંતી પણ રામની વ્યથા જાણી રડી ઊઠી. આંસુ લૂછતાં તે બોલી: 'દેવ, એ વાત હવે વીતી ગઇ. ધૈર્ય રાખો!'

'ધૈર્ય!' રામનાં નેત્ર વિસ્ફારિત થઇ ગયાં. 'જાનકીને ગયે આજે બાર વર્ષ થયાં... અને હજી આ રામ જીવતો છે! ધૈર્ય રાખું? ધૈર્ય?' એમનો સ્વર રુક્ષ બની ગયો. રામનો આ પ્રેમાલાપ સાંભળી સીતા મોહિત બની ગઈ.

રામની અત્યંત વિહ્વળ કરુણ સ્થિતિ જોઈ વાસંતી પણ મૂંઝાઈ ગઇ. તેણે રામને પંચવટીના બીજા પ્રાંત ભણી વાળ્યા—દોર્યા. પરંતુ રામનું હૃદય વેદનાનો ભાર વધુ સમય વેઠી શકયું નહિ. એમનો શ્વાસ રુંધાઇ ગયો: 'જાનકી! અરે ચંડી જાનકી! સર્વત્ર તું જ વસી રહી છે! અને છતાં દયા કરતી નથી!' અને પ્રચંડ આઘાત પામી તે બેશુદ્ધ બની ગયા.

રામને ફરી બેહોશ થતા જોઇ સીતાનો જીવ બ્રહ્માંડે પહોંચ્યો: 'હાય! આર્યપુત્ર ફરી મૂર્છા પામ્યા! હું જ એમને દુઃખ દેનારી નીવડી. મુઇ હું!' સીતાએ ભાગ્ય કૂટયું. એને મૂર્છા આવે તે અગાઉ જ ભગવતી તમસાએ તેને મધુર વચને સ્વસ્થ કરી: 'વત્સે, શાંત થા. તારા જ સ્પર્શે ફરી રામને પુનર્જીવિત કર.'

સીતા રામની સમીપ સરી. વાસંતી ઔષધિ માટે સંચરી હતી. લલાટ પર સીતાના મૃદુ હસ્તનો સ્પર્શ થતાં જ રામ સુખસમાધિમાં ડૂબ્યા. એમને રોમેરોમ નવજીવનનો સંચાર થવા માંડયો. રામે તંદ્રાવસ્થામાં જ સીતાનો કર ગ્રહી લીધો અને સુખદ સ્મૃતિમાં એ બોલી રહ્યા: 'વાસંતી, તું ભાગ્યશાળી. જો તારી આશા ફળી... સખી જાનકી પાછી મળી!'

સીતાએ ગભરાટથી રામના હાથમાંથી પોતાનો હાથ સેરવી લીધો ને સંકોચથી સરી ગઈ. વાસંતી આવી. રામ ઉન્માદમાં હતા: 'અરર વાસંતી, કેવી અસાવધતા! મેં જાનકીનો કર ગ્રહ્યો, કિંતુ સહસા સરકી ગયો! એ જાનકીનો જ સ્પર્શ! હાય, નિષ્ઠુર જાનકી!'

વાસંતી એમના આ પ્રલાપથી બાવરી બની ગઇ: 'રામભદ્ર, કયાં છે જાનકી? દેવ, તમે સંભ્રમમાં છો, સ્વસ્થ થાઓ. હવે વીતેલી વાત પર આવો દારુણ શોક શા માટે?'

રામની આંખો ચકળવકળ થવા લાગી. ચોતરફ એમની દષ્ટિ ઘૂમી રહી: 'નથી? જાનકી નથી? ઓ નિષ્ઠુર જાનકી!'

સીતા આંખના ખૂણા લૂછતી જલ્પી રહી: 'સાચે જ નિષ્ઠુર છું. તમારી આ દારુણ સ્થિતિ જોતી છતાં ધરાર જીવતી છું!'

રામ ફરી પોકારી ઊઠયા: 'સીતે! પ્રિય! પ્રત્યક્ષ થા, પ્રસન્ન થા! આ સ્થિતિમાં મારો પરિત્યાગ કરીને ચાલી ગઈ?'

સીતાને કંઠે ડૂમો બાઝયો: 'પરિત્યાગ મેં કર્યો? આ તો વિપરીત વાત થઇ, આર્યપુત્ર!'

વાસંતીએ ખૂબ શુશ્રૂષા કરી રામને સ્વસ્થ કર્યા. કરુણ દષ્ટિએ વાસંતીને નિહાળી કહેવા લાગ્યા: 'સખી, પૂર્વેના વિયોગમાં અવધ હતી. એ સહન થયો. પણ આ તો નિરવધિ વિયોગ. હું કેમ જીરવીશ?' રામની અતિ દીન મુખમુદ્રા જોઈ વાસંતી અશ્રુ ખાળી શકી નહિ. સીતાને હૈયે તો ફાળ જ પડી: 'નિરવધિ વિયોગ?! ત્યારે તો હું મરી જ.'

વાસંતીની સતત અશ્રુધારા જોઇ રામનું હૃદય વિગલિત થઇ ગયું. ભારે હૈયે પંચવટીમાંથી પ્રયાણની તૈયારી કરતાં એ કહેવા લાગ્યા: 'વાસંતી, કયાં સુધી રડયા કરીશ? રામનું દર્શન જ સુહૃદોને રડાવનારું છે. એ અભાગી માટે આંસુ સારે છે? હવે જવા દે મને!'

વાસંતી આંખો લ્હોતી રામને જોતી રહી. જતાં જતાં રામ તેને કહી રહ્યા: 'હજી તો મારે અશ્વમેધ યજ્ઞની સહધર્મચારિણીને...'

સીતાનો સમસ્ત દેહ કંપી ઊઠયો: 'સહધર્મચારિણી?! આર્યપુત્રની?!' વાસંતી વ્યાકુળ થઈને સાંભળી રહી. રામે ચાલતાં ચાલતાં જ વાત પૂરી કરી: 'વાસંતી, સીતાની સુવર્ણપ્રતિમા ઘડાવવી છે. હવે તો મારી સહધર્મચારિણી એ જ... એને જોઈને મારી આંસુથી ખરડાએલી આંખોને રીઝવીશ.'

સીતાના હૃદય પરથી જાણે બાર બાર વર્ષોનો ભારેલો બોજ હઠી ગયો: 'હાશ, હવે તમે આર્યપુત્ર સાચા! આજે મારું પરિત્યાગની લજ્જાનું શલ્ય સમૂળું ઊખડી ગયું.'

રામે ખિન્ન હૈયે પંચવટીને નીરખી પ્રયાણ આદર્યું. વાસંતી એમને વિદાયના પ્રણામ પાઠવી રહી. સીતા રામને જતા જોઈ રહી; નજર પહોંચી ત્યાં સુધી મન ભરીને નીરખી રહી. રામ અદૃષ્ટ થયા ને સીતા ઢગલો થઈને ધરતી પર ઢળી પડી.

વાલ્મીકિના આશ્રમમાં મેળો જામ્યો હતો. એમનાં સ્નેહી સંબંધીઓ એમને મળવા આવ્યાં હતાં. જનક રાજા, કૌસલ્યા, અરુંધતી, વસિષ્ઠ... સહુ હળ્યાંમળ્યાં. સીતાની કષ્ટદાયક કથાનું સ્મરણ કરી પરસ્પરનાં દુઃખનાં ભાગીદાર બન્યાં. આશ્રમમાં એ દિવસે શિષ્ટજનોના આગમન નિમિત્તે અનધ્યાય હતો. આશ્રમના ચપલ બટુઓ ખેલકૂદ કરી રહ્યા હતા. સહુ અતિથિઓ એમનો કિલ્લોલ નિહાળી રહ્યા હતા. ત્યાં વિલક્ષણ લલાટ અને પ્રતાપી વ્યક્તિત્વથી સહેજે જુદો તરી આવતો એક બટુ એમની નજીક આવ્યો અને એમને પ્રણામ કરી સંકોચપૂર્વક ઊભો. જનકનું હૃદય એનાથી આકર્ષિત થયું. કૌસલ્યાએ તો એને વહાલથી ખોળામાં જ ખેંચી લીધો. હૈયામાં પરમ તૃપ્તિનો અનુભવ એ કરી રહ્યાં. અનેક પ્રકારની આશંકાઓ તેમના ઉરમાં અજંપો પેદા કરી રહી. બટુની મુખરેખા

નીરખતાં કૌસલ્યાએ તેને પૂછ્યું : 'વત્સ, તારી માતા છે? તારા પિતા છે?' 'ના.'

'ત્યારે તું કોનો?' 'ભગવાન વાલ્મીકિનો.'

જનક–કૌસલ્યા સહુને અજંપો થયો.

કૌસલ્યાએ ફરી પૂછ્યું : 'તું એકલો જ છે? તારે કોઈ ભાઈ...'

'હા, અમે જોડિયા ભાઈઓ છીએ : લવ–કુશ.'

જનક–કૌસલ્યા બંને વિચારમાં પડી ગયાં. એટલામાં બટુઓનો એક સમુદાય લવ ભણી દોડી આવ્યો. આશ્રમની બહાર કોઈ 'અશ્વ' નામનું વિચિત્ર પ્રાણી જોઈ તેઓ ચકિત થઈ લવને બોલાવવા આવ્યા હતા. લવ ચપળતાથી તેમની સાથે દોડી ગયો. આશ્રમની બહાર વિદ્યાર્થીઓ ટોળે મળ્યા હતા. અશ્વમેધ યજ્ઞ માટેનો અશ્વ આશ્રમ નજીક છૂટો ફરતો હતો. એની રક્ષા કરવા માટે સશસ્ત્ર સૈનિકો હતા, અને લક્ષ્મણનો પુત્ર ચંદ્રકેતુ સેનાપતિ હતો. લવની આજ્ઞા થતાં જ વિદ્યાર્થી બટુઓ અશ્વને ઘેરી વળ્યા અને આશ્રમ તરફ હાંકી જવા લાગ્યા. એકાએક કોઈ સેનાધિકારી ક્રોધથી ધસી આવ્યો. બટુઓને તેણે ધમકાવ્યા–ચમકાવ્યા. બધા બટુઓ પોબારા ભણી ગયા, પણ લવ નિરાંતે એની હાંસી ઉડાવતો ત્યાં ઊભો રહ્યો. સૈનિકો છંછેડાયા. તેમણે લવને ઘેરી વળવાનો પ્રયાસ કર્યો. લવે ધનુષટંકાર કર્યો...એકસામટા ધસી આવતા સશસ્ત્ર સૈનિકોનો પ્રતિકાર કરતો તે યુદ્ધ ખેલી રહ્યો. ચંદ્રકેતુ આ તેજસ્વી બટુની કુશળતા જોઈ ચકિત થઈ ગયો. મનમાં લજવાયો પણ ખરો. તેનો સારથિ સુમંત્ર પણ આશ્ચર્યથી બટુનું પરાક્રમ નિહાળી રહ્યો. થોડીક જ વારમાં લવના પ્રહારથી ચંદ્રકેતુનું સૈન્ય છિન્નભિન્ન થઈ ગયું.

ચંદ્રકેતુએ લવને સન્માનથી નવાજ્યો અને એને પોતાની સાથે યુદ્ધ કરવા આમંત્રણ આપ્યું. લવ પગપાળો હતો એ જોઈને ચંદ્રકેતુ પણ રથમાંથી ઊતરી ગયો અને તેની સામે આવ્યો. ચંદ્રકેતુને, ન જાણે કેમ, આ બટુ સાથે યુદ્ધ કરવાની વૃત્તિ થતી ન હતી. એને આ બાળકને જોઈને ઉમળકો આવતો હતો. સુમંત પણ મૃદુ થઈ લવને નિહાળી કહેવા લાગ્યો : 'વત્સ, તારું પરાક્રમ રામભદ્ર નીરખે તો સ્નેહથી તે દ્રવી ઊઠે.' અને એણે રામનું પરાક્રમ લવને સંભળાવવા માંડયું. લવ મજાકમાં હસી રહ્યો. ચંદ્રકેતુને રોષ ચડયો. આ ઉદ્ધત, તાત રામચંદ્રની પણ મજાક ઉડાવતો હતો? એણે સુમંત્રને વાર્યો : 'આ ધૃષ્ટ રામચંદ્રના ચરિત્રનો મહિમા શું જાણે? એની સાથે વાદ-પ્રતિવાદ કેવો?'

લવ કટાક્ષમાં બોલી ઊઠયો : 'જોયા જોયા તારા રામચંદ્ર! જાણ્યો તેમનો મહિમા! જે સ્ત્રીહત્યા કરી ચૂકયા, ખર (રાક્ષસ)ની સામે ત્રણ પગલાં પાછા હટયા અને વાલિને વિશ્વાસઘાતથી હણ્યો એ જ તમારા રામચંદ્ર કે?'

ચંદ્રકેતુનાં ભવાં ચડી ગયાં. એણે લવને યુદ્ધનો પડકાર ફેંકયો અને બંનેનાં યુદ્ધથી ધરતી ધ્રૂજી ઊઠી.

રામચંદ્રે પંચવટીથી પાછા ફરતાં બે કુમારો વચ્ચેનું ભીષણ યુદ્ધ નિહાળ્યું. એ સત્વરે ત્યાં આવ્યા અને યુદ્ધ થંભાવ્યું. રામ ચંદ્રકેતુને ઉમળકાથી ભેટી પડયા. લવ રામની પ્રતિભા નીરખી મુગ્ધ બની રહ્યો. ચંદ્રકેતુએ લવનો મધુરતાથી પરિચય કરાવ્યો. એના પરાક્રમની પ્રશંસા કરી. રામના હૃદયમાં સ્નેહના તરંગો ઊછળવા માંડયા. લવ મનમાં મૂંઝાતો ચંદ્રકેતુને પૂછી રહ્યો : 'આ કોણ?'



'એ જ તાત રામચંદ્ર, પ્રિય મિત્ર!' ચંદ્રકેતુએ ઉમળકાથી ઉત્તર દીધો. 'તેં મને મિત્ર ગણ્યો, એટલે એ ધર્મથી મારા પિતા થયા' એમ કહી લવ એમનાં ચરણમાં નમે, ત્યાં જ રામચંદ્રે તેને આશ્લેષમાં વીંટી લીધો. લવનો સ્પર્શ થતાં જ રામના હૈયામાં આનંદનીલહેરો ઊછળવા માંડી. એમનાં અંગોમાં અવનવો સળવળાટ થવા માંડયો.

એવામાં લવની શોધ કરતો કુશ ત્યાં આવી રહ્યો. એનો પરિચય પામીને રામ ભાવથી એને ભેટી પડયા. એમનો ઉમંગ માતો ન હતો. કોઈ સ્વપ્ન એમની દૃષ્ટિ સમક્ષ સાકાર થઈ રહ્યું હોય એવી અનુભૂતિ એમને થવા લાગી. ચિત્તમાં એક મહાપ્રશ્ન ચમકી રહ્યો : 'આ બાળકો જાનકીનાં હોય તો!' એમનાં રૂપ-રંગ, અણુસાર જાનકીનું જ સ્મરણ કરાવી રહ્યાં હતાં. કોઇ અપૂર્વ અનુરાગ એમને વ્યાપી વળ્યો. હૃદય કોઇ સુખદ આગાહીનો અણસારો કરી રહ્યું.

મુક્ત મને રામ બાળકોનો સહવાસ માણી રહ્યા હતા, ત્યાં કૌસલ્યા, અરુંધતી, જનક આદિનું દૂરથી દર્શન થતાં જ રામનાં સંકોચ-લજ્જાનો પાર ન રહ્યો. ફરી પાછી જાનકીની સ્મૃતિ હૈયાને કોરી રહી. માતા અને ગુરુજનોથી નાસી છૂટવાની તેમને પ્રબળ વૃત્તિ થઈ આવી. ગુરુજનોનો સમુદાય ત્યાં આવી પહોંચ્યો. રામ એમનાં ચરણોમાં ઢગલો થઇને પડી ગયા. એમની આંખોમાં આંસુ સમાતાં નહોતાં. ગુરુજનોએ રામને છાતી સરસા ચાંપી હૈયાધારણ આપી. કૌસલ્યાએ હેતથી રામનું મસ્તક સૂંઘ્યું.

અતિથિઓના સન્માનાર્થે વાલ્મીકિ-આશ્રમમાં નાટચપ્રયોગ યોજવામાં આવ્યો હતો. પ્રેક્ષાગૃહમાં સહુ આમંત્રિતો—પુરજનો આવી ગયાં. રામ પોતાના આસન પર ઉપસ્થિત થયા. એમની સાથે લક્ષ્મણ પણ આવીને બેસી ગયા. બીજાં સહુ આમંત્રિતો નિયત સ્થાને ગોઠવાઇ ગયાં અને નાટચપ્રયોગનો આરંભ થયો.

નેપથ્યમાં આર્યપુત્રને તથા લક્ષ્મણુને પોકારતી અને ગંગામૈયાનું સ્મરણુ કરી તેમાં પડતું મેલતી સ્ત્રીનો વિલાપ સાંભળતાં જ રામને વીજળી-ધક્કો લાગ્યો : 'અરે લક્ષ્મણુ ! આ તો દેવી–દેવી જાનકીનો વિલાપ !' અને ત્યાં જ નેપથ્યની પાછળથી અર્ધમૂર્છિત જેવી અવસ્થામાં એક સ્ત્રી પ્રવેશી. એના ખોળામાં બે બાળકો હતાં. માતા વસુંધરા અને ભાગીરથીના આલંબને એ આગળ વધી. રામનું હૃદય ગૂંગળામણુ અનુભવી રહ્યું. એમણે લક્ષ્મણુનો હાથ ઝાલી લીધો : 'લક્ષ્મણુ, ઊંડા અંધકારમાં ડૂબી રહ્યો છું. મને ટેકો આપ...'

એ સ્ત્રી પ્રેક્ષકવૃંદની સામે આવી : 'મારાં બે બાળુડાં જન્મ્યાં... ...હું તો મરી પરવારી... હા, આર્યપુત્ર !' અને એ પ્રબળ આવેગથી ધરતી પર તૂટી પડી !

પોતાની પુત્રીની આ દુર્દશા જોઇ મુક્ત કંઠે વિલાપ કરતી વસુંધરા ભાગીરથીને ફરિયાદ કરી રહી : 'મારી દીકરી સીતાનો રામચંદ્રે આમ પરિત્યાગ કર્યો, તે શું તેમને શોભે છે ?' આર્યપુત્રનું નામ સાંભળતાં જ સીતા આવેશમાં ઊભી થઈ. એની આંખ ચકળવકળ થવા લાગી : 'મા ! મા ! ક્યાં છે—ક્યાં છે આર્યપુત્ર ?'

રામ મહાપ્રયાસે આંસુ ખાળી રહ્યા. લક્ષ્મણુ સ્તબ્ધ બની ગયા. વસુંધરાએ સીતાને કહી દીધું : 'હવે વળી તારે માટે આર્યપુત્ર કોણુ ?' સીતા આંસુ લ્હોતી બોલી રહી : 'મા, તારી જેવી આજ્ઞા...'

રામ આત્મતિરસ્કારથી બોલી ઊઠયા : 'આવો પાપી છે રામ !'

સીતાને મૂકીને વસુંધરા વિદાય થવા માંડી ત્યાં સીતા આવેશથી તેને વળગી પડી : 'નહિ મા, નહિ; મને મૂકીને ક્યાં જાય છે ? તારી ગોદમાં મને સમાવી દે...સમાવી દે, મા !' અને માતા વસુંધરાની છાતી પર માથું મૂકી સીતા હૈયાફાટ રડી રહી.

રામ કરુણાર્દ્ર થઇ લક્ષ્મણુને ધીમેથી કહી રહ્યા : 'બીચારીને બીજો આરો જ ક્યાં રહ્યો ?' વસુંધરાએ સીતાને પંપાળી તેનાં આંસુ લૂછ્યાં : 'વત્સે, તારે તારા આ બે પુત્રો ઉછેરવાના છે.'

'ના મા !, નહિ, નહિ.' સીતા આક્રંદ કરી ઊઠી : 'હું અનાથ છું, મા હું અનાથ છું.' સીતાના આક્રંદથી પ્રેક્ષાગૃહ પણુ રડી ઊઠયું. હૃદય પર હાથ મૂકી રામ સ્વગત બોલી રહ્યા : 'હજી તું વજ્રમય છે હૃદય ?'

ભાગીરથી અને વસુંધરા ગયાં અને એમની પાછળ માતાની ગોદમાં સમાવા આતુર બનેલી સીતા બાળકોને ગ્રહીને દોડી.

રામનું ચિત્ત ચકરાવે ચડયું. એમની આંખ બાવરી બની ચોપાસ ઘૂમી રહી. જાનકીને વિદાય થતી જોતાં જ એ વિચલિત બની ઊભા થઇ ગયા : 'વૈદેહીનો વિલય થઇ ગયો ? જાનકી, મારી પ્રિય સખી, દેવી પરલોક સિધાવી ગઈ ? હા ! સીતે...સીતે...' અને લક્ષ્મણુનો ટેકો મળે એ પહેલાં તો એ પૃથ્વી પર પટકાઇ પડયા.

પ્રેક્ષાગૃહમાં સન્નાટો વ્યાપી ગયો. સહુ બેબાકળા બની ગયા. ત્યાં સહુની વચમાં માર્ગ કાઢતી, શ્રમથી હાંફતી સીતા રામની સમીપ દોડી આવી. રામનું મસ્તક ખોળામાં લઇ શ્વાસભેર બોલી રહી : 'આર્યપુત્ર, જાગો...જાગો...હું જાનકી...જીવિત છું...આર્યપુત્ર !'

સીતાના મધુર સુકુમાર સ્પર્શે રામ જાગ્રત થયા. સીતાના મુખને એકાગ્રદષ્ટે નીરખી રહ્યા : 'દેવી...જાનકી !' આસપાસ ઊભેલાં સહુ પાંપણુ લૂછી રહ્યાં.

અરુંધતીએ ત્યાં જ વ્યાસપીઠ પર ઉપસ્થિત થઇને લોકમત જાણી લઇને સીતાનો હાથ રામને સોંપ્યો. વાલ્મીકિએ એમની સમક્ષ આવી લવ-કુશ એમને સોંપી દીધા. રામ-જાનકી વર્ષોના વિયોગ પછી પુત્રોને હૈયું ભરીને ભેટયાં.

સહુથી છેલ્લો લક્ષ્મણુ અતિ સંકોચથી સીતાનાં ચરણોમાં નમ્યો : 'આર્યે, આ નિર્લજ્જ લક્ષ્મણુ પ્રણામ કરે છે.'

સીતાની આંખમાં અમી આવ્યાં. સ્મિતથી તેણે લક્ષ્મણુને નવાજ્યો : 'વત્સ, આવો જ ચિરંજીવ થજે.'

વાલ્મીકિ આશ્રમના દીપકો આખી રાત જાગરણુ કરી રહ્યા. સહુએ રામ-જાનકી મિલન-મહોત્સવ મન ભરીને માણ્યો.

શ્રી ઉમાશંકર જોશીના 'ઉત્તર રામચરિત' અનુવાદનો ઋણી છું. —લેખક

વિવિધ રોગ કે ઈજા વખતે દાક્તરની સહાય મળતાં પહેલાં લેવાની

ઘરગથ્થુ પ્રાથમિક સારવાર

પરત્વે ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની સલાહ

ધનુર્વા

શરીર પર પડેલા ઘામાં રસ્તાનાં ધૂળ ને કચરો ભળતાં કે ધૂળ-કચરાવાળાં ખીલી કે કાચ હાથપગમાં ભોંકાઈ જવાથી ધનુર્વા થવાનો ભય રહે છે. ધનુર્વાના જીવાણુઓ ઘોડા, ગાય વગેરે પ્રાણીઓ અને માણસોનાં આંતરડાંમાં વસે છે, જે મળ સાથે બહાર ફેંકાય છે. રસ્તામાં પડેલા પ્રાણીઓ અને માનવના આ મળ ધૂળમાં ભળે છે. આ રીતે ધૂળમાં આવેલા ધનુર્વાના જીવાણુઓ મહિનાઓ પર્યંત જીવતા રહે છે. કંઈ પણ કારણસર વાગી જતાં પડેલા ઘામાં આવી ધૂળ સાથે આવેલા ધનુર્વાના જીવાણુઓ ઝેર પેદા કરે છે. આની આપણા જ્ઞાનતંત્ર ઉપર માઠી અસરો પડે છે. પરિણામે તાણો આવવા માંડે છે.

ધનુર્વાની સૌપ્રથમ નિશાની મોં બંધ થવાની છે. રોગી મોં ઉઘાડી જ શકતો નથી. ઉઘાડતાં જડબાના સાંધામાં પીડા થાય છે. આ ચિહ્ન થતાંથતાંમાં જો ધનુર્વાના ઉપચાર લેવામાં આવે તો જાન બચી જાય છે. પણ આને અવગણવામાં આવે તો પછી ઉપરાઉપરી તાણો આવવા માંડે છે. આ સમયે ઉપચારો કરવાથી જોકે મટી તો જાય છે, પણ ખૂબ ખર્ચ વેઠીને જીવ બચાવવાનો રહે છે.

ઘામાં કચરો કે ધૂળ ભરાયાં હોય, કે ખેડૂત માળી વગેરે જેમને ધૂળ સાથે કામ લેવાનું હોય તેમણે તો ઘા પડે કે તુરત જ રોગો સામે રક્ષણ આપતી એ. ટી. એસ (ઍન્ટી ટિટૅનસ સીરમ) રસીનું ઈન્જેક્શન લેવું. ટિટૅનસ ટૉક્સાઈડનાં ઈન્જેક્શન લેવાથી આ રોગ સામે રક્ષણ મળે છે.

ડિફ્થેરિયા

દસ વર્ષની ઉંમર સુધીનાં બાળકોનાં કેટલાંક મૃત્યુના કારણરૂપ આ રોગ પણ બને છે. એના જીવાણુઓ ગળામાં, નાકમાં કે શ્વાસનળીમાં એકઠા થઈ ત્યાં પાતળું પડ બંધાય છે, જે આગળ વધી શ્વાસનળી પર આવી જતાં શ્વાસ લેવાનો બંધ થઈને મૃત્યુ આવી પડે છે.

આ રોગ જામી ગયા પછી દવા માટેની દોડધામ નિરર્થક નીવડે છે અને ઘણી વાર રોગી મૃત્યુ પામે છે; માટે આ રોગમાં સવેળા ઉપચાર કરવા ખાસ જરૂરી છે. ડિફ્થેરિયાના આરંભમાં બાળકનો ચહેરો ફિક્કો પડી જાય છે. તેને શ્વાસ લેવામાં મુશ્કેલી પડે છે અને શ્વાસ લેતા ગળામાં ઘરૂરૂરૂ અવાજ થાય છે. પાણી પીવામાં પણ તેને મુશ્કેલી પડે છે. તાવ થોડોક હોય યા ન પણ હોય. આટલાં ચિહ્નો જણાતાં જ જો સવેળા ઉપચાર લેવાય તો બાળક કદાચ બચી જાય છે.

આ રોગ સામે રક્ષણ મેળવવા માટે ત્રિગુણી રસી આવે છે. ઉટાંટિયું અને ધનુર્વા સામે પણ એ રક્ષણ આપે છે. બાળકની છ માસની ઉંમર સુધીમાં દર માસે એક લેખે એની ત્રણ માત્રાઓ અપાવી દેવી જોઈએ. કેટલીક નગરપાલિકાઓ આ રસી મફત મૂકી આપે છે.

મૂત્રપિંડ (કિડની) ની તીવ્ર વેદના

કમર ઉપર થતી આ વેદના પેટ ઉપરથી નીચે ઊતરી વળામાં અને ગુહ્યાંગમાં શમે છે. મૂત્રપિંડ કે મૂત્રનળીમાં પથરીથી થતી આ વેદના અંત અસહ્ય અને ત્રાસજનક છે. પીડા સાથે ઊબકા, ઊલટી, પેશાબની હાજત, પેશાબમાં બળતરા અને પેશાબમાં કદીક લોહી પણ હોય છે. આ સ્થિતિ વખતે દાક્તરને બોલાવવા. રોગીને ગરમ પાણીમાં બેસાડવો કે કમર ઉપર ગરમ પાણીનાં પોતાં કે ગરમ પાણી ભરેલી રબરની થેલી મૂકવી. દાક્તરની તપાસ માટે પેશાબ સંઘરી રાખવો.

તાવ

શરીરની ગરમી વધીને નાડી અને શ્વાસોચ્છ્વાસની ગતિ વધે, માથું દુખે, બેચેની અને અશક્તિ લાગે, આ બધાં તાવનાં લક્ષણો છે.

જીવાણુઓના ચેપ વખતે તેમને મારવા કે એમનાં ઝેર નિર્મૂળ કરવા માટેની આ એક કુદરતી પ્રક્રિયા માનવામાં આવે છે. વળી, તાવ આવતાં પથારીમાં આરામ કરવાથી અને દવાના સેવનથી શરીરનાં સંરક્ષણબળો સારી રીતે કામ ઉપાડી શકતાં હોવાથી આરામ અને દવા માટે તાવ એ આરંભની ચેતવણી રૂપ થઈ પડે છે.

રોગીનો તાવ માપવા થર્મોમીટર એક મિનિટ સુધી મોંમાં અથવા ત્રણ મિનિટ સુધી બગલમાં રાખવું. રોગીએ કંઈ ખાધુંપીધું હોય ત્યાર બાદ વીસ મિનિટ સુધી તાવ માપવો નહિ; કેમ કે ખાદ્ય કે પેય પ્રમાણે મોંની ગરમી ઓછીવત્તી થવાથી તાવનું માપ બરાબર આવતું નથી. તાવ માપ્યા પછી થર્મોમીટર સાબુ ને પાણી વતી બરાબર ધોવું.

તાવ ઘણા પ્રકારના છે. મોટા ભાગે કોઈ ચેપને કારણે આવતા તાવમાં શરૂઆતમાં ટાઢ વાય છે. શરદી કે ગળું આવવાને કારણે બાળકોને ૧૦૩ કે ૧૦૪ અંશ ફેરનહાઈટ તાવ આવી જાય છે. પોલિયો જેવી ગંભીર માંદગીમાં માત્ર ૧૦૦ અંશ ફેરનહાઈટ તાવ હોઈ શકે છે. વધારે તાવ એ ચિહ્ન માત્ર છે. બીજાં ચિહ્નોના જેવી તેની ગણતરી કરવાની છે. ટાઈફૉઈડ, ક્ષય વગેરે લાંબી મુદતના તાવ છે. ટાઈફૉઈડમાં તાવ એકદમ વધે કે શરીરની ગરમી કમી થાય એ બીજા ઉપદ્રવની નિશાની રૂપ હોઈ તાત્કાલિક દાક્તરની સલાહ લેવી.

તાવની ગરમી ૧૦૩ અંશ ફે૦ જેટલી વધે ત્યારે માથા ઉપર ઠંડા પાણીનાં પોતાં કે બરફની થેલી મૂકવી. જો ઠંડા પાણીનાં પોતાં સહન ન થઈ શકે તો હથેલી અને પગનાં તળિયાં ઉપર દૂધીના ટુકડા ઘસવા.

ઝાડા

દૂષિત ખોરાક ખાવાથી કે પાણી પીવાથી, ખોરાક બદલાવાથી, થાક કે ભોજનના લીધે વારંવાર પાતળા ઝાડા થાય છે જે ૧૨ થી ૪૮ કલાકમાં મટી જાય છે. એલ્ટૉર વિબ્રિયો નામના જીવાણુઓને લીધે હમણાં કૉલેરાના જેવા પાતળા ઝાડા સાથે ઊલટી થાય છે; સાથે થોડો તાવ પણ કદાચ આવે. ગૅસ્ટ્રોએન્ટેરાઇટિસની આ ઉગ્ર સ્થિતિ છે.

ઝાડા થયા હોય ત્યારે બાર થી ચોવીસ કલાક સુધી ન ખાવાથી વહેલો આરામ થાય છે. ઝાડા વાટે શરીરમાંથી પાણી નીકળી જવાથી શરીરમાં તે ભરપાઈ કરવા માટે રોગીને હળવી (કડક નહિ) ચા, મીઠા સાથે લીંબુનું પાણી કે ગરમ કરેલું દૂધ દર કલાકે અગર દરેક ઝાડા પછી આપવું. જે કંઈ પ્રવાહી આપવું તે હૂંફાળું આપવું. પથારીના આરામથી વહેલું મટે છે. અઢાર કલાક સુધી ઝાડા બંધ રહે ત્યાર પછી જ રોગીને ખૂબ ચડી ગએલા ભાત ને દૂધ, ઢીલી ખીચડી કે ભાખરી ને દાળ, બાજરીની ચા કે એવો હળવો ખોરાક આપવો. જો આમાંનું કંઈ પણ લીધા પછી પાછા ઝાડા યા ભૂખનાશ કે ઊબકા થાય તો ચાર છ કલાક સુધી ખોરાક ને પ્રવાહી બંધ કરવાં. ત્યાર બાદ દર્દીનાં વય અને

શક્તિ મુજબ ધીરેધીરે ખોરાક શરૂ કરવો. ઝાડા વખતે કાચાં ફળ ને શાકભાજી, કૉફી, મશાલા ને ચરબીયુક્ત કે તળેલો ખોરાક ખાવો નહિ.

પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી ઝાડા વખતે તો તાત્કાલિક દાક્તરી સારવાર લેવી. ત્રણ વર્ષની ઉંમર સુધીના શિશુ અને બિનતંદુરસ્ત અશક્ત માણસ માટે કદાચ એ જીવલેણ પણ નીવડી શકે. એટલે એની અવગણના કરવી હિતાવહ નથી.

પેશાબ બંધ થઈ જવો

આ ભારે ત્રાસજનક ને વેદનાયુક્ત દશા છે. વૃદ્ધ માણસમાં પ્રોસ્ટેટ ગ્રંથિની વૃદ્ધિ થવાથી મૂત્રમાર્ગ પર દબાણ આવી પેશાબ અટકી પડે છે. આના આરંભમાં પેશાબ કરવાની થોડીઘણી મુશ્કેલી જણાવા લાગે છે. ક્યારેક આવી સ્થિતિ એકાએક પણ આવી પડે છે.

ચટાકેદાર ખોરાક, દારૂ, ઠંડીમાં બેસવું કે ફરવું, લાંબા વખત સુધી પેશાબ રોકી રાખવો, લાંબા વખતની ટ્રેઇન કે મોટરની મુસાફરી, ચેપ, મૂત્રાશયની પથરી, અતિશય કામાસક્તિ અને પથારીનો લાંબા સમયનો આરામ, આ બધાં પેશાબ અટકી જવાની સ્થિતિનાં કારણરૂપ છે.

આ સ્થિતિમાં રોગીને સહન થઈ શકે એટલા ગરમ પાણીમાં બેસાડવો અને પાણીમાં બેઠાંબેઠાં પેશાબ થાય તો થવા દેવાનું કહેવું. આમ ન બની શકે તો પેડુના ભાગમાં ને ઇન્દ્રિય ઉપર ગરમ પાણીનાં પોતાં મૂકવાં. આ સારવારથી એકાદ કલાકમાં પેશાબ થવો જોઇએ. જો ન થાય, કે થાય તોપણ, દાક્તરને બતાવવામાં આળસ ન કરવું.

કઠણ મળ

કેટલીક પેટમાં મળ સખત થઈ જવાથી તે બહાર નીકળતો નથી. એક્સ-રે લેવડાવવા માટે બેરિયમ પીધા પછી આવું ખાસ બને છે. ઘરડાં અને પથારીવશ રોગીમાં પણ આમ વારંવાર બને છે. મોટર કે ટ્રેઇનની લાંબી મુસાફરી બાદ પણ ઘણાંને આવું થાય છે.

આ વખતે ગુદામાં ભરાવો લાગે છે. મળ બહાર કાઢવાના નિષ્ફળ પ્રયત્નોથી ગુદામાં વેદના થાય છે. ઘરડાં અને પથારીવશ માણસમાં કઠણ મળથી આંતરડાંમાં ભરાવો થઈ તાવ અને પાતળા ઝાડા થાય છે.

ગ્લિસેરીનની સપોઝિટરી કે નાના બાળકને ગુદામાં દિવેલની દિવેટ કરી મૂકવી. આનાથી મળ પોચો પડી બહાર નીકળે છે. જો એ પણ કામ ન લાગે તો ગ્લિસેરીનની ઍનિમા આપવી. જો આ પણ શક્ય ન હોય તો દિવેલવાળી આંગળી ગુદામાં નાખી, મળ ભાંગી નાખી, આંગળી વતી કાઢવો. જો આટલી હદે જવું પડે તો દાક્તરની સલાહ પણ લેવી જ.

હરસ અને ગુદામાં ચીરા

ગુદાદ્વારમાં ફૂલેલી શિરાઓ એ હરસ છે. ગુદાદ્વારની આસપાસ નાના ચીરા પણ પડે છે, જેને કારણે મળત્યાગ વખતે ખૂબ પીડા થાય છે. રોગીને સહન થાય એટલા ઠંડા પાણીમાં ચાર થી પાંચ વખત બેસાડવો. આનાથી શાંતિ ન વળે તો પડખાભેર સુવડાવીને વેદનાવાળા ભાગ ઉપર બરફની થેલી મૂકવી. વધુ સારવાર માટે દાક્તરને મળવું.

દાંતનો દુખાવો

દાંત ઉપર ચળકતું એનૅમલનું પડ છે. તે તૂટી જાય કે નાશ પામે તો અંદરના જ્ઞાનતંતુને હવા કે પ્રવાહી સ્પર્શતાં દાંતમાં વેદના ઊપડી આવે છે. દાંતમાં સડો લાગુ પડ્યો હોય ત્યારે પણ સણકા ઊપડે છે. આની અવગણના ન કરત દાંતવૈદ્યને મળવું જરૂરી છે.

રાતના એકાએક દાંતમાં સણકા ઊપડે તો દિવાસળી ઉપર રૂનો ફાયો બનાવી દાંતના ખાડાને સાફ કરવો. પછી લવિંગના તેલમાં રૂ બોળી ખાડામાં મૂકવું. જો દાંતમાં ખાડો ના હોય તો સણકા માટે ગાલ ઉપર ગરમ પાણીનો શેક કરવો. કદીક કોઈને ઠંડા કે બરફના પાણીના કોગળાથી આરામ થાય છે. એસ્પિરીન કે એ. પી. સી.ની ગોળી લેવાથી રાતપૂરતી કામચલાઉ રાહત મળે છે.

કૂતરાં વગેરે પ્રાણીઓનું કરડવું

પ્રાણીઓના કરડથી હડકવા લાગવાનો ભય રહે છે. હડકાયું કૂતરું કરડવાથી તો હડકવા લાગુ પડે જ છે, પણ બિલાડી, ખિસકોલી, ગાય, ઘોડો, ભૂંડ, શિયાળ વગેરે ગરમ લોહીવાળાં પ્રાણીને હડકવા હોય તો તેમની કરડથી પણ હડકવા થાય છે. આવું પ્રાણી કરડ્યા બાદ બે થી છ અઠવાડિયાંમાં હડકવા દેખાય છે. મગજની પાસે કરડવાનો ઘા હોય તો હડકવાનાં લક્ષણો વહેલાં દેખાય છે. એક વાર હડકવા લાગુ પડ્યા બાદ તે ઘાતક જ નીવડે છે.

પ્રાણી કરડે ત્યારે તેની દાઢ જ્યાં બેઠી હોય એ ભાગ પુષ્કળ પાણીથી ધોવો. પ્રાણીની લાળ દૂર કરવા સાબુ પણ વાપરવો. ધોએલા ઘા ઉપર ડ્રેસિંગ કરી, રોગીને તાત્કાલિક દવાખાને મોકલવો. દાક્તર ઘાની યોગ્ય સારવાર કરવા ઉપરાંત હડકવા વિરોધી (ઍન્ટી રૅબિડ) રસી મૂકશે. પ્રાણી હડકાયું ન હોય પણ તેના વિષે શંકા હોય તો પણ હડકવાની રસીનાં ઈન્જેક્શન લેવાં હિતાવહ છે.

ગૂમડાં, ફૂણસી, આંજણી વગેરે

વાળના મૂળમાં કે મૂળની જોડે આવેલી મેદસ્વી ગ્રંથિમાં સ્ટેફિલોકૉક્સ નામના જીવાણુઓનો ચેપ લાગવાથી ગૂમડાં થઈ આવે છે. ચેપના કારણે લાલાશ, સોજો ને પીડા થાય છે. ગરદન, બગલ ને નિતંબની ચામડી ઉપર કપડાં ઘસાવાના સતત દાહના કારણે ત્યાં ગૂમડાં ખાસ થાય છે. નાક, દાંત અને સાઈનસના રોગોને લીધે, તેમ જ ડાયાબિટિસ જેવા રોગમાં શરીરનાં રક્ષણબળો ઘટવાથી જીવાણુઓનો ચેપ જલદી લાગુ પડે છે. બહોળા વિસ્તારનું ગૂમડું એ પાઠું છે. તેમાં અનેક છિદ્રો પડે છે. આંખનાં પોપચાં પર નાની ફોડકી એ આંજણી.

ગૂમડાં કે ફોલ્લીને ચૂંટવાની કે દબાવવાની ભૂલ હરગીઝ ન કરવી. આથી એનો ચેપ ચામડીમાં ફેલાય છે. ઉપલા હોઠ, નાકના ટેરવા ને નસકોરાંની અંદર થએલી ફોલ્લી કે ગૂમડું ઘણું ભયપ્રદ છે. એનો ચેપ જો શિરાઓ વાટે મગજમાં જાય તો મેનિન્જાઈટિસની સ્થિતિ આવી પડતાં રોગી મૃત્યુના મુખમાં ધકેલાય છે. આ જગ્યાની ફોલ્લીઓ કદી દબાવવી ન:હિ. એનો ઘરગથ્થુ ઉપચાર ન કરતાં તરત દાક્તરી સલાહ લેવી હિતાવહ છે.

અમુક જગ્યાએ વારંવાર ગૂમડાં થતાં હોય તો તેની આસપાસની ચામડી જંતુઘ્ન સાબુ કે લોશન વતી ચોખ્ખી રાખવી. વિલાયતી મીઠું કે બોરિક નાખેલા ગરમ પાણીના વારંવારના શેકથી અગર તો ચાર પાંચ ગડ વાળેલા કપડાની પટ્ટીને આ ગરમ પાણીમાં પલાળી ગૂમડા ઉપર મૂકવાથી વેદના શમે છે. આ ડ્રેસિંગ દર ચાર કલાકે બદલવું. ગૂમડું ફાટ્યા બાદ ગરમને બદલે ઠંડા પાણીનો ઉપયોગ રૂઝ આણે છે. જાળવવાનું એટલું કે આમાં વપરાતા પાણીને પોટાશ પરમૅન્ગેનેટ કે બોરિક નાખીને વિશુદ્ધ બનાવવું. સોય કે તીક્ષ્ણ હથિયાર વતી કદી ગૂમડું ફોડવા પ્રયત્ન કરવો નહિ.

ઉપરાઉપરી થતાં ગૂમડાં ને ફોલ્લી માટે દાક્તરી સલાહ લેવી જ. દાક્તર તમારું શરીર, સાયનસ ને ડાયાબિટિસ માટે પેશાબ તપાસી, ગૂમડાં થવાનું કારણ જાણી લઈ તમને યોગ્ય દોરવણી આપશે.

કલા અને સંસ્કૃતિનાં વિવિધ પાસાંઓના સમૃદ્ધ નમૂના ધરાવતું ગુજરાતભરનું સૌથી વિશાળ સંગ્રહાલય

વડોદરા સંગ્રહસ્થાન અને ચિત્રવીથિ

લેખક
આર. ટી. પરીખ
ડિપાર્ટમેન્ટ ઑવ મ્યૂઝિયૉલૉજી એમ. એસ. યુનિવર્સિટી વડોદરા



વડોદરામાં વિશ્વામિત્રી નદીના કિનારે સયાજીબાગમાં આવેલાં સંગ્રહસ્થાન અને ચિત્રવીથિની સંગ્રહ-સમૃદ્ધિ ગુજરાતભરમાં વિશાળ અને વિખ્યાત છે. પ્રખર દેશાભિમાની, અજોડ રાજકર્તા તથા શિક્ષણ અને કલાના પ્રેમી સદ્‌ગત મહારાજા સર સયાજીરાવ ત્રીજાએ અંગત રસ લઈને પોતાના રાજ્યમાં જે જાહેર સંસ્થાઓ ઊભી કરેલી તેમાં આ સંગ્રહસ્થાન અને ચિત્રવીથિને મોખરે મૂકી શકાય. પોતાની વિદેશયાત્રાઓ દરમ્યાન ત્યાંની આવી સંસ્થાઓથી પ્રભાવિત થઈ પોતાની પ્રજાને પણ એવો લાભ આપવાનો એમણે સંકલ્પ કર્યો રાજ્યના મુખ્ય સ્થપતિ આર. એફ. ચીઝહોમ અને મેજર આર. એમ માન્તે પાસે એના નકશા તૈયાર કરાવ્યા અને એ માટે જાતે સ્થાન નક્કી કરીને ઈ. ૧૮૮૭માં એનું ખાતમુહૂર્ત કર્યું. ઈ. ૧૮૯૪માં સંગ્રહસ્થાનનું, અને એ પછીથી ૧૯૦૮માં આરંભીને ૧૯૧૪માં ચિત્રવીથિનું કામ એમણે પૂરું કરાવ્યું, પણ મહાયુદ્ધને કારણે છેક ૧૯૨૧મા અનું વિધિવત્ ઉદ્‌ઘાટન થઈ શકેલું એ પછી પણ જરૂર પડ્યે એમાં નવા ખંડો ઉમેરાતા રહ્યા હતા. પોતાની જાતિ દેખરેખ તળે દેશપરદેશથી એકઠા કરેલા સંખ્યાબંધ નમૂનાઓ ઉપરાંત પોતાના અંગત સંગ્રહમાંથી પણ ઘણા નમૂનાઓ કાઢી આપીને મહારાજાએ એની સમૃદ્ધિ વધારેલી ગુજરાતભરમાં મોટામાં મોટો આ સંગ્રહ સમાવવા માટે હવે જગ્યાની ખેંચ પડે છે અને કદાચ એથી જ કેટલાક મોટા નમૂનાઓને બહાર ખુલ્લામાં ગોઠવ્યા છે.




ઇંગ્લંડના રાજા ચાર્લ્સ બીજાની રાણી કૅથેરીનની આ તસવીર એટલા માટે ઉલ્લેખપાત્ર છે કે મુંબાઈનો ટાપુ તેના દાયજામાં ઇંગ્લંડને મળેલો.

ઈ. ૧૮૯૫માં એના પ્રથમ સંચાલક શ્રી જે. એફ. બ્લેકે એની ગોઠવણ કરેલી. તેમાં રાજ્યના એ વખતના પુરાતત્ત્વખાતાના અધિકારી રૉબર્ટ બ્રુસફૂટની સહાયથી એનો ભૂસ્તરશાસ્ત્રવિભાગ રચવામાં આવેલો. રાજ્યના કલાસંચાલક ડૉ. ઈ. કૉહ્‌ન વીએનરે એની કલાવીથિ ગોઠવેલી. ત્યાર પછી ડૉ. હરમન ગત્સ જેવા ખ્યાતનામ કલાવિદે સંગ્રહસ્થાન અને ચિત્રવીથિને સવિશેષ વિકસાવ્યાં અને વધુ અસરકારકરીતે રજૂ કરવા માટે સમગ્ર સંગ્રહને નવેસરથી ગોઠવવામાં આવ્યો. સ્વતંત્રતા પછી આ રાજ્યને મુંબાઈ રાજ્યમાં સમાવી લેવામાં આવ્યું ત્યારે ત્યાંના શિક્ષણખાતાએ એનું સંચાલન સંભાળેલું અને ગુજરાતનું અલગ રાજ્ય રચાતાં આ સંગ્રહસ્થાનના યોગ્ય મહત્ત્વને કારણે એને રાજ્ય સંગ્રહસ્થાન તરીકે જાહેર કરવામાં આવ્યું.



વડોદરા સંગ્રહસ્થાનનું મકાન અને તેનો ચિત્રવીથિ વિભાગ





ડાબી બાજુ: મુઘલ કલમની જૂનામાં જૂની (૧૫૬૫ની) ચિત્રપોથી 'હમઝાનામા'નું યુદ્ધના દૃશ્યવાળું એક મૂલ્યવાન પાનું. એનાં ઘણાંખરાં પાનાં વીએના, બર્લિન, લંડન અને અમેરિકાના સંગ્રહોમાં છે. બીજું એક-માત્ર પાનું કાશીના ભારત-કલાભવનમાં છે. (ઉપર) બોધિસત્ત્વ 'ક્ષિતિગર્ભ'ની જાપાનની ૧૫-૧૬મી સદીની કાષ્ઠમૂર્તિ.

મરાઠા, મુઘલ અને પશ્ચિમી સ્થાપત્યની મિશ્ર અસરવાળી બાંધણીના, માત્ર ૧૫૦ ફૂટ લાંબા ને ૪૦ ફૂટ પહોળા મુખ્ય મકાનના ઉપર-નીચેના માળમાં ખીચોખીચ ગોઠવાએલા એના સમૃદ્ધ સંગ્રહમાં, પ્રાણીશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર, આર્થિક વનસ્પતિશાસ્ત્ર, માનવવંશશાસ્ત્ર, કલા-સંસ્કૃતિ ને પુરાતત્ત્વ વગેરે જેવા વિવિધ મુખ્ય વિભાગોમાં વહેંચાઇને ૭મી થી ૨૦મી સદી સુધીની યુરોપીય કલા, અતિ પ્રાચીન સિક્કાઓ, છેક પ્રાગૈતિહાસિક કળાથી ઈ. સ.ની ૧૫મી સદી સુધીની ભારતીય સંસ્કૃતિનો પરિચય આપતા નમૂનાઓ, દૂર પૂર્વના દેશોની કલાસંસ્કૃતિ પર ભારતની અસર દર્શાવતા અવશેષો, ઈસ્લામી દેશોની કલાસંસ્કૃતિ વગેરે પ્રદર્શિત થએલાં છે.

એના પ્રાણીશાસ્ત્ર વિભાગમાં પૃષ્ઠવંશ અને આ પૃષ્ઠવંશનાં પ્રાણીઓનું નિદર્શન કરાવતો ખાસ પ્રતિનિધિ સંગ્રહ હોવા ઉપરાંત, પક્ષીઓ, ઊર્ધ્વગામી પ્રાણીઓ, ભૂજલચર તથા માછલીઓની ઓળખ પણ મળે છે. ભૂસ્તરશાસ્ત્ર વિભાગમાં ખડક, ખનિજ ને અશ્મીભૂત અવશેષોના નમૂનાઓ છે. આર્થિક વનસ્પતિ વિભાગમાં ઔષધીય અને કૃષિવિષયક વનસ્પતિના નમૂનાઓ છે.

જૂના અને નવા પાષાણયુગના પ્રાગૈતિહાસિક કાળ ઉપરાંત મોહેં-જો-દડો ને હરપ્પાની છેક શરૂઆતના સમયથી ઈ. સ.ની ૧૧મી સદી

ઇંગ્લંડના વિખ્યાત ચિત્રકાર ગ્યૉર્જ રૉમ્નીની (૧૭૩૪ થી ૧૮૦૨)ની રેખાંકનું વડોદરા ચિત્રપોથીમાંનું એક પાનું







વડોદરા સંગ્રહાલયમાંના ગુજરાતની કળાના બે ઉત્કૃષ્ટ નમૂના: જમણી બાજુ–શામળાજીમાંથી મળેલી ઈ. પાંચમી સદીની કમનીય અંગોવાળી અલબેલી પાષાણમૂર્તિ 'વીરભદ્ર શિવ'. "નન્દીને અઢેલી, એક હાથમાં ત્રિશૂલ ધરીને ઊભેલા જટાધારી, ત્રિનેત્રયુક્ત ભગવાન શંકરના 'શિવ'સ્વરૂપ ઉપર આમાં ભાર મૂક્યો છે. ગુપ્તકાલીન કલાકારની આ એક વિશિષ્ટતા છે. એમાં આધિભૌતિક અને આધ્યાત્મિક તત્ત્વોનો અજબ સુમેળ હોય છે... એવું જ નિતાન્તસુંદર, વડોદરા પાસે અકોટામાંથી મળેલી ભગવાન ઋષભદેવની ધાતુપ્રતિમાનું ધ્યાનસ્થ મુખ (ઉપર) જુઓ. એમાં આંતરિક સૌંદર્ય—આધ્યાત્મિક આનંદના આસ્વાદથી નીપજતી પ્રસન્નતા, પ્રસાદ અને લાવણ્ય—નો મહિમા નજરે પડશે." (ઉમાકાન્ત પ્રે. શાહ)

સુધીની ભારતીય કલાસંસ્કૃતિની વિસ્તૃત રજૂઆત અહીં છે. તેમાં મૌર્ય, શુંગ, કુશાન, ગાંધાર વગેરે વિવિધ કલાશૈલીની પ્રતિકૃતિઓનો સંગ્રહ ઘણો માહિતીપ્રદ અને રોચક છે. વડોદરા રાજ્યમાંથી જ મળી આવેલાં શિલ્પો અને કાંસ્ય પ્રતિમાઓમાં ઇડરનો લગભગ છઠ્ઠી સદીની શિલ્પકૃતિઓનો સંગ્રહ તથા આકોટાની જૈન પ્રતિમાઓનો સંગ્રહ તો ઘણા જ અભ્યસનીય મહત્ત્વનો ગણાય છે. ગુજરાતની હિંદુ અને જૈન શૈલી, તથા મુઘલ ને તેમાંથી ઊતરી આવેલી શૈલીનાં લઘુચિત્રો ઉપરાંત ભારતનાં જુદાં જુદાં સ્થળોની કલાકારીગરીના નમૂનાઓમાં બંગાળ, ઓરિસ્સા, દખ્ખણ ને દક્ષિણ ભારતનું સુતરાઉ કાપડ, કાષ્ઠ અને હાથીદાંતની કોતરણી, લાખકામ, ઝવેરાત વગેરે જેવી કારુકલાના નમૂના પણ પ્રેક્ષણીય છે. સાથે વડોદરા રાજ્યમાં જ વિકસેલી કલાકારીગરીને પણ ખાસ જુદી રજૂ કરાઈ છે.

'ભવિષ્ય?' કલાકાર બિન્દુનું તૈલચિત્ર





ડાબી બાજુ: ઈ. ૧૨૦૦ લગભગનું, પાવાગઢ પરના લકુલીશ શિવમંદિરમાંનું, અંધકાસુર'-ને હણતા શિવનું આવેગપૂર્ણ પાષાણશિલ્પ. જમણી બાજુ: 'કિન્નરી'-ઈ. સ.ની ૧૫-૧૭મી સદીનું નેપાળનું સુંદર ધાતુશિલ્પ, નીચે: 'ભારતીય જીવનરીતિ' વિભાગમાંનું રબારીનું જીવન દર્શાવતું ચિત્ર.



ચીન-જાપાનના અલગ અલગ વિભાગોમાં ત્યાંની શિલ્પકલા, હસ્તલિખિત નમૂનાઓ, કાપડ, ચરામની કલામય ચીજવસ્તુઓ હાથીદાંત કાષ્ઠ ને લાખની કારીગરી, ચીની માટીનાં વિશિષ્ટ ઘાટરૂપનાં વાસણો ને શોભનમય ધાતુકામના સુંદર નમૂના છે. નેપાળ, તિબેટ ને મોંગોલિયાના નમૂનાઓમાં પણ એ જ રીતે ત્યાંના કલાકૌશલની રજૂઆત સાથે બૌદ્ધદેવતાઓનાં ચિત્રો ને તાડપત્રો પરની હસ્તપ્રતો જોવા મળે છે. ઇજિપ્ત અને બૅબિલોનિયાની પ્રાચીન સંસ્કૃતિ પણ ખાસ જુદી રજૂ કરવામાં આવી છે. એ ઉપરાંત, ઇરાન, ઈરાક, તુર્કસ્તાન, સીરિયા, સ્પેઈન વગેરેમાં વિકસેલી ઇસ્લામી કલા-સંસ્કૃતિનો ખયાલ આપતા નમૂનાઓનો પણ એક ખાસ વિભાગ છે.

અહીંનો વ્હેલ અને અસ્થિપિંજર-વિભાગ તો ભારતભરમાં અદ્વિતીય મનાય છે; અને ખુદ વડોદરા રાજ્યના એક ખાસ વિભાગમાં એના ઇતિહાસ તથા વિકાસનો ઘણો સારો ખયાલ રજૂ કરાએલો છે. બાળકો માટે એક અલગ વિભ ગ પણ છે.

અહીંની ચિત્રવીથિ માટે તો ખુદ મહારાજાએ પોતે ચૂંટીચૂંટીને ઉમદા કલાકૃતિઓ એકઠી કરી છે. તેમાં ખાસ કરીને પશ્ચિમના નામી કલાકારોનાં વિશાળકાય ચિત્રોનો સંગ્રહ વિશેષ કરીને જોવા જેવો છે. એ સાથે 'અંતર વીથિ' અને 'રોરિક વીથિ' જેવા બે વિશિષ્ટ કલાકારોના વિભાગોનું પણ ઘણું મૂલ્ય છે.

સંગ્રહની સાથે જાહેર લાભાર્થે એક સમૃદ્ધ પુસ્તકાલય પણ અહીં છે, જેમાં દેશવિદેશનાં સંખ્યાબંધ સામયિકો પણ આવે છે. દીપચિત્રો (લૅન્ટર્ન સ્લાઈડ્સ) અને ફિલ્મનો યે એક નાનો પણ સુંદર સંગ્રહ અહીં છે જે અવારનવાર બતાવવામાં આવે છે. પ્રસંગોપાત્ત વ્યાખ્યાનો માટે એક પ્રવચનભવન અને વિશિષ્ટ પ્રદર્શનો મ ટે એક સુસજ્જ ખંડ છે.

આવા ગુજરાતને ગૌરવરૂપ એવો સમૃદ્ધ સંગ્રહ ધરાવવા ઉપરાંત આ સંગ્રહસ્થાન મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયના સંગ્રહસ્થાનશાસ્ત્ર 'મ્યૂઝિયૉલૉજી'ના અભ્યાસમાં પણ સહાયરૂપ બની રહ્યું છે. અહીંના સંગ્રહ ઉપરનાં વ્યાખ્યાનો, હંગામી પ્રદર્શનો વગેરે જેવી પ્રવૃત્તિ સાથે સંગ્રહીત નમૂનાઓનાં ચિત્ર-કાર્ડ તથા અન્ય માહિતીપદ સચિત્ર પ્રકાશનો દ્વારા આ સંગ્રહસ્થાન ઉમદા સેવા કરી રહ્યું છે. સગ્રહીત નમૂનાઓની જાળવણી માટે એક અદ્યતન પ્રયોગશાળા અને અહીંનાં ચિત્રોના રક્ષણ તથા સમારકામ ભારતભરમાં અજોડ એવો 'પિક્ચર રીસ્ટોરેશન સ્ટૂડિયો' પણ અહીં છે જે અન્ય સંગ્રહસ્થાનોને પણ પોતાની સેવાઓ આપે છે. શોધખોળ, ખરીદી, ભૂમિગત નમૂનાઓની સ્વીકૃતિ, દાન અને વિનિમય દ્વારા તથા નકશા, આલેખો, પ્રતિકૃતિઓ, અનુકૃતિઓ ને ચિત્રો દ્વારા આ સંગ્રહસ્થાન પોતાની સમૃદ્ધિમાં વૃદ્ધિ કરી રહ્યું છે.



જીવનપટનાં સ્મૃતિચિત્રો


રવિશંકર રાવળનું આત્મકથાનક · હપતો ૯૦

૪૪૪ ગોંડલની મુલાકાત


જૂનાગઢમાં ભાઈ રવિશંકર પંડિતને મેં વચન આપેલું કે પેઈન્ટિંગનું કામ પૂરું કરી ઘેર જતાં પહેલાં ગોંડલમાં તેમને ઘેર મહેમાન થઈશ. ગોંડલ માટે ઘણા સમયથી મારા મનમાં આકર્ષણ હતું. કાઠિયાવાડમાં તે એક નાનું રાજ્ય હોવા છતાં પ્રગતિમાં તેની ખ્યાતિ હતી. ગોંડલ રાજ્યના ખેડૂત સુખી હતા. સમગ્ર રાજ્યમાં પાકી સડકો હતી. બધા કેન્દ્રો પર ટેલિફોન હતા અને ગોંડલ શહેર ઘણું સ્વચ્છ ગણાતું. વળી વીજળીની બત્તીઓ હતી અને તેના તાર તથા થાંભલા દેખાવ બગાડવા ઉપરાંત જોખમી હોય છે એ વાત સમજીને ખાસ નિષ્ણાતો બોલાવી વીજળીના તાર ભૂસ્તરમાં ગોઠવ્યા હતા. આ બધું ત્યાંના કેળવાએલા અને ચકોર રાજવી ભગવતસિંહજીને આભારી હતું. તેમણે પોતે દાક્તરી વિદ્યાનો સારો અભ્યાસ કર્યો હતો, કેળવણીમાં જાતે ધ્યાન આપતા અને ગુજરાતી ભાષાનો તો બૃહદ કોશ—'ભગવદ્ગોમંડળ' શરૂ કર્યો હતો, જે માટે રાજ્યના કે બહારના તમામ શિક્ષકોને શબ્દો શોધી લાવવા માટે પુરસ્કાર આપતા હતા. આ કામનું નિયમન તેમણે મારા કૉલેજ-સમયના મિત્ર શ્રી ચંદુલાલ પટેલને સોંપ્યું હતું ચંદુભાઈ આ વખતે રાજ્યના વિદ્યાધિકારી હતા. હું ગોંડલ પહોંચ્યો ત્યારે ભાઈ પંડિત સાથે તેમના એક-બે ઉત્સાહી મિત્રો હતા.

મારી મુલાકાતે ગોંડલના સુશિક્ષિત વર્ગમાં કંઈક કુતૂહલ જગાડ્યું હતું. ભાઈ પંડિતનું ઘર ગણું સુસજ્જ અને વિસ્તારવાળું હતું. કહો કે એ વખતે તેમના કુટુંબમાં જાહોજલાલી હતી. મોટા ભાઈ વિલાયત જઈ આવેલા તે ગોધરા તાલુકદારી કૉલેજમાં પ્રિન્સિપલ હતા. એક ભાઈ પોલીસઑફિસર હતા. પંડિતનો નંબર ત્રીજો હતો અને તેમનાથી નાના ગિજુભાઈ હજુ અભ્યાસ કરતા હતા.

પંડિતને ઘેર તેમના અંગત મિત્ર રાઘવ પટેલ અને બચુભાઈ રાવત-નો મને પ્રથમ પરિચય થયો. તેઓ કળાના અનુરાગી અને 'વીસમી સદી'ના ભક્ત હતા. એમનો કળા-શૉખ પોષનાર ગોંડલની હુન્નરશાળા-ની લાયબ્રેરી અને ત્યાંના શિક્ષક દામોદરભાઈ માસ્તર હતા.



ગયા અંકમાં જેમનો ઉલ્લેખ આવી ગયો તે પ્રો. હરિલાલ મા. ભટ્ટ (સ્વ. કવિ 'કાન્ત'-મણિશંકર ર. ભટ્ટ-ના પિતરાઈ ભાઈ)નો એક પત્ર



જગતનાં કલારત્નો : ૨

ડેવિડ (માઇકેલ ઍન્જેલો)

'માનવ સ્વરૂપમાં ચેતનાની જે વિલક્ષણ અ
આપણે જોઇએ છીએ તે અન્ય ભૌતિક પદાર્થોમાં
સંનિવિષ્ટ છે. એની એ અણછતી રહી ગએલી ઉદ
તાનું તેમના પોતાનામાં સઘનપણે થએલું આરો
આપણે એકમાત્ર ઉત્તમ શિલ્પમાં જોઈ શકીએ ' ક
ચિંતક ગ્અર્ટેના એ વિધાનના પ્રમાણ જેવી માઇ
ઍન્જેલોની આ પ્રતિમા એની જગતખ્યાતિ પા
અનેક કૃતિઓમાંની એક ગણાય છે.

ઈટાલીના ફ્લૉરેન્સ શહેરમાં ઈ. ૧૪૧૫ની ૬ઠ્ઠી મ
માઈકેલ ઍન્જેલોનો જન્મ થએલો. પિતાનો વ્યવ
તો હતો નાણાવટનો, પણ એના પાંચમાંના
બીજા પુત્રને બચપણથી જ કલાનો નાદ લાગે
(એની ૪૦૦મી પુણ્યતિથિ નિમિત્તે અગાઉ 'કુમ
અંક ૪૮૨માં એનો સચિત્ર પરિચય પ્રકટ થઈ ચૂ
છે.) શિલ્પી અને ચિત્રકાર, સ્થપતિ ને કવિ ત
એણે ખ્યાતિ મેળવેલી; પણ શિલ્પકળા પ્રત્યે
વિશેષ અભિરુચિ હતી. ઈશ્વરની સર્વોત્કૃષ્ટ કૃતિ–મા
દેહને વસ્ત્રોથી ઢાંકીને રજૂ કરવામાં એ એનું અપ
સમજતો અને એટલે જ પોતાનાં ચિત્રો અને શિ
માં બહુધા એણે વિવસ્ત્ર માનવદેહને રજૂ કર્યો છે


ઈ. ૧૫૦૧માં એક વિશાળ આરસશિલા એની ન
ચડી. માઈકેલઍન્જેલોની સર્જકશક્તિ સળવળી
ત્રણ વર્ષે એણે એ શિલાખંડમાંથી ૧૮ ફૂટથી યે અ
ઇંચ ઊંચી એવી ડેવિડની આ પ્રતિમા કંડારી. બ
બલમાં ઉલ્લેખાએલું ડેવિડનું પાત્ર તો વિખ્યાત
ઈ. સ. પૂર્વે ૧૦૦૦ વર્ષ પહેલાં બેથ્લેહામના એક
વાડના એ પુત્રે ફિલિસ્ટિનના રાક્ષસકાય યોદ્ધા
લિયાથને માત્ર પોતાની ગોફણ વડે પરાસ્ત કરી
સાઉલના દરબારમાં સ્થાન મેળવેલું ને એની કુંવ
પરણેલો. સાઉલ પછી એ જુડાહનો અને ત્યાર
ઈઝરાએલનો રાજા બનેલો. અનેક લડાઈઓ જી
એણે એકચક્રી રાજ્ય સ્થાપેલું અને અનેક કા
ઘડેલા. મનાય છે કે આગળ જતાં એના કુળમાં
જિસસ ક્રાઈસ્ટનો જન્મ થએલો. નિઃશસ્ત્ર છતાં
તત્પર એ યુવાન ડેવિડનો હિંમતભર્યો રૂઆબ
ઉમદા ખમીર બતાવતી આ પ્રતિમામાં કંડારાએ
પુરુષદેહને પશ્ચિમમાં એક આદર્શ પ્રમાણ ગણવા
આવે છે. તૈયાર થએલા આ શિલ્પને ફ્લૉરેન્સવા
ઓએ પોતાને ત્યાં જ રાખી લીધું.

બહુધા સ્થાપત્યના શોભન અંગ તરીકે સંકળાએ
શિલ્પકળાને ૧૬મી સદીમાં જે કેટલાક શિલ્પીએ
સ્વતંત્ર કલા તરીકે વિકસાવી તેમાં માઈકેલ ઍન્જેલો
કૃતિઓને પણ મૂકી શકાય. જોકે એની ઘણી કૃતિ
સ્થાપત્યની પશ્ચાદ્ભૂમિને ખ્યાલમાં રાખીને રચાએ
છે, છતાં માનવ દેહાકૃતિની મર્યાદામાં રહીને પણ યે
માનવીના ગૌરવને જે રીતે વધાર્યું છે એથી એનાં શિ
સર્જનના ઉત્તમ નમૂના રૂપ ગણાવા સાથે એમાં યે
આરોપેલી માર્મિકતાથી તો એ ચિરંજીવ કલાકૃતિ
બની રહ્યાં છે. ખુદ કુદરતના પોતાના જેવી હૂબહૂ સર્જ
શક્તિ દ્વારા એણે પોતાની કૃતિઓમાં જે ચેતના
છે એના વડે એ આજે યે મહાન જ રહે છે.

ભારતીય ચિત્રોમાં મુઘલ શૈલીની કદર કરવાનું માન જેમ ઑસ્ટ્રિયાની રાણી મારીઆ થેરેસાને છે, તેમ રાજપૂત શૈલીઓમાં પહાડી શૈલીના પ્રથમ સંપર્કમાં આવીને તેનો આસ્વાદ લેવાનો યશ વિલિયમ મૂરક્રાફ્ટ નામના અંગ્રેજ મુસાફરને છે. ઈ ૧૮૨૦માં તેણે કાંગડાના રાજા સંસારચંદના દરબારી ચિત્રકારોનાં ચિત્રો જોયાં હતાં. પરંતુ તેને યે એ શૈલીની વડદાદી સમી રાજપૂતાનાની રાજસ્થાની શૈલીનું દર્શન થએલું નહિ. અગાઉ ઇતિહાસ અને દંતકથાઓનાં સંશોધન અર્થે આખું રાજસ્થાન ખૂંદી વળીને તેનો મુફતેસર ઈતિહાસ લખનાર કર્નલ ટૉડને પણ ત્યાંની ચિત્રકળામાં રસ નહિ પડેલો. ભારતીયોમાં પુરાતત્ત્વખાતાના અધિકારી પી. સી. મુખરજીએ ઓરછાના રાજમહેલની ભીંતો પરનાં ચિત્રોની નોંધ પોતાના ખાતાના ઈ ૧૮૯૯ના રીપોર્ટમાં લીધી છે ખરી; પણ રાજપૂત ચિત્રશૈલીનું નિઃશેષ પગેરું કાઢીને તેનો આકંઠ આસ્વાદ આપણને કરાવવાનો ખરો યશ તો ડૉ. આનંદ કુમારસ્વામીને જ જાય છે.


ઈ ૧૯૧૦માં સંયુક્ત પ્રાંતો (હાલના ઉત્તર પ્રદેશ)ની સરકાર તરફથી અલ્લાહાબાદમાં ભરાનારા પ્રદર્શન માટે રાજસ્થાનની લાંબી સફર ખેડીને તે ચિત્રો, આલેખો, લઘુચિત્રો, શોભન-આલેખન વગેરેનો હજારોની સંખ્યામાં જે જંગી સમૂહ એકઠો કરી લાવ્યા તેણે આપણી કલાલક્ષ્મીના એક મોટા ભંડારની જાણ પહેલવહેલી કરી.

પશ્ચિમ ભારતની કલાશૈલીઓના પ્રમાણભૂત વિવેચક અમેરિકન વિદ્વાન ડૉ નૉર્મન બ્રાઉનના મત અનુસાર અજંતા અને ઇલોરાના અનુસંધાનમાં પશ્ચિમ ભારતમાં પાંગરેલી ગુજરાતી શૈલી સોળમી સદીના અંત લગભગ મેવાડની પશ્ચિમ ભારતીય અને ઈરાની શૈલીના મિશ્રણથી બનેલી રાજપૂત શૈલીમાં વિલીન થઈ જાય છે. જયપુર-મેવાડ તેનું મોટું કેન્દ્ર હતું ખરું, પરંતુ વસ્તુતઃ તે રાજસ્થાનના એકેએક રાજ્ય—જોધપુર, જેસલમેર, બિકાનેર, બુંદી, કોટા વગેરેમાં મબલખપણે પાંગરી હતી અને મધ્ય ભારત સુધી તેની અસર પહોંચી હતી. એના ચિત્રવિષયોમાં શ્રીકૃષ્ણની બાળલીલા, રાધાકૃષ્ણનો પ્રણય, પુરાણોનાં કથાચિત્રો ઉપરાંત રાગ-રાગિણીઓ અને નાયક નાયિકાઓનાં તથા ઋતુઓ અને બારમાસીનાં ચિત્રો મુખ્ય છે. એની માંડણી ઉત્તરોત્તર વર્ણનાત્મક વિસ્તારવાળી, આલેખન તળપદી કથેલી ઢબનું અને રંગાવટ ભભકભરી હોય છે.




ઋતુ વસંત : કવિ કેશવદાસના એક કાવ્યનું નિદર્શન · રાજસ્થાની શૈલી ૧૮મી સદી
વડોદરા સંગ્રહાલયની ચિત્રવીથિમાંનું એક ચિત્ર. (બ્લૉક · એમના સૌજન્યથી)

આ સાથેના ચિત્રમાં, તેને મથાળે ટાંકેલી કવિ કેશવદાસની 'ફુલી લલિતા લલિતા તરુણી તરુ ફુલે તરુવરઃ'થી શરૂ થતી પંક્તિઓ અનુસાર, વસંત ઋતુ નિરૂપવા મોર, હરણ અને કમળ તળાવડીવાળું પ્રફુલ્લિત ઉદ્યાન અને રાધા-કૃષ્ણની પ્રણય-ગોષ્ઠિનું આયોજન કર્યું છે.



બચુભાઈ રાવતના હસ્તલિખિત 'જ્ઞાનાંજલિ'નું એક પાનું અને (નીચે) તેમાં આવેલું રવિશંકર પંડિતે આલેખેલું એક ચિત્ર



૪૪૫ દામોદરભાઈની હુન્નરશાળા

દામોદરભાઈ અંગ્રેજી જાણતા નહોતા, પણ બધાં રાજ્યોએ જેમ સરકારના કહેણથી એક એક ડ્રૉઇંગ-શિક્ષકને તાલીમ માટે મુંબાઈ સ્કૂલ ઑવ આર્ટમાં મોકલેલા તેમ દામોદરભાઈ ગએલા. ત્યાંથી પ્લાસ્ટર ઑવ પૅરિસનાં પૂતળાં, તેના ઢાળા, બીબાં વગેરેનું કામ શીખી લાવેલા, એટલે ડ્રૉઇંગસ્કૂલમાં ચિત્રશિક્ષણ ઉપરાંત પ્લાસ્ટરના કામથી શરીરના અવયવોનાં પ્લાસ્ટર-બીબાં બનાવી, તેમાં પ્લાસ્ટર ઢાળી, અંગ્રેજી નમૂના જેવા જ ઘાટ કાઢતા. શાળાઓમાં અને મ્યુઝિયમોમાં તેની માગ રહેતી. વળી અંગ્રેજી પૂતળાંઓ પરથી બીબાં કરી નવા નમૂના કરતા.

તે વખતે આ કામની લોકોને નવાઈ હતી. પંડિત તેમના જ્ઞાતિજન હતા અને વળી ચિત્રકળામાં રસ લેનારા, એટલે પંડિત અને તેમના મિત્રો રાઘવ તથા બચુભાઈ તેમની હુન્નરશાળામાં અભ્યાસ કર્યા બાદનાં વર્ષોમાં પણ ત્યાં જ રજાના દિવસો ગુજારતા. દામોદરભાઈ પાસે ઇંગ્લંડની જાણીતી વેર ફૉસ્ટરની ચિત્રશિક્ષણની પોથીઓ હતી તે બધીનો ભાઈ પંડિતે સારો લાભ લીધો અને ઉત્તમ પ્રકારે તેની નકલો કરી હાથમાં છૂટ મેળવી. તે સાથે તેમનામાં સ્મૃતિ ઘણી સારી હતી એટલે જાનવરો અને દશ્યો કરવામાં તેમનો હાથ ચોક્સ હતો, અને તેમાં જ તેમને સવિશેષ રસ હતો. તેને વિશેષ માર્ગદર્શન માટે કોઈ સાધન નહોતું. ભાઈ રાઘવમાં પણ ચિત્રો કરવાની સારી આવડ હતી. આ બે પ્રતિભાવાળા વિદ્યાર્થીઓને રાજ્યના કોઈ વિદ્યાધિકારીએ બિરદાવીને ચિત્રવિદ્યાના ઉચ્ચ શિક્ષણ માટે મુંબાઈ મોકલ્યા હોત તો તેઓ મોટું નામ કરત. પંડિત જેમ જાનવરો અને દશ્યો કરતા તેમ રાઘવ માનવમુદ્રા કરવામાં પ્રવીણ હતા. એ વખતે તેમણે મારો સ્કેચ કરેલો તે ઘણો પ્રમાણવાળો અને સ્વચ્છ હતો.

ભાઈ બચુભાઈ તે બંનેના અનુરાગી હતા અને તેમના ચિત્રકામમાં રસ લેતા, પણ તેમનું મુખ્ય વલણ સાહિત્ય તરફ હતું. હુન્નરશાળામાં ચિત્રકામની તાલીમ પૂરી કરીને તેમણે અક્ષરોનાં આકર્ષક સ્વરૂપની દિશામાં ધ્યાન લગાડ્યું હતું. સાહિત્ય-પ્રવૃત્તિ માટે તે ચંદુભાઈ પટેલના પિતાશ્રી બહેચરલાલ, જે કવિ 'વિહારી'ના નામથી જાણીતા હતા તેમનું માર્ગદર્શન મેળવતા. આ ક્ષેત્રે તેમના સહસાથીઓ દેશળજી પરમાર અને 'ગૌરીશંકર જોશી' — 'ધૂમકેતુ' — હતા. જોકે ગૌરીશંકર જોશી અને દેશળજીનો પરિચય આ વેળા મને નહિ થએલો. આ બધા મિત્રો કાળક્રમે અમદાવાદમાં વસી પ્રસિદ્ધ થયા છે. ભાઈ રાઘવ મકાનોનાં ડિઝાઈન કરવા લાગ્યા અને આફ્રિકા તથા કરાચીના વસવાટ બાદ આજે કૉન્ટ્રાક્ટર પુત્રો સાથે મુંબાઈમાં નિવૃત્ત જીવન ગાળે છે.

૪૪૬ બચુભાઈ રાવત

ગોંડલના મંડળમાંથી પંડિતને ત્યાં ઝાઝામાં ઝાઝો મારો હેડો પકડયો હોય તો બચુભાઈ રાવતે. કૌટુંબિક સંજોગોને લીધે તે મૅટ્રિક થયા બાદ ત્યાંની હાઈસ્કૂલમાં શિક્ષક થએલા. તેમના પિતા રાજ્યના વેટેરિનરી ડૉક્ટર (પશુવૈદ્ય)ના પદે હતા અને તેઓ એક વિશાળ પૅડૉકમાં કુશાદે કૉમ્પાઉન્ડવાળા નાના બંગલામાં રહેતા. મને તેમને ઘેર લઈ ગયા અને સૌરાષ્ટ્રી દમામવાળા ગૌરવવંતા તેમના પિતાશ્રી પોપટભાઈ રાવતે મને આવકાર્યો. તેમના ઘરમાં કૂતરાં પાળવાનો શોખ હશે એમ ત્યાં બે-ચાર કૂતરાં જોઈ લાગ્યું. બચુભાઈએ ઘણા ઉમંગથી તેમના હસ્તલિખિત માસિક 'જ્ઞાનાંજલિ'ના અંકો મને બતાવ્યા. તેમાં સરસ મુખપૃષ્ઠ, સાંકળિયું અને સારા અક્ષરે લખેલાં મિત્રોનાં કાવ્યો તથા લેખો હતા. આખો અંક તે પોતાના એકધારા સ્વચ્છ અક્ષરે લખતા તેથી માસિકની એકરૂપતા આકર્ષક લાગતી. કોઈ કોઈ પાને કે મથાળે ભાઈ પંડિત પાસે સુશોભન કરાવતા. આ બધું જોઈ ગોંડલના યુવાનોમાંથી બચુભાઈ ઉપર મારા મનનો પક્ષપાત રચાયો, કે આવા માણસને તો 'વીસમી સદી'ના તંત્રી હાજીનો સમાગમ થવો જોઈએ. મેં હાજીના તંત્રીકાર્યના અનેક પ્રસંગો તેમને કહ્યા અને તેમના મનમાં અભિલાષા જાગી કે ગમે તેમ કરી હાજીનાં દર્શન કરવાં. આવા યુવાનો ગોંડલમાં સબડતા રહે એ મારા મનમાં પણ દુઃખ કરતું હતું. પણ રાજ્યના વડીલોની ઇચ્છા બહાર કંઈ જ થાય નહિ એવો ધાક પ્રવર્તતો. છતાં તેમણે મનોમન સંકલ્પ કર્યો હશે કે કોઈ રીતે બહાર નીકળવું.

૪૪૭ બીજી મુલાકાતો

મારા મિત્ર ચંદુભાઈને તો મારે પહેલું મળવાનું. તેમના શબ્દ-

કોશનું છપાઈ-કામ પણ ગોંડલમાં જ થતું હતું. ગોંડલ-રાજવીનો હમેશાં એવો સદાગ્રહ રહેતો કે ગોંડલનું કામ ગોંડલમાં જ થવું જોઈએ. આવા આગ્રહથી ગોંડલ રાજ્ય ઘણા દુર્વ્યયથી બચ્યું હતું અને ગોંડલની તિજોરી સમૃદ્ધ બની હતી. તેમના અધિકારીઓ પણ આ ગુણ માટે તેમની પ્રશંસા કરતા. રાજ્યના વયોવૃદ્ધ દીવાન શ્રી રણછોડલાલ વૃંદાવનદાસ પટવારી મારા પિતાશ્રીના પોરબંદરના જૂના મિત્ર, એટલે એમને પણું વિનય ખાતર હું મળવા ગયો. પણ મળતાંવેંત જ તેમણે મુકામ કરવા માટે બીજે મને મીઠો ઠપકો આપ્યો અને ફરવા-હરવા ગાડીનો બંદોબસ્ત કરી આપ્યો, તેમજ કચેરીના સમયમાં ઠાકોરસાહેબની મુલાકાત કરાવી આપવા આગ્રહ રાખ્યો. તદનુસાર ભાઈ પંડિત સાથે હું દરબારગઢમાં ગયો અને પટવારીસાહેબે ઠાકોરસાહેબને ખબર આપી મને મુલાકાત કરાવી પણ ખરી. જૂના દરબારગઢમાં કચેરી હતી ત્યાં મને ભાઈ પંડિતે કોઈ યુરોપિયને કરેલાં બે મોટાં દૃશ્યચિત્રો બતાવ્યાં: એક હતું ગિરનારનું અને બીજું કોઈ સૌરાષ્ટ્ર-જીવનનું. પણ દેશ કેટલો સુંદર ને રળિયામણો છે તે આવાં ચિત્રોથી જ પ્રજાને સમજાવી શકાય અને ભૂમિ-પ્રેમ જાગ્રત કરી શકાય એમ લાગ્યું. દુર્ભાગ્યે આ વાત લોકનેતાઓ ને વહીવટી અમલદારોના મનમાં ઊગી નથી. ગોંડલની એ મુલાકાત હું કદી નહિ ભૂલી શકીશ, કારણ કે એને લીધે થએલા પરિચયોમાંથી દૂરગામી પરિણામો અને પ્રસંગો ઉદ્ભવ્યાં છે.

૪૪૮ રૉલેટ ઍક્ટ (કાળો કાયદો) અને જલિયાંવાલાની ખૂનરેજી

વિરાટ યુરોપીય યુદ્ધને અંતે ઇંગ્લંડમાં ફેરવાએલા વાતાવરણમાં બ્રિટિશ સામ્રાજ્યના યોગક્ષેમ અને કલ્યાણની નીતિ સ્થાપવાની કાર્યદક્ષતા એક જ મનુષ્યમાં પુરવાર થઈ હતી. અને તે ઇંગ્લંડના વડા પ્રધાન લૉઈડ જ્યૉર્જ. તેનામાં અન્યાય સામે પોકાર કરી સામનો કરવાની નીડરતા હતી અને ભયથી બેપરવા રહી સતત પ્રયત્ન જારી રાખીને તેણે પોતાને માટે પ્રજામાં વિશ્વાસ ઉત્પન્ન કર્યો હતો. એ જ કુનેહથી તેણે સુલેહ-સમિતિમાં ઇંગ્લંડના લાભમાં કરારો કરાવ્યા. તે વખતે વિવેક ખાતર પછાત દેશોને ઉપર લાવવાનાં વચનો અપાયાં હતાં. આયર્લૅન્ડે એ દિશામાં ઝુંબેશ ઉઠાવી હોમરુલ મેળવી લીધું હતું, એટલે હિંદના નેતાઓમાં પણ આશા હતી કે હવે હિંદ માટે સ્વરાજ નજીકમાં છે, અને તે પ્રકારનાં ભાષણો તથા નિવેદનો સરકારને પહોંચ્યાં હતાં.

પરંતુ ભારતના રાજ્યકર્તાઓ હિંદ જેવી દૂઝતી ગાયનું એમ દાન કરે એવા નહોતા. હિંદની માગણીનો વિચાર કરવા મૉન્ટેગ્યુ–ચેમ્સફર્ડની નીમાએલી સમિતિએ સૂચવેલા સુધારા એક પ્રપંચ હતો. જેમાં હિંદીઓને અધિકાર-પદો આપવાની વાત હતી પણ પ્રજા જે હકો માગતી હતી તે આપવાની તૈયારી નહોતી. પરિણામે પ્રજાનો મિજાજ બગડતો જતો હતો. એ સામે રૉલેટસાહેબે ઘડેલો એક વટહુકમ હિંદમાં જાહેર થયો, તેમાં કોઈ પણ શખ્સને કે સંસ્થાને રાજદ્રોહની શંકા પર વિના અદાલતે વટહુકમથી કેદ કે જપ્ત કરવાની સત્તા સરકારને મળી હતી, તેમજ જાહેરસભા, પત્રિકા, લેખો, વર્તમાનપત્રો વગેરે પર તેનો નિર્દય અંકુશ પડતો હતો. આ કાયદા સામે આખા દેશના જલદ તેમજ ઠંડા મગજના સર્વ દેશભક્તો કંપી ઊઠ્યા અને પોકાર ઉઠાવ્યો.

પણ એને ન ગણકારતાં સરકારે ૬ઠ્ઠી એપ્રિલે એનો કાયદો પસાર કર્યો. અને આખો દેશ કકળી ઊઠ્યો. એટલે ગાંધીજીએ વાઈસરૉયને કરેલી નમ્ર અપીલ તથા ચેતવણી એળે ગઈ. ૧૩મી એપ્રિલે આખા દેશમાં હડતાલ પાડવા તેમણે હાકલ કરી. સરકારે સખત હુકમો બહાર પાડી તે દિવસે કોઈ પણ જાહેર સભા કે સરઘસ ભરવા ઉપર સખત પ્રતિબંધો મૂક્યા. હિંદમાં દેશવ્યાપી લાગણીનું એ પ્રદર્શન હતું અને તેમાં બધી જાતિઓ, કોમો અને વર્ગોએ સાથ આપ્યો.

અમૃતસરમાં રામનવમીના તે દિવસે હિંદુ મુસ્લિમોએ એકત્ર થઈ એક સરઘસ કાઢ્યું. તેમના નેતાઓ ડૉ. કીચલુ અને ડૉ. સત્યપાલને સરકારે કેદ કર્યા. લોકોએ અપીલો કરી. ગાંધીજી તેમને દોરવણી આપવા પંજાબ જવા નીકળ્યા. તેમને પંજાબ સરકારે સરહદ પર અટકાવીને પકડી મુંબાઈ રવાના કર્યા છે એવા ખબર મળતાં લોકો ઠામોઠામ ઉશ્કેરાયા. ધાક બેસાડવા પોલીસે ગોળીબાર કર્યા. કેટલાક ઠાર થયા. લોકોએ પણ ચાર-પાંચ ગોરા સરકારી નોકરોને મારી નાખ્યા.

પંજાબમાં લશ્કરી કાયદો અમલમાં આવ્યો. લોકોને એકઠા થવાની મનાઈ થઈ. પણ ઘણા આ હુકમોથી અજાણ રહેલા તેથી એક જાહેર સભા ભરવાની યોજના થઈ.

૧૩મી એપ્રિલ ને રવિવારે જલિયાંવાલા બાગમાં સાંજે સાડા ચાર વાગ્યે જાહેર સભા યોજાઈ. જનરલ ડાયરને ખબર પડી છતાં તેણે બાગના પ્રવેશદ્વારે ચોકી મૂકી સભા થતી રોકી નહિ. સભા પૂરી ભરાઈ ત્યારે સશસ્ત્ર ટુકડી સાથે તે ત્યાં પહોંચી ગયો અને નાકું રોકી ગોળીબાર કર્યા. ૨૦૦ વાર લાંબી અને ૧૦૦ વાર પહોળી ખાનગી માલિકીની એ જમીન હતી. (આ વર્ણન માટે જુઓ 'કુમાર' અંક ૫૪૫, પૃ. ૧૯૧). નાસવાની અંદર કોઈ ગલી નહોતી. દસેક મિનિટમાં તો ૫૦ જેટલી બંદૂકોમાંથી ૧૬૫૦ જેટલી ગોળીઓ છૂટી. ૩૩૭ માણસો અને ૪૨ બાળકો મરી ગયાં. દોઢેક હજાર ઘાયલ થયા.

ડાયર પાછો ચાલ્યો ગયો પણ શહેરમાં લશ્કરી કાયદો હતો. કોઈ એ સ્થળે પાણી પાવા કે ખબર કાઢવા જઈ શક્યું નહોતું. બીજાં શહેરોમાં પણ જુલમ થયો હતો. આ હત્યાકાંડની કરુણ અને કાતિલ કથા કમકમાં ઉપજાવે એવી છે.

ગુજરાતમાં તેનો પડઘો પડ્યો. ગાંધીજી પકડાયાનું જાણતાં લોકોએ વીરમગામ, અમદાવાદ ને નડિયાદમાં હડતાલો પાડી. મિલના મજૂરો અને લોકોએ બેફામ રીતે સરકારી કોર્ટ સળગાવી મૂકી. વીરમગામમાં સ્ટેશન બાળ્યું. એક મામલતદારને સળગાવી મૂક્યો અને મુંબાઈથી લશ્કર આવે છે એવા ખબર ફેલાતાં નડિયાદની રેલવે લાઈનના પાટા ઉખેડી નાખવામાં આવ્યા. ત્રણ-ચાર દિવસ અમદાવાદમાં કરફ્યુ રહ્યો. લોકો ગલીઓ વટાવી ભાગતા અને નાકેનાકે ગોરા અમલદારો ભરી બંદૂકવાળી ટુકડીઓ લઈ ખડા રહ્યા હતા. કંઈકને શક પરથી પકડ્યા હતા, કંઈક ઘાયલ થયા હતા. લોકોને ઘરોમાં પણ જે ત્રાસ થયો હતો તેની કથનીનો પાર ન રહ્યો.

આ બધા સમાચારો વધુ ઘટ્ટ સ્વરૂપમાં ભાવનગરમાં મને મળતા તેથી તરતમાં અમદાવાદ જવાનું મારા માટે અશક્ય બની ગયું. (ચાલુ)

આપણા સંસ્કૃતિકોશ સમા રાષ્ટ્રીય મહાકાવ્ય અને ઇતિહાસ તથા તત્ત્વજ્ઞાનના પ્રકાશમણિ રૂપ

મહાભારતના

સમીક્ષાત્મક સંસ્કરણની નિર્માણકથા

પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર

તા. ૨૨ સપ્ટેમ્બર ૧૯૬૬ના દિવસે મહારાષ્ટ્રની સંસ્કાર-નગરી પૂનામાં, ભાંડારકર-પ્રાચ્ય-વિદ્યા-સંશોધન-મંદિરના તત્ત્વાવધાનમાં આપણા જ્ઞાનયોગી અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ આગમ-સાર્વભૌમ શ્રી. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ના પ્રમુખપણા નીચે, છેલ્લાં પચાસ વર્ષથી ચાલતા આપણી શતાબ્દીના એક મહાન વાઙ્મય-યજ્ઞની પૂર્ણાહુતિ થઈ.

ભારતીય ધર્મ, સંસ્કૃતિ, સંસ્કાર અને ઇતિહાસના જ્ઞાનસાગર-સમા સંસ્કૃત મહાભારત કાવ્યની જુદી જુદી અનેક વાચનાઓ (પાઠ.) આપણે ત્યાં છે. તે બધીનું સમ્યક્ શાસ્ત્રીય પર્યાલોચન અને છણાવટ કરીને વધુમાં વધુ શુદ્ધ અને મૌલિક લાગતા પાઠવાળું પ્રામાણિક અને આલોચનાત્મક સંસ્કરણ સંપાદિત કરીને પ્રસિદ્ધ કરવું, તે આ મહાન સાંસ્કૃતિક યજ્ઞનું ધ્યેય હતું.

છાપખાનાની શોધ પૂર્વેના કાળમાં આપણા ગ્રંથો લહિયાઓના હાથે નકલ કરાતા. તદનુસાર આ મહાકાવ્યની પ્રતિલિપિ કરનારાઓના પ્રમાદ-દોષોને લીધે જુદી જુદી વાચનાઓમાં ફેર પડતો. એ તમામ દોષોનું નિરસન કરીને તથા પરંપરાગત કથા-પુરાણીઓએ કરેલા વધારાઓ અને કલ્પિત પાઠોનો પરિહાર કરીને, પ્રાચીનતમ સંહિતાના મૂલપાઠનું ઉપસ્થાપન કરવા માટે આ બૃહદ્ આયોજન ઈ. ૧૯૧૯માં સંસ્કૃત વિદ્યાઓના પ્રકાંડ પંડિત ડૉક્ટર રામકૃષ્ણ ગોપાલ ભાંડારકરના હાથે શરૂ થયું હતું, તે આજે પચાસ વર્ષે સંપૂર્ણ થયું છે.

આ પ્રામાણિક સંસ્કરણના અંતિમ ખંડ—અનુશાસન પર્વ–ના પ્રકાશનની ઘોષણા કરતાં પૂજ્યવર રાધાકૃષ્ણન્‌જીએ કહ્યું:–'મહાભારત એ આપણું રાષ્ટ્રીય મહાકાવ્ય છે. આ મહાકાવ્યમાં ભારતના એક દેદીપ્યમાન ઐતિહાસિક કાવ્યખંડનાં આપણને દર્શન થાય છે. આમાં વિવિધ વ્યક્તિઓનાં ભવ્ય ચરિત્રો અને પ્રવૃત્તિઓનું આલેખન એક સમર્થ લેખિની વડે થયું છે. આ ઉદાત્ત મહાકાવ્યમાં એક એ મૌલિક સિદ્ધાન્તની સ્થાપના કરવામાં આવી છે, કે આ આખું વિશ્વ જગન્નિયાતાના શાસનથી ચાલી રહ્યું છે. તે ન્યાય અને સુવ્યવસ્થાનું પરિણામ છે. આ કાવ્યમાં આલેખેલા વિવિધ પ્રસંગોની એક જ ફલશ્રુતિ છે કે દુષ્કર્મનું પરિણામ સદા બૂરું હોય છે, અને પુણ્યકર્મ કરનારાઓને શુભ ફળ મળે જ છે. આજનો માનવ-સમાજ ભૌતિક સુખોપભોગમાં અટવાઈ ગયો છે, આપણા પરમ્પરા-પ્રાપ્ત આદર્શોને તે ભૂલી ગયો છે, એ કાળે મહાભારતનો ઉપર્યુક્ત સંદેશ લક્ષમાં રાખવો આજના ભારતીય સમાજ માટે આવશ્યક છે.'

મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન (વેદ વ્યાસ) નિર્મિત આ મહાભારત એક અખંડ અને સર્વ-સંગ્રાહક વિરાટ કાવ્ય છે. પરંપરાથી ચાલી આવતી માન્યતા પ્રમાણે એ 'શત સહસ્રી સંહિતા' (એક લાખ શ્લોકોનું મહાકાવ્ય) ગણાય છે. પરંતુ આજે મળી આવતી તેની વિવિધ પ્રતોમાં લગભગ પોણા બે લાખ શ્લોકો મળી આવે છે; એટલે એ તો સ્પષ્ટ છે કે એમાં ઘણા પ્રક્ષેપો ને વધારા થતા આવ્યા છે.

આ મહાકાવ્યનું મૂળ નામ તો 'જય' હતું, કારણ કે એમાં ભરત વંશના મહાપુરુષોની વિજયગાથા આલેખવામાં આવી છે.

મહર્ષિ વેદવ્યાસજીના વિખ્યાત પાંચ શિષ્યો (સુમન્તુ, જૈમિની, પૈલ, શુક અને વૈશંપાયન) દ્વારા મોટામોટા યજ્ઞો, ઉત્સવો અને વિદ્વત-સંમેલનોમાં આ કાવ્યની કથા ચાલતી, કથાવાચનમાં સ્વાભાવિક-


પ્રાચ્યશાસ્ત્ર-મનીષી


ભાંડારકર પ્રાચ્ય-વિદ્યા મંદિર (પૂના) તરફથી સંસ્કૃત મહાભારતના આલોચનાત્મક વિરાટ સંસ્કરણના એક પ્રધાન સંપાદક ડૉ. પરશુરામ લક્ષ્મણ વૈદ્ય ભારતના પ્રાચ્ય–શાસ્ત્ર–મનીષીઓમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. સંસ્કૃત ભાષા, વ્યાકરણ, સાહિત્ય, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ અને આયુર્વેદશાસ્ત્ર, તેમજ પાલી પ્રાકૃત અને અપભ્રંશ ભાષાઓના એ ઉદ્‌ભટ વિદ્વાન એક અદ્‌ભુત જ્ઞાનતપસ્વી છે.

મહારાષ્ટ્રના એક અત્યંત ગરીબ બ્રાહ્મણ પરિવારમાં જન્મ હોવા છતાં નાનપણથી જ વિદ્યોપાસના પ્રત્યે પ્રચુર આકર્ષણ હોવાથી પહેલાં પરંપરાગત પ્રાચીન ગુરુશિષ્ય પ્રણાલી પ્રમાણે એમણે શ્રી કાનકર શાસ્ત્રી પાસે સંસ્કૃત ભાષા અને વ્યાકરણનું અધ્યયન કર્યા બાદ નાશિકના શ્રી દેવધર શાસ્ત્રી પાસે આયુર્વેદશાસ્ત્રનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. પરંતુ આ વિપ્રકુમારની ભાગ્યરેખાઓમાં એવું લખાયું હતું કે એ આયુર્વેદશાસ્ત્રના ડૉક્ટર થવાને બદલે પારી(સ) વિશ્વવિદ્યાલયના 'ડૉક્ટર ઑફ લિટરેચર' બને. એટલે એમણે બે જ વર્ષ બાદ ૨૧ વર્ષની વયે મૅટ્રિકની પરીક્ષામાં બેસી જગન્નાથ શંકરશેઠની શિષ્યવૃત્તિ મેળવીને દેદીપ્યમાન સંસ્કૃત–મનીષી તરીકે ઝળકી ઊઠ્યા.

ઘરથી અકિંચન હોવાથી વિદ્યાર્જન સાથે નોકરી કરતા રહીને આ મેધાવી વિદ્યાર્થીએ ડૉ. ભાઉ દાજી પુરસ્કાર સાથે બી.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરી અને સાંગલીની વિલિંગ્ડન કૉલેજ તથા કોલ્હાપુરની પ્રખ્યાત રાજારામ કૉલેજમાં અધ્યાપનકાર્ય કરતાં પાલિ ભાષા સાથે મહાયાન–સંસ્કૃત–બૌદ્ધ–વાઙ્મયનો વિષય લઈ તે ૧૯૨૪માં કલકત્તા વિશ્વવિદ્યાલયમાંથી પ્રથમ વર્ગમાં એમ.એ. પાસ થયા. પરિણામે તેજસ્વી છાત્ર તરીકે સરકારી શિષ્યવૃત્તિ મળતાં ઉચ્ચ શિક્ષણ માટે વિદેશ ગયા ને પારી(સ) વિશ્વવિદ્યાલયમાં 'આર્યદેવ'ની 'ચતુ સત્રીના તિબ્બતી ભાષામાં વિદ્યમાન ગ્રંથનું સંસ્કૃત રૂપાંતર તૈયાર કરીને ડી. લિટ્‌ની પદવી પ્રાપ્ત કરી.

ત્યાંથી આવીને એમણે બનારસ હિંદુ યુનિવર્સિટીમાં સંસ્કૃત સાહિત્યના પ્રધાન પ્રાધ્યાપક, ને ત્યાર બાદ કેટલાંક વર્ષો સુધી દરભંગા (ઉત્તર બિહાર)ની 'મિથિલા પ્રાચ્યવિદ્યા સંશોધનસંસ્થા'ના મુખ્ય સંચાલક તરીકે કાર્ય કર્યું. તે પછી ૧૯૬૧થી તેઓ પૂના ભાંડારકર પ્રાચ્ય-વિદ્યા મંદિરમાં સંસ્કૃત





ત્રિખંડપંડિત ડૉ. રામકૃષ્ણ ગોપાલ ભાંડારકર, અને (ઉપર) પૂનાની વિશ્વવિશ્રુત સંસ્થા ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધનમંદિર

રીતે વધારાની દૃષ્ટાંતકથાઓનો પ્રાસંગિક ઉલ્લેખ કરવામાં આવતો હતો. આગળ જતાં આ ઉપકથાઓ મૂળ રચનામાં સમાવેશ પામી જતી. આમ કાલાન્તરે એના આવા પરિવર્ધિત રૂપનું નામ 'ભારત' પડ્યું અને આગળ જતાં ખૂબ પ્રવર્ધિત થતાં તે 'મહાભારત' કહેવાયું.

આ બધી વધારા પામેલી વાચનાઓની ચકાસણી કરીને તેના મૂળ પાઠવાળું શુદ્ધ સંસ્કરણ તૈયાર કરવાનું પ્રથમ સૂચન એક પશ્ચિમી પ્રાચ્યવિદ્યાપંડિત ડૉક્ટર વિન્ટરનિટ્ઝે (પ્રાગવિશ્વવિદ્યાલય ચેકોસ્લોવાકિયાના પ્રાધ્યાપક) ઈ. ૧૮૯૭માં પારી(સ)માં ભરાએલી અન્તરરાષ્ટ્રીય પ્રાચ્યવિદ્યા પરિષદ્‌ના ૧૧મા અધિવેશનમાં કર્યું હતું.

તે ઉપરથી ઈ. ૧૯૦૯માં યુરોપના કેટલાક પ્રાચ્યવિદ્યા-પંડિતોએ થોડો પ્રયત્ન આદરેલો, અને જર્મન-પ્રાચ્યવિદ્યા વિશારદ પ્રો૦ લ્યૂડર્સે અમુક અંશની એક નમૂનાની નકલ, ખાનગી રીતે વિદ્વાનોમાં વહેંચવા માટે તૈયાર પણ કરી હતી. પરંતુ ત્યાર પછી પ્રથમ વિશ્વયુદ્ધ આવી જતાં એ યોજના અને કલ્પના ફળીભૂત થઈ શકી નહિ.

એ જ અરસામાં સુયોગે પૂનામાં ઈ ૧૯૧૭ની ૬ઠ્ઠી જુલાઈએ 'ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિર'ની વિશ્વવિશ્રુત સંશોધન સંસ્થાની સ્થાપના થઈ. અને પછીને વર્ષે, ૬ઠ્ઠી જુલાઇ ૧૯૨૮માં ત્યાં ભરાએલી પ્રાચ્ય વિદ્યા પરિષદે ઠરાવ કરીને એ સંસ્થાને મહાભારતના શુદ્ધ મૂલ પાઠયુક્ત આલોચનાત્મક સંસ્કરણ તૈયાર કરવાનું ભગીરથ કામ ઉપાડી લેવા વિનંતી કરી. આમ અંતે ભારતીય પ્રાચ્ય વિદ્યાપંડિતોના સમ્મિલિત પ્રયત્ન વડે આ મહાન સારસ્વતયજ્ઞના શ્રી ગણેશ થયા.

ભારતના વિવિધ ભાગોમાં આ મહાકાવ્ય પોતપોતાની ક્ષેત્રીય વાચનાઓ (પાઠો) પ્રમાણે મુદ્રિત રૂપમાં મળી આવતું હતું. સૌથી પહેલાં (ઈ. ૧૮૩૪-૩૯) બંગદેશના એક વિદ્યાપ્રેમી જમીનદાર રાજા

ડૉ. પરશુરામ લ. વૈદ્ય

લેખક · આદિત્યરંજન વિદ્યાલંકાર

મહાભારતની સંશોધન-પ્રકાશન યોજનામાં પ્રધાન સંપાદક તરીકે સેવા આપી રહ્યા છે. ૧૯૬૩માં ભારત સરકારે એમની વિદ્વત્તા અને સેવાઓનો સમાદર કરીને એમને રૂ. ૧૫૦૦)ની વાર્ષિક દક્ષિણા સાથે 'રાષ્ટ્રીય પ્રાધ્યાપક'નું બિરુદ આપ્યું છે.

૧૯૪૧માં એમણે જૈન સંપ્રદાયના મહાકાવ્ય 'પુષ્પદંત મહાપુરાણ'નાં દોઢ હજાર પાનાંનુ સંશોધન કરીને પ્રકાશન કરેલું. મહાભારત સંશોધનકાર્ય પેઠે જ વડોદરા પ્રાચ્યવિદ્યા મંદિર તરફથી વાલ્મીકિ કૃત સંસ્કૃત રામાયણનું જે આલોચનાત્મક સંસ્કરણ તૈયાર થઈ રહ્યું છે તેના 'અયોધ્યાકાંડ' અને 'યુદ્ધકાંડ'નું સંપાદન પણ એમણે કરી આપ્યું છે. તદુપરાંત ૧૯૫૬માં ભગવાન બુદ્ધની ૨૫૦૦મી જયંતી વખતે ભારત સરકારે શરૂ કરેલી 'બૌદ્ધ સંસ્કૃત ગ્રંથાવલિ'ના પચીસ ગ્રંથો પૈકી સત્તર ગ્રંથોનું સંપાદન એમણે કર્યું છે. પોતાના વિદ્યાર્થીકાલ દરમિયાન એમણે કવિવર શેક્સપીઅરના 'રોમિયો જુલિયેટ'નું સંસ્કૃત ભાષામાં રૂપાંતર કર્યું હતું. તેવી જ રીતે 'વાલ્મીકિ-વિજય' નામક એમનુ એક સંસ્કૃત કાવ્ય ઉત્તમ કલાકૃતિ મનાય છે.

એકાંત વિદ્યા-વ્યાસંગ ઉપરાંત શ્રી વૈદ્યનું ઔદાર્ય પણ અભિનંદનીય છે. અનેક વિદ્યા-સંસ્થાઓમાં કામ કરતાં પોતાને મળતા પગારમાંથી ખર્ચ પૂરતા પૈસા રાખી, બાકીની રકમ તેઓ પ્રબુદ્ધ અને વિદ્યારસિક વિદ્યાર્થીઓને સહાયરૂપે આપી દે છે. ભાંડારકર સંશોધન-મંદિર માટે એમણે મોટી રકમનું દાન કર્યું છે અને મહાભારત-પ્રકાશન–પૂર્ણાહુતિ–ઉત્સવ પ્રસંગે એમને કર્ણપર્વના સંપાદન પેટે મળેલા સાતેક હજાર રૂપિયા પોતાના સહકાર્યકરોમાં જ ઉપહાર-સહાય તરીકે વહેંચી દીધા હતા. આ તપસ્વી વિદ્યાવિલાસીને દ્રવ્યસંચયનો નહિ પણ વિદ્યાવ્યાસંગી જનોનો સંચય વધુ ગમે છે. ભાંડારકર પ્રાચ્યવિદ્યા મંદિરમાં આવનાર કોઈ પણ દેશી-વિદેશી વિદ્વાન એમની પ્રીતિ અને શ્રદ્ધાનો પાત્ર બન્યા વગર રહેતો નથી.

આજે ૭૬ વર્ષની ઉત્તર વયે પણ આ વિદ્યાવ્યાસંગી વિપ્ર પૂરા સાઠ કલાક નિયમિત કાર્યનિમગ્ન રહે છે. સદા આનંદી અને મિતભાષી આ પંડિતને કામ પરથી રજા લેવી ગમતી નથી. અતિ અગત્યની સભાઓ માટે બહારગામ જવું પડે તે સિવાય એમની સંપાદકીય ખુરશી કદી ખાલી દેખાતી નથી.



ડૉ. વિષ્ણુ સીતારામ સુકથનકર: આદિપર્વ અને આરણ્યકપર્વ



ડૉ. એસ.કે.બેલવેલકર ભીષ્મ, શાંતિ, આશ્રમવાસિક, મૌસલ, મહાપ્રસ્થાનપર્વ



ડૉ. પરશુરામ લ. વૈદ્ય ૧૯૬૧થી મુખ્ય સંપાદક. કર્ણ પર્વ અને હરિવંશ.



ડૉ. ફ્રેન્કલિન એજર્ટન સભાપર્વ



ડૉ. રઘુવીર: વિરાટપર્વ



ડૉ. સુશીલ કુમાર દે ઉદ્યોગ, દ્રોણ અને સ્વર્ગારોહણ પર્વ



પ્રો. રઘુનાથ દામોદર કરમરકર: આશ્વમેધિક પર્વ



ડૉ. વી. જી. પરાંજપે સ્ત્રીપર્વ



પ્રો. હરિ દામોદર વેલણકર: સૌપ્તિક પર્વ



ડૉ. રામચંદ્ર નારાયણ દાંડેકર: શલ્ય અને અનુશાસન પર્વ

રાધાકાંત દેવના પ્રયત્નોથી તે ચાર ખંડોમાં કલકત્તામાં છપાયું હતું. ત્યાર પછી ઈ. ૧૮૬૨માં મુંબઈના મુદ્રણકલાપ્રેમી ગણપતિ કૃષ્ણજીએ શિલામુદ્રણ (લીથોગ્રાફ) દ્વારા તે પોથી રૂપમાં પ્રસિદ્ધ કર્યું. ને ત્યાર બાદ એમણે જ એને બીબામાં છાપ્યું. એ જ રીતે દક્ષિણ ભારતમાં પણ તેનું એક સંસ્કરણ પ્રચલિત હતું પરતુ તે મુંબઈ અને કલકત્તા કરતાં ભિન્ન હતું. એ ઉપરાંત એક હજારથી પણ વધુ તેની હસ્તલિખિત પ્રતો જુદીજુદી લિપિઓ [શારદા (કાશ્મીરી)નેવાડી, મૈથિલી, બંગાળી, દેવનાગરી, તેલુગુ, તમિળ, મલયાલય)માં મળી આવતી હતી.]

આ સર્વ મુદ્રિત અને હસ્તલિખિત પ્રતો એકત્ર કરીને ઉપરકથિત પ્રામાણિક પાઠવાળી સંહિતા તૈયાર કરવાનો આરંભ ભાંડારકર સંશોધન વિદ્યામંદિરે કર્યો કે તરત જ ઔંધસંસ્થાનના મનીષી શાસક શ્રીમંત બાલાસાહેબ પંત-પ્રતિનિધિએ સંસ્થાને તે માટે એક લાખ રૂપિયા દાનમાં આપ્યા નવ મહિનાની અંદર ગ્રંથ-સંપાદનની બધી તૈયારીઓ પૂરી થઈ ગઈ અને ઈ. ૧૯૧૯ના એપ્રિલમાં આ શુભ અનુષ્ઠાનના શ્રીગણેશ ત્રિખંડપંડિત ડૉ. રામકૃષ્ણ ગોપાલ ભાંડારકરે સંપાદન-પત્રિકા ઉપર મહાભારતનો પ્રથમ શ્લોક લખીને કર્યો.

આ એક વિરાટ આયોજન હતું. તેની સફળતા માટે ભારતના તેમજ પરદેશના સર્વ પ્રાચ્યવિદ્યા પંડિતોનો સહકાર જરૂરી હતો. એટલે સૌપહેલાં તો એમ ઠરાવ્યું કે મહાકાવ્યના સૌથી નાના પર્વને આદર્શ પ્રતિ રૂપે સંપાદિત અને મુદ્રિત કરાવીને તે અભિપ્રાય, આલોચના અને સલાહસૂચન માટે જગતભરના સંશોધનપ્રિય સંસ્કૃત મનીષીઓને મોકલવું. તદનુસાર ગ્રંથના વિરાટ પર્વનો એક પ્રયોગાત્મક નમૂનો શ્રી એન. બી. ઉતગીકરે ઈ. ૧૯૨૩માં સંપાદિત કરીને છપાવ્યો અને તેની નકલો અભિપ્રાય અને વિવેચન માટે મોકલવામાં આવી. તે ઉપર મળેલા સલાહ-સૂચનો પર ચિંતન-મનન કરીને ગ્રંથસંપાદનની યોજનાને છેલ્લું સ્વરૂપ આપવામાં આવ્યું.

તે પછી ગ્રંથના સંપાદનનું વાસ્તવિક કાર્ય ૧૯૨૫ના ઑગસ્ટમાં શરૂ થયું. પ્રાચીન ગ્રંથોના મૂળ પાઠની સંપાદનકલામાં નિપુણ અને અનુભવી વિદ્વાન ડૉ. વી. એસ. સુકથનકરને પ્રધાન સંપાદન તરીકે નીમવામાં આવ્યા. એમણે પોતાના બીજા સહાયક-સંપાદકોને મૂળ પાઠની વિવેચના અને ચકાસણીનું સૈદ્ધાંતિક અને વ્યાવહારિક શિક્ષણ આપીને શોધકાર્ય માટે તૈયાર કર્યા, અને પરિણામે, આલોચનાત્મક સંસ્કરણના આદિ પર્વનાં ૯૦ પાનાંનો પહેલો વિભાગ ૧૯૨૬ની છઠ્ઠી જુલાઈએ બહાર પડ્યો. તે પછીને વર્ષે બીજો વિભાગ પ્રકટ થયો, અને આમ ઈ. ૧૯૩૩માં આખા આદિપર્વનું પ્રકાશન પૂર્ણ થયું.

સમસ્ત ગ્રંથના એકએક પર્વને એકએકમ માનીને તેને માટે ભારત સંશોધનકળાના અનુભવી અને ટોચના સંસ્કૃત મનીષીઓને નીમવામાં આવ્યા, જે પૈકી એક, અમેરિકાની યેલ યુનિવર્સિટીના સંસ્કૃતના

સંશોધન અને વહીવટી બંને કાર્યોના સેવા-સુવાસી

ડૉ. રામચન્દ્ર નારાયણ દાંડેકર

માત્ર પૂના વિદ્યાપીઠમાં જ નહિ પરંતુ સમસ્ત ભારતમાં સંસ્કૃતભાષાના અધ્યાપનક્ષેત્રમાં ભૂષણ રૂપ ગણાતા ડૉ.રામચંદ્ર નારાયણ દાંડેકર પ્રાચ્ય-વિદ્યાની તો બોલતીચાલતી પ્રતિમા જ છે. વૈદિક વાઙ્મય ઉપરનું તેમનું ભાષ્ય એટલે જાણે આધુનિક સાયણાચાર્યની ઉત્કૃષ્ટ ટીકા. શુદ્ધ, સરળ, અસ્ખલિત વાક્પ્રવાહ અને રુવાબદાર વ્યક્તિત્વથી તેઓ આપોઆપ ઓળખાઈ આવે.

પ્રાચીન-વિદ્યાસંશોધન ક્ષેત્રમાં ભારતની અગ્રેસર ભાંડારકર સંસ્થામાં છેલ્લાં ૨૭ વર્ષથી તેના માનાર્હ મંત્રીપદે તેઓ એક વિદ્વાન સંશોધકની હેસિયતથી જ ચૂંટાતા આવ્યા છે. પૂના વિદ્યાપીઠના સંસ્કૃત વિભાગના પ્રમુખ અને પ્રગત સંસ્કૃત અધ્યયનકેન્દ્રના તે સંચાલક હોવા ઉપરાંત ભારતીય સંસ્કૃતિ-કોષ, વૈદિક સંશોધન મંડળ, ભાષાસલાહકાર મંડળ, વગેરે અનેક સંસ્થાઓના તેઓ માર્ગદર્શક સલાહકાર છે; અને 'જાગતિક પ્રાચ્યવિદ્યા પરિષદ'ના તે પ્રમુખ કાર્યકર્તા હોવા સાથે 'ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદ'ના તે કાયમી મંત્રી છે.

સંશોધનકાર્યની સાથોસાથ વહીવટી કાર્યધુરા ઉપાડવાનું કોઇને ય ન ફાવે તેવું બેવડું કાર્ય તેઓ કુશળતાથી ઉઠાવે છે. દરરોજનાં સંશોધન-લેખન અને પીએચ. ડી ના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા સાથે તેઓ સંસ્કૃત કેન્દ્ર ને ભાંડારકર સંસ્થાનું કાર્યક્ષેત્ર સંભાળીને તેને ઉત્તરોત્તર વિકસાવતા રહ્યા છે. ચર્ચા-પરિષદો, વ્યાખ્યાનો વગેરે માટેની વિદેશયાત્રાઓ તથા આંતરરાષ્ટ્રીય વિદ્વાનો સાથેનો પત્રવ્યવહાર અને વિચારવિનિમય એ તો જાણે એમનો નિત્યક્રમ થઈ ગયો છે. ભારત આવતા કોઈ પણ વિદેશી વિદ્વાનો કે પંડિતો તેમની મુલાકાત લેવી ચૂકતા નથી.

'મહાભારત'ના અનુશાસન પર્વની ચિકિત્સક આવૃત્તિ અને એ ક્ષેત્રમાં સહસંપાદક તરીકે તેમણે કરેલાં નાની લેખનમાલાથી તે સંશોધન સુધીનાં એમનાં કાર્ય તો જાણીતાં જ છે. ગયે વર્ષે 'હિંદુ ધર્મના ઇતિહાસ'નો કેટલોક ભાગ તથા 'વૈદિક ધર્મ અને દૈવશાસ્ત્ર' આ બે ગ્રંથ એમણે પ્રસિદ્ધ કર્યા. વૈદિક વાઙ્મય વિષેનો એમનો ઊંડો અભ્યાસ એમની 'વૈદિક બિબ્લીઓગ્રાફી'થી જણાઇ આવે છે.

ભાંડારકર પ્રાચ્ય-વિદ્યા સંસ્થાના ઈ. ૧૯૧૭ની સાલમાં ડૉ. ગુણે અને ડૉ. બેલવેલકરે વાવેલા નાના રોપને પોતાનો સુવર્ણ મહોત્સવ ઊજવવાનું જે મહદ્ ભાગ્ય પ્રાપ્ત થયું, અને સંશોધન ક્ષેત્રે એ સંસ્થા આજે ચાલુ સંશોધકો માટે 'અક્ષયવડ'નું અને ભવિષ્યનાં સંશોધકો માટે 'બોધિવૃક્ષ'નું સ્થાન ધરાવતી રહી જે સતત જ્ઞાનદાન કરે છે તેની કાર્યધુરા લાગટ ૨૭ વર્ષ સુધી ચાલુ રાખવી એ ડૉ. દાંડેકરનો 'વિજયધ્વજ' છે. આ વર્ષે ૧૭મી માર્ચે એમણે આયુષ્યનાં ૬૦ વર્ષ પૂરાં કરતાં એમના સેવાસુવાસિત જીવનની ષષ્ઠીપૂર્તિ ઊજવાઈ.

(શ્રી વા. લ. મંજુલના લેખ પરથી અનુ. કુ. ભદ્રાબહેન દલાલ)

પ્રાધ્યાપક પ્રો. ફ્રૅન્કલિન એજર્ટન એક હતા. આ સૌ સંશોધકોની મદદમાં સંસ્કૃત ભાષામાં દક્ષ અને વિવિધ ભાષાઓ ને લિપિઓ જાણનારનું એક કાર્યકર મંડળ પણ નીમવામાં આવ્યું.


શ્રી વિષ્ણુ સીતારામ સુકથનકર ઈ. ૧૯૨૫ થી ઈ. ૧૯૪૩માં પોતાના અવસાન સુધી પ્રધાન સંપાદક રહ્યા હતા. ત્યાર પછી ૧૯૬૧ સુધી ડૉ. શ્રીપાદ કૃષ્ણ બેલવેલકરે એ કાર્ય કર્યું. ૧૯૫૭થી એમની મદદમાં ડૉ. રામચંદ્ર નારાયણ દાંડેકરને નીમવામાં આવ્યા. ૧૯૬૧થી પ્રધાન સંપાદકનું કાર્ય ડૉ. પરશુરામ લક્ષ્મણ વૈદ્ય કરી રહ્યા છે.

આ મહાન સારસ્વતયજ્ઞને આસનબદ્ધ થઈને સંપૂર્ણ નિષ્ઠા, ત્યાગ અને તપ વડે જે મનીષીઓએ પૂર્ણ કર્યો તે સૌ આખા ભારતના ધન્યવાદને પાત્ર છે; આ શતાબ્દીનું તે એક સાંસ્કૃતિક મહત્તાનું કાર્ય છે.

સભાપર્વના સંપાદક એજર્ટન પૂનામાં જે એક વર્ષ રહ્યા, તેમાં તે વેસ્ટર્ન ઇંડિયા ક્લબમાં રોજનું રૂ. ૪૭નું ભાડું આપીને રહેતા હતા. બે મોટરકારના માલિક એ મનીષી રોજ આઠદસ માઈલની સાઈકલયાત્રા કરીને ભાંડારકર સંશોધનમંદિરમાં આવતા હતા. સંસ્થાએ તો એમને પોતાના નિયમ મુજબ સંપાદક તરીકેની વાર્ષિક દક્ષિણાના માત્ર ત્રણેક હજાર રૂપિયા આપ્યા, જે એમણે પ્રેમપૂર્વક સ્વીકાર્યા; જ્યારે પોતાના નિવાસના ખર્ચના થએલા બાર હજાર રૂપિયા પોતાના ગજવાના ખર્ચ્યા. આવી જ રીતે અગિયાર વર્ષ સુધી કર્ણપર્વનું સંપાદન કરનાર ડૉ. પરશુરામ લક્ષ્મણ વૈદ્યને આપવામાં આવેલી દક્ષિણાનો હિસાબ કરીએ તો તે દરરોજના માત્ર એક રૂપિયા જેટલી જ થાય છે! તે એમણે પ્રેમપૂર્વક સ્વીકારી લીધી પણ આગળ જતાં આ શુભ કાર્યની પૂર્તિ અંગે એમણે પોતાના તરફથી પચ્ચીસ હજાર રૂપિયાનું સંસ્થાને દાન કર્યું! આ બે ઉદાહરણો આજના અતિવ્યવહારવાદી અને સ્વાર્થપ્રધાન યુગને ખરેખર લજવી શકે એવાં છે.

આ વિશાલ ગ્રંથરાજના શુદ્ધ અને સ્વચ્છ મુદ્રણની પણ સમસ્યા હતી. આ મહાકાવ્યના જટિલ મુદ્રણ માટે બાર પ્રકારના દેવનાગરી ટાઇપોની જરૂર પડતી હતી. સામાન્ય મુદ્રણાલયો આવા શાસ્ત્રીય મુદ્રણકાર્યને પૂરો ન્યાય ન આપી શકે. પણ સમસ્ત ભારતમાં દેવનાગરી મુદ્રણ માટે સાર્વભૌમ ખ્યાતિ પામેલા મુંબાઈના નિર્ણયસાગર મુદ્રણાલયે એ કાર્ય પૂર્ણ શુદ્ધતા, સ્વચ્છતા, સુઘડતા અને સુંદરતા સાથે કરવાનું માથે લીધું અને અઢાર પર્વમાંથી પાંચ પર્વ છાપી આપ્યાં. તે પછી વિરાટ પર્વના મુદ્રણનું કાર્ય ડૉ. રઘુવીરે લાહોરમાં પોતાના આર્યભારતી મુદ્રણાલયમાં કર્યું. ૧૯૪૯થી ભાંડારકર સંશોધનમંદિરે પોતે જ આ કામ માટે પોતાને ત્યાં બીબાં ગોઠવવાનો વિભાગ શરૂ કરીને મુદ્રણનું કાર્ય પૂનાના આર્યભૂષણ મુદ્રણાલયમાં છપાવવા માંડેલું; અને ૧૯૬૨થી તો મુદ્રણની સમસ્ત વ્યવસ્થા સંશોધનમંદિરના જ છાપખાનામાં થઈ ગઈ છે. પ્રારંભમાં કેટલાંક પર્વના મુદ્રણ માટે, ખાસ સૂચવેલા નમૂના પ્રમાણે, ઇંગ્લંડની જાણીતી જૉન ડિકિન્સન કંપનીએ કાગળનો જથ્થો પૂરો પાડ્યો હતો. ઈ. ૧૯૪૫ પછી ભદ્રાવતીની મૈસૂર પેપર મિલ તરફથી કાગળ મળતો રહ્યો છે.

આ ગ્રંથરત્નના સંશોધન-સંપાદનને માટે દેશપરદેશની મળીને કુલ ૧૨૬૦ હસ્તલિખિત જૂની પ્રતોનું અવલોકન અને અનુશીલન કરવામાં આવ્યું છે; જેમાંથી ૭૩૪ પ્રતો ખાસ ઉપયોગમાં આવી હતી. કેટલીક પ્રતો અને ભુર્જપત્ર અને તાલપત્ર પર, અને બીજી હાથબનાવટના કાગળો પર છે. કેટલીક પ્રતોની ફોટોફિલ્મ (અનુ. પૃ. ૩૯૯)



પચ્ચીસ વર્ષ પહેલાં



આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલી, આ ઉપર દર્શાવેલી કસરતો (વિવરણ જુઓ સામેના પાને) માટે શ્વાસોચ્છ્વાસનો એક નિયમ ખાસ ધ્યાનમાં રાખવો. કોઈ પણ ક્રિયા ચાલુ હોય ત્યારે શ્વાસને રોકી રાખવો, ને ક્રિયા બંધ થાય ત્યારે છોડી દેવો. દા. ત. કસરત નં. ૧ તથા ૨માં હાથ ને પગ ઊંચા કરવા શરૂ કરો તે વખતે શ્વાસ લો; ને પગ ઊંચા કરી, પકડી, સ્થિર રાખો ત્યાં સુધી રોકી રાખો. પગ છૂટીને મૂળ સ્થાને જાય ત્યારે જ શ્વાસ છોડવો.

રોગનિવારક આરોગ્યદાયક ને શક્તિવર્ધક કસરતો



ભદ્રશંકર દીક્ષિત

આ સાથે આપેલાં વ્યાયામચિત્રોના મુખ્ય પ્રેરક વ્યાયામાચાર્ય શ્રી ભદ્રશંકર દીક્ષિતે અનેક પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ જનોને પોતાના પ્રયોગો ને ઉપચારથી આરોગ્યના ભોક્તા બનાવ્યા તેમના પરિચયમાં આવેલા લગભગ બધા જ દર્દી જૂના ઉપચારોથી કાયર થએલા હતા; પરંતુ તેમની ચિકિત્સા પ્રમાણે પેટ ને આંતરડાંની સરળ કસરતો દ્વારા પ્રાણવાયુ (ઑક્સિજન)નો યોગ્ય સંચય કરતાં શીખી રોગમુક્ત બનતા ગયા છે. આ જમાનામાં વિદ્યાર્થી જીવનમાં અભ્યાસનો બોજો અને પુખ્ત વયમાં વ્યવહારની ચિંતા વગેરેથી શરીરમાં અનેક પ્રકારનાં ઝેર ઉત્પન્ન થાય છે. તે નિવારવા પૂરતો વ્યાયામ કોઈ નિયમિતપણે કરતું નથી અને દવાઓના કૃત્રિમ ઉપચારો પાછળ વધુ ને વધુ બીમારીમાં જકડાયા કરે છે. તેવા સૌને માટે તેમણે પોતાના દીર્ઘ અનુભવથી "વગર સાધને, ઘેર બેઠાં, દરેક માણસને દવા વિના રોગનિવારણ થઈ આરોગ્ય મળી રહે તેવી સરળ લાભકારક કસરતો" યોજી છે. આ કસરતો તેમની પાસે પ્રત્યક્ષપણે જાણી લીધા પછી મને એક જ માસના પ્રયોગે અત્યંત લાભદાયક જણાવાથી, મેં તેનાં ચિત્રો તૈયાર કર્યાં, અને તેમની પાસે મંજૂર કરાવી તે દરેક પર તેમની જ સૂચનાઓ સાથે અહીં પ્રકટ કર્યાં છે. ¶ આ પ્રયોગો રોજ સાતથી પચીસ મિનિટ સુધી લંબાવી શકાય. એથી નાનાં આંતરડાં તાકાત મેળવે છે અને વાયુઓ આપોઆપ છૂટા થઈ જાય છે, એટલું જ નહિ પણ પાચનક્રિયા સુધરે છે, લોહીનું અભિસરણ ઉત્તેજન પામે છે, શ્વાસોચ્છ્વાસ વ્યવસ્થિત બને છે તથા શાન્ત નિદ્રા મળે છે. આ રીતે દવાઓ વિના આંતરિક વિશુદ્ધિ થતાં જીવન પ્રસન્ન અને ઉત્સાહી બને તે સ્વાભાવિક છે. ખાસ રોગો કે દર્દોથી પીડાતા જનો તેમની સલાહ અને સમાગમથી જરૂર લાભ મેળવી શકશે. ર. મ. રાવળ

પેટની કસરતો

ચિત્ર ૧ : સીધા ટટ્ટાર સૂઈને હાથ તથા ઘૂંટણ અક્કડ રાખી, ચિત્રમાં બતાવ્યા પ્રમાણે જમણા હાથથી જમણા પગનો અંગૂઠો પકડો, અને પછી ધીમે ધીમે મૂકી દઈ બંનેને જમીન તરફ પાછા મૂળ સ્થાને લઈ જાઓ. એ જ રીતે ડાબા હાથથી ડાબા પગનો અંગૂઠો પકડીને તે પાછા મૂળ સ્થાને લઈ જવાની ક્રિયા કરો.

ચિત્ર ૨ : નં. ૧ મુજબ જ, પરંતુ હાથ અને પગની ઊલટાસૂલટી ક્રિયા. એટલે કે જમણા હાથથી ડાબા પગનો ને ડાબા હાથથી જમણા પગનો અંગૂઠો વારાફરતી પકડી થોડી વાર સ્થિર રાખી મૂળ સ્થાને ધીમે ધીમે લઈ જાઓ.

ચિત્ર ૩ : ચત્તા સૂઈ, ડાબો પગ જમણા પર મૂકી, પગની ઘૂંટી પાસેથી, અને જમણો હાથ ડાબા પર મૂકી કાંડા પાસેથી બંનેની આંટી મારો. હવે એ આંટી મારેલી સ્થિતિમાં બંને પગ ને હાથને ધીમે ધીમે ઊંચા કરી બંને પગના અંગૂઠા બંને હાથ વડે પકડો ને થોડી-વાર સ્થિર રાખી ધીમે ધીમે છોડી મૂળ સ્થાને લઈ જાઓ. આ જ રીતે હવે અગાઉ કરતાં ઊલટી રીતે, આંટી મારો ને ઉપલી ક્રિયા કરો.

ચિત્ર ૪ : નં ૩ની માફક જ, પણ આંટી માર્યા વિના, માત્ર બંને હાથ અને બંને પગને સીધા સામસામા ઊંચા કરી અંગૂઠા પકડવા. ક્રિયા વેળા હાથ કે પગને વળવા ન દેવા યા માથું છાતી કે ખભાને જમીનથી અધ્ધર થવા દેવા નહિ.

ચિત્ર ૫ : ચત્તા ટટ્ટાર સૂઈ બે પગના અંગૂઠા જમીન તરફ ઢળતા ને બંને હાથ કાનને અડીને રાખો. પછી હાથ તે જ સ્થિતિમાં રાખી, પેટ પર લેશ આંચકો ન આવે પરંતુ દબાણ આવે એ રીતે ધીરેથી બેઠા થાઓ. પછી ધીમેધીમે કમ્મરમાંથી વળી બંને હાથનાં આંગળાં પગના અંગૂઠાની લગોલગ લઈ જાઓ. (આ વખતે ઘૂંટણમાંથી પગ જરા પણ વળવા ન જોઈએ.) બની શકે તો હજી વધુ વાંકા વળી, હાથનાં આંગળાં પગના બંને અંગૂઠાઓની બહાર કાઢી નાખો. હવે ધીમેથી હાથને સીધા ને સીધા ઉઠાવી, જરા પણ ઉતાવળ વિના પાછા મૂળ સ્થિતિમાં જમીન પર સૂઈ જાઓ. આ ક્રિયા શરૂઆતમાં પાંચ વખત કરવી; પછી શક્તિના પ્રમાણમાં વધારતા જવી.

ચિત્ર ૬ : ટટ્ટાર ચત્તા સૂઈ, છાતી પર બંને હાથ-ની અદબ ભીડો ને તે જ સ્થિતિમાં બેઠા થઈ, પેટને જરા અંદરના ભાગમાં સંકોચી, કમ્મર-માંથી વાંકા વળી, માથાનો ભાગ ઘૂંટણ તરફ જેટલો નમે તેટલો નમાવો, ને વળાય તેટલા વાંકા વળો. બને તેટલી વાર આ મુજબ કરો.

ચિત્ર ૭ : ચત્તા સૂઈ, પગ જમીન તરફ ઢળતા રાખીને બંને હાથ વડે બંને ખભા પકડી, ધીમે-થી બેઠા થાઓ ને માથું બને તેટલું નીચું નમા-વતા જઈ કપાળ ઘૂંટણને અડે તેટલા વાંકા વળવાનો પ્રયત્ન કરો. ઘૂંટણ ટટ્ટાર જ રહે.

ચિત્ર ૮ : બંને હાથનાં આંગળાંનાં આંકડા ભીડી, એમ જોડેલા હાથ ગરદન પાછળ રાખી નં. ૭ પેઠે કરો અને પેટ પર વજન આપી કમ્મરમાંથી વળાય તેટલા વળો. પણ હાથના આંકડાથી પકડેલી ગરદન છોડવી નહિ. આ રીતે ૪-૫ વખત આગળ પાછળ જાઓ અને પછી તે જ સ્થિતિમાં સૂઈ જાઓ.

ચિત્ર ૯ : બંને હાથ કમ્મર પર મૂકી પડખાંમાં-થી કમ્મર પકડી ઉપરની કસરત માફક જ કરો.

ચિત્ર ૧૦ : નં. ૫થી ૯ સુધીની કસરતો માફક જ, પણ તે કરતાં જરા મુશ્કેલ આ કસરત છે. આમાં હાથને કાન લગોલગ રાખી, તે જ સ્થિતિમાં લગભગ અરધા અધ્ધર થઈ, પછી ત્યાં જ સ્થિર થઈ રહેવાનું છે; આખા બેઠા થવાનું નથી. બંને પગને જરા પણ ઢીલા થવા દીધા સિવાય સીધા જ જમીન તરફ ઢળતા રાખો. અરધી અધ્ધર સ્થિતિમાં શક્તિ મુજબ સ્થિર રહો, ને ધીમેથી પાછા જમીન પર જાઓ.

નં. ૧ થી ૪માં હાથપગની હીલચાલ સાથે પેટ પર થોડું. પણ નં. ૫થી ૧૦માં ખાસ પેટ પર જ વજન આવે છે, જેથી આંતરડાં, કિડની ને લિવર મજબૂત થાય છે. આથી કબજિયાત દૂર થાય છે, પેટની ચરબી ઘટે છે, ભૂખ લાગે છે.

કમ્મર ફેફસાં ને ગળાની કસરતો

ચિત્ર ૧૧ : ચત્તા સૂઈ, બંને હાથના આંકડા ભીડી તે પર વચ્ચે માથું રાખી, માત્ર કમ્મર-નો ભાગ જ પગ સાથે ઊંચો કરો. એ વેળા પાનીઓને જમીન પર સજ્જડ રાખો. આમ યથાશક્તિ થોડો વખત સ્થિર રહી ધીમેથી કમ્મર જમીનને અડવા દો. આ ક્રિયા ઓછા-માં ઓછી ૧૦ વખત કરો ને પછી ધીમે ધીમે સંખ્યા વધારો. **ચિત્ર ૧૨ :** નં ૧૧ માફક જ; પણ બંને હાથે કમ્મર પકડી માથું, પગ તથા કમ્મર જમીન પર ચોંટેલાં રહેવા દઈ આમાં માત્ર છાતી અને ડોકનો ભાગ જ ઊંચો કરવો.

મહાવરો થયા પછી નં. ૧૧ ને ૧૨ની બંને કસરતો જોડી દેવી. બંને હાથ પડખામાં

જડેલા રાખી, જમીન પર માત્ર માથું ને પાનીઓ જ ચોંટેલી રહેવા દઈ બાકીનું શરીર અધ્ધર કરવું જોકે આ જરા મુશ્કેલ તો છે.

પેટ, પેડુ અને સાથળની કસરતો

ચિત્ર ૧૩: ચત્તા સૂઈ, બંને હાથના આંકડા ગરદન પાછળ ભીડી રાખી, બે પગ ઊંચા કરી તેમને વારાફરતી પગની ઘૂંટી પાસેથી આંટી નાખો. પગ તદ્દન સીધા રહે. આ ક્રિયા જરા ઝડપે કરો. ઓછામાં ઓછી શરૂઆત ૨૦થી.

ચિત્ર ૧૪: ચત્તા સૂઈ, બંને પગ વાળી, ઘૂંટણ છાતીને અડાડી, પગ ફરતા હાથના આંકડા ભીડીને આગળ-પાછળ ઝોલા ખાઓ. પગ જમીન પર જતી વખતે આંગળાં જમીન લગભગ આવવા છતાં જમીનને અડે નહિ, ને પાછળ જતી વખતે ખભા પણ જમીન લગભગ આવે છતાં અડે નહિ. જમીન પર માત્ર બરડા-કરોડનો ભાગ જ રહે. ક્રિયા વખતે પેટને અંદર સંકોચી ઘૂંટણને છાતી પર દાબતા રાખવા. આમ ૧૫-૨૦ વખત ઝોલા ખાઓ.

ચિત્ર ૧૫: નં. ૧૪ની માફક જ, પણ એક પગ દબાવેલો રાખી, બીજા છૂટા પગને આગળ-પાછળ ઝોલા દો. પછી એ જ રીતે બીજા પગને કરો. નં ૧૪ની કસરતથી જાગ્રત થએલો પેટનો ગૅસ આ કસરતમાં છૂટા પગની બાજુ જશે ને આમ વારાફરતી છૂટા પગ તરફ હટતો જવાથી પવન છૂટી જશે. આ ક્રિયા ૨૫ વખત કરવી.

ચિત્ર ૧૬: ચત્તા સૂઈ, હાથ માથા પાછળ રાખી, બને પગ ઊંચા કરી, સાથળના મૂળમાંથી બંનેને વારાફરતી એવી રીતે હલાવો કે એક પગ સીધો માથા તરફ જાય ને બીજો જમીન તરફ. આ ૨૫ વાર કરો. માથાને બદલે બે હાથ કમ્મર નીચે રાખીને કરવામાં પણ હરકત નથી.

એપેન્ડિસાઇટિસ ન થવા દેનારી

ચિત્ર ૧૭: ચત્તા સૂઈ, બંને પગ ઊંચકી, કોણીને ટેકે રાખેલા બંને હાથના પંજામાં કમ્મર ટેકવો. હવે કમ્મરને પેટ તરફ વાળી પગને જોડાજોડ જ રહેવા દઈ માથા તરફ નમાવો, અને તે વેળા પેટને અંદર સંકોચતા જાઓ. આમ ૩ મિનિટ સ્થિર રહો. પછી બંને પગને વારાફરતી માથા તરફ અને જમીન તરફ લઈ જાઓ. ૧૦ થી ૧૫ વખત આમ કરો.

ચિત્ર ૧૮: ઊંધા ટટ્ટાર સૂઈ, બંને હાથ બે પડખાંમાં સીધા રાખી (ચિત્રમાં આટલો ફેર સમજવો) ધીમેથી માથું ઊંચું કરી, છત તરફ જોતાં અધ્ધર થવું જેથી, માથું ડોક ને છાતી જમીનથી ઊંચકાશે ને કમ્મર પર ખૂબ વજન આવશે આથી કમ્મરનો દુખાવો તથા નબળાઈ દૂર થશે. આ ક્રિયા ૧૦થી૧૫ વખત કરવી.

ચિત્ર ૧૯: ઊંધા સૂઈ બંને હાથને માથા તરફ લંબાવ. ને તરતી વેળા પાણી કાપતા હોઈએ તેમ હાથ પહોળા કરી પડખાંમાં લઈ જાઓ. હાથ પડખાં તરફ જાય ત્યારે નં ૧૮ની માફક આગલો ભાગ ઊંચકી છત તરફ જુઓ. ૧૦ વખતથી શરૂ કરી પાછળથી ક્રમ વધારો.

ચિત્ર ૨૦: ઊંધા સૂઈ બંને પગના અંગૂઠા પકડી એવી રીતે ઝોલા ખાઓ કે બધું અધ્ધર રહીને માત્ર પેટ ઉપર જ શરીર ટેકાય. ૧૦-૧૫ ઝોલાથી શરૂ કરી ધીમેધીમે વધારો. કમ્મર, પગ, છાતી, ડોક, હાથ બધાં મજબૂત થશે.

ચિત્ર ૨૧: પલાંઠી વાળી કમ્મરેથી ટટ્ટાર બેસો. હાથની પાછળ અદબ વાળો. ધીમેથી કમ્મરમાંથી વળી, નીચે આવતા જઈ બે ઘૂંટણ વચ્ચે જમીન પર કપાળને અડાડો ફરી ધીમેથી ટટ્ટાર થાઓ. ૨૦-૨૫ વખત કરો.

ચિત્ર ૨૨: નં. ૨૧ પેઠે બેસી જમણી બાજુ વળતાં ઠેઠ જમણા ઘૂંટણ સામે કપાળ જમીને અડાડો. એ રીતે ડાબી બાજુ કરો. ૧૦ વાર.

ચિત્ર ૨૩: નં. ૨૨ માફક જ. પણ અદબ પાછળને બદલે છાતી પર વાળી લોલક પેઠે ડાબાજમણી નમાય તેટલું નમો. કોણી નડતી હોય તો તેને પેટ તરફ સંકોચો. આ બંને કસરતો પેટ અને પડખાં મજબૂત થવા સાથે લિવર અને કિડનીના વ્યાધિ મટાડશે.

ચિત્ર ૨૪: પલાંઠી અને પાછળ અદબ વાળી જમણા ઘૂંટણ સુધી વળી, ધીમેથી પછવાડે નમતા જાઓ. બરોબર વચ્ચે પહોંચો ત્યાં થોડી સેકંડ અટકો, ને ડાબા ઘૂંટણ સુધી આવી અર્ધગોળ પૂરો કરો. વચ્ચે અટકવું ન ચૂકશો પેટ પર વજન આવી મજબૂત બનશે.

ચિત્ર ૨૫: શ્વાસોચ્છ્વાસ (પ્રાણાયામ)ની કસરત. પ્રાણાયામમાં ત્રણ ક્રિયા હોય છે: શ્વાસ લેવો રોકવો અને મૂકવો, જેને અનુક્રમે પૂરક, કુંભક અને રેચક કહે છે. પ્રાણાયામના તો અનેક પ્રકાર છે, પણ અહીં તેની માત્ર પ્રાથમિક અને શુદ્ધ પ્રાણવાયુ લઈ ઘર્ષણથી શ્વાસનળી ચોખ્ખી કરવાની ક્રિયા આપી છે, જેનાથી શરદી–સળેખમ નાબૂદ થાય છે.

પલાંઠી વાળી ટટ્ટાર બેસો. હાથ ઘૂંટણ પર માત્ર અડાડી રાખો. હવે ધમણની માફક શ્વાસ અંદર લો અને બહાર કાઢો. પ્રાણાયામમાં શ્વાસ રોકવાની ક્રિયા આવે છે તે આમાં નથી. વળી તેમાં એક નસ્કોરાથી શ્વાસ લઈ બીજાથી છોડવાનો હોય છે તે પણ આમાં નથી. માત્ર ધમણની માફક ઝડપથી શ્વાસ લો અને મૂકો. શ્વાસ ખૂબ ઊંડે સુધી લાંબો લો અને ફેફસાં તદ્દન ખાલી થઈ જાય એ રીતે લાંબો છોડો. ફેફસાંની રચના વાદળી જેવી છિદ્રાળુ હોય છે. એ છિદ્રોમાં અરધો વાયુ તો અંદરની જગ્યા રોકીને પડેલો જ હોય છે. એટલે બહારથી લીધેલા વાયુને રહેવા પૂરતો અવકાશ હોતો નથી. માટે આ ક્રિયા એવી છે કે તેના ઘર્ષણથી અંદરનો વાયુ બધો બહાર નીકળી જાય અને શુદ્ધ પ્રાણવાયુ વધારે પ્રમાણમાં અંદર જઈ શકે આ ઘર્ષણની ઉષ્માથી તેમાં ભરાઈ રહેલી ચિકાશ કે શ્લેષ્મ પણ દૂર થાય છે. શ્વાસનું ઘર્ષણ એટલા જોરથી કરવું કે સામે બેઠેલો માણસ પણ તે સાંભળી શકે. થાકી જવાય એટલે થોડો આરામ લઈ ફરી કરવી; ને દરેક વેળા ૧૦ થી ૧૫ શ્વાસોચ્છ્વાસ તો લેવા જ. આથી શ્વાસનળી ઉપરાંત ફેફસાં, પેટ, પેડુને પણ કસરત મળશે.

ચિત્ર ૨૬: પલાંઠી વાળી, ટટ્ટાર બેસી બંને હાથ પડખાંમાં જમીન પર મૂકો. પછી ધીમેથી હાથ ઊંચકતા જઈ તેની સાથે શ્વાસ લેતા જાઓ, અને હાથ માથા પાછળ પહોંચી ત્યાં આંકડા ભીડાય ત્યારે શ્વાસ રોકી કુંભક કરો. ને એ કુંભક ચાલુ રાખી આંકડા ભીડેલા હાથ ઊંચે લઈ જાઓ. પછી ધીમેથી આંકડા છોડી ધીરે ધીરે હાથ મૂળ સ્થિતિએ લાવો એટલે તેની સાથોસાથ અંદર ભરાએલો શ્વાસ ધીમેથી નીકળતો આવશે. હાથ ઊંચા લેતી વખતે ફેફસાં ઊંચકાશે ને અંદર હવા ભરાશે; નીચે ઉતારતી વેળા સંકોચાઇને હવા નીકળી જશે. ૪ થી ૫ ક્રિયાથી શરૂઆત કરી ધીરેધીરે મહાવરો વધારો. બીજી કસરતોથી લાગેલો શ્રમ આ ક્રિયા કર્યાથી ઓછો થઈ જશે.

ચિત્ર ૨૭ તથા ચિત્ર ૨૭ અ: બે પગ વચ્ચે છ ઇંચનું અંતર રાખી ટટ્ટાર ઊભા રહો અને હાથ સીધા સામે લંબાવી, માત્ર કમ્મરમાંથી જ શરીરનો ઉપલો ભાગ ફેરવીને, બંને હાથને બેત્રણ વાર ડાબાજમણી ઘુમાવો; એ પ્રમાણે કરતાં હાથને જેટલા પાછળ લઈ જઈ શકાય તેટલા લઈ જાઓ. પછી (આ. ૨૭અ) ડાબો હાથ જમણા પગ સુધી પહોંચાડો ને જમણો હાથ પાછળ ફેરવી સીધા થઈ જાઓ. આ જ પ્રમાણે બીજા હાથની ઊલટી ક્રિયા કરો.

ચિત્ર ૨૮: બે પગ છ ઇંચ પહોળા રાખો, ને બે હાથ પડખાંમાં સીધા રાખી ટટ્ટાર ઊભા રહો હવે એક હાથને સાથળની બાજુમાંથી એવી રીતે નીચે ઉતારતા જાઓ કે કોણીથી વળ્યા સિવાય તે ઘૂંટણની નીચે સુધી પહોંચે, ને તેની સાથે બીજો હાથ ઊંચો ચડતો જાય. એ વખતે ધડ માત્ર કમ્મરમાંથી તે તરફ વળે. આ પ્રમાણે બંને હાથને ડાબાજમણી હીલ-

ચાલ આપવી. ૨૦ વખત આ ક્રિયા કરવી. લિવર અને કિડનીને ઉપયોગી થશે.

ચિત્ર ૨૯: નં. ૨૮ પેઠે ઊભા રહી, બંને હાથ કમ્મર પર મૂકી પગ તદ્દન ટટ્ટાર રાખી, કમ્મરમાંથી જ આગળના ભાગમાં સારી રીતે ઝૂકો. પછી એ જ સ્થિતિમાં જમણી બાજુ ધીમેધીમે ઘૂમતા જઈ, ધડને પાછળ લઈ જઇ, ડાબી બાજુ થઇને આગળ લાવો, ને એક કુંડાળું સંપૂર્ણ કરો. આ રીતે પાંચસાત વખત જમણી બાજુનાં કુંડાળાં લીધા બાદ પાંચસાત કુંડાળાં ડાબી બાજુનાં લો. આ ક્રિયા વખતે આંખો બંધ રાખો, નહિતર ફેર આવશે. આ કસરત વલોણાની મ ફક પેટનાં અંગોને વલોવી નાખીને પેટનો મેદ દૂર કરશે અને હોજરી, પડખાં, આંતરડાં, પેડુ, પેટ અને કમ્મરને મજબૂત બનાવશે.

ચિત્ર ૩૦: એક પગ આગળ ને બીજો પાછળ રાખી ટટ્ટાર ઊભા રહો. જે પગ આગળ હોય તે બાજુનો હાથ પણ આગળ લંબાવો, ને પછી એ પગ ઊંચો કરી એ લંબાવેલા હાથની હથેળી-માં અડાડો. આ વખતે હાથને બને તેટલો ઊંચો રાખવા પ્રયત્ન કરો. હથેળીમાં અંગૂઠો અડ્યા પછી, એ પગને ધીરેધીરે નીચે લાવી જરા પાછળ લઇ જાઓ; અને એ જ રીતે હવે બીજા પગની તથા હાથની ક્રિયા કરો. વારા-ફરતી ૧૦ થી ૨૦ વાર આમ કરો. આથી સાથળ, પેડુ ને કમ્મર મજબૂત બનશે.


ચિત્ર ૩૧: ટટ્ટાર રહી ડોકને એટલી હદ સુધી આગળ નમાવો કે દાઢી છાતી પર હાંસડીના ભાગને અડે. આમ નમાવીને થોડી વાર દાબી રાખો ગળું મજબૂત બનશે અને તેની ચિકાશ ઓછી થશે.

ચિત્ર ૩૨: હવે નીચે નમાવેલી ડોકને ધીરે ધીરે હાંસડીમાંથી ઉઠાવી સીધેસીધી બની શકે તેટલી પાછળ લઈ જાઓ અને નજર છત-માં ચોંટાડો. એ જ સ્થિતિમાં થોડી વાર ડોકને રાખો; પછી ધીમેથી વચ્ચે લાવો.

ચિત્ર ૩૩: હવે સીધી રાખેલી ડોકને ધીમે ધીમે જમણા ખભા તરફ ઢાળો, ને સાથોસાથ આંખને પણ તે દિશામાં ફેરવી બની શકે તેટલું જમણી બાજુ જોતા રહો અને ખભામાં દાઢી-ને બને તેટલી દાબો. થોડી વાર એમ રહી એ જ ક્રિયા ડાબી બાજુ કરો.

ચિત્ર ૩૪: ગળા આગળથી ડોકને અક્કડ રાખી, જમણી બાજુથી શરૂ કરી ડોકને પાછળ લઈ, ડાબી બાજુથી આગળ લાવી ગોળ કુંડાળાંમાં ફેરવો. પાંચ વખત આમ કર્યા પછી ડાબી બાજુ કરો ધીમે ધીમે વધારતા જાઓ. આ ચારે કસરતો ડોકને મજબૂત બનાવશે.

આજથી પચ્ચીસ વર્ષ ઉપર જાણીતા કવિ શ્રી મકરંદ દવેની સહાય 'કુમાર'ના સંપાદનમાં મળેલી. એ થોડ ક માસ દરમ્યાન પણ એમણે ઘણો ચેતનવંત ફાળો આપેલો. એક વાનગી:



શંકરની પ્રજ્ઞા અને બુદ્ધનું હૃદય



દેશની, ધર્મની અને માનવજાતની વેદનાને પારખવા ને મિટાવવા આપણી પાસે બે શક્તિઓ છે: લાગણી ને બુદ્ધિ—હૃદય ને મગજ. બંને સતેજ જોઈએ, સંવેદનશીલ જોઈએ. બંનેને સંકટની સરાણે ચડાવી કસી શકીએ તો જ સાચો રોગ પારખી શકીએ. તેનામાં પ્રાણસંચાર કરી ચેતનવંત કરવાની આપણામાં શક્તિ આવે.

ભગવાન બુદ્ધમાં બંને હતાં. પણ પહેલાનું બીજા પર વિશેષ આધિપત્ય હતું. માનવજાત માટે સર્વત્યાગ કરનારું એમનામાં જે હૃદય હતું તે જ મારની ભયંકર સેના સામે નિશ્ચલ ને નિષ્કંપિત રહેનાર પણ હતું. એમનું સ્મરણ કરો, ને પ્રશાંત કરુણાની ઝલકભરી મૂર્તિ તમારી આંખ સામે તરી રહેશે.

શંકરાચાર્યનું એથી જુદું જ દર્શન થશે. એમની તેજસ્વી મેધા, પ્રતિભાથી ચમકતી આંખો, પૂર્ણ પ્રજ્ઞાના મરકાટભર્યું મુખ, દૃઢતા-ભર્યા નાના હોઠ, ગમે તેવા પંડિતને પણ પળ-માં ધૂળ ચાટતો કરનારો પ્રબળ વાક્‌વૈભવ તમને સ્વયં કહી દેશે કે જેકોઈ આની પાસેથી પસાર થયું છે તે એને નમ્યા સિવાય નથી ગયું.

બુદ્ધને ચરણે જશો એટલે તે કહેશે: 'ગ-ભરા નહિ, ભાઈ! દુ:ખિત માટે હમેશાં પરમ સુખનો માર્ગ ખુલ્લો છે. જો! રડ નહિ.'

શંકરની સન્મુખ નમન કરશો તો એ કહેશે: 'એમાં ગભરાય છે શું? તારે દુ:ખ છે જ ક્યાં? તું જ વિશ્વવ્યાપી ચૈતન્ય છે, પછી રડવાનું કેવું?'

એક તમારાં આંસું લૂછી આનંદનો માર્ગ બતાવશે; બીજો તમને જાતે જ આનંદસ્વરૂપ બનાવી દેશે. બંને નિરનિરાળી દિશામાંથી પ્રયાણ કરી પોતાના સત્યને પહોંચ્યા છે. છતાં જ્યાંથી તેમણે શરૂઆત કરી છે એ તત્ત્વ બંનેમાં પ્રબળ છે.

બુદ્ધ સંસ્કૃતનો ત્યાગ કરી લોકોની પંગત-માં આવી બેસે છે; તેમની જ ભાષામાં એ પોતાની વાણી રેલાવે છે.

શંકર સંસ્કૃતના ઉન્નત શૃંગેથી ભાગીરથી-ના પ્રવાહની માફક પોતાના ભવ્ય તત્ત્વજ્ઞાન વડે લોકોની ચિત્તભૂમિને પરિપ્લાવિત કરે છે.

બુદ્ધનો શિષ્ય 'ભિક્ષુ' બની નત મુખે ને ધીર પદે તમારે બારણે આવે છે.

શંકરનો શિષ્ય પરમ પરિવ્રાજકાચાર્ય બની ઉન્નત મુખે તમારે આંગણે ઊભો રહે છે.

બુદ્ધ પોતાનો જીવ લેવા આવનારના ખોળે માથું મૂકી તેને જીતી લેશે. શંકર જરૂર પડ્યે પાંચસો શિષ્યોથી વીંટાએલા કાપાલિકનું માથું તલવારપટા ખેલીને પણ રમતમાં વાઢી લેશે.

બુદ્ધનું હૃદય પાણીપોચું નથી; ભયંકર યાતના પણ એ સહન કરી શકે છે. શંકરનું જ્ઞાન ફક્ત પાં-ડિત્ય કે વાદવિવાદમાં પુરાએલું નથી; જંગલી ગણાતી જાતોને પણ નિમેષમાત્રમાં વશ કરી લે છે.

કોના પાત્રમાં તમારું જીવનનૈવેદ્ય ધરશો?

શંકરની જ્ઞાનદીપ્તિ વિનાનો ભિક્ષુ તો કેવળ દીન, અન્ન મેળવી આશ્રિત જેવો બનતો, તારવાની શક્તિ વગરનો કંગાલ માણસ બની જશે. બુદ્ધના હૃદય વિનાનો જગદ્‌ગુરુ માત્ર ઉદ્દંડ, અભિમાની, પોતાની જ વડાઈમાં તણાઇ જતો ઠુંપદનો અવતાર બની જશે. આપણને બંનેની જરૂર છે. બુદ્ધનું કમંડલ અને શંકરનો દંડ આપણે ધારણ કરી શકીએ તે આપણી પ્રાર્થના હો! શંકરની પ્રજ્ઞા અને બુદ્ધનું હૃદય-એ બંનેનું સાથે અભિસિંચન કરતી શક્તિનું આપણે આવાહન કરીએ.

—'પૂર્ણિમાયન'મિત્ર

કચ્છના અર્વાચીન સિક્કા


વાલજી કરશનજી ઠક્કર

કોઈ પણ રાજ્યને જેમ રાજ્યકર્તા, રાજધાની, મહેસૂલ અને લશ્કરની જરૂરિયાત છે તેમ તેના વિકાસ અને સમૃદ્ધ સંસ્કૃતિ માટે તેના સિક્કા—ચલણી નાણું હોવું અગત્યનું છે. રાજ્યને પોતાની ટંકશાળ અને સિક્કા હોય તે તેનું આગવું સ્વરૂપ-વિશિષ્ટતા સૂચવે છે. સિક્કાઓ ઉપરથી રાજ્યનો ઇતિહાસ, વિકાસ, સંસ્કૃતિ વગેરેની રસમય માહિતી મળી રહે છે.


કચ્છ પ્રદેશ અત્યારે ગુજરાત રાજ્યનો એક વિભાગ છે, જે અરબી સમુદ્ર બાજુ પૂર્વ રેખાંશ ૬૫°-૭૫° અને ઉત્તર અક્ષાંશ ૨૦°-૨૫° વચ્ચે આવેલો છે. જનસંખ્યા આશરે સાત લાખ કહી શકાય. સ્વાતંત્ર્ય પછી છેલ્લાં ૨૦ વર્ષમાં તેણે 'સી' સ્ટેટ, મુંબઈ રાજ્ય અને હવે ગુજરાત રાજ્યના અંગ તરીકેના વિવિધ સ્વરૂપ-પલટા જોયા તે અગાઉ તે પશ્ચિમ કાંઠાનું એક સ્વતંત્ર રાજ્ય હતું. તેને પોતાની આગવી ટંકશાળ હતી અને આંતરિક ચલણ માટે જુદાજુદા સિક્કા ત્યાં છપાતા.

કચ્છ રાજ્યના સિક્કાઓનો ઇતિહાસ રસમય છે. કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાતના સિક્કા લગભગ એક જ કાળે શરૂ થાય છે. ગુજરાતમાં જે વખતે મુઝફ્ફરશાહનું રાજ્ય હતું ત્યારે કચ્છમાં તેના સમકાલીન મહારાઓશ્રી ભારમલજી (સને ૧૫૮૫-૧૫૯૫)ને પોતાના નામની કોરી સૌપ્રથમ છાપવાની છૂટ મળી. ત્યારથી તે છેક આઝાદી બાદ ભારતમાં તેનું વિલિનીકરણ થતાં સુધી કચ્છ રાજ્યે સિક્કા બહાર પાડયા છે. ટિકિટો ઉપરથી જેમ ઇતિહાસની આછી ઝાંખી થાય છે, તેમ સિક્કાઓ તો સંશોધનનો ઘણો અગત્યનો વિષય છે. કચ્છના સિક્કાઓના અભ્યાસના ઊંડાણમાં ઊતરીએ તો એક મોટું પુસ્તક લખાય, પરંતુ અહીં તો કેટલાક મહત્ત્વના મુદ્દાઓ જ નોંધ્યા છે.

કચ્છના દરેક સિક્કા ઉપર એક બાજુ કચ્છના તે વખતના રાજ્યકર્તા મહારાઓશ્રીનું નામ અને બીજી બાજુ હિંદુસ્તાનના બાદશાહનું નામ, વર્ષ વગેરે છપાતાં. એ રીતે કચ્છના મહારાઓશ્રી પ્રાગમલજી



મહારાઓશ્રી પ્રાગમલજીના સં.૧૯૩૦ (ઈ.૧૮૭૩)..



...અને સંવત ૧૯૩૧ (ઈ.૧૮૭૪)ના પાંચીઆ

રાજ્યકર્તાનું નામ	ઇ. સ. માં રાજ્યકાળ
દેશળજી	૧૭૧૯-૧૭૫૨
લખપતજી	૧૭૫૨-૧૭૬૧
ગોડજી (બીજા)	૧૭૬૧-૧૭૭૯
રાયધણજી (બીજા)	૧૭૭૯-૧૮૧૪
ભારમલજી (બીજા)	૧૮૧૪-૧૮૧૯
દેશળજી (બીજા)	૧૮૧૯-૧૮૬૦
પ્રાગમલજી (બીજા)	૧૮૬૦-૧૮૭૫
ખેંગારજી (બીજા)	૧૮૭૫-૧૯૪૨
વિજયરાજજી	૧૯૪૨-૧૯૪૮
મદનસિંહજી	૧૯૪૮-

કચ્છના સિક્કાઓ ઉપરથી ત્યાંના રાજવીઓની જે તવારીખ જાણી શકાય છે તેની તારવણી અહીં આપી છે. સૌથી વિશેષ રાજ્ય અમલ ભોગવનાર મહારાઓશ્રી ખેંગારજીના કાળમાં સૌથી વિશેષ સિક્કા બહાર પડયા છે, તેમ સૌથી ઓછા સમય માટે ગાદી પર રહેનાર વિદ્યમાન મહારાઓશ્રી મદનસિંહજીના કાળના સિક્કા પણ અલ્પસંખ્ય છે.

બીજા (સને ૧૮૬૦-૧૮૭૫: સંવત ૧૯૧૬-૧૯૩૨:)ના સિક્કાઓ ઉપર એક બાજુ દેવનાગરી લિપિમાં 'મહારાજાધિરાજ મિરઝા મહારાઓશ્રી પ્રાગમલજી બહાદુર' અને સંવત, તથા બીજી બાજુ ફારસી લિપિમાં 'મુલ્કે મુઅઝ્ઝમ કવીન વિક્ટોરીયા, ઝરબ ભુજ' અને સન લખેલી છે. પ્રાગમલજીના વખતના એ સિક્કાઓમાં ડિઝાઈન, આકાર, વજન, વગેરેમાં ફરક પડે છે. અત્યાર સુધી કચ્છમાં ચાંદીની અર્ધ કોરી અને એક કોરી છપાતી અને સોનાની એક જ કોરી માત્ર છપાતી તેમાં હવે ચાંદીના સિક્કામાં અઢી કોરી અને પાંચ કોરી એ બે સિક્કાઓનો અને સોનાના સિક્કામાં ૧૦૦ કોરીની એક મહોર અને પચાસ કોરીની અર્ધ મહોર એમ કુલ ચાર સિક્કાનો વધારો થયો. મહારાઓશ્રી પ્રાગમલજીના સમયમાં આવા ભારે કિંમતના સિક્કા છાપવા પાછળનાં કારણોમાં એ અમલ દરમ્યાન શાળાનાં મકાનો, ઇસ્પિતાલો, પ્રાગમહાલ જેવા મહાલયો આદિ મોટાં બાંધકામો હાથ ધરવામાં આવતાં ખર્ચની ચૂકવણી સરળતાથી થાય એ દૃષ્ટિ હશે એમ જણાય છે.

મહારાઓશ્રી પ્રાગમલજી પછી મહારાઓશ્રી ખેંગારજી ત્રીજા (સને ૧૮૭૬-૧૯૪૨: સંવત ૧૯૩૨-૧૯૯૮)ના ૬૬ વર્ષના રાજ્યકાળમાં પાડવામાં આવેલા સિક્કાઓ પર બ્રિટિશ સલ્તનતનાં મહારાણી વિક્ટોરિયા, એડવર્ડ ૭મા, જ્યૉર્જ પાંચમા, એડવર્ડ આઠમા અને જ્યોર્જ છઠ્ઠા એમ પાંચ બાદશાહોનાં નામ આવે છે. તેમાં એડવર્ડ આઠમાનું નામ એ એક વિરલ વિશિષ્ટતા છે; કારણ કે ખુદ ઇંગ્લૅન્ડ પણ એ નામના સિક્કા બહાર પાડી શક્યું નથી! તેઓ ઈ. ૧૯૩૬ની શરૂઆતમાં ગાદીએ આવ્યા અને ત્યાંની ટંકશાળે એમના સિક્કાઓની ડાઈ વગેરે તૈયાર કરી; પણ ત્યાં તો એ જ વર્ષના અંતમાં એમણે ગાદી ત્યાગ કર્યો. આથી ગ્રેટબ્રિટનમાં એમના નામના સિક્કા બહાર ન પડી શક્યા. આખી બ્રિટિશ સલ્તનતમાં, ભારતમાં માત્ર કચ્છ અને જોધપુર રાજ્ય તરફથી અને અન્યત્ર બ્રિટિશ ઈસ્ટ આફ્રિકા, બ્રિટિશ વેસ્ટ આફ્રિકા ને ન્યૂગાયના એટલે સ્થળે એડવર્ડ આઠમાના સિક્કા બહાર પાડયા હોવાનું જણાયું છે. કચ્છના એડવર્ડ આઠમાના નામવાળા સિક્કાઓમાં

ત્રણ દોકડાનો ત્રાંબાનો, ચાંદીની એક કોરીનો, ચાંદીની અઢી કોરીનો અને ચાંદીની પાંચ કોરીનો એમ ચાર જાત છપાઈ છે, જેની વિદેશમાં વિરલ સિક્કાઓ તરીકે આજે સારી માંગ છે.

તે પછી મહારાઓશ્રી વિજયરાજજી (સને ૧૯૪૨–૧૯૪૭: સંવત ૧૯૯૮–૨૦૦૪)ના બહુ જ ટૂંકા અમલમાં પણ સિક્કાની દૃષ્ટિએ કચ્છના સિક્કાનાં વજન, કદ, આકાર વગેરેમાં ધરમૂળથી ફેરફાર કરવામાં આવેલા. ચાંદીની અર્ધ કોરી તો છપાઈ જ હોવાનું જણાયું નથી. એ જ રીતે ત્રાંબામાં બે ત્રાંબીઆનો દોકડો છાપવાનું બંધ થયું અને ત્રાંબીઓ, ઢીંગલો, ઢબુ, પાયલો અને આધીઓ એવા ત્રાંબાના પાંચ સિક્કા પડયા, જેમાં છેલ્લી બે નવી જાત શરૂ થઇ. આ ઉપરાંત, માત્ર ત્રાંબીઆના સિક્કા સિવાય બાકીના બધા ત્રાંબાના સિક્કાઓમાં વચ્ચે વીંધ કરવામાં આવ્યું, જે બીજા વિશ્વયુદ્ધના કારણે પડેલી ત્રાંબાની ખેંચના કારણે અનિવાર્ય હતું.



મહારાઓ શ્રી ખેંગારજીનો સં.૧૯૭૩નો એક સિક્કો


વિદ્યમાન મહારાઓશ્રી મદનસિંહજીના ૧૯૪૮માં થએલા રાજ્યાભિષેક વખતે તેઓશ્રીના નામના જે સિક્કા પડયા તે કચ્છના ઇતિહાસમાં તેમજ ભારતભરમાં પણ એક સ્વતંત્ર રાજ્ય તરીકેના એઓશ્રીના એકલાના જ સિક્કા છે, જેમાં ફક્ત 'મહારાઓશ્રી મદનસિંહજી કચ્છ ૨૦૦૪'એ પ્રમાણે છાપેલું છે, અને અત્યાર સુધી મુખ્ય બાજુ ઉપર જે 'એમ્પરર ઑવ ઇન્ડિયા'નું નામ છપાતું અને પાછળની બાજુ રાજ્યનું નામ આવતું તેને બદલે મુખ્ય બાજુ કચ્છના મહારાઓશ્રીનું નામ અને પાછળની બાજુમાં 'જયહિન્દ' છપાએલું છે.



મહારાઓ શ્રી મદનસિંહજીનો સં.૨૦૦૪ (ઈ.'૪૮)નો ઢબુ

મહારાઓશ્રી મદનસિંહજી સાહેબના આવા ત્રણ સિક્કાઓ છપાયા છે. ત્રાંબાનો ઢબુ (એટલે કોરીનો આઠમો ભાગ), અને ચાંદીના સિક્કામાં એક કોરી અને પાંચ કોરી. એ પછી તા. ૨૬–૪–૧૯૪૯થી ભારતના સિક્કા કચ્છમાં કાયદેસરના ચલણ તરીકે દાખલ થયા.

કચ્છના સિક્કા ઓળખવા માટેનાં નિશાનોમાં ચાંદી અને સોનાના સિક્કામાં ત્રિશૂળ, ચંદ્ર અને કટાર હોય છે. ત્રિશૂળ એ જાડેજા રાજાઓની કુળદેવી આઈ (માતા) આશાપુરાનું પ્રતીક છે, અને ચાંદ કે ચંદ્ર, એ જાડેજા રજપૂતો ચંદ્રવંશી હોવાનું સૂચવે છે, અને કટાર એ રજપૂતી શૌર્યનું ચિહ્ન છે. જૂના ત્રાંબા સિક્કામાં કોઈ ઉપર ત્રિશૂળ છે તો કોઈ ઉપર કટાર છે; પણ સંવત ૧૯૨૫ પછીના ત્રાંબા-સિક્કાઓ ઉપર માત્ર ત્રિશૂળનું એક જ ચિહ્ન છે. પરંતુ ૧૯૪૪ અને તે પછીના ત્રાંબાના સિક્કાઓ ઉપર મહારાઓશ્રીના નામ બાજુ ત્રિશૂળ અને બીજી બાજુ કટારનાં ચિહ્ન છે; જ્યારે મહારાઓશ્રી વિજયરાજજી સાહેબના સમયના ત્રાંબાના સિક્કાઓમાં ઉપર સિવાયના અર્ધ કોરી, પા કોરી, ઢબુ અને ઢીંગલા દરેકની એક બાજુ ઉપર ત્રિશૂળ ચંદ્ર અને કટાર છે જ્યારે ત્રાંબીઆની એક બાજુ ત્રિશૂળ અને એક બાજુ કટાર છે.



મહારાઓ શ્રી વિજયરાજજીના સમય (ઈ.૧૯૪૨ થી ૧૯૪૭)ના સિક્કા. અનુક્રમે: આધીઓ, પાયલો, ઢબુ, ઢીંગલો અને ત્રાંબીઓ.

ગુલાબદાસ બ્રોકર

નવા ગગનની નીચે

૨૩ • ફ્લૉરેન્સ અને રોમ

વહેલી સવારે આંખ ઊઘડી ગઈ. સવારના પહોરમાં તો સામાન ઉપાડી સાન માર્ગો પહોંચવાનું હતું, ને ત્યાંથી અલ ઇટાલિયાનું ફ્લૉરેન્સ જતું વિમાન પકડવાનું હતું, એટલે ઊંઘમાં પણ ફડક રહેતી હતી. પણ આંખ ધાર્યા કરતાં કે જરૂર કરતાં વહેલી ઊઘડી ગઇ....

નાહીધોઈને તૈયાર થઈ બોટના સ્ટૅન્ડ પર જઈ સાન માર્ગોની ટિકિટ કઢાવી. હવા ખુશનુમા હતી. વેનિસરાણીના નમણા સૌન્દર્યને જોવાની એ પ્રભાતના પહોરમાં મઝા આવતી હતી...સાન માર્ગો ઊતર્યો ત્યાંથી એર ટર્મિનલની ઑફિસ એકાદ ફર્લાંગ દૂર હશે. સામાન ઉપાડી ચાલવા માંડ્યો ત્યાં એક મજૂરે પાસે આવી સામાન ઉપાડવા માગણી કરી. પૂછ્યું: 'શું પડશે?' આંગળી બતાવી અને મોઢેથી પણ બોલીને તેમણે સમજાવ્યું: 'ચારસો લીરા.' મેં ડોકું ધુણાવ્યું. ચાલવા માંડ્યું. એ પાછળ ચાલ્યો. 'શું આપશો?' કે એવું કંઈક પૂછવા લાગ્યો. 'સો લીરા' મેં એક આંગળી બતાવી. એણે બે બતાવી. મેં ડોકું ધુણાવી ના પાડી. બે ડગલાં મૂંગામૂંગા અમે ચાલ્યા. પછી એ હસીને આવ્યો. મારી સામે એક આંગળી ઊંચી કરી. મેં પણ કરી. કબૂલ થયો. સામાન તેણે ઊંચકી લીધો. એર ટર્મિનલ પર પહોંચ્યા. મેં એકસો લીરાની નોટ આપી. તેણે ન લીધી. ચાર આંગળી બતાવી ચારસો લીરા માગ્યા, ને ઘણું બધું બોલવા લાગ્યો. હું ઑફિસના કર્મચારી પાસે ગયો. આખી વાત સમજાવી. એ કર્મચારીએ એની સાથે થોડી વાતચીત કરી પછી મારી તરફ ફર્યો: 'એ તો ચારસો લીરા જ માગે છે.'

'તે ફરી જાય છે. હું નહિ આપું' મેં ગુસ્સાથી કહ્યું.

'એ ખરું, પણ અહીં કાયદો ચારસો લીરાનો છે. એ ન કબૂલ કરે તો તમારો છૂટકો નથી.'

જખ મારીને ચારસો લીરા ગણી આપવા પડ્યા. વેનિસનું રહ્યુંસહ્યું આકર્ષણ પણ એ ક્ષણે મારા મગજમાંથી ભૂંસી નાખ્યું. એક વૃદ્ધ સન્નારી એક ખૂણામાં બેઠાંબેઠાં શાંતિપૂર્વક આ નાટક જોઈ રહ્યાં હતાં. વિષાદભર્યા મુખે મને એક જગ્યાએ બેસી જતો જોયો કે તે મારી પાસે આવ્યાં. પોતાના પણ આ ગામના આવા કડવા અનુભવો તેમણે કહ્યા: 'ફરી કદી યે હવે વેનિસ તો નહિ જ આવું' તેમણે નિર્ધાર જાહેર કર્યો.

ત્યાં તો એર પોર્ટ જવાની તૈયારી થઈ ચૂકી હતી. સામાન ચાલી ગયો હતો. અમને વિમાનની કંપનીની બોટમાં એર પોર્ટ પહોંચાડવામાં આવ્યાં કલાકમાં તો કલાનગરી ફ્લૉરેન્સ નજર નીચે તરી રહી.

એર પોર્ટ પરથી એર ટર્મિનલ સુધીનો રસ્તો સુંદર હતો. ઈટલી પણ નિસર્ગરમણીય છે તેનો ધન્ય અનુભવ થયો. ઊતરવાની જગ્યા નિશ્ચિત નહોતી કરી. ટર્મિનલ પરની છોકરીને નજીકમાં જ છતાં સરસ હોટેલ શોધી આપવા કહ્યું. તેણે કહ્યુ: 'નજીકમાં જ સરસ હોટેલ છે. નસીબદાર હશો તો જગ્યા ખાલી હશે.'

નસીબદાર છું એની તો ખાતરી જ હતી. એ ખાતરી સાચી પણ નીકળી. થોડેક જ દૂર, નદીના પુલની પાસે, હોટેલ બરક્ગ્રેલીમાં એક જ રૂમ ખાલી હતો. મને મળી ગયો. તૈયાર થઇને થોડી વારમાં જ નીચે આવ્યો. પોર્ટર પાસેથી બપોરની ટૂરની ટિકિટ ખરીદી. ત્યાં સુધી શું કરવું તે પૂછ્યું. તેણે એક નજીકમાં જ કબરઘર જોવાનું સૂચવ્યું તેમાં માઇકેલ ઍન્જેલોનું એક અત્યંત સુપ્રસિદ્ધ શિલ્પ છે. માઈકેલ ઍન્જેલોનો 'ડેવિડ' જોવાનું પણ તેણે કહ્યું.

નાના એવા ફ્લૉરેન્સમાં પૂછતાં પૂછતાં પહોંચી ગયો તે કબર પાસે. ગામ નાનું પણ રમણીય હતું. ઈટાલિયન ધોરણ પ્રમાણે સ્વચ્છ પણ હતું. માઇકેલ ઍન્જેલોની કલા ગમે તે યુગમાં ગમે તેને સ્પર્શે તેવી છે. હું એથી મુક્ત શી રીતે રહું? ફ્લૉરેન્સના એ સમયના શ્રીમંતોએ તૈયાર કરાવેલું એ શિલ્પ અદ્‌ભુત હતું. પેટ ભરીને જોયું. છતાં સમય બચ્યો. પગમાં સ્ફૂર્તિ પણ હતી. પહોંચી ગયો 'ડેવિડ' પાસે. ફ્લૉરેન્સની પ્રખ્યાત ચિત્રગૅલેરી પિટી પૅલેસના પ્રાંગણમાં અને ગામના ચોકમાં તે પ્રખ્યાત શિલ્પ ઊભું છે. છેટેથી જોતાં જ બળનો—માર્દવભર્યા બળનો ખયાલ આવે. બાઈબલનું એ પ્રખ્યાત પાત્ર આજે સદીઓથી ફ્લૉરેન્સનો ચોક ભરીને ઊભું છે. તેની રેખાએ રેખામાંથી કલાકારની સૂક્ષ્મ કારીગરી નીતરી રહે છે. મોટા એવા પથ્થરમાંથી કોતરી કાઢેલી પૌરુષની એ અદ્‌ભુત મૂર્તિ! શરીરે નિર્વસ્ત્ર હોવા છતાં જોનારને એ નિર્વસ્ત્રતા ક્યાંય ખૂંચતી નથી. શરીરનું સૌષ્ઠવ જ ધ્યાનમાં આવે છે. એના સ્નાયુએ સ્નાયુમાં ઠાંસી ઠાંસીને જાણે બળ ભર્યું હોય એવા ચપળ અને લસલસતા! ત્યાંથી પસાર થતા જુવાનોને જાણે આહ્‌વાન ન આપતા હોય: જુવાન છો ને? મર્દ છો ને? જુઓ, આવી હોય જુવાની, આવો હોય મર્દ.'

કેટલીયે વાર સુધી તેને જોતો ત્યાં ઊભો જ રહ્યો. ઓચિંતી ઘડિયાળ તરફ નજર ગઈ ત્યારે ભાન આવ્યું કે હજી ખાવાનું છે; થોડા આરામની પણ જરૂર છે; ને પછી પેલી ટૂર લેવાની છે.

હોટેલ બરક્ગ્રેલીની બાજુમાં જ એક રેસ્ટોરાં હતી. સરસ હતી. પણ કોઇ રીતે મારી શાકાહારી માગણીઓ હું વેઇટરને કે માલિકને સમજાવી ન શક્યો માંડમાંડ થોડુંઘણું મેળવી શક્યો...

હોટેલથી થોડે દૂર એક ગલીના નાકેથી ટૂરનો કોચ ઊપડવાનો હતો. ત્યાં પહોંચ્યો ત્યારે માત્ર એક સ્ત્રી ઉતારુ ત્યાં ઊભી હતી. હું પણ ઉતારુ છું જાણી રાજી થઇ ગઈ. પૂછ્યુ: 'અંગ્રેજી બોલો છો?' મેં કહ્યું: 'કમભાગ્યે અંગ્રેજી જ બોલું છું.' બીજી ભાષાના અજ્ઞાનને અંગે સવારે ભૂખ્યો રહ્યો હતો એ હજી નહોતું ભૂલાયું.

'મારા સદ્‌ભાગ્યે.' તે હસી 'તમે તો તમારી ભાષા પણ બોલતા હશો; હું તો માત્ર અંગ્રેજી જ બોલું છું.'

'સરસ. તો આપણને ફાવશે. ક્યાંથી આવો છો?'

'અમેરિકાથી.'

'આખું યુરોપ અમેરિકનો ભરી દેતાં લાગે છે.'

'ઉનાળામાં અમે બહાર નીકળીએ છીએ.'

ત્યાં તો ટૂરિંગ કોચ આવી પહોંચ્યો. વાતો કરતી કરતી તે મારી જોડે જ ચઢી, ને મારી જોડે જ બેઠી.

બસના માઇકમાંથી અમારી ગાઈડ બોલી રહી હતી. પ્રૌઢ ઉમરની સ્ત્રી હતી, પણ અંગ્રેજી સરસ બોલતી હતી. ફ્લૉરેન્સનો તેણે અમને ખયાલ આપ્યો: તેના ઇતિહાસનો, તેનાં સૌન્દર્યધામોનો, તેની કલાસમૃદ્ધિનો. પછી બસ ચાલી.

થોડી વારે ભોમિયણ બાઈએ તેના અવાજમાં ગૌરવની છાંટ ભરીને કહ્યું: 'આખા યુરોપમાં પણ જે વિશિષ્ટ ગણાય તેવી ચિત્રગૅલેરીમાં હવે આપણે જઈએ છીએ. તેનું નામ છે પીટિ પૅલેસ, ને તેના પ્રાંગણમાં ઊભું છે માઇકેલ ઍન્જેલોનું પ્રખ્યાત શિલ્પ ડેવિડ.'

રોમના જગવિખ્યાત ઍમ્ફીથીએટર—કૉલોઝિયમનાં બે દશ્યો—બાજુમાંથી અને વિમાનમાંથી ઈ. ૭૨માં રોમન સમ્રાટ વેસ્પૅસી અને એના બાંધકામનો આરંભ કરેલો અને ઇ. ૮૦માં સમ્રાટ ટાઈટસે એ પૂરું કરાવ્યું. જેરૂસલેમના યુદ્ધમાં પકડાએલા યહૂદી બંદીવાનો પાસે મજૂરી કરાવીને બંધાવેલી ચાર મજલાવાળી આ લંબગોળાકાર ભવ્ય ઈમારતમાં લગભગ ૫૦,૦૦૦ પ્રેક્ષકો બેસી શકે એવી વ્યવસ્થા હતી. એના ઉદ્‌ઘાટનનો ઉત્સવ એક સો દિવસ સુધી ચાલેલો. અંદર એની મધ્યમાં ૬૦૦ ફૂટ લાંબા ને ૫૦૦ ફૂટ પહોળા મેદાનમાં તાલીમ પામેલા યોદ્ધાઓ, યુદ્ધકેદીઓ કે હિંસક વન્યપશુઓનાં દ્વંદ્વ લડાવાતાં. અંદર પાણી ભરીને નૌકાયુદ્ધોની રમત પણ રમાતી. સંખ્યાબંધ ખ્રિસ્તધર્મીઓને પણ અહીં જીવલેણ રમતોમાં નાખીને મોતને હવાલે કરાતા. વીજળી, ભૂકંપ, યુદ્ધો વ. કારણોને લીધે એનો લગભગ ત્રીજો ભાગ ખલાસ થઈ ગયો છે.

ડેવિડનાં ફરી દર્શન કર્યાં. નિષ્ણાતની દૃષ્ટિપૂર્વક એ બાઈએ તેની શિલ્પસમૃદ્ધિની સમાલોચના કરી. પછી અંદર ગૅલેરીમાં ગયાં.

વિશાળકાય એ પૅલેસ ઉત્તમ ચિત્રકૃતિઓથી ઠાંસોઠાંસ ભર્યો હતો. મધ્યયુગના યુરોપની કલાની અઢળક સામગ્રી તેમાં સચવાઈ રહી હતી. પેલી બાઈ તેમાંનાં વિશિષ્ટ ચિત્રો વિષે યાત્રાળુઓને જ્ઞાનભરી સમજૂતી આપી રહી હતી: કલા વિષે, તેની જુદી જુદી શાખાઓ અને શૈલીઓ વિષે તેનાં ઉદ્‌ભવ-ઉદ્‌ગમ અને વિકાસ વિષે, તેનાં ઐતિહાસિક પરિબળો વિષે. આ લોકો કેટલું બધું જાણતાં હતાં! એ સ્ત્રી પ્રત્યે હૃદયમાં આદર ઊભરાયો. કલાકેક પછી એ બધું જોઈને તર બનીને જ્યારે બહાર નીકળ્યાં ત્યારે એ આદર મેં શબ્દોમાં તેની પાસે વર્ણવ્યો પણ ખરો. તેણે હસીને માત્ર એટલું જ કહ્યું: 'ઈટ ઈઝ માઈ જૉબ, જેન્ટલમન.' પણ મેં જોયું કે એ પછી અમે જ્યાંજ્યાં ગયાં ત્યાં તે મારા ઉપર ખાસ વિશેષ ધ્યાન આપતી હતી!

ત્રણચાર કલાક ઘૂમ્યાં તેમાં જોવા જેવું સઘળું જોઈ લીધું. માઇલો દૂર એક જગ્યાએ કુદરતના સૌંદર્યનાં પણ દર્શન કર્યાં. પછી પાછાં આવ્યાં ત્યારે સાથેની સ્ત્રીઓને ખૂબ જ પસંદ આવી જાય એવી એક જગ્યાએ તે અમને લઈ ગઈ. તે ખરીદી માટેનો એક મોટો સ્ટોર હતો, જેમાં જાતજાતની અને ભાતભાતની ચીજો હતી. ચામડાની બનાવટની તો અનેક ચીજો હતી. ફ્લૉરેન્સ ચામડાના કામ માટે વખણાય છે. વળી અમેરિકનોને તો એ બધું જ સસ્તું પણ લાગે છે.

ખરીદીઓ પૂરી થઈ ગઈ અને સહુ ફરી પાછાં પોતાની જગ્યાએ બસમાં ગોઠવાઈ ગયાં. પણ હવે મેઘરાજા વર્ષવા લાગ્યા હતા. ગામ ઉપર તેણે જાણે અંધારપછેડો ઢાળી દીધો. સહુસહુની જગ્યાએ પહોંચીને ઉતાવળાં ઉતાવળાં ચાલ્યાં ગયાં.

અત્યારનાં, સદ્‌ભાગ્યે, ખાવાનું સરખું મળ્યું. પેટ ભરીને ખવાયું ને રાત્રે ઘસઘસાટ ઊંઘી પણ જવાયું.

હવે રોમ જવાનું હતું. જેને યુરોપના લોકો 'ધી ઈટર્નલ સિટી—સનાતન શહેર—કહે છે તે રોમ. પુરાણપ્રસિદ્ધ નગરી. જેનું નામ લેતાંવેંત અનેકાનેક ભાવો હૃદયમાં આપોઆપ ઊભરાઈ આવે એ કલાયાત્રાનું મહાધામ. કલ્પનાએ તો આજે વર્ષોથી એને અનેક રંગે રંગીને હૃદયમાં બેસાડી દીધું હતું. પણ તેના સ્વાભાવિક રંગોમાં તેને જોવાની ઘડી આવી પહોંચી ત્યારે હૃદય અવનવા ભાવો, અવનવો તરવરાટ અનુભવતું હતું. ફ્લૉરેન્સથી રોમ માટેનું વિમાન સવારે નીકળવાનું હતું. વહેલો ઊઠી ગયો... એર ટર્મિનલ નજીક જ હતું. ઉતારુઓનો સામાન ત્યાં જોખાઈ રહ્યો હતો. મારો સામાન પણ જોખાવ્યો. ને પછી થાક ખાવા અંદરના ઓરડામાં ગયો. સહપ્રવાસીઓ ઊપડવાની રાહ જોતા બેઠા હતા. તેમને જોઈ રહ્યો હતો ત્યાં મારી જેમ જ હાંફળીફાંફળી દોડી આવેલી એક યુવતી આવીને મારી જોડેની ખુરશીમાં બેસી ગઈ. હાંફતી હતી. હસી,—'માઈ ગૉડ' બોલીને. ડોકું ધુણાવીને ફરીથી હસીને ચહેરા ઉપર રૂમાલ ફેરવ્યો.

'ઉતાવળની જરૂર નથી.' મેં કહ્યું 'હું પણ આમ જ દોડતો આવેલો. પણ અહીં નિરાંત છે. આ તો ઈટલી છે ને!'

એ પણ હસી ને વાતે વળગી. લેખિકા નીકળી પડી. અમેરિકાની. નામ ફ્લૉરેન્સ ઇપસ્ટીન. નવલકથા લખતી હતી: સાઇકૉલૉજિકલ. કદીક એનું નામ પુસ્તકનાં પાનાં ઉપર જોવા મળશે તો આખું ઈટલી મારા મનમાં તાજું થઈ જશે... એને અમેરિકન હેમિંગ્વે કે ફૉકનેર નહે તા ગમતા. કેથેરીન ઍન પોર્ટર પણ એટલી બધી નહિ તેને તો અંગ્રેજ લેખકો ગમતા હતા. ઍન્ગસ વિલ્સન ને બીજાઓ.

એ પણ રોમ જ જતી હતી. એરોપ્લેનમાં પણ સાથે જ બેઠી. અનેક વાતો કરે. લેખિકા કેવી હશે એ તો ખબર નથી, પણ સાહિત્ય નામનો પદાર્થ સર્વાંગે જાણતી હતી. ને બીજું જાણતી હતી—રોમને.

પણ એ રોમ એના હૃદયમાં એક સ્વપ્ન રૂપે પડ્યું હતું—મારા હૃદયમાં પડ્યું હતું તેમ જ. એ સ્વપ્નની સિદ્ધિની પળ જેમ જેમ નજદીક આવતી ગઈ તેમ તેમ અમે બંને મૂગાં થતાં ગયાં. ઇટલીના સ્વચ્છ આકાશને ભેદતું એરોપ્લેન ધીમું પડ્યું ત્યારે રવહીન સ્મિત સહિત અમે એકબીજાની સામે જોઈ લીધું. અમારી નીચે વિરાટ

વિસ્તારમાં પથરાઈને સાકાર બનેલું અમારું સ્વપ્ન પડ્યું હતું.

એ સ્વપ્નને સત્યમાં પલટાઈ જતું જોવાની અદમ્ય તાલાવેલી હતી. ઝટપટ બહાર નીકળ્યાં. મારે જવાની જગ્યા નિશ્ચિત હતી; તેણે શોધવાની હતી. વિદાય લીધી અને છૂટાં પડ્યાં. ફરી કોઈ દિવસ પણ નહિ મળીએ, કદાચ; પણ એ કલાકની મુલાકાત પણ એક મધુર સ્મૃતિ હૃદયમાં મૂકતી ગઈ છે.

ટૅક્સી કરીને 'ઈન્ટરનૅશનલ પેન્સીઓને વૂડકૉક-ગ્રેવાઈના'ના મારા રોમના રહેવાસ માટે નિશ્ચિત કરી રાખેલા સ્થાન ઉપર પહોંચી ગયો. શહેરથી ખૂબ જ દૂર આવેલી જગ્યા. રસ્તે લગભગ આખું શહેર ખૂંદી નાખ્યું. મારા આવવાની જાણ કરેલી એટલે બીજી કશી અગવડ નહોતી. હોટેલની માલિક બાઈ, જાડી ગ્રેવાઈના, હું ગયો તેવી જ હસતી હસતી મારી સામે આવી અને મારું સ્વાગત કર્યું. કેરીના નામની તેની સહાયકને મારો ઓરડો મને બતાવવા મોકલી. નમ્ર, જુવાન, હસમુખી, વિનયશીલ કેરીનાને જોઈને મને થયું કે સ્મિતસભર ગ્રેવાઈના અને સેવાતત્પર કેરીનાના હાથ નીચે રોમના રહેવાસના મારા પાંચે દિવસ સુખરૂપ જશે જ.

એમ જ થયું. ઓરડામાં બરોબર ગોઠવાયો. સ્વસ્થ થયો. નિરાંતે નાહ્યો. તૈયાર થઈ લખવા બેઠો. ઓળખાણો સારી મળી હતી રોમમાં. દિલ્લા વકીલે ઍાબ્રે મેનન ઉપર પત્ર આપ્યો હતો. નવનીત પારેખે ડૉ. ટૂચ્ચી તથા રામ ઓસિની ઉપર. શેષાદ્રિએ લ્યુચીઆ ઉપર અને પી ઈ. એન. વતી સોફિયા વાડિયાએ પ્રો. આસુન્ટા ઉપર એ બધા પત્રો જોડે મારું સરનામું બતાવતા પત્રો જોડી દીધા ને ઉપર ગયો. ગ્રેવાઇના મળી—એવી જ રીતે હસતી. મા જેવી લાગે. તરત ગમી જાય. ઈટાલિયનની છાંટવાળું અંગ્રેજી બોલે. એ કાલુંકાલું લાગે, છતાં મઝા આવે ખૂબ જ. આ હોટેલની એ માલિક. એ અને એનો પતિ વૂડકૉક બંને. એટલે તો નામ 'પેન્સન વૂડકૉક-ગ્રેવાઈના' પડેલું. પેલો અંગ્રેજ. અંગ્રેજ જેવો જ લાગે. ઓછાબોલો અને કામઢો. છતાં આ ઇટેલિયન સ્ત્રી જોડે આખો સંસાર ગાળી નાખેલો.

જમતી વખતે એ સામે બેઠી. મારા ખોરાક વિષે મેં સૂચના પહેલેથી આપી રાખેલી–તદ્દન નિરામિષાહારી ભોજન વિષેની. તેવું બનાવેલું. સરસ બનાવ્યું હશે એવો એનો ખયાલ હતો. પ્રેમપૂર્વક બનાવ્યું હતું એ સ્પષ્ટ હતું. એટલે સત્યને બાજુએ મૂકીને, એ સંતોષ પામે એટલા ખાતર, એના એ ખયાલને મારે સંતોષવો પડ્યો... બીજે દિવસે મારે કયા ટૂરિંગ કોચમાં જવું, શું શું જોવુંએની સૂચના આપી. ટિકિટ પણ આપી ને તે દિવસ પૂરતો તો મારી મેળે, મન ફાવે તેમ, રોમમાં ઘૂમી વળવા માટે તેણે મને છૂટો મૂકી દીધો.

પછી શું જોઈએ બીજું? ઑગસ્ટ-સપ્ટેમ્બરનું સ્વચ્છ આકાશ અને રોમની ધરતી! ભૂમધ્યની નિકટની. હૂંફાળી પ્રસન્ન ઋતુ બધું જ પ્રસન્ન પ્રસન્ન લાગે. સૂરજ જાણે નિગાળીને બધું ય સાફ ન કરી દેતો હોય! રસ્તો પગ નીચે નીકળવા લાગ્યો ને એ પ્રસન્નતા મને પણ ઘેરી વળવા લાગી. માણસો તો જાણે જોયાં જ કરીએ એવાં. પુરુષો અને સ્ત્રીઓ બંને. ચહેરાઓના ઘાટ જ એવા સુરેખ. ને બદનની તાઝગી? પણ એ મારે કહેવાનું ન હોય. આખું જગત જાણે જ છે.

ક્યાં જઈ રહ્યો છું એની કશી ખબર નહોતી, પણ નિશાની રાખતો રાખતો આગળ ચાલ્યો જતો હતો. થોડે ગયો ત્યાં કશુંક વેરાન જેવું દેખાયું. મોટો એવો પટ હતો. ખંડિયેર જેવું ગોળાકાર કશુંક દેખાતું હતું. ઉપરનો ભાગ વળી અર્ધગોળાકાર હતો. બધું જૂનં જૂનું, અત્યંત જૂનું હોય તેવું લાગતું હતું. જૂની નગરી હતી તે જૂનું તો હોય જ ને! એમાં ઘણું કુતૂહલ થયું. અત્યંત નજીક પહોંચી ગયો. થોડો ખાડો હતો એમાં. એ પણ ગોળાકાર. જોતાં જ સ્મૃતિ સળવળી ઊઠી. આ...આ તો...કોલોસિયમ નહિ હોય? તરત જ યાદ આવી ગયું: હું રહીશ ત્યાંથી કોલોસિયમ તદ્દન પાસે હશે એમ ભાઈ સુભાષ મઝુમદારે લખેલું. (આ હોટેલમાં મારા માટે રહેવાની એમણે સગવડ કરી આપી હતી ત્યારે). આ સમૃદ્ધ અને તરવરતા આધુનિક શહેરની વચ્ચે પડેલો પુરાણકાળનો આ ટુકડો હું જોઈ રહ્યો. લંડનમાં બ્રિટિશ મ્યૂઝીઅમ જોતાં થયો હતો. તેવો જ અનુભવ થયો. એ ખાડો ઓચિંતો સંચારશીલ બની જતો લાગ્યો: માણસોથી, પશુઓથી, હાકોટાઓથી ઉંહકારાઓથી. પેલો અર્ધગોળાકાર ભાગ પણ શહેરીઓથી ભરાઈ ગયો હતો—ઉત્તેજના અનુભવતા ને ખુમાટા ગજાવતા શહેરીઓથી. વચ્ચે બેઠો હતો શહેનશાહ–માણસ કે પશુ જે કંઇ મરાય તેથી નિર્લિપ્ત રહીને એ મૃત્યુપર્વનો આનંદ અનુભવતો હતો.

કેવું હશે એ વખતનું આ રોમ? કેવી જાલિમ આનંદની ભાવના હશે, આ સંહારલીલાને ક્રીડા ગણી-ગણાવી તેને રૂપાળું નામ આપી તેમાંથી રસ માણનારા શહેનશાહો અને ઉમરાવ લોકોની? ને કેવો હશે પેલો નીરો? સહસા જ આજુબાજુ પથરાએલા શહેર ઉપર નજર દોડી ગઇ. ચારે બાજુ જાણે ભડકા બળતા હતા. ને તેની વચ્ચેથી ફિડલનો સૂર બહાર આવવા મથી રહ્યો હતો. આનંદનો હતો એ સૂર? શરીરે કંપ અનુભવ્યો અને આંખો મીંચાઈ ગઈ. પણ પછી એ પાછી ઊઘડી ત્યારે પેલું સંગીત નહોતું સંભળાતું, કે ભડકા નહોતા દેખાતા. બધું ય નિર્જીવ હતું. રવશૂન્ય હતું. સામે પથરાએલો હતો એ ગોળાકાર ખાડો અને એને સમાવતી ખંડિયેરની દીવાલો. 'આ છે કોલોસિયમ ત્યારે' બબડ્યો; એક નિઃશ્વાસ નાખ્યો ને ત્યાંથી ચાલતો થયો.

ફરી પાછો વસ્તીવાળા ભાગમાં આવ્યો ત્યારે થોડે દૂર મોટો એવો ચોક દેખાતો હતો. પાછું કુતૂહલ સળવળ્યું. ત્યાં ગયો. ચોકની એક બાજુ એક વિશાળ અને દબદબાભર્યું સ્થાપત્ય દેખાતું હતું. જૂનું નહિ, નવું. પૂતળાં પુષ્કળ હતાં. ઊંચાં ઊંચાં પગથિયાં. અને સિંહો પણ ખરા. પથ્થરના જ અલબત્ત. સામે વિશાળ ચોક. મુસોલિનીએ એ રચેલું. વટદાર લાગે, પણ નજર એવી ચોંટે નહિ. અંગ્રેજી જાણનાર કોઈ ઈટાલિયન મળી ગયો. એ વિષે પૂછતાં કહે: 'મોન્સ્ટ્રસ, બાર્બેરિક, ઈન આર્ટિસ્ટિક.' ભવ્ય હતું પણ રંજક નહોતું એટલું તો હું પણ સમજી શક્યો. પણ છતાં અંદર પૂરેપૂરું રખડ્યો. બહારના ચોકમાં મુસોલિનીને સાંભળવા એકઠી થતી મેદનીની કલ્પના કરી. સામેની ગૅલેરીએ તેની સાક્ષી પૂરી. થાક્યો ત્યાં સુધી એ બધું જોયા કર્યું.

ખબર નહોતી પડી, પણ રખડપટ્ટી ખૂબ થઈ હતી. થાક કેટલો લાગ્યો હતો એ તો નિવાસસ્થાન કેટલું બધું દૂર લાગતું હતું તેના ઉપરથી જાણવા મળ્યું. બસસ્ટૅન્ડ ઉપર ઊભેલા તંદુરસ્ત જુવાનો અને અને જુવતીઓ મારી થાકેલી ચાલને જોતાં મર્માળું સ્મિત કરી રહ્યાં હતાં એવા ભ્રમનો પણ અનુભવ થયો. પણ તો યે, થાકેલો તો થાકેલો, પણ ચાલતો જ હોટેલ પર પહોંચી ગયો, તેનો આનંદ પણ થયો.

બીજે દિવસે સવારે એ આનંદ ઘણો વધી ગયો. જેમને જેમને પત્રો લખેલા તે બધાના જવાબો ટેલિફોન દ્વારા આવવા માંડ્યા. ડૉ. ટુચ્ચી બહારગામ ગયા હતા. ઓબ્રે મેનન જમવા બોલાવતા હતા. રામ ઓસિની મારી સગવડે મને મળવા આવવા તૈયાર હતા. ને લ્યુચિયા તો તે રાતે જ મારે ત્યાં આવવા માટે સમય માગી રહી... ઓબ્રે મેનન સાથે ત્રીજે દિવસે જમવાનું નક્કી કરી લીધું. લ્યુચિયાને તો રાતે આવવાની હા પાડવાની હોય જ. ને રામ ઓસિની તૈયાર હોય

તો હું સવિશેષ તૈયાર હતો. હમણાં જ ચાલ્યા આવે—દૂરિંગ કોય-માંના પ્રવાસ માટે હું નીકળી જાઉં એ પહેલાં. પ્રો. આસુન્ટો એક જ બાકી રહ્યા હતા. પણ તેમનો પત્ર પણ હું બહાર નીકળું તે પહેલાં આવી ગયો. તેમની જોડે એક રાતનું ભોજન ગોઠવવાનું હતું. મને કશો વાંધો નહોતો. તરત ટેલિફોન કરી નક્કી કરી લીધું. ત્યાં જ ઓરડાની ઘંટી રણકી. એક જુવાન માણસ દાખલ થયો. જેટલો દેખાવડો એટલો જ તેજસ્વી. મોઢા ઉપર તો સ્મિત છલકાયા કરે. 'મિ. બેકર?' કહી નમ્યો. હું પણ નમ્યો. પ્રશ્ન મારી આંખમાં જ હતો. 'હું રામ ઓર્સિની'. તે સરસ અંગ્રેજીમાં બોલ્યો. 'ઓ હો...રામ! આવો આવો.' પ્રેમપૂર્વક હાથ મિલાવ્યા. સિંધી હોય તો આ માણસ બહુ જ રૂપાળો હતો. ને સિંધી કે હિંદી ન હોય તો તો 'રામ' શાનો હોય? ગૂંચવણથી હું તેની સામે જોઈ રહ્યો. તે હસ્યો. ''રામ'થી મૂંઝાઓ છો, કેમ? પણ હું ઈટલિયન છું.'

'તો રામ કયાંથી બન્યા?' હું યે હસી પડયો.

'દોસ્તોએ બનાવ્યો—મુંબઈના દોસ્તોએ. હું ત્યાં ભણ્યો પણ છું ન્યૂ ઇરા સ્કૂલમાં. મારું નામ ચેઝારે છે. તમે અંગ્રેજીમાં જેને સીઝર કહો ને, તે. ઓર્સિની મારું કુટુંબ છે.'

'તમારો દેખાવ જોતાં કુટુંબ ખાસ્સું ખાનદાન દેખાય છે.' મેં કહ્યું.

'આખા ઇટલીમાં જે બે સર્વોચ્ચ કુટુંબો ગણાય છે તેમાંનું એક છે.' તે જરા સંકોચપૂર્વક બોલ્યો. પછી મને ફેરવવાનો કાર્યક્રમ ઘડવા લાગ્યો. તેની ખાસ ઈચ્છા મને તેને ઘેર લઇ જવાની હતી. 'મારે ઘેર જરૂર આવો અને શાંતાને મળો તેમ હું ખાસ ઇચ્છું છું.' તેણે કહ્યું.

'શાંતા...?' 'મારી પત્ની છે.'

'તે પણ—?' 'ના, એ હિંદી છે.'

'તે તમે...?'

'હા, હું હિંદુસ્તાનનો પ્રેમી છું. મારે હિન્દી પત્ની જ પરણવી હતી. ને પરણ્યો પણ ખરો. હવે તમે એને જુઓ અને પાસ કરો એમ ઇચ્છું છું' 'પણ...'

'એ બધી લાંબી વાત છે. લાંબી એટલી જ રસિક. પણ અત્યારે એ કહેવા જઈશ તો તમે તમારી ટૂર ગુમાવશો. ક્યારે મળશો? કહો. ને નવનીતભાઈ કેમ છે? તેમનો પણ મારા આ લગ્નમાં હિસ્સો છે. પણ એ બધું નિરાંતે કહીશ.' 'જરૂર, મારે એ સાંભળવું જ છે,' મેં કહ્યું.

'ને મારે કહેવું પણ છે ને?'

હસતો હસતો એ ગયો ત્યારે એક સુવાસ મૂકતો ગયો: જીવનની સુવાસ; નિખાલસ હૃદયના પ્રેમભર્યા આવિર્ભાવોની સુવાસ. કેટલી યે વાર સુધી હું તે ગયો હતો એ દિશામાં તાકી રહ્યો. (ચાલુ)


મહાભારત (અનુસંધાન પૃષ્ઠ ૩૮૯થી ચાલુ) પણ ઉપયોગમાં લેવામાં આવી હતી. પ્રતીક શ્લોકના પાઠભેદ બતાવવા માટે પચાસ લાખ પાનાં વપરાયાં છે. મુદ્રિત ગ્રંથની પૃષ્ઠસંખ્યા તેર હજારની છે, આ મહાન યોજના અંગે એકંદર પંદર લાખ રૂપિયાનો ખર્ચ થયો છે, જેમાંથી તેર લાખ રૂપિયા સંસ્થાને દાન તરીકે પ્રાપ્ત થઈ ચૂક્યા છે. જો આ કામ અન્ય કોઈ દેશમાં થયું હોત તો આમાં ત્રણ ચાર ગણા પૈસા ખર્ચાઈ ગયા હોત. પણ અહીં તો માત્ર અઢીસો ત્રણસો રૂપિયાનું પૂજાવેતન (ઑનરેરિયમ) લઈને કેટલાક તપસ્વી મનીષીઓએ આ સારસ્વતયજ્ઞમાં પોતાના જ્ઞાન અને પુરુષાર્થનો ભોગ આપ્યો છે.

પૂર્ણાહુતિના ઉત્સવ પ્રસંગે વિદ્યમાન પ્રધાન સંપાદક શ્રી પ. લ. વૈદ્યને પૂજાવેતન તરીકે જે સાડા સાત હજાર રૂપિયા મળ્યા હતા તે પણ તેમણે પોતાના સહકારી પંડિતોને અને કાર્યાલય તથા મુદ્રણના કાર્યકરોને સમર્પિત કરી દીધા છે.

આ મહાન જ્ઞાનયજ્ઞની પૂર્તિમાં આર્થિક સહાય આપનારાઓમાં નીચે જણાવેલી સંસ્થાઓ તથા વ્યક્તિઓ ઉલ્લેખપાત્ર છે: ભારત સરકાર, મહારાષ્ટ્ર સરકાર, મુંબાઇ વિશ્વવિદ્યાલય, પૂના વિશ્વવિદ્યાલય, તાતા ટ્રસ્ટ, બિરલા બ્રધર્સ, યુનેસ્કો, બાલાસાહેબ પંતપ્રતિનિધિ, ડૉક્ટર વિમલાચરણ લાહા, ડૉ. પરશુરામ લક્ષ્મણ વૈદ્ય વગેરે.

આમ, આપણા પારંપરિક વારસારૂપ આપણા રાષ્ટ્રીય મહાકાવ્ય, સંસ્કૃતિકોશ, પૂર્વજોના વિશાળ ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનના પ્રકાશમણિ સમા આ મહાન ગ્રંથરત્નનું શાસ્ત્રીય પદ્ધતિએ સંશોધન સંપાદન અને પ્રકાશન આપણા યુગની એક ગૌરવપૂર્ણ ઉપલબ્ધિ છે.

દેશપરદેશમાં આ આલોચનાત્મક સંસ્કરણના ૬૦૦ ગ્રાહકો છે. ભાંડારકર વિદ્યામંદિરે આદરેલા આ સારસ્વત યજ્ઞ પાસેથી પ્રેરણા લઇને વડોદરા વિશ્વવિદ્યાલયનું પ્રાચ્યવિદ્યામંદિર વાલ્મીકિ રામાયણનું, અમદાવાદનું ભો. જે. વિદ્યાભવન ભાગવતનું અને વારાણસીનું કાશી રાજ્ય ટ્રસ્ટ અઢાર પુરાણોનું સંશોધન-સંપાદન કાર્ય કરી રહ્યું છે. આ ગ્રંથરાજના સંપૂર્ણ સેટની કિંમત ૮૦૦ રૂપિયા છે. આ મહાન વાઙ્મયયજ્ઞને સાંગોપાંગ પૂરો કરનાર સૌ તપસ્વી મનીષીઓને આપણા પ્રણામ હો.



ટિકિટસંગ્રહ: બ્રિટિશ પોસ્ટ ઑફિસની ટેકનૉલૉજીના વિકાસનાં સંજ્ઞાત્મક આલેખનોવાળી, આ માસમાં બહાર પડેલી બ્રિટનની ચાર નવી ટપાલ ટિકિટો. ચિત્રકાર ડેવિડ જેન્ટલમૅને એમાં પાંચ પેન્સની ટિકિટ પર બ્રિટિશ પોસ્ટ ઑફિસના 'જાયરો' યંત્રનું, ૯ પેન્સની ટિકિટ પર વિશ્વના, ખાસ કરીને યુરોપના દેશો સાથેના ટેલિફોન-જોડાણનું, ૧ શિ.ની ટિકિટ પર ટેલિગ્રાફિક પદ્ધતિનું અને ૧ શિ. ૬ પે.ની ટિકિટ પર ઑટોમૅટિક સૉર્ટિંગ યંત્રની ક્રિયાનું—એમ ચાર સૂચક આલેખનો કર્યા છે. આમાં રોજના લગભગ ૩॥ કરોડ પત્રોનું ઑટોમૅટિક સૉર્ટિંગ કરતા યંત્ર માટે નવા કોડ નંબરો યોજાયા છે. એમાં પ્રથમ શહેરનો, પછી વિસ્તારનો અને પછી મહોલ્લાનો નંબર મુકાય છે. આ નંબરોનું ટપકામાં રૂપાંતર થાય છે, અને યંત્ર એ વાંચીને પત્રોને વિસ્તાર ને મહોલ્લાવાર અલગ તારવી કાઢે છે!

રમણિકલાલ સોલંકી

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન અને કવનનો પરિચય

[૧]

કરાવનાર • જલન માતરી



ગળતા જામનો કવિ
'મરીઝ'

જિંદગીના રસને પીવામાં
કરો જલદી 'મરીઝ'
એક તો ઓછી મદિરા છે
ને ગળતું જામ છે.

ગુજરાતી ગઝલપ્રેમીઓને જો શાયરોની ઓળખાણ આપવા પૂછીએ તો તેમની આંગળીનો પ્રથમ વેઢો અવશ્ય શ્રી 'મરીઝ'-ના નામ ઉપર મુકાવાનો. દાઉદી વહોરા જ્ઞાતિમાં જન્મેલ શ્રી અબ્બાસ અ. વાસી શાયરોના યે શાયર અને 'ગુજરાતના ગાલિબ'ના વહાલસોયા નામે લોકજીભે ચડેલા છે. વ્યવસાયે પત્રકાર છે; ઉંમર આશરે ૪૫ વર્ષની. મુંબાઈ તેમનું વતન છે.

મહાકવિ 'ગાલિબ' ને 'મરીઝ' બન્નેના આંતરિક જીવનમાં ડોકિયું કરીએ તો ઘણું સામ્ય મળી આવે. શ્રી 'મરીઝ' યુગથી હમેશા બે કદમ આગળ રહ્યા છે. શાયરીમાં એમની ઠૂબકીનું માપ કાઢવા માટે ઘણી વાર આપણો ગજ ટૂંકો પડે છે.

ઉર્દૂના કવિ મીર તકી 'મીર'થી માંડીને વર્તમાન યુગના શ્રેષ્ઠ શાયરોના ઉત્તમ શેરો જેટલા શ્રી 'મરીઝ ને યાદ છે તેટલા ભાગ્યે જ બીજા કે ઇને હશે ઉપરથી મ મૂલી ગણાતા શેરનું શ્રી 'મરીઝ' જ્યારે જવનિકા-ઉદ્દન કરે છે ત્યારે શેરની ખૂબી જણાતાં-ની સાથે 'મરીઝ'ની સમજશક્તિના ખયાલથી આશ્ચર્યચકિત થવાય છે. વધુ નવાઇની વાત તો એ છે કે અન્ય શાયરોના પાણીદાર શેરો મોઢે રાખનાર આ શાયરને પોતાનું લખેલું કશું જ યાદ રહેતું નથી। એમણે લખેલી ગઝલો મિત્રો જ સાચવે છે અને મિત્રોની એ સાચવણીને કારણે જ એમનો પ્રથમ ગઝલ સંગ્રહ 'આગમન' પ્રકટ થઈ શક્યો છે.

જેમ ગાલિબને ખુદાની ખુદાઈ સાથે મેળ ન બેઠો, તેમ શ્રી 'મરીઝ'ને પણ નથી બેઠો. ગઝલમાં ગઝલના મિજાજના શબ્દો આવવા જોઇએ એવો એમનો હમેશાનો આગ્રહ રહ્યો છે. તેઓ 'પુષ્પ'ને બદલે 'ફૂલ' જ લખવામાં માને છે. ગઝલમાં સાવ સાદી અને સરળ ભાષા લખનાર આ શાયરનું ચિંતન ઘણું ગહન છે.

અંગત જીવનથી શરૂ કરીને કાવ્યો સુધીની એમની હકીકત જોઈને એમ જ લાગે કે જાણે 'ગાલિબ' પોતાની અપૂર્ણ તૃષાને પૂર્ણ કરવા 'મરીઝ'ના રૂપમાં જન્મ્યા છે. 'ગાલિબે' ઉર્દૂ ગઝલને જે રીતે ઉન્નતિના શિખરે મૂકી છે તેમ જ શ્રી મરીઝે પણ ગુજરાતી ગઝલને જવાની બક્ષી છે. ગહન વિચાર પાછળ ફરતો આ શાયર શબ્દની પાછળ ભમતો નથી. ગુજરાતી ભાષાને 'શું-શાં પૈસા ચાર' કહીને નિંદનારા ઉર્દૂના પ્રખર કલમનવીસો જ્યારે 'મરીઝ'ના શેરો સાંભળે છે ત્યારે દાદ આપી ઝૂમી ઊઠે છે અને બોલી ઊઠે છે કે 'ગુજરાતી ગઝલ કી યે તાકત!'

નમાજ પઢવા જવા માટેની બાંગને સાંભળીને જ મસ્ત થઈ જતા, વેરાન ઘરમાં જ ખુદાની યાદ વધારે આવે છે એવી માન્યતા ધરાવતા, ગળતા જામને નીરખીને જિંદગીના રસને સત્વર ગટગટાવી જવામાં માનતા, શરાબ ઉપર ઘૃણા ઊપજતાં ક્યારેક નમાજી માણસને નમાજ અંગેનો અનુભવ પૂછતા, ઇશ્વર જે જગ્યાએ નથી એ જગ્યા શોધી કાઢતા, ખુદા જો નાણાં ઉધાર આપે તો એ નાણાંથી ચડેલું દેવું પતાવી શરાબ પીવાની ઇચ્છા રાખતા 'મરીઝ'ના શેરોનો વિષયવાર થોડો આસ્વાદ લઈએ...

જિંદગી

જિંદગીના રસને પીવામાં કરો જલ્દી 'મરીઝ',
એક તો ઓછી મદિરા છે, ને ગળતું જામ છે.

જીવન પૂરતી નથી હોતી મુકદ્દરની સમસ્યાઓ,
મરણના બાદ પણ બાકી રહી ગઈ હસ્તરેખાઓ।

ચાહું તો જિંદગીને ફરીથી બનાવું હું,
પણ એ ફરી બગાડવા ફુરસદ નહિ રહે।

દીવાનગી

ટોળે વળે છે કોઇના દીવાનગી ઉપર,
દુનિયાના લોક કેવા મિલનસાર હોય છે।

કેવી મજાની પ્રેમની દીવાનગી હશે?
કે જ્યાં 'મરીઝ' જેવો સમજદાર પણ ગયો।

હૃદય

લાગણી, દર્દ, મહોબ્બત ને અધૂરી આશા,
એક જગા પર જો જમા થાય હૃદય થઇ જાયે.

બે જણાં દિલથી મળે તો
એક મજલિસ છે 'મરીઝ',
દિલ વિના લાખો મળે
એને સભા કહેતા નથી.

મુફલિસી

પીઠામાં મારું માન સતત હાજરીથી છે;
મસ્જિદમાં રોજ જાઉં તો કોણ આવકાર દે?

નશામાં હોય છે સુખદુઃખ જગતમાં એક કક્ષા પર
શરાબીને જ આવે છે મઝા સૂવાની રસ્તા પર!

'મરીઝ' ગાળીને એમાં જ પી રહ્યા છો શરાબ
કદી ન પીવાની વાળી'તી જે રૂમાલમાં ગાંઠ।

ખ્વાબ

ન આવે નિંદ, ગયા એવું ખ્વાબ આપીને,
ગગન ન રહેવા દીધું આફતાબ આપીને.

ભલેને સુખ હો જગતનાં તમામ સ્વપ્નાં સમ
પરંતુ દુઃખ જે પડે છે એ કાંઈ ખ્વાબ નથી.

કયામત

અલ્લાહ ને ફરિશ્તા કયામત ભલે કરે,
પતશે નહિ હિસાબ અમારા ગયા વિના!

હું એ જોવાને કયામતમાં નહિ જાઉં 'મરીઝ',
આદમી સૌના દિલાસાનો વિષય થઇ જાય જ્યાં.

લાચારી

મરણ કે જીવન હો એ બંને સ્થિતિમાં
'મરીઝ' એક લાચારી કાયમ રહી છે:
જનાનો જશે તો જશે કાંધે કાંધે
જીવન પણ ગયું છે સહારે સહારે.

આ દર્દ મહોબ્બતનું જે હરગીઝ નથી મટતું,
ઉપરથી મજા એ કે મને એની દવા યાદ।

હકીકત

ગઝલમાં સૌ વિચારો મારા દર્શાવી નથી શકતો,
બધાં વાદળ તો ખુદ અલ્લાહ વરસાવી નથી શકતો.

બનાવટ ને નકલ દુનિયામાં પાંગરતી નથી હોતી,
કે નકશાના સમંદરમાં કદી ભરતી નથી હોતી.

લલિત વસ્તુને સંગત જોઇએ કોમળ હવા જેવી,
પવનની પીઠ પર ખુશ્બૂઓ વિસ્તરતી નથી હોતી.

વેદના

મોત વેળાની આ એયાશી નથી ગમતી 'મરીઝ',
હું પથારી પર રહું ને આખું ઘર જાગ્યા કરે।

બહુ સુંદર છે નકશીકામ જખ્મોનું હૃદય ઉપર
આ સગાથી કલાકારો તમારું કામ લાગે છે।

ખુદા

કંઈક ખામી હતી મારી નાસ્તિકતામાં
'મરીઝ' યાદ હજુ છે ખુદાનું નામ મને.

દુનિયાનાં કંઈકનો હું કરજદાર છું 'મરીઝ',
ચૂકવું બધાનું દેણું જો અલ્લાહ ઉધાર દે।

'મરીઝ' અલ્લાહના એકત્વમાં
શ્રદ્ધા પડે ક્યાંથી?
જગતમાં જ્યારે બે ઈન્સાન
પણ સરખા નથી મળતા!

એની દયાથી સંકલિત ન રાખ તારી નાવને
કાંઠો તને નહીં મળે, એની દયા અપાર છે.

સાહિત્યસંપર્ક

નવી નવલકથાઓનાં અવલોકન

(જેમાંનો ઘટનાસાર માર્ગદર્શક નીવડશે)

પ્રાચાર્ય બહાદુરશાહ પંડિત

ઘડુમર વલોણું ભા. ૧-૨: શ્રી પન્નાલાલ પટેલની કીર્તિદા નવલકથા 'માનવીની ભવાઇ'માંની કાળુ-રાજુની પ્રણયકથા આગળ ચાલીને 'ભાંગ્યાંનાં ભેરુ'માં વિસ્તાર પામી અંતે આ કૃતિમાં પૂર્ણ થાય છે. કાળુનો ખોવાએલો પુત્ર પ્રતાપ પાછો ફરે છે ત્યાંથી શરૂ થતી આ કથાનો અંત આવે છે કાળુ-રાજુના સહમૃત્યુમાં. પન્નાલાલને બહુ ફાવતું અને હવે તો રૂઢ થઈ ગએલું જુવાન હૈયાંનું પ્રણયનિરૂપણ કરવાની તક પ્રતાપ અને એના ગુમ થયા પછી છૂટી કરાએલી એની પત્ની ચંપાનાં પાત્રો પૂરી પાડે છે, તો પુત્રને પરણાવવાની, ઢોરના ચારાના અભાવની, રાજ્યના જુલમની, તીડના આગમનની, રવજી-મગન જેવા વિરોધીઓની મુશ્કેલીઓ કાળુના જીવનસંઘર્ષ માટેની સામગ્રી પણ પૂરી પાડી રહે છે.

પન્નાલાલ ઉત્તમ વાર્તાકાર હોવાથી કથામાં એક પછી એક બનતા બનાવો એવી કુશળ રીતે ગૂંથે છે કે એમની અન્ય નવલકથાઓ પેઠે આ પણ અંત સુધી 'હવે શું'ના સસ્પેન્સથી જકડી રાખે છે; તે સાથે પાત્રોના મનોગતમાં વાચકને ઊંડાણથી ડોકિયું કરાવી જતી આ કથામાં સર્જક પન્નાલાલનો પણ સુભગ પરિચય થાય છે. પોતાના ભાઈની તરફેણમાં જુગાની આપતી ચંપાનો વલોપાત, કાળુ ને પ્રતાપના નીમ લેવાના સંદેહથી થતું દુઃખ ઇત્યાદિમાં આનો અનુભવ થાય છે.

ગ્રામજીવનના જાણતલ આ લેખકની ગ્રામપાત્રોનાં ઈર્ષા-વેરઝેર, પ્રણયોલ્લાસ, સુખ-દુઃખ, હર્ષશોક વાસ્તવિકરીતે આલેખવાની શક્તિ હવે તો ગુજરાતને સુપરિચિત હોઈ નવી નથી લાગતી, પણ પન્નાલાલનાં કાવ્યાત્મક પ્રકૃતિ-વર્ણનોમાં, રૂઢિપ્રયોગોના ઉપયોગમાં, લોકબોલીના લહેકાના વિનિયોગમાં હજી ય તાજગીની સુવાસ રહી છે એ પ્રશસ્ય ગણાય.

'માનવીની ભવાઈ'નાં કાળુ-રાજુની બેલડી અહીં વાસનારહિત વાનપ્રસ્થ-દામ્પત્ય ગુજારે છે ને કાળુ પણ જીવનના અનેક સંઘર્ષો સામે ઝઝૂમી અંતે ભગવાનની ઇચ્છાને સર્વોપરી ગણતો થાય છે એ એના પાત્રનો ઉચિત વિકાસ બતાવે છે. પ્રતાપ-ચંપાના પ્રણયનું નિરૂપણ, મિલન પૂર્વેની વેદના આ કથાનો આકર્ષક ભાગ હોવા છતાં કર્તાનું લક્ષ્ય તો કાળુરાજુના પ્રણયને સાત્ત્વિક ભૂમિકા સુધી પહોંચાડવાનું જ છે, અને તેથી એ બંનેના સહગમનમાં વાર્તાનો અંત 'માનવીની ભવાઈ'થી શરૂ થએલી 'મહાકથા'નો ઉચિત ને કલાપૂર્ણ અંત લાગે છે.

'ધરતીનો મોંઘેરો મોર' એ શીર્ષક નીચે શ્રી અનંતરાય રાવળે લખેલી પ્રસ્તાવનાના નીચેના શબ્દોમાં થએલી પ્રશંસા અન્વર્થક છે: 'સરસ્વતીચંદ્ર'ના ચાર ભાગ પછી મુનશીની 'પાટણની પ્રભુતા'વાળી નવલ ત્રિપુટી, ને તે પછી પન્નાલાલની આ નવલ ત્રિપુટી મહાકથાની સપાટીની રચના ગણાશે સો વરસની ગુજરાતી નવલકથાનું વામનના ત્રીજા પગલા જેવું એ પરાક્રમી પગલું છે.' (હરિહર પુસ્તકાલય, ટાવર રોડ, સુરત, પૃ. ભા.-૧. ૪૩૨, ભા -૨. ૪૬૬ બનેના રૂ. ૨૪. પાકું પૂઠું.)

અનાગત: 'સૌ કોઈ પોતપોતાનાં વર્તુળો રચે છે: એવાં બે વર્તુળો જેટલા અવકાશમાં સમાનપણે જગ્યા રોકે છે, એટલો જ અવકાશ પ્રેમ માટે રહે છે, એટલી જ ક્ષણોમાં બે વ્યક્તિ પ્રેમનો એકસરખી ઊંચાઈએ અનુભવ કરી શકે છે. દુઃખમાં આ વર્તુળો પાસેપાસે આવે છે, સુખમાં દૂર જાય છે.'—પ્રેમના આ રહસ્યનો, આલોકના વિલક્ષણ પાત્ર દ્વારા પરિચય આપતી શ્રી હરીન્દ્ર દવેની આ લઘુ નવલ વેદનાનું આહ્લાદક ઊર્મિકાવ્ય છે.

મંજરીના કોઈ કાકાના અવસાનથી છેક છેલ્લા દિવસે લગ્ન બંધ રહેતાં એની સાથે પરણનાર આલોક એ રાતે જ એનાથી છૂટો પડી ઉરડના દરિયાકિનારે આવે છે. 'ડોસાઓ, વિધવાઓ અને અનાથ પેયરાઓના' આ ગામમાં દીપક જેવાં અનેક વેદનાગ્રસ્ત પાત્રોનો એને સંપર્ક થાય છે: જે ક્રિશ્ચિયન બોર્ડિંગમાં એ ઊતર્યો હતો એની માલિક બાઇ ક્રિસ્ટિન વેલ્વર્થની છાતીમાં કોઢનો ડાઘ હોવાથી એનો પ્રેમાળ પણ ચંચળ પતિ એને છોડી ચાલ્યો ગયો છે; ધરતીકંપના આંચકાથી પાસે જ સૂતેલી પત્ની ગોમતી જમીનમાં દટાઈ ગયા પછી હાથીપગાથી પીડાતી બીજી વારની પત્ની સાથે વૃદ્ધ પાઠક આયુષ્યનો અવશેષ પસારકરીરહ્યા છે; રુસ્તમ ગાડીવાળાની પત્ની કૅન્સરથીપીડાયછે; ફરતી નાટકમંડળીનો મૅનેજર છનાલાલ વિલાસવતી સાથેના પ્રેમમાં નિષ્ફળ મેળવી ન ટક કરી રહ્યો છે; કાયર પતિના ઘેરથી ભાગી આવેલી તાડીવાળાની છોકરી જમના ત્યકતાનું જીવન ગુજારી રહી છે; પુત્ર શ્યાવક્ષને ગુમાવી બેઠેલાં ડૉ. મહેરવાન અને એમની અર્ધાંગના પિલુ દરેક માંદા બાળકમાં શ્યાવક્ષને શોધી રહ્યાં છે; પુત્ર અશ્વિન વિલાયત જઈ નવો સંસાર શરૂ કરતાં ત્યક્તા પુત્રવધૂને ટિકેકર સાચવી રહ્યા છે.

પાછા ફરવાના દિવસે ક્રિસ્ટિન સાથેના પ્રેમનો અર્થ શોધતો આલોક સર્પદંશનો ભોગ બને છે, અને પાપનું પ્રાયશ્ચિત્ત કરી હમણુથી પાછી ફરેલી ક્રિસ્ટિનની સેવાનો લાભ પામે છે. સાપ ઉતારનાર ગારુડીએ ૪૮ કલાકની મુદત આપી છે, એમાંથી બાકીના ૨૪ કલાક દરમિયાન આલોક જે માનસિક પરિતાપ વેઠે છે એ આ કથાનો આહ્લાદક ભાગ છે. અંતનો એક માર્મિક પ્રશ્ન લેખકની સાથે સહૃદયને પણ મૂંઝવણનો અનુભવ કરાવે છે. મરણશય્યા પર સૂતેલો આલોક ક્રિસ્ટિન પાસે માગણી કરે છે: 'મૃત્યુ પછી મારી આંખો ઉઘાડી હોય તો તારી છાતી વચ્ચેના ડાઘથી બંધ કરી દેજે.' આ અંતિમ ઇચ્છામાં સહાનુભૂતિ છે કે પ્રેમ, એ પ્રશ્ન મમરાવતી ક્રિસ્ટિનને વધારે તો સતાવે છે પેલી શંકા: 'પણ એ જીવી જાય તો? કારણ કે એના પછી તો 'મુંબાઈથી આવી પહોંચેલી મંજરી અને એના કુટુંબના સાન્નિધ્યમાં પોતે તો માત્ર બોર્ડિંગ હાઉસની માલિક જ બની રહે ને!'

વેદનાપૂર્ણ પાત્રોનો જીવંત પરિચય, ક્રિસ્ટિન—આલોક વચ્ચેનો સૂક્ષ્મ પ્રણય, ઉરડનું મૃત વાતાવરણ વાર્તાના પ્રસંગોને યોગ્ય પશ્ચાદ્‌ભૂ પૂરી પાડતું પ્રકૃતિ-ચિત્રણ, માર્મિક ને તાજગી ભર્યા સંવાદો આ લઘુનવલને આસ્વાદ્ય કથા બનાવે છે. (પ્ર. સ્વાતિ પ્રકાશન, સૅમ્યુઅલ સ્ટ્રીટ મુંબઈ ૩. પૃ. ૧૭૦, પાકું પૂઠું, રૂ. ૬.)

કમલ-કાનન કૉલૉની: મામાફોઈનાં પુત્રપુત્રી કમલ ને કાનન એકબીજાના પ્રેમમાં પડે છે, પણ સમાજને એ પ્રણય માન્ય ન હોવાથી એ બંને પુકુરમાં પડી આત્મહત્યા કરે છે. એ પુકુર પાસે વસેલ કૉલોની 'કમલ-કાનન' નામે ઓળખાય છે કલકત્તાના દક્ષિણ છેડે આવેલી ઉબડખાબડ રસ્તાવાળી આ કૉલોનીમાં મામાની કલકત્તાની પેઢીમાં કામ

આ વિભાગમાં એક નવું ઉમેરાતું અંગ સામેના પાને જોશો

કરવા આવેલો તરલ અમદાવાદ આવીને વસે છે. પ્રથમ દિવસે જ એને એ કૉલેજના રખડેલ છોકરાઓનો, અને ખાસ કરીને દારુણ સવ્યસાચી ઊર્ફે સર્વદમનનો તથા એની સાધારણ દેખાવની પણ તેજસ્વી ને ભાવનાશીલ બહેન અલ્પનાનો કડવોમીઠો પરિચય થાય છે. મામાની પુત્રી વૈશાલીના પ્રેમમાં પડેલો તરલ અલ્પનાની સેવાનો લાભ પામતો અને એના પરિચયના લીધે ગુંડાઓનો શિકાર બનતો બે રાજકીય પક્ષોની ખચતાણનો ભોગ બને છે. એ ખેંચતાણમાં એક પક્ષના સાહિત્યકાર નેતા ખગેનબાબુની રક્ષિતા ત્રિપર્ણામાં લુબ્ધ થાય છે, જેથી વિરુદ્ધ પક્ષનો એના પર અલ્પનાને છેડ દીધાનો આરોપ આવે છે ને એ ધમાલમાં દારુણનો ભોગ લેવાય છે. અલ્પના માતાપિતા સાથે કાશી તરફ ચાલી જાય છે. મામાના પુત્ર અનિલના કાવત્રાથી વૈશાલી જર્મની ચાલી ગઈ છે અને કેદમાંથી નિર્દોષ છૂટેલો તરલ એ બેમાંથી કયી દીશા તરફ જવું એની મૂંઝવણ અનુભવતો આખરે મુંબાઈની ટિકિટ લે છે—એ દ્વારા જર્મની વૈશાલી પાસે જવા માટે—ત્યાં કથાનો અંત આવે છે.

યુવાન હૈયાંના સાચા આકર્ષણને જેમ જ્ઞાતિનાં બંધનો ન નડવાં જોઇએ એમ માસીમામા કે મામા-ફોઈનાં બંધનો પણ ન હોવાં જોઈએ એવું ધ્વનિત કરતી આ નવલકથાનો તરલ, અલ્પના, દારુણ, ત્રિપર્ણા, ખગેનબાબુ જ. પાત્રો વાર્તા મંચ પર આવીને, તો વૈશાલી જેવાં પાત્રો સૂચિત રહીને, એક હૃદયંગમ સૃષ્ટિ ઊભી કરે છે. કમલ કાનનના પ્રણય માટેના ભોગની પશ્ચાદ્‌ભૂમાં તરલ-વૈશાલીનો પ્રણય સમાંતર કક્ષાએ ચાલે છે. એમાં અલ્પના ને ત્રિપર્ણાનાં પાત્રો તરલ માટે મૂંઝવતી પરિસ્થિતિ ઊભી કરે છે. આ કથાદોર સાથે લેખકે સાંપ્રત રાજકારણના કાવાદાવા, ચૂંટણીઓ, એમાં થતી ગેરરીતિઓ, બની બેઠેલા નેતાઓ આદિના આલેખન દ્વારા સ્વરાજ પછીના ભારતનું નૈરાશ્યપ્રેરક પણ વાસ્તવિક ચિત્ર આલેખ્યું છે. એની અપેક્ષાએ યુદ્ધોત્તર જર્મનીનો વૈશાલીએ પત્ર દ્વારા કરાવેલો પરિચય કેવો ઉત્સાહપ્રેરક છે! આકર્ષક પ્રસંગોની કલામય ગૂંથણી, પાત્રમાનસનો પરિચય કરાવતી સંવાદલીલા, પીઠઝબકાર પદ્ધતિથી વર્તમાન વાર્તાપ્રવાહ સાથે ભૂતકાળના પ્રસંગોનું જોડાણ કરવાની હથોટી શિવકુમાર જોશીની જાણીતી થઈ ગએલી રીતિ, ઈત્યાદિ આ કથાનાં આકર્ષક તત્વો છે. (સ્વાતિ પ્રકાશન, સૅમ્યુઅલ સ્ટ્રીટ, મુંબઈ ૩, પૃ. ૩૪૦, પાકું પૂઠું, રૂ. ૧૦.)

શબ્દકથા: 'શિશુમાર' · 'સુસવાડ'

જેને હિન્દીમાં 'ઘડિયાળ' અને અંગ્રેજીમા 'પૉર્પસ' કહે છે તે જળચર પ્રાણી માટે, તેમજ મગર માટે સંસ્કૃતમાં જે એક શબ્દ છે તેનું સૌથી જૂનું રૂપ છે 'શિશુમાર'. પછીથી 'શિશુમાર', 'શુંશુમાર', 'શિશુક' વગેરે રૂપે પણ તે મળે છે. મૂળે તે અનાર્ય ભાષામાંથી આવ્યો હોય પણ પછી 'શિશુને મારે તેવો' એવી વ્યુત્પત્તિ જોડી કાઢીને લોકપ્રયોગમાં 'શિશુમાર' રૂપ પ્રચારમાં આવ્યું જણાય છે.

પ્રાકૃતમાં 'સુસુમાર' અને 'સુંસુમાર' બંને રૂપ મળે છે. પહેલા રૂપ ઉપરથી ગુજરાતીમાં 'સસુમારું' (કે 'સસમારું'?) ઊતરી આવ્યો છે, અને બીજા રૂપ ઉપરથી 'સુસવાર' ('સુસવાળ', 'સુસવાડ', 'સુસવાટ'; બોલીમાં 'હુંહવાર') 'સુસવાર' વગેરે રૂપો કોશને આધારે અહીં આપ્યાં છે. વિવિધ બોલીઓમાં હકીકતે કેવાં કેવા ઉચ્ચારણ છે તેની ચોક્કસ તપાસ થઈ નથી.

આ શબ્દો 'ઘડિયાળ', 'મગર' કે તેવું કોઈ જળચર પ્રાણી ('ગ્રાહ') એવા અર્થોમાંથી એક કે બીજો અર્થ ધરાવે છે. બીજી ભારતીય ભાષાઓમાં કાશ્મીરી 'સૂસમાર', લહંદા 'સિસાર' અને 'સિસાર', પંજાબી 'સંસાર', હિન્દી 'સૂસમાર' 'સૂસ' વગેરે મળે છે. ગુજરાતી 'સુસવાર' વગેરે સ્ત્રીલિંગ છે, તેમાં 'મગર' શબ્દનો પ્રભાવ જણાય છે. 'મગર' શબ્દ બોલીમાં સ્ત્રીલિંગ પણ છે; જોકે મરાઠી 'સુસવાર', 'સુસાર' પણ સ્ત્રીલિંગ છે. એ જ રીતે બૌદ્ધ સંસ્કૃત 'શુશુકા' પણ.

ગુજરાતી 'સુસવાટ', 'સુસવાડ' જેવાં રૂપ, જળચર પ્રાણી ડરામણો સુસવાટો કરતાં હોવાની લૌકિક કલ્પનાને કારણે નીપજ્યાં જણાય છે. અશ્વિનોનાં વિવિધ પરાક્રમો વર્ણવતા ઋગ્વેદના એક સૂક્તમાં નીચેની ઋચામાં વર્ણવેલું તેમનું પરાક્રમ વિશિષ્ટ છે:

'यदयातं दिवोदासाय वर्तिर्भरद्वाजायाश्विना हयंता ।
रेवदुवाह सचनो रथो वां वृषभश्च शिंशुमारश्च युक्ता ॥' (ઋગ્વેદ, ૧-૧૧૬-૧૮)

ભાવાર્થ: રાજા દિવોદાસ અને તેના પુરોહિત ભરદ્વાજના સંકટ સમયે, તેમની વહાર કરવા, અશ્વિનો જ્યારે પોતાનો નિયમો રથ લઇને નિયત માર્ગે ધાયા, ત્યારે તેમના રથનો વૈભવ સાવ અનોખો હતો: તે રથની એક બાજુ વૃષભ (સ્થળપ્રદેશને પાર કરવા) અને બીજી બાજુ શિશુમાર (જળપ્રદેશને પાર કરવા) જોડવામાં આવ્યા હતા! **હરિવલ્લભ ભાયાણી**

એક કણુ રે આપો: વણસેલા દામ્પત્યનો શ્રી શિવકુમાર જોશીનો માનીતો વિષય આ લઘુનવલમાં વિનીતા સાથેની લગ્નજીવનમાં નિષ્ફળ નીવડેલા અતીન્દ્ર અને પ્રમોદન સાથેના પ્રેમલગ્નમાં ઉબાઈ ગએલી પાવનીના સંવાદ દ્વારા નિરૂપાયો છે. રામચંદ્ર બનવા મથતા પ્રમોદન અને સીતા બનવા મથતી પાવનીના, બે સંતાનો પછીના લગ્નજીવનમાં પ્રમોદન પોતાની કારકિર્દી પાછળ ધસડાવાથી ઓટ આવે છે, ને પાવની પડોશી ઋત્વિગના પ્રેમમાં પડે છે. બીજી બાજુ કિશોરાવસ્થામાં મકછીમારણ સીતાની પુત્રી સંજીના પ્રેમમાં પડેલો ને એની આત્મહત્યા બાદ એને સ્મર્યા કરતો અતીન્દ્ર પાવનીનો એના જેવો જ ચહેરો જોતાં એના તરફ આકર્ષાય છે. બે બાળકોની માતા પાવની ઋત્વિગ સાથે જઈ શકી નહિ એમ અતીન્દ્રને પણ કંઈ આપી શકે એમ નથી.

વરસોવાના દરિયાકિનારે અતીન્દ્ર અને પાવની વચ્ચેના દીર્ઘકાલીન સંવાદો દ્વારા આખી કથા રજૂ થઈ છે, પણ ચબરાકીભર્યા સંવાદો, વચ્ચેવચ્ચે આવતી સીધી કથનશૈલી અને પીઠઝબકાર પદ્ધતિના લીધે એમાં એકવિધતા, ને પરિણામે નીરસતા આવતાં નથી. સંજીનો અતીન્દ્ર પ્રત્યેનો નિર્વ્યાજ પ્રેમ અને પ્રણયીના મંગળ માટેનું આત્મબલિદાન, સંજી ને પાવનીના પિતા એક જ છે એ એમની વચ્ચેના સામ્યનું અંતે સૂચિત થતું રહસ્ય, પાવની પ્રત્યેના અતીન્દ્રના આકર્ષણ અને પાવનીની લાચારીનું ચિત્રણ, ઋત્વિગ અને પાવનીના પ્રણયપ્રસંગો, પ્રમોદન-પાવનીનો પ્રથમ પરિચયનો પ્રસંગ, ઋત્વિગનો દેશત્યાગ ઇત્યાદિ કથાના આકર્ષક ને આહ્લાદક અંશો છે. પણ વરસોવાના દરિયાકાંઠે અતીન્દ્રની પ્રણયકથાની સાબિતી આપવા માટે હોય એમ બતાવેલી રુદન કરતી ડોસી સીતા અને એમને ઉઠાડવા આવનાર સજીની બહેનપણીનું આગમન તાલમેલિયું લાગે છે. (સ્વાતિ પ્રકાશન, મુંબાઈ-૩, પૃ ૧૬૫, પાકું પૂઠું રૂ. ૬)

કોણ? શ્રી લાભશંકર ઠાકરના આ લઘુનવલમાં વેદાન્તે બતાવેલું જીવનરહસ્ય વિનાયક નામના પાત્રના ચિંતન દ્વારા રજૂ થયું છે. પત્નીની સાડી પહેરીને પોતાના પ્રિયતમ પાછળ સ્કૂટર પર બેઠેલી સાળી છાયાને જોઈ પત્ની પર વહેમથી ધૂંઆપૂંઆ થએલા વિનાયકનો એ ભ્રમ ઘેર આવતાં પત્ની કોકીના ખુલાસાથી ભાગી જાય છે; પણ એ બનાવથી

વિનાયક, પરંપરાથી જીવાતા જીવન વિષે મનન કરવા લાગે છે અને 'જાણવું છે તથા અનુભવવું છે; જાણ્યા વગર અનુભવવું નથી; જાતને છેતરવી નથી' એવા નિર્ણય પર આવે છે. આ એને જીવનમાં માણસે જરૂર વિના ઊભી કરેલી જથાઓ વિષે એટલો સભાન બનાવી દે છે કે એ નોકરી છોડી દઈ પત્ની સાથે પોતાના વતનના ગામડે ચાલ્યો જાય છે. જીવનની તમામ જથાઓ ઓછી કરતો વિનાયક આખરે આત્મતત્ત્વને પામે છે.

આધ્યાત્મિક દૃષ્ટિવાળી લઘુનવલનું ચિંતન નવું નથી, અસામાન્ય પણ નથી. આગગાડીના ડબ્બાઓમાં અશિક્ષિત લોકોની વાતોમાંથી ય મળી આવતું તત્ત્વજ્ઞાન અહીં જરા વ્યવસ્થિત રીતે રજૂ થયું છે. દૃષ્ટિપ્રધાન નવલ હોઈ વિનાયક સિવાયનાં પાત્રોને ખાસ વ્યક્તિત્વ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. છતાં વાર્તારસિયા વાચકોને વિનાયકની પત્ની પિયર ચાલી જાય છે એ બનાવથી કેતકીના પાત્રમાં વિસંગતિ દેખાય તો નવાઈ નહિ. લેખકની શૈલી સફાઈબંધ ને સરળ હોવાથી તાજગીનો અનુભવ થાય છે. પણ કલાત્મકતાનો કોઈ આહ્લાદ મળી શકતો નથી (સેતુ પ્રકાશન, ૧૪ આદર્શ સોસાયટી, અમદાવાદ ૯, પૃ. ૧૮૪, કાચું પૂઠું, રૂા ૩-૫૦.

પરાજિત સમ્રાટ: બંગાળી લેખક રમાપદ ચૌધરીની નવલકથાના શ્રીકાન્ત ત્રિવેદીએ કરેલ આ અનુવાદમાં બે પ્રણયી આત્માઓ—નિરુપમ અને સુમિતા—નું કેવળ ક્ષણિક કામવાસનાની તૃપ્તિ માટે અજાણતાં થતું મિલન વિશ્વાસ અને પ્રેમનો કેવો દારુણ ધ્વંસ કરે છે એનું કરુણ ને એથી આકર્ષક નિરૂપણ થયું છે.

યુવાન હૃદયમાં મીઠો ઝંકાર જગાવી જનાર સુમિતાને એની માતાના અભિમાનને લીધે નહિ પરણી શકેલો નિરુપમ મનીષા સાથે પરણીને એકમાત્ર સંતાન મીનાનો પિતા બન્યો છે. એ લાડકવાયી પુત્રી ગુમ થતાં એનું જીવન શુષ્ક બની જાય છે. પુત્રીની શોધ કરતાં રૂપજીવિનીઓના મહોલ્લામાં આથડતો નિરુપમ પુત્રીવિરહથી પીડાતી મનીષાના સહચારનો આનંદ ન મેળવી શકતો વેશ્યાલુબ્ધ બને છે. એ પ્રકારની પરિસ્થિતિ જ એને જુગારી પતિથી ત્યજાએલી અને ખૂની પિતાની આર્થિક ખોટ પૂરી કરવા વેશ્યાપથગામી બનેલી સુમિતાનું મિલન કરાવી દેવામાં સહાયક બને છે. અત્યંત ભાવનાશીલ પાત્રો વર્તમાન આર્થિક ભીંસમાં કેવી માનસિક યાતનાઓ ભોગવે છે એનું દારુણ ચિત્ર લેખકે સર્જ્યું છે. આકર્ષક બનાવો, સુરેખ પાત્રો પ્રસંગે માર્મિક હાસ્ય ઉત્પન્ન કરતા તો પ્રસંગે ઘેરી હૃદયવેદના વ્યક્ત કરતા સંવાદો, બંગાળના મધ્યમવર્ગીય જીવનની બેહાલ દશાનાં ચિત્રો, આદિ કથાનાં આકર્ષક તત્ત્વો વાચકને આસ્વાદ્ય સામગ્રી પૂરી પાડે છે. અનુવાદ મૂળની અપેક્ષાએ કૃતિના આસ્વાદને જરાય ઊણપ આવવા દે એવો નથી. (સેતુ પ્રકાશન, ૧૪ આદર્શ સોસાયટી, અમદાવાદ-૯, કાચું પૂઠું. પૃ, ૨૩૨, રૂ ૨.)

પિંજર: બંગાળના યુવાન લેખક સમરેશ બસુની આ લઘુ નવલકથા રાગ ને ત્યાગની વચ્ચે ઝૂલતા અને યુવક પીયૂષના હૈયાની મનોહર કથા છે. દારૂડિયા પતિ અને કૂડીબંધ બાળકોને ભગવાન પર શ્રદ્ધા રાખી મમતાથી પોષતી માતા અન્નપૂર્ણાનો પુત્ર પીયૂષ ધ્રુવાનંદ સ્વામી બની આશ્રમનો આચાર્ય થાય છે. બંગાળમાં પ્રસરેલા એક ભયંકર રેલસંકટમાં રાહતકાર્ય કરતાં એને ૧૯ વર્ષની એક કામણગારી યુવતી છટાને નગ્નાવસ્થામાં બચાવવી પડે છે. એ યુવતીનું દેહલાલિત્ય એના બ્રહ્મચર્યપાલનને હચમચાવી મૂકે છે. આ પ્રસંગથી પતનની સીડી પર ઊતરી રહેલા ધ્રુવાનંદ સ્વામી આખરે પૂર્વાશ્રમના પીયૂષ બની એની સાથે લગ્ન કરે છે; પણ છટા સાથેના ભોગવિલાસ બાદ તે ફરી ધ્રુવાનંદ સ્વામી બનવા તરફડાટ અનુભવે છે. પૂર્ણ સ્વાર્પણ કરી ચૂકેલી છટા એને આશ્રમ પાસે મૂકી આપી પાછા ફરતાં અકસ્માતનો ભોગ બને છે, જ્યાં કથાનું પૂર્ણ વિરામ આવે છે.

કથાનું સ્વરૂપ આત્મકથાત્મક હોઈ ધ્રુવાનંદ સ્વામી બનેલા પીયૂષના મનમાં છટાને જોયા પછી—થતા વિકારોનું આલેખન સરસ ને વિશદ રીતે થયું છે. આનાતોલ ફ્રાંસની 'થાઇ' નામની વિશ્વખ્યાત નવલકથાની યાદ આપતી આ લઘુ નવલમાંની, પીયૂષના કૌટુંબિક વાતાવરણની ફ્લૅશબૅક પદ્ધતિએ થએલી રજૂઆત, છટાના દેહલાલિત્ય, આત્મસમર્પણ અને મુગ્ધ પ્રણયનું નિરૂપણ, ધ્રુવાનંદ સ્વામીનું મનોમંથન, રેલનાં શબ્દચિત્રો અને આ બધું આકર્ષક રીતે ચિત્રિત કરતી એની પ્રવાહી ગદ્યશૈલી એને તૃપ્તિદાયક કૃતિ બનાવે છે.

પરાણે દબાવી રાખેલી વૃત્તિઓ ઊછળી આવતાં તે માણસને ક્યાં સુધી ઘસડી જાય છે એનું માર્મિક દર્શન કરાવતી આ કથા અનંત પ્રેમનું મંગલ પ્રગટીકરણ પણ છટાના પાત્ર દ્વારા કરાવી જાય છે. છટા એનાથી ભાગવા ઈચ્છતા પીયૂષને કહે છે: 'ભલે તમે જરૂર ન હોય તો મારી સાથેના તમામ સંબંધ તોડી નાખજો. તમને શું મળ્યું છે એ હું જાણતી નથી. તમે મને પ્રેમ કરો એટલા માટે મેં તમને પ્રેમ કર્યો નથી એટલો મારી વાત પર વિશ્વાસ રાખજો! હું તમને ચાહું છું કારણ કે પ્રેમ કર્યા સિવાય હું રહી શકતી નથી,' આ નિવેદન નારીના આત્મન્યોછાવર ભાવની પ્રતીતિ કરાવે છે, ને કથાના રહસ્યને વાચા આપે છે. (પ્ર૦ ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૧૭૬, રૂ. ૨.)

વિવર્ત: ધનિક વકીલ રમણલાલનો કોઢના દુર્દમ્ય રોગથી પીડાતો પુત્ર વિનય એના એક મિત્ર મોહનના વતનના વૈદની દવાથી સારો થાય છે અને નિશી નામની એક કોઢવાળી શિક્ષિકા બનેલી યુવતીને પણ એ જ વૈદની દવા કરાવી સાજી કરાવે છે. એ દરમિયાન એના તરફ આકર્ષાએલો વિનય એની સાથે લગ્ન કરે છે પણ એ પછી પોતાને ફરી કોઢ નીકળતાં અને પોતાને જે વેશ્યા સાથે સંબંધ હતો એ ફરીદાના પુત્રને પણ કોઢ જોતાં એ એને મારી નાખે છે અને સગર્ભા પત્નીને ગર્ભપાત કરાવવા સમજાવે છે, પણ પ્રેમાળ નિશી ગૃહત્યાગ કરે છે.

નિશીએ ગૃહત્યાગ કરતાં લખેલા પત્રથી શરૂ થતી આ કથામાં વિનય એ પત્ર વાંચે એ પહેલાં પાછલું આખું જીવન એના સંસ્મરણ દ્વારા રજૂ થયું છે અને છેલ્લા પ્રકરણમાં પત્ર વાંચીને વિનય પલંગમાં ફસડાઈ પડે છે ત્યારે કોઈ બારણું ખખડાવી રહ્યું છે એમ બતાવી નિશીના પુનરાગમનની શક્યતા ધ્વનિત કરી છે. આમ કથાની સંકલના સમયની દૃષ્ટિએ સુશ્લિષ્ટ બનાવવાનો પ્રશસ્ય પ્રયત્ન થયો છે. પ્રશ્ન એ રહે કે ૧૩૯ પાનાં સુધી ચાલતાં નાયકનાં સ્મરણો વાંચવાની ધીરજ વાચકને તો રાખવી જ પડે, પણ ત્યાં સુધી એક ત્રસ્ત મનવાળો માણસ ત્રણ દિવસથી ગૃહત્યાગ કરી ગએલી પત્નીનો પત્ર વાંચ્યા વિના ટેબલના ખાનામાં મૂકી રાખી શકે ખરો? મૂકી રાખે એવી મનઃસ્થિતિ વિનયની છે એમ બતાવવાનો લેખકનો પ્રયાસ મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ પ્રતીતિકર લાગતો નથી.

લેખકની પાત્રનિરૂપણ કલા કથાના કેન્દ્રવર્તી ભાવને ઉપકારક બને એવી છે અને ઘટનાઓ પણ ઔચિત્યપૂર્વક ગોઠવાઇ છે; તેમ છતાં મોહનના ગામના વૈદરાજ અને એમના પરિવેશનું વર્ણન ટૂંકાવી શકાયું હોત. પાત્રમાનસનાં ગૂઢ સંચલનો બતાવવા વપરાએલાં પ્રતીકો તાજપનો અનુભવ કરાવે છે, પણ લેખકની ગદ્યશૈલી કવિત્વમય હોવા છતાં ક્યાંક સભાનતાનો અને એથી કૃત્રિમતાનો અનુભવ

કરાવે છે. વસ્તુની નવીનતા, નિરૂપણની રોચકતા, પ્રતીકોનો પ્રયોગ ઈત્યાદિ આકર્ષક તત્ત્વો ધરાવતી આ મનોવૈજ્ઞાનિક નવલકથા એકંદરે શ્રી પિનાકિન દવેની સર્જનશક્તિનો આવકાર્ય ઉન્મેષ છે એમ કહી શકાય. (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧, કાચું પૂઠું. પૃ. ૧૯૦, રૂ. ૩-૨૫.)

રાય કરણઘેલો : સ્વ. 'ધૂમકેતુ'ની સુપ્રસિદ્ધ ચૌલુક્ય નવલકથાવલિના આ છેલ્લા ગ્રંથમાં ગુજરાતના છેલ્લા રજપૂત રાજા કરણઘેલાનો ટેક, એના સાથીદારો બત્તડ ઠાકોર, માધવ પ્રધાન, સોઢલજી, સિંહભટ્ટ આદિનાં પરાક્રમો અને રાણી કમલાવતીની પતિનિષ્ઠા, લેખકની હવે તો અત્યંત જાણીતી થઈ ગએલી અને એથી વાસી લાગતી શૈલીમાં આલેખાયાં છે. કરણઘેલો માધવની પત્ની રૂપસુંદરીને ઉપાડી લાવેલો અને એનું વેર લેવા જ માધવ અલ્લાઉદ્દીનને દિલ્હીથી બોલાવી લાવેલો એ ગુજરાતની પ્રથમ નવલકથા 'કરણઘેલો'માં આલેખાએલી અનૈતિહાસિક હકીકતને ખૂબીપૂર્વક ટાળીને લેખકે માધવ, કરણ અને દોલા (કમલાવતી) એ ત્રણે પાત્રો પરની કાળી ટીલી' ભૂંસી નાખવાનો સમર્થ પ્રયાસ કર્યો છે.

આખી કથા શસ્ત્રોના ખખડાટ ને યુદ્ધના વાતાવરણમાં આલેખાઈ હોવાથી એકસરખું આકર્ષણ જમાવી શકતી નથી. 'ધૂમકેતુ'નો પ્રિય શબ્દ 'હવા' દર પાને બે વખત વપરાયો હોવા છતાં કૃતિમાં કલાની હવા જામતી નથી. જેને માત્ર ઇતિહાસમાં રસ હોય એ આ કૃતિને આસ્વાદી શકે, કારણ કે એમાં ઇતિહાસને વફાદાર રહેવાનો લેખકનો પ્રયાસ પ્રશંસનીય છે. (પ્ર૦ ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ. ૩૩૯. રૂા. ૬.)

મૃગજળ: અમેરિકન લેખક ડીન હૉવેલ્સની ખૂબ જાણીતી નવલકથા 'ધ રાઈઝ ઑવ સિલાસ લાફ઼મ'નો શ્રી નટવરલાલ માલવીએ કરેલો અનુવાદ ઉદ્યોગપ્રધાન બનેલા અમેરિકાના એક રંગઉદ્યોગના માલિકે ઉદ્યોગના ભોગે પણ નીતિભાવના ટકાવી રાખવા કરેલો પ્રયાસ વર્ણવી, લાફ઼મ શેઠ ભૌતિક રીતે પાયમાલ થતા હોવા છતાં આધ્યાત્મિક રીતે કેવો ઉદય પામે છે એનું હૃદયંગમ આલેખન કરે છે.

જાતમહેનતથી પૈસાદાર બનેલો વેપારી સિલાસ લાફ઼મ પોતાની પત્ની પરસિસ અને અને બે પુત્રીઓ—પેનેલોપ અને આઈરીન સાથે બૉસ્ટન આવીને રહે છે, ત્યાં ભદ્રલોકના વર્ગનું ન ગણાતું આ કુટુંબ ઉપલા સ્તરના એક રૂઢિચુસ્ત પરિવાર સાથે પરિચયમાં આવે છે. એ પરિવારનો સ્ફૂર્તિવાન યુવાન ટૉમ લાફ઼મ શેઠની પેઢીમાં નોકરી કરવા રહે છે. લાફ઼મ દંપતી એને પોતાનો જમાઈ બનાવવા ઇચ્છે છે. બંને કુટુંબોને એમ લાગે છે કે ટૉમ અને આઈરીન પ્રેમમાં પડ્યાં છે, પણ આખરે ટૉમ મોટી પુત્રી પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરે છે ત્યારે લાફ઼મ દંપતી ભારે મૂંઝવણમાં મૂકાઇ જાય છે. પ્રણયપ્રસંગના આ ગોટાળાથી અને વેપારમાં પડતી થવાથી શેઠે અનુભવેલું મનોમંથન અને સાચવેલી નીતિભાવના કથાની આકર્ષક ઘટનાઓ છે. બે વિવિધ સ્તરનાં કુટુંબોની રહેણીકરણીનો ભેદ, અમેરિકન સમાજની લગ્ન વિષયક માન્યતાઓ, યુવક યુવતીઓની પ્રણયોપચારની પદ્ધતિઓ ઈત્યાદિનો સુંદર ચિતાર આપતી આ કથામાં પાત્રવૈવિધ્ય છે, રમૂજી પ્રસંગો છે, લેખકનું માનવ વ્યવહારનું નિરીક્ષણ છે અને માનવ-સ્વભાવની નબળાઈ તરફ કટાક્ષપૂર્ણ અંગુલિનિર્દેશ પણ છે. અનુવાદકે અલ્પપ્રચલિત સૌરાષ્ટ્રી શબ્દપ્રયોગોનો વધારે પડતો ઉપયોગ કરી અમેરિકન વાતાવરણ સાથે સૌરાષ્ટ્રના વાતાવરણનું વિસંગત મિશ્રણ કર્યું છે એ ખૂંચે એવું છે. કૃતિના શીર્ષકનો અનુવાદ 'મૃગજળ' પણ એના કેન્દ્રવર્તી ભાવ સાથે કેટલો સુસંગત ગણાય એ સવાલ છે. (વોરા ઍન્ડ કંપની પબ્લિશર્સ પ્રા. લિમિટેડ, મુંબાઈ-૨, અમદાવાદ-૧, પૃ ૩૪૨ પાકું પૂઠું રૂા ૬.)

કાજળકાળી આંખ: ભલાભોળા મોટા ભાઈ અને કર્કશા ભાભીના આશ્રયે રહેતી અર્પિતા પૈસા મેળવવા માટે ટ્યૂશન કે નોકરીની શોધમાં ફરતાં કૉલેજની સખી અલકાના કહેવાતા માસાના હવસનો ભોગ બનતાં માંડ બચી જાય છે, પણ ત્યાંથી જ ગગન સેન નામની એક વિલક્ષણ વ્યક્તિના પરિચયમાં આવે છે, જે એને એક જમીનદાર કુટુંબની વૃદ્ધા વ્રજબાલાદેવીની સંભાળ રાખવાની નોકરી અપાવે છે. જમીનદારની જીર્ણશીર્ણ હવેલી અને એ કુટુંબની વિવિધ વ્યક્તિઓનો પરિચય અર્પિતાને અનેક રહસ્યપૂર્ણ અનુભવો કરાવે છે. દિલ કંપાવનારા, જોખમપૂર્ણ અનુભવોમાંથી પસાર થતી અર્પિતા આખરે ગગન સેનને એ જ હવેલીના માલિક તરીકે ઓળખી પોતાના પ્રણયને પરિણયમાં પલટાવે છે.

ભાવનાસભર પાત્રો, એક પછી એક ઝડપથી બનતા આકર્ષક બનાવો, રોચક સંવાદો, માનસશાસ્ત્રીય દૃષ્ટિકોણથી આલેખાએલ વ્યક્તિત્વ નિરૂપણ અને રોચક શૈલીથી આખી નવલકથા આહ્લાદક બની છે. અર્પિતાના મુખે સાંભળવાની હોવાથી વાચક વાર્તાને વધારે આત્મીયતાથી આસ્વાદી શકે છે. અલબત્ત કથાના ઉત્તરાર્ધમાં ડિટેક્ટિવ કથાનાં થોડાં તત્ત્વો ઘૂસી જતાં લાગે છે. તેમ છતાં અર્પિતા, ગગન સેન, અલકા, મેજ'દિ, તુબડી, વ્રજબાલાદેવી, દીદી ઈત્યાદિ પાત્રો પોતપોતાના વિલક્ષણ સ્વભાવનો પરિચય કરાવી એક અનોખી સૃષ્ટિનો પ્રવાસ કરાવે છે. બંગાળના વાસ્તવવાદી લેખક ધનંજય વૈરાગીની આ નવલકથામાં વાસ્તવ જીવનની કઠોરતા હોવા છતાં પ્રેમ અને માનવતાનાં સનાતન મૂલ્યોનો તો આદર જ કરવામાં આવ્યો છે. શ્રીકાન્ત ત્રિવેદીએ એનો અનુવાદ મૂળ કૃતિ જેટલો જ આસ્વાદ મળી રહે એટલી સજ્જતાથી કર્યો છે. (સેતુ પ્રકાશન, અમદાવાદ-૧૪; પાકું પૂઠું. પૃ. ૫૬૪. રૂ. ૧૩-૫૦)

અંતરની ઓળખ : જેની સાથે પ્રેમમાં પડી હતી એ શેખરનું વિમાની અકસ્માતમાં અવસાન થતાં નંદિતાનું જીવન સ્વપ્ન નંદવાઇ જાય છે અને તેને હતાશા ને આપઘાતના પંથે દોરી જાય છે. પણ દાદા, માઈ અને ભાણેજ મિલિંદનો પ્રેમ એને જીવનાભિમુખ બનાવે છે. પોતાની જ એક બહેનપણી વસુંધરાની કંપૅનિયન તરીકેની નોકરી સ્વીકારી એ મુંબઈથી વિલાસપુર જાય છે અને જાગીરદારની પત્ની બનેલી વસુંધરાના પતિ દેવદત્તની દારુણ વેદના દૂર કરવાનો પ્રયાસ કરતાં સખીની ઈર્ષાનો ભોગ બને છે. પણ અંતે એ પતિ-પત્ની વચ્ચેનું અંતર દૂર કરવાનો સફળ પ્રયાસ કરી 'અંગત દુ:ખ ભૂલી માનવી વિશ્વના મહાન દુ:ખમાં ભળી જાય તો સુખનો સ્વાદ માણી શકે' એ સત્ય સિદ્ધ કરી બતાવે છે.

'અન્યનાં દુ:ખોનું ભાન એ બે હૃદયોને સાંધનારો સૌથી ટૂંકો માર્ગ છે' અને 'અખિલ માનવતા પ્રત્યે પ્રેમનો નશો જ માનવીને એનાં અંગત દુ:ખોમાંથી ઉગારી લે છે' એ માંગલ્યપૂર્ણ જીવનદૃષ્ટિ આપતી, મહારાષ્ટ્રના વિખ્યાત નવલકથાકાર વિ. સ. ખાંડેકરની આ કૃતિ સંતર્પક બની છે એનાં પાત્રોના ઘડતરમાં યોજાએલી મનોવૈજ્ઞાનિક દૃષ્ટિથી, રોચક શૈલીથી અને નંદિતા, દેવદત્ત, વસુંધરા, બાપુ, મધુરા, મિલિંદ, દાસબાપુ ઈત્યાદિ સંસ્કારી ને સુશિક્ષિત પાત્રોના મનોવ્યાપારના મધુર આલેખનથી. સ્થૂલ ઘટનાઓમાં જ રસ લેતા વાચકને વસુંધરાને મરવા દઇ નંદિતા દેવદત્ત સાથે લગ્ન કરે એવી યોજનાભર્યો અંત વધારે તૃપ્તિ આપત, પણ લેખકને સૂક્ષ્મ પ્રેમ અને કરુણાનો મહિમા બતાવવો છે એ દેવદત્તના માનસપરિવર્તનવાળા અંતમાં જ યોગ્ય રીતે સિદ્ધ થાય છે. શ્રી ગોપાળરાવ વિદ્વાંસે મૂળ કૃતિના ભાવને જરા ય આંચ ન

આવે એવી સમર્થ રીતે એનો અનુવાદ કર્યો છે. (આર. આર. શેઠની કંપની, મુંબાઈ-૨, અમદાવાદ-૧; પૃ. ૨૩૬, પાકું પૂઠું, રૂ. ૬)

ફેરો: અમદાવાદની એક પોળમાં રહેતાં પતિપત્ની મૂગા પુત્રને લઈ તીર્થના સ્થાનકે બાધા ઉતારવા જતાં હોય છે, ત્યાં વચલા એક સ્ટેશને ગાડી ઊભી રહે છે અને પતિ બજારમાં ગયો હોય છે એ દરમિયાન પુત્ર ગુમ થાય છે. પરિણામે પત્નીને પતિ લપડાક મારી બેસે છે અને સાંકળ ખેંચવા હાથ ઊંચો કરે છે ત્યાં સામેથી આવતા એન્જિનના ધુમાડાથી એનો હાથ ગૂંગળાય છે.

'ફેરો'માં વાર્તારસિયા વાચકને આથી વધારે લાંબી ઘટના વાંચવી હશે તો નિરાશ જ થવું રહ્યું. પણ ઘટનાના ઘટાટોપ વિનાની આ લઘુ નવલ મનુષ્યના લખચોરાશીમાંના એક ફેરાની વ્યર્થતા આઘાતજનક રીતે રજૂ કરે છે. જીવનના પિંજરમાં લાચાર બનીને પુરાએલા મનુષ્યની આ કથા છે. આ ફેરાનું કશું ધ્યેય, કશું મૂલ્ય કે કશી ફલશ્રુતિ નથી; એને અંતે માત્ર કંટાળાનો જ અનુભવ થાય છે. તદ્દન સાક્ષીભાવે વર્તતા કથાનાયકની પત્ની વાચાળ છે ને પુત્ર મૂગો છે, એ વિરોધમાંથી પણ એક કરુણતા જન્મે છે. મૂગા પુત્રને માનવના પ્રતીક તરીકે લઈએ તો પ્રકૃતિનું આ લાચાર બાળક કોઈ ગાડીમાંથી ગુમ થઈ પૃથ્વીના સ્ટેશન પર ઊતરી ગયું છે એવું સૂચન પણ શોધી શકાય. શ્રી ઉમાશંકર જોશીએ આમુખમાં 'ધૂમ્રવલય'ના પ્રતીકનો આશ્રય લઈ 'ફેરો'માંથી અર્થ શોધવાનો પ્રયાસ કર્યો છે, પણ એ સહજરીતે ગળે ઊતરે એમ નથી.

લેખકની વર્ણનશક્તિ, કટાક્ષકલા અને પ્રતીકયોજનામાં તાજગી છે; એથી ન સમજાય તોય, માત્ર શૈલીના આકર્ષણથી પણ આ કથા વાંચવી ગમે એવી છે. (પ્રકાશક: રેખા કો. ઑપ. પ્રિન્ટિંગ-પબ્લિશિંગ સોસાએટી, અમદાવાદ ૨, ૨પૃ. ૯૪, પાકું પૂઠું રૂ. ૩-૫૦.)

સ્નેહશૂન્ય સરવાળા આદર્શ પતિપત્ની પણ અન્ય વિજાતીય પાત્રો તરફ આકર્ષાય એવું પ્રાબલ્ય છે માનવજીવન પર કામવૃત્તિનું, ને એ નીતિવિરોધી નહિ પણ સહજ છે, એવું કંઈક ધ્વનિત કરતી આ નવલકથાના પ્રથમ સોપાનમાં એલ આઈ. સી.ના બ્રાન્ચ મૅનેજર નિકુંજ સુવાસ'માં ભાડે રહેવા આવતા એના ક્ષયગ્રસ્ત માલિક સ્નેહલની રૂપાળી પત્ની અલ્પના તરફ આકર્ષાય છે એની કથા છે, અને બીજા ભાગમાં નિકુંજ વિશાખા સાથે લગ્ન કરી વતનથી પાછો ફરે છે ત્યારે વિશાખા તરફ સ્નેહલ આકર્ષાય છે એની કથા છે.

સ્ત્રી-પુરુષના પરસ્પરના આકર્ષણમાં સમાજે સ્વીકારી લીધેલા લગ્નના બંધનને તોડવું પડે તો એ સ્થિતિ નિર્વાહ્ય છે, સહજ અને કુદરતી છે, એટલું જ નહિ પણ આવી દૃષ્ટિ એ નવી દૃષ્ટિ છે, ઉદારતા છે, એમ બતાવવા ઇચ્છતા લેખક શ્રી જયતીલાલ ગજ્જરે અહીં વિશાખાને નિકુંજ-અલ્પનાના પ્રણયને નિભાવી લેતી અને કંઈક અંશે પ્રોત્સાહિત કરતી બતાવી છે. લેખકનો આ દૃષ્ટિકોણ પ્રતીતિજનક બનતો નથી. એથી પાત્રાલેખન, વાતાવરણ, સંવાદ, ભાવના ઈત્યાદિ દૃષ્ટિએ હૃદયગમ બનેલી આ કથાસૃષ્ટિનાં કેન્દ્રમાં જ કંઈક નબળાઈ લાગ્યા કરે છે. અલ્પનાની સંતાનભૂખ અને નિકુંજ પ્રત્યેનું આકર્ષણ એ બે એક જ વૃત્તિમાંથી ઉદ્ભવેલાં હોત તો કદાચ કથાને વધારે આકર્ષક બનાવી શકાઈ હોત. તેમ છતાં સ્ત્રીપુરુષના સંબંધોમાંથી ઊભા થતા પ્રશ્નોને સહજ ને ઉદાર દૃષ્ટિએ જોવાનું વલણ કેળવવાની હિમાયત કરતી લેખકની દલીલો વિચાર કરતા કરે એવી છે. (પ્ર૦ રૂપાલી પ્રકાશન, અમદાવાદ. પૃ ૨૩૯, પાકું પૂઠું, રૂ ૭.)

મન એક હજાર રંગ: ઑફિસમાં સાથે કામ કરતી યુવતી વાસંતીના પ્રેમમાં પડેલો ભગીરથ, પેઢીના શેઠ શર્માના દાણચોરીના ધંધામાં એના પ્રેરણા ને પ્રોત્સાહનથી જોડાય છે અને શેઠની પુત્રી મધુ નર્તિકા નીલાફેર, સુલુ ઈત્યાદિ અનેક સુંદર સ્ત્રીઓનો પરિચય ને પ્રણય પામે છે. વિવિધ રોમાંચક ને ભયાનક અનુભવો બાદ ભગીરથ શર્માશેઠની પુત્રી મધુ સાથે લગ્ન કરે છે, અને એની પ્રેયસી વાસંતી એની સાવકી સાસુ બને છે. બાહ્ય રીતે શિષ્ટ ને સંસ્કારી લાગતા ધનવાનો ગુપ્ત રીતે કેવા ધંધા કરતા હોય છે એનું આલેખન કરતી આ કથામાં ડિટેક્ટિવ નવલકથાના ઘણા અંશો છે અને એથી ડિટેક્ટિવ કથાની જેમ જ વાચકને અંત સુધી જકડી રાખવાની એની શક્તિ પણ છે. વેશ્યાજીવનનું ઉઘાડું વર્ણન, સ્ત્રીસૌન્દર્યનું ઘેરું ચિત્રણ જાતીય સંબંધોનું અતિ ચિત્રણ ઇત્યાદિ નવલકથાની કલાત્મકતાને ઝાંખપ લગાડતાં તત્ત્વો બાદ કરીએ તો શ્રી સેફ પાલનપુરીને પ્રસંગની જમાવટ કરતાં, પાત્રમાનસમાં ડોકિયાં કરાવતાં અને વાચકને જકડી રાખે એ રીતે કથાપ્રવાહ વહેવડાવતાં પ્રશંસનીય રીતે આવડે છે એમ કહી શકાય. (પ્ર૦ ફાલ્ગુની પ્રકાશન, મુંબાઈ-૩, પૃ. ૪૮૧, પાકું પૂઠું. રૂ. ૧૩ ૫૦.)

હિંદુસ્થાન મધ્યેનું એક ઝૂંપડું: ગુજરાતી સાહિત્યમાં આજ સુધી 'કરણ ઘેલો' પહેલી નવલકથા ગણાઈ છે, પણ ડૉ. મધુસૂદન પારેખે પોતાના મહાનિબંધના સંશોધન સમયે પ્રાપ્ત થએલ (૧૮૬૨માં લખાએલી) આ નવલકથા પ્રસિદ્ધ કરી એમ સાબિત કરવા પ્રયાસ કર્યો છે કે આ ગુજરાતની પહેલી નવલકથા ગણવી જોઇએ.

એક અંગ્રેજ પંડિત હિન્દુસ્તાનમાં આવી કેટલાક પ્રશ્નોના જવાબ મેળવવા ઇચ્છતો હોય છે. એ માટે એ પ્રથમ કાશીના બ્રાહ્મણ પંડિતો પાસે ને ત્યાંથી ઓરિસ્સાના જગન્નાથ મંદિરના વિદ્વાનો પાસે જાય છે. ત્યાંથી પ્રશ્નોના જવાબને બદલે રૂઢિચુસ્તતા ને દાંભિકતાનો પરિચય મેળવી ગુસ્સે થએલો અંગ્રેજ પંડિત વરસાદર્થે રક્ષણ મેળવવા જંગલમાં એક પારિયાની ઝૂંપડીમાં આશ્રય લે છે અને એની પાસેથી પોતાના પ્રશ્નોના સાચા ને સંતોષકારક જવાબ મેળવે છે.

વાર્તાનો મુખ્ય બનાવ અને રહસ્ય પારિયા અને અંગ્રેજની વાતચીતમાં સમાવિષ્ટ છે. હિન્દુસ્તાનના બ્રાહ્મણો નહિ પણ એક નીચ હરિજન પાસેથી જીવન સુખેથી જીવવાની ચાવી પંડિતને પ્રાપ્ત થાય એ આ વાર્તાની ચમત્કૃતિ છે. વાર્તા દ્વારા ચિંતન રજૂ કરતી આ કૃતિમાં બ્રાહ્મણોના જ્ઞાનનો ઇજારો, પારિયા લેકોની કરુણ સ્થિતિ, સતી થવાનો ક્રૂર રિવાજ ઈત્યાદિ સામાજિક બાબતોનો પણ નિર્દેશ થયો છે બ્રાહ્મણી ને પારિયાનો પ્રેમોપચાર કાવ્યમય રીતે થય છે. પારસી ભાષામાં લખાએલી આ કૃતિનું ગદ્ય હજી પ્રારંભનું છે અને એથી વાક્યરચના, જોડણી ઈત્યાદિની અતંત્રતા રસક્ષતિ કરે એ સ્વાભાવિક છે. પણ મૂળ ફ્રેંચમાં La Chaumiere Indiene નામે Jacques Henri Bernardin De Saint Pieree નામના લેખકે લખેલ આ લઘુનવલના અંગ્રેજી અનુવાદનો અનુવાદ કરવાની હિંમત કરવા બદલ સોરાબશા દાદાભાઈ મુનસફ તો ધન્યવાદને પાત્ર છે અને એ કૃતિનું સંશોધન-સંપાદન કરી ઇતિહાસરસિકોને રસિક સામગ્રી પૂરી પાડવા માટે ડૉ. મધુસૂદન પારેખ પણ ધન્યવાદના અધિકારી છે. 'કરણ ઘેલો' પહેલાં આ કૃતિ લખાઈ છે અને આ સંશોધન ત્રીજી આવૃત્તિનું છે એ જોતાં એ લોકપ્રિય પણ નીવડી હશે એ સાચું, પણ એને ગુજરાતની પહેલી નવલકથાનું માન આપી શકાય કે કેમ એ વિવાદાસ્પદ પ્રશ્ન રહે છે. 'કરણ ઘેલો'ની અપેક્ષાએ આ કૃતિમાં નવલકથાનાં લક્ષણો કેટલાં એ પણ એક પ્રશ્ન રહે છે. ઉપરાંત આ

કૃતિ મૌલિક પણ નથી, એટલે પ્રથમ નવલકથા હોવાનો એનો દાવો ટકી શકે એમ નથી. જોકે એ દાવો ન ટકે એથી કૃતિની નિરપેક્ષ મૂલ્યવત્તા ઘટતી નથી. એનું આકર્ષણ તો ઐતિહાસિક તેમજ તાત્ત્વિક બંને રીતે રહેલું છે. એના પ્રશ્નો અને એની માવજતમાં કૃતિને શ્રી યશવંત શુક્લની અવલોકના અને પ્રા. ફિરોઝ દાવરના આમુખનો લાભ મળ્યો છે, જે બંને આસ્વાદમાં સહાયક નીવડે છે. (અનડા બુક ડીપો, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; પૃ. ૧૧૨, કાચું પૂઠું, રૂ. ૨-૫૦.)

ઈન્સાન અને નસીબ : ૧૯૬૫નું સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક મેળવનાર સોવિયેત લેખક મિખાઈલ શોલોખોવની આ લાંબી ટૂંકી વાર્તા બીજા વિશ્વયુદ્ધ દરમિયાન નાઝીઓના યુદ્ધકેદી તરીકે પકડાએલા એક સોવિયેત દેશપ્રેમી સૈનિકની વેદનાપૂર્ણ છતાં શૌર્યભરી કહાણી છે. યુવાન વયે જ અનાથ બનેલો એક સામાન્ય વર્ગનો માનવી આન્દ્રેઈ પોતાની કથની લેખકને સંભળાવતો હોય એ રીતે લખાએલી આ વાર્તામાં એ સૈનિક રશિયન-જર્મન યુદ્ધમાં કેદી તરીકે પકડાતાં કેવી ભયંકર યાતનાઓ ભોગવે છે એનું ચિત્તવેધક વર્ણન આવે છે. આટલા જુલ્મો વચ્ચે પણ બહાદુરીથી ટકી રહેનાર અને એક જર્મન મેજરને લઈ દેશમાં છટકી આવનાર આ દેશપ્રેમી ઘેર આવતાં જાણે છે કે એનું કુટુંબ બૉમ્બવર્ષાથી તારાજ થઈ ગયું છે અને બચેલો મોટો પુત્ર સૈન્યમાં કૅપ્ટન થયો છે. પોતાનાથી સવાયો નીવડનાર આ આશાસ્પદ પુત્ર પણ વિજયદિનની સવારે જર્મન સૈનિકની ગોળીથી વીંધાઈ જાય છે એ પછી આન્દ્રેઈ એક સંતાનવિહીન મિત્રદંપતી સાથે જીવન ગુજારે છે. ત્યાં એને એક રૂપાળા અનાથ બાળકનો ભેટો થઈ જાય છે, જે એનાં પાછલાં વર્ષોની આશા બની જાય છે.

સરળ ને સીધી રીતે લખાએલી આ યુદ્ધકથા કરુણ છતાં પ્રેરક છે. પત્ની ઈરીનાનું અંતિમ મિલન, પુત્ર આનાતોલીના શબનું દૃશ્ય, નાઝીઓના અત્યાચાર, આન્દ્રેઈનું નાઝી વડા સાથેનું મિલન ઇત્યાદિ પ્રસંગો વાર્તાનાં રોમાંચક અંશો છે. અનેક ઝંઝાવાતો સામે અખૂટ જીવનબળ બતાવતા આ સૈનિકની કથની પ્રેરણાનો અમર સંદેશ બની જાય છે, અતુલભાઇએ કરેલો અનુવાદ સરળ ને સુવાચ્ય છે. (પ્રગતિ પ્રકાશન, મૉસ્કો. પૃ. ૪૪, કાચું પૂઠું કિં. છાપી નથી.)

શ્રી વિઠ્ઠલ પંડ્યાની નવલકથાઓ

નવલકથાનો કોઈ નવો ઉન્મેષ તો ઠીક, પણ ભોગીન્દ્રરાવ દિવેટિયા, ર. વ. દેસાઈ ઇત્યાદિએ શરૂ કરેલી પ્રણાલિકા શૈલીને પણ પૂરી વફાદારીથી નહિ વળગી રહેતી શ્રી વિઠ્ઠલ પંડ્યાની નવલકથા-શૈલીનાં આગળ પડતાં લક્ષણો આટલાં છે: સામાન્ય પ્રકારની રોજિંદા જીવનમાં બનતી ઘટનાઓનો અતિરેક, પ્રણય વિરહ અને પુનર્મિલન, સ્ત્રીપુરુષના જાતીય સંબંધોનું ઘેરું ચિત્રણ, વિસંગત પાત્રાલેખન, અપ્રતીતિકર પ્રસંગો, સામાન્ય કક્ષાના સંવાદો અને શામળની યાદ અપાવે એવું જીવનદર્શન. પ્રત્યેક નવલકથામાં નવો જ વિષય પોતે લઈ આવ્યા છે એમ માનતા અને મનાવવા પ્રયાસ કરતા લેખક કોઈ કથા (જંતરમંતર)માં મંત્રતંત્રની વાત લઈ આવે છે, કોઈ (મન મેલાં તન ઊજળાં)માં નાટકની વાત લાવે છે, કોઈ (લોહચુંબક)માં બજાણિયા કોમની ને એ બહાને ગ્રામજીવનની કથાસૃષ્ટિ આણે છે, કોઈ (મીઠા જળનાં મીન)માં કૉલેજજીવન અને ખોટી નોટો છાપનારની સૃષ્ટિ ઊભી કરે છે, તો કોઈ (મન, મોતી ને કાચ)માં ચૂંટણીનું દૃશ્ય ખડું કરે છે. આવા વાતાવરણના વિવિધ વાઘાઓમાં પણ લેખકને ખાસ કશું વૈવિધ્ય સાધવામાં સિદ્ધિ પ્રાપ્ત થતી દેખાતી નથી. ટૂંકમાં, નવલકથા વિષેની કોઈ સ્પષ્ટ સમજ વિના માત્ર ઘટનાઓનો, અને તે પણ સામાન્ય કક્ષાની ઘટનાઓનો ઘટાટોપ સર્જવામાં એમને રસ છે એમ લાગે છે [(૧) મન મેલાં, તન ઊજળાં પૃ. ૨૮૨, રૂ. ૬-૭૫ (૨) મીઠા જળનાં મીન પૃ. ૩૫૮, રૂ. ૮-૭૫; (૩) મન મોતી ને કાચ પૃ. ૪૧૯, રૂ. ૧૦; (૪) જંતરમંતર પૃ. ૨૮૩, રૂ. ૭; (૫) લોહચુંબક પૃ. ૪૩૨, રૂ. ૧૧; દરેકનું પાકું પૂઠું પ્ર૦ આર. આર. શેઠની કં. અમદાવાદ ૧, મુંબાઈ-૨]

આરાધના : સાહિત્ય અને કળા, સાહિત્યકારો અને સાહિત્ય કૃતિઓ વિષેના ચૈતન્યબેન જ. દિવેટિયાના લેખોનો સંગ્રહ, પૃ. ૩૩૬, પાકું પૂઠું, રૂ. ૭.

સાચી ખોટી વાતો : બાળકોને રસ પડે એવી વાર્તાઓની 'બાલવાચનમાળા'નું સાતમું પુસ્તક. લે. સોમાભાઈ કિશાભાઈ પટેલ, પૃ. ૫૦. કાચું પૂઠું રૂ ૨.

જોડાક્ષરપોથી : બાળવર્ગના બાળકોને જોડાક્ષરનું જ્ઞાન આપતી પુસ્તિકા. લે. ઉપર મુજબ, પૃ. ૨૪, કાચું પૂઠું, રૂ. ૦-૫૦.

આ અંકના પૂઠા ઉપર પશ્ચાદ્ભૂમિકામાં ડાબી બાજુએ આજથી ૧૦૦ વર્ષ પહેલાં (ગાંધીજીના જન્મ-સમય)ના અને જમણી બાજુએ આજના ભારતના વાતાવરણનું નિદર્શન છે: ડાબી બાજુ મથાળે તે સમયના દિલ્હીનું, તેની નીચે પોરબંદરના ગાંધીજીના જન્મના ઘરનું (જૂનામાં જૂના ફોટોગ્રાફ ઉપરથી), તેની નીચે મુંબાઈનાં તે કાળનાં મકાનોનું અને છેલ્લે ત્યારના સમૃદ્ધ વાહન તથા પહેરવેશનાં આલેખન છે; અને સામે જમણી બાજુ મથાળેથી આજના વાહન એરોપ્લેન અને સ્વતંત્ર ભારતનો ઝંડો ફરકાવતી ૧૫મી ઑગસ્ટની જનમેદનીની નીચે મુંબાઈની આજની બહુમાળી મહેલાત અને પછી ગાંધીજીની સેવાગ્રામ-કુટિર તથા આજના પહેરવેશનાં આલેખન છે.


સ્મરણ-વિવિધા

આ સાથેનાં પાનાંમાં ગાંધીજીના જીવન તથા પ્રવૃત્તિઓને લગતા જાણીતા-અધજાણીતા નોંધપાત્ર ફોટોગ્રાફો, આલેખો, ચિત્રસર્જનો, તેમની યાદગીરીમાં યોજાએલાં સ્મરણાંકનો, ટિકિટો, નોટ, સિક્કા, નકશા, હસ્તાક્ષરો, સ્મૃતિ-અવશેષો આદિ નાનાવિધ સામગ્રીનું ચયન એકત્રિત કર્યું છે, જે સંગ્રહયોગ્ય જણાશે.

દિનચર્યા-ચક્ર



પ્રાત:પ્રાર્થનાથી શરૂ કરીને શયન સુધીની ગાંધીજીની દિનચર્યા દાખવતું ચક્ર (નવજીવનના સૌજન્યથી)



આદિ અને અંત

મથાળે: ગાંધીજીની જન્મકુંડલી; નીચે: અવસાન સમયનો છેલ્લો ફોટોગ્રાફ

જમણી બાજુ

ઉપર: જગજાણીતું એમનું પ્રિય ભજન; નીચે: મહાન જીવનની અલ્પ જીવન-વખરી: ચંપલ ને ચાખડી, ... ને ચશ્માં, ગીતા ને ઘડિયાળ, ને ચરખો, વાટકા ને ચમચા અને પેલાં ત્રણ વાંદરાં

વૈષ્ણવ જન

આદર્શ માનવીનું આલેખન કરતું મહાત્માજીનું પ્રિય ભજન

વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે,
પર દુ:ખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે રે.

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે,
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે.

સમદ્રષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પર સ્ત્રી જેને માત રે,
જિહ્‌વા થકી અસત્ય ન બોલે, પર ધન નવ ઝાલે હાથ રે.

મોહ માયા વ્યાપે નહિ જેને, દ્રઢ વૈરાગ્ય જેના મનમાં રે,
રામનામ શું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે.


વણલોભી ને કપટરહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે,
ભણે નરસૈંયો તેનું દરશન કરતાં કુળ એકોતેર તાર્યા રે.





ગાંધી રાગ

ગાંધી જન્મશતાબ્દી દરમ્યાન દેવાસવાસી વિખ્યાત સંગીતકાર કુમાર ગાંધર્વે 'ગાંધી રાગ' નામક એક નવી જ રાગરચના તૈયાર કરી છે. પુરૂષાર્થના ભાવની અભિવ્યક્તિને અનુરૂપ ગણાતા મલ્હાર રાગના પ્રચલિત ૧૪ પ્રકારો ઉપરાંત 'ગાંધી' એનો પંદરમો પ્રકાર બની રહેશે. ખયાલની ગાયકી તથા મધ્ય અને વિલંબિત લયની રચનાઓ માટે યોગ્ય એવા એના બંધારણમાં ગાંધીજીનું મહાન વ્યક્તિત્વ, દર્શન અને વિચારોના યોગ્ય ભાવો ઉતારવા એમણે આ રચના પાછળ ખ્યાલ રાખ્યો છે. કુમાર ગાંધર્વે આ અગાઉ પણ માલવતી, મધવા, સંજારી, નિંદિયારી, અહિમોહિની, સહેલી તોડી, બીહડ ભૈરવ, ભવમત ભૈરવ, મધુ સૂરજા, લગન ગંધાર અને રાહી નામના અગિયાર નવા રાગ રચ્યા છે.











મથાળે: એક વિરલ ફોટોગ્રાફ જેમાં એમના ત્રણ નિકટતમ સાથીઓ (જવાહરલાલ, સરદાર અને મંત્રી પ્યારેલાલ) છે; વચ્ચે: કસ્તૂરબા સાથેની બે છબિઓ–પહેલી, ૧૯૧૫માં ભારત આવ્યા ત્યારની અને બીજી ઉત્તર જીવનની (ફોટો: નવીન ગાંધી). ઉપર: એક બહુ ઓછો જાણીતો આ ફોટોગ્રાફ ૧૯૨૦ના ગુજરાતી સાહિત્યપરિષદ અધિવેશનમાં કવિવર રવીન્દ્રનાથ અમદાવાદ આવેલા ત્યારે લેવાએલો; જમણી બાજુ: જનાબ ઝીણા સાથે—જે આનંદ ચરિતાર્થ ન થયો.





ઉપર: જેનું અમને જાત-સ્મરણ છે તે આ વિરલ ફોટોગ્રાફ ગાંધીજી ઈ. ૧૯૧૫માં ગોંડલ આવેલા ત્યારે લેવાએલો. એમાં જમણી બાજુ કાળા કોટમાં, આગળ હાથ રાખીને ઊભેલા છે તે ગાંધીજીના ગોંડલ ખાતેના યજમાન, ત્યાંના દીવાન શ્રી રણછોડદાસ પટવારી છે.

ઉપર: શ્રી રવિશંકર રાવળે સત્યાગ્રહાશ્રમમાં ઈ. ૧૯૧૯માં કરેલા આ સ્કેચ વિષે શ્રી રાવળ લખે છે: 'કવિ નાનાલાલે ગાંધીજીના ૫૦મે વર્ષે 'પ્રભાતનો તપસ્વી' કાવ્ય લખ્યું એવું જ સ્વામી આનંદે તે હાથ કર્યું અને 'વીસમી સદી'ના તંત્રી હાજીમહમ્મદને પહોંચાડ્યું. હાજીએ તે સાથે છાપવા માટે ગાંધીજીનો તુરતનો ફોટો માગીને કહ્યું: ફોટો ન મળે તો; રાવળ અમદાવાદમાં છે, સ્કેચ કરાવો. એ વખતે ગાંધીજી પોતાનો ફોટો લેવા દેતા નહિ. છેવટે હાથના ચિત્ર માટે સંમતિ મેળવી, સ્વામી મને આશ્રમ લઈ ગયા. મને જોઈ ગાંધીજીએ કહ્યું: "આવો રવિશંકર, મેં તમારા વિષે બહુ સાંભળ્યું છે. પણ હું તમને કશી સગવડ નહિ આપી શકું. ગમે તે રીતે તમારું કામ કરો; હું મારું કામ કરતો રહીશ" ...મેં બને તેટલી કાળજીથી કામ કર્યું. મને ઊભો થયો જોઈ કહે: "તમારું કામ થયું ને? બસ." તેમણે જોવાની જિજ્ઞાસા પણ ન બતાવી. એ સ્કેચ 'વીસમી સદી'માં કાવ્ય સાથે આખા પાના પર છપાયો.'



શતાબ્દી પ્રસંગે સરકારે બહાર પાડેલી ચલણી નોટો પૈકી બારેમાં બારે કિંમત રૂ. ૧૦૦ની નોટ









ઇગ્લંડની ગોળમેજી પરિષદ વખતે રસ્તામાં ગાંધીજી ફ્રેંચ સાહિત્યકાર રોમાં રોલાંને મળવા ગયા. ત્યાં ફૉલ્સ (VOLZ)નામે જર્મન કલાકારે કરેલા સ્કેચ ઉપરથી પછી તેણે થોડાં વૂડકટ ચિત્ર તૈયાર કરેલાં. તે પૈકી ઉપરનાં આ ત્રણ મોટાં વૂડકટ મિ. ફૉલ્સના મિત્ર શ્રી નરેન્દ્ર નાયક પાસે વેચાઉ છે—અલબત્ત ઘણી મોંઘી કિંમતે. એમનું સરનામું: ૩૦ નિવાસ મહાદેવભાઈ રોડ, બોરીવલી (પૂર્વ) મુંબાઈ. નીચે: ગાંધીજીની સાથે હમેશાં રહેતું ત્રણ વાંદરાંનું જીવનપ્રબોધક જાપાની રમકડું: કોઈના દોષ ન જુઓ; કોઈની નિંદા ન સાંભળો; કોઈનું બૂરું ન બોલો. પાનાને છેડે: જમણો હાથ લખતાં થાકે ત્યારે ગાંધીજી ડાબે હાથે પણ લખતા. નવજીવન પ્રકાશન મંદિરે બહાર પાડેલા એમના હસ્તાક્ષરમાં લખેલાં 'હિંદસ્વરાજ' પુસ્તક (કિં. માત્ર રૂ. ૧-૭૫)માંનું એવું એક પાનું, જેમાં મથાળે જમણા હાથના અને નીચે ડાબા હાથના અક્ષર છે.








← દસ ભાષામાં ગાંધીજીએ કરેલી પોતાની સહી. એને વિષે રસમય હકીકત અન્યત્ર આપી છે.



દાંડીકૂચનો માર્ગ



મીઠાનો કાયદો તોડવા માટે ૧૯૩૦ની ૧૨મી માર્ચે સત્યાગ્રહાશ્રમથી શરૂ કરેલી દાંડીકૂચને જાળવી રાખતા જે જૂજ ફોટોગ્રાફો છે તેમાંનો શ્રી બલવંત ભટ્ટનો આ ફોટો, તેમાંનાં મોટા ભાગનાં પાત્રો જાણીતાં હોઈ દસ્તાવેજી દૃષ્ટિએ વિરલ છે. ડાબી બાજુ: એ કૂચનાં મુખ્ય સ્થળ દર્શાવતા માર્ગનો નકશો. નીચે જમણી બાજુ : એ કૂચને સ્મરણાંકિત કરતું કલાકાર નંદલાલ વસુનું વૂડકટ ચિત્ર. નીચે ડાબી બાજુ : જ્યાં પોતાનું ઉત્તર જીવન ગાળ્યું તે સેવાગ્રામની કુટિરમાંથી નીકળતા ગાંધીજી.











ગાંધી-ટપાલ



મથાળાની ચાર ભારતની; જમણી બાજુ ઉપર : રશિયાની; નીચે : પશ્ચિમ જર્મનીની; ડાબી બાજુ: ઇંગ્લંડની.



આકાશમાંના જે 'હંસ-પુચ્છ' (ડેનેબ) નામે તારાને આ શતાબ્દી પ્રસંગે 'ગાંધી-તારક' નામ અપાયું એ ચિત્રથી તો હવે 'કુમાર'ના વાચકો સુપરિચિત છે.




ભારત સરકારે શતાબ્દી પ્રસંગે બહાર પાડેલા 'ગાંધી-નાણું' પૈકી મોટામાં મોટો ૧૦ રૂ.નો સિક્કો

દસ લિપિમાં ગાંધીજીની સહી


આટલા પ્રવૃત્તિમય જીવનમાં પણ ગાંધીજી ૧૦ લિપિ શીખેલા તે દર્શાવતી તેમની સહીઓની (જુઓ અન્યત્ર) એક અંગૂઠિયા પોથી, 'ગાંધી-તારક' આયોજનના સર્જક શ્રી પ્રતાપરાય મહેતાએ ચાર આનાની કિંમતે બહાર પાડી છે. તે સંભારણા તરીકે રાખવા જેવી છે. વળી બે બાજુએ સહીઓ ઉપસાવેલી માટીની ટચૂકડી ચગદીઓ પણ ટેબલ પર રાખવા માટે મળે છે. ઠેકાણું: ભારતી આર્ટ વર્ક્સ, મુથિયાલુ નાયડુ સ્ટ્રીટ, મદ્રાસ-૧૫.



લડતનાં તત્ત્વોને સંજ્ઞાઓ દ્વારા ગૂંથી લઈને, જેણે સમસ્ત દેશને સળગાવી સ્વાતંત્ર્યોન્મુખ બનાવ્યો એ ઐતિહાસિક દાંડીકૂચને સૂચિત કરતું શ્રી કનુ દેસાઈનું એક ચિત્રાલેખન



ગાંધીજીના વિચારોને સ્ફૂટ કરતું શ્રી વિનોબાજીએ યોજેલું સત્યાગ્રહ ચક્ર (હરિજન આશ્રમ સાબરમતીના સૌજન્યથી)



અમદાવાદમાં ૧૯૨૨માં ચાલેલો ગાંધીજીનો મુકદ્દમો (શ્રી રવિશંકર રાવળે તે વખતે કરેલા સ્કૅચ પરથી તૈયાર કરેલું ચિત્ર)

શ્રી રવિશંકર રાવળ લખે છે: '૧૯૨૨ના માર્ચમાં ગાંધીજીનો કેસ સર્કીટ હાઉસમાં ચલાવવા મુંબાઈથી ખાસ મૅજિસ્ટ્રેટ બ્રુમફીલ્ડ આવ્યા. ત્યારે હું શેઠ અંબાલાલને ત્યાં ચિત્રશિક્ષક હતો. તેમના પરિવાર સાથે શિક્ષકમંડળને પણ સર્કીટ હાઉસમાં પ્રવેશ મળી ગયો. મારી સાથે અંગ્રેજીના શિક્ષક મિ. સ્ટૅન્ડિંગ હતા. તે ઈંગ્લંડના 'માંચેસ્ટર ગાર્ડિયન'ના ખબરપત્રી હતા. નજરે બનતા આ પ્રસંગની નોંધ તે લેવા માંડયા, એટલે મેં પણ હિંમતથી મારી નોટબુક અરધી ઉઘાડી કોર્ટની ગોઠવણ અને બેઠકોની રચના ઉતારી લીધી અને ગાંધીજી, કસ્તૂરબા વગેરેના સ્કેચ કરી લીધા. દર પળે બીક હતી કે કોઈ પોલીસનો માણસ આવી નોટ ઝડપી લેશે. મિ. સ્ટૅન્ડિંગે અહેવાલ તૈયાર કરી મારા સ્કેચ પણ મોકલ્યા, જે એ પત્રના ૮મી એપ્રિલના અંકમાં છપાયા. સ્વરાજ પછી સર્કીટ હાઉસનો એ ખંડ સ્મારકસ્થાન બન્યો, તે પરથી મેં એ સ્કેચને આધારે આખો પ્રસંગ પ્રત્યક્ષ કરીને તેનું મોટું ચિત્ર કરી એ ખંડમાં મૂકવા રાજ્ય પાસે મારા વિચારો મૂકયા. પણ કોઈને તેનું મહત્ત્વ જણાયું નહિ. એવામાં તે વખતના ગુજરાત હાઈકોર્ટના વડા ન્યાયમૂર્તિ શ્રી શેલતે ત્યાંનાં જૂનાં દફતરો ફંફોળતાં એ આખો મુકદ્દમો મિ. બ્રુમફીલ્ડ (અને ગાંધીજી)ના હસ્તાક્ષરોમાં લખાએલો શોધી કાઢયો અને તેનો દસ્તાવેજી ગ્રંથ તૈયાર કર્યો. એમણે મારું (ઉપર આપેલ) ચિત્ર અને (નીચેના) મૂળ સ્કેચ તવારીખી ગણીને ઉપર્યુક્ત પુસ્તકમાં સ્થાન આપ્યું. ત્યાર પછી દિલ્હીના સરકારી ગાંધી પ્રકાશન વિભાગે પોતાની ગ્રંથમાળામાં પણ તે સ્વીકાર્યું.'



[તંત્રીનોંધ : ત્યારે 'નવજીવન'માં કામ કરતાં મેં ઉપર્યુક્ત સ્કેચ વિષે નવજીવનનું તંત્ર સંભાળતા જુગતરામભાઈ ઉપરના મહાદેવભાઈના પત્રમાં ઉલ્લેખ જોએલો, તે મેં ત્યારના મારા હસ્તલિખિત 'ધ્વનિ'માં લીધેલો. તેમાંથી પ્રસ્તુત ભાગ : '... માન્ચેસ્ટર ગાર્ડિયનમાં થોડા વખત ઉપર બાપુના પહેલા ટ્રાયલનો સુંદર અહેવાલ આવ્યો હતો. પણ વધારે મૂલ્યવાન તો તે હેવાલની ઉપર બાપુ, બા અને ગિરધરલાલ શાહ (પ્રોસીક્યુટિંગ વકીલ)ના રવિશંકર રાવળના પેન્સિલ-સ્કેચ હતા. એ સ્કેચ તો અમર રહેશે. રાવળ આવા સુંદર આર્ટિસ્ટ હશે એ મ્હને ખબર ન હતી. તમે એ સ્કેચની કોપી 'નવજીવન'ના વાચકોને આપી શકયા હોત.' —બ. રા.]

મહાત્મા ગાંધીજીની જીવનવ્યાપી મહત્તા : જીવનનું કોઈ પણ અંગ, કોઈ પણ ક્ષેત્ર એવું નહિ હોય, જ્યાં મહાત્માજીના તેજસ્વી પ્રતિભા-સૂર્યનાં પ્રખર રશ્મિ પથરાયાં ન હોય. મહાત્માજી એટલે જીવનવ્યાપી-વિશ્વવ્યાપી વિભૂતિ. તેમની મહત્તાનો સંપૂર્ણ ખ્યાલ કાઢવો એ મુશ્કેલ જ નહિ પણ અશક્યપ્રાય: કાર્ય છે. નીચેના કોઠામાં આપેલી જીવનના મુખ્યમુખ્ય ક્ષેત્રોમાંની તેમની ચિરસ્મરણીય કામગીરી, તેમનાં અગાધ બુદ્ધિમત્તા તથા ઉત્તમ મહાનતા જ નહિ પણ તેમનો જીવનલક્ષી ઉદાત્ત તત્ત્વજ્ઞાનનો પણ કંઈક ખ્યાલ વાચકોને આપશે.

સત્ય-અહિંસા

રાજકારણ

રાજકારણને તદ્દન નવું જ સ્વરૂપ આપ્યું. જગતભરની કચડાએલી ગુલામ પ્રજાને સત્યાગ્રહનું દિવ્યાસ્ત્ર આપી 'शठं प्रत्यापि सत्यम्' એ મંત્રને રાજકારણમાં પણ સફળ રીતે આચરી બતાવ્યો. પોતાની અતુલનીય સંગઠન-શક્તિ વડે કોંગ્રેસને કેવળ ભણેલાઓની સંસ્થા ન રાખતાં ખેડૂતો અને મજૂરોમાં પહોંચાડીને એક શક્તિશાળી સંસ્થા બનાવી. પ્રચંડ આંદોલનો વડે સુપ્ત પ્રજામાનસને જાગૃત કરી ગુલામોમાંથી મનુષ્યો સર્જ્યા અને મુર્દાંમાંથી મરદો ઊભા કર્યા. એટલું જ નહિ પણ જવાહરલાલ, વલ્લભભાઈ, રાજેન્દ્રપ્રસાદ, રાજાજી આદિ અનેક રત્નોને શોધી કાઢી, પાસા પાડી ઘડ્યા. ૯૦૦ વર્ષથી વિખાઈ ગએલા હિંદનું એક રાષ્ટ્ર તરીકે સર્જન કર્યું અને છ છ મહાભારત લડતોનું સફળ સેનાપતિપદ ધારણ કરી હિન્દને સ્વાતંત્ર્ય શિખરે પહોંચાડ્યું.

અર્થશાસ્ત્ર

(૧) ગ્રામોદ્ધાર અને ગ્રામોદ્યોગ : દેશના અર્થશાસ્ત્રનું મધ્યબિંદુ જે શહેરો હતાં, તે બદલીને હિંદના હૃદય જેવાં ગામડાંમાં કેન્દ્રિત કર્યું તથા ગંદકી અને પતનના આગર સમાં થઈ પડેલાં ગામોને ગ્રામોદ્યોગના સમર્થ કાર્યક્રમ વડે ઓજસ્વી બનવાનો માર્ગ ચીંધ્યો. તથા ભારતવર્ષનું કલાકૌશલ્ય એક કાળે જેને કારણે દુનિયાભરમાં જાણીતું હતું, પણ પાછળથી અંગ્રેજોની કુટિલ રાજનીતિએ જેને કચડીને નામશેષ કરી નાખ્યા તે ગામડાના નાનાનાના હાથઉદ્યોગોને ફરી ગ્રામોદ્યોગ સંઘ દ્વારા સજીવન કર્યા.

(૨) રેંટિયો : હિંદના કરોડોની બેકારી ટાળવાના અદ્વિતીય સાધન રેંટિયાની શોધ અને પ્રચાર. 'ચરખા સંઘ' સ્થાપી લાખોને અન્નનો કોળિયો પહોંચાડ્યો.

(૩) ખાદી : જ્યાં પરદેશી કાપડની બોલબાલા હતી ત્યાં શુદ્ધ સ્વદેશી કાપડ તરીકે ખાદીની પ્રાણપ્રતિષ્ઠા કરી દેશના ઘોરી નસ સમા એ ઉદ્યોગને ઉત્તેજન આપવા સાથે ખાદીને સત્ત્વશીલતા ને દેશસેવાનું પ્રતીક બનાવ્યું.

શરીરશાસ્ત્ર

(૧) પહેરવેશ : જ્યારે મોટા દેશહિતચિંતક નેતાઓ પણ પશ્ચિમી ઢબનો પોશાક પહેરવામાં સભ્યતા માનતા હતા તે કાળે સાદા પોશાકની સ્વઉદાહરણથી હિમાયત કરી, લઘુતા ભોગવતી દેશની સંસ્કૃતિને બચાવી લીધી.

(૨) કુદરતી ઉપચાર : હિંદના કરોડો કંગાલ લોકોના ઔષધોપચાર માટે ઓછામાં ઓછે ખરચે અને છતાં અસરકારક રીતે કુદરતી સાધનો દ્વારા જ અનેક રોગો દૂર કરવાની નૂતન ઉપચાર પદ્ધતિ સ્વાનુભવ પછી પ્રજા આગળ મૂકી અને પ્રચારી.

(૩) ખોરાક : જીવનભર ખોરાકના પ્રયોગો કરતા રહી શાકાહારી ખોરાકની શ્રેષ્ઠતા સાબિત કરી ને હાથછડના ચોખા, હાથઘંટીનો લોટ આદિ સાત્ત્વિક વસ્તુઓની મહત્તા લોકોને સમજાવી. દેશને ખુવાર કરતી દારૂની બદી કાઢી.

સમાજશાસ્ત્ર

(૧) હરિજન ઉદ્ધાર : સમાજના અસહ્ય વિરોધનો સામનો કરીને ગુલામ દશા ભોગવતા હરિજનોને સમાજમાં બરાબરીનું સ્થાન આપી હિંદુ સમાજ પરનું એ કલંક દૂર કરવામાં મોટો ફાળો આપ્યો.

(૨) સ્ત્રી-ઉન્નતિ : અત્યાર સુધી તિરસ્કૃત નજરે જોવાતા સ્ત્રી વર્ગને સમાજમાં માનભર્યું સ્થાન અપાવ્યું એટલું જ નહિ પણ આજ સુધી ઘરની દીવાલોમાં ગોંધાઈ રહેલી તે પ્રચંડ સ્ત્રી-શક્તિનો દેશસેવાના પ્રત્યેક કાર્યમાં હિસ્સો અપાવી તેમનાં પ્રગતિનાં દ્વાર ખોલી નાખ્યાં.

(૩) હિંદુ-મુસ્લિમ ઐક્ય : હિંદને ભરખી જતાં કોમી દાવાનળના શાંતિ માટેના ઉપાય તરીકે પ્રતિકૂળ પરિસ્થિતિ છતાં હિંદુ-મુસ્લિમ ઐક્યનો માનવતાનો સંદેશ આપતા રહ્યા. ને તેને માટે પોતાના પ્રાણ પણ હોડમાં મૂક્યા.

કેળવણીશાસ્ત્ર

(૧) વર્ધા યોજના : સો એક વરસથી ચાલી આવતી મેકોલેના કારકુની શિક્ષણપદ્ધતિને બદલી નાખી શ્રમની મહત્તા સ્વીકારતી તથા સમગ્ર જીવનની સર્વાંગીણ ઉન્નતિ સાધતી 'વર્ધા યોજના' (નવી તાલીમ)ની રચના કરી ને તેને અમલમાં લાવીને તેનું અસરકારકપણું સાબિત કર્યું.

(૨) ગુજરાતી સાહિત્ય : પોતાના પત્ર 'નવજીવન' દ્વારા ગુજરાતી ભાષાની પંડિતી ક્લિષ્ટતા તથા આડંબર દૂર કરી તેમાં તળપદી સરળતા તથા ચૈતન્ય દાખલ કરીને 'ગાંધીયુગ'ની શરૂઆત કરી. જોડણીકોશ રચાવી ગુજરાતી ભાષાનું જોડણી અંધેર દૂર કર્યું.

(૩) પ્રૌઢશિક્ષણ : દેશની નિરક્ષરતા નાબૂદ કરવા પ્રૌઢ શિક્ષણનો તેજસ્વી નંદાદીપ પ્રગટાવ્યો.

(૪) રાષ્ટ્રભાષા : સ્વતંત્ર દેશમાં રાષ્ટ્રભાષાની અગત્ય ઓળખી લોકો સહજ રીતે સમજી શકે તેવી હિંદુસ્તાનીનો દેશભરમાં પ્રચાર કરી દેશને રાષ્ટ્રભાષા આપી.


ધર્મ અને તત્ત્વજ્ઞાન

સમસ્ત જીવનમાં અનાસક્ત કર્મયોગ આદરી ગીતાના અધ્યાત્મવાદને જીવનમાં પ્રત્યક્ષ કર્યો. રાજકારણમાં ધર્મનું સફળ રીતે અવલંબન કરી બતાવી ધર્મમય રાજકારણનું નવું જ યુગપ્રવર્તક પ્રકરણ શરૂ કર્યું. ઉપવાસ જેવી શુદ્ધ ધાર્મિક બાબતનો રાજકારણમાં નૈતિક બળ તરીકે સફળ ઉપયોગ કરી નવતર ચીલો પાડ્યો. પરદેશી સત્તાના પ્રભાવે છેલ્લાં નવસો વર્ષથી 'લઘુતા' ભાવનાનો શાપ ભોગવી રહેલી પ્રજાને તેમાંથી મુક્ત કરી તથા હતપ્રભ થયેલી આપણી સંસ્કૃતિને ફરી તેજસ્વી બનાવી જગત પર વિજય મેળવવા પ્રવૃત્ત કરી. પુસ્તકમાં જ પડી રહેલા હિંદના અનન્ય તત્ત્વજ્ઞાનને જીવનમાં આચરી બતાવી તથા પ્રત્યેક પળ સત્ય અર્થાત્ ઈશ્વરના સાક્ષાત્કારમાં વિતાવી એક પયગંબર તરીકે નામના મેળવી.

મકરરેખાની જબાની

બાપુની કહાની-૧

અમૃતલાલ વેગડ



મારા નામથી કોણ અજાણ હશે? દરેક વિદ્યાર્થી મને જાણે છે. તમારે ત્યાં શિયાળો હોય છે, ત્યારે મારે ત્યાં ઉનાળો રહે છે. એ સમયે સૂરજનાં કિરણો મારા પર સીધાં પડે છે. પણ વાત હું એક બીજા સૂરજની કરવા માગું છું જે ભારતમાં ઉદિત થયો હતો અને જે પોતાની સોળે કળાએ મારા પર વરસો સુધી પ્રકાશ્યો હતો. એનું નામ છે મહાત્મા ગાંધી. હેતથી લોકો એમને બાપુ કહે છે.

એમના સાર્વજનિક જીવનનો આરંભ મારે ત્યાંથી થયો. નિવૃત્ત ઓળંગીને તેઓ દક્ષિણ આફ્રિકા આવ્યા. અહીં તેઓ વરસ-બે વરસ નહિ, પૂરાં ૨૧ વરસ રહ્યા. જે છોડને એમણે અહીં ફૂટતાં વાવ્યો, એણે જ આગળ જઇને ભારતમાં એક વિશાળ વડનું રૂપ લીધું એનું નામ છે સત્યાગ્રહ અને મને એનું ગૌરવ છે. એવાં અનેક સ્થાન, જે બાપુની સાધનાથી પવિત્ર થયાં, તે મારે જ આંગણે વસ્યાં છે.

હું ૨૩ૣ અંશ દક્ષિણ અક્ષાંશ બતાવું છું. બાપુ ૧૮૯૩માં અહીં આવ્યા ત્યારે એમની ઉંમર ૨૩ૣ વરસની હતી. બાપુએ વિચાર્યું હશે કે જ્યારે મકરરેખા જવું છે, તો ઉંમર પણ એટલી જ લઈને જવું જોઇએ! તમે એમને વૃદ્ધરૂપે જ જોયા. મેં તો એમને યુવાન જોએલા.

અહીંના જે બે પ્રાંતો જોડે બાપુનો સંબંધ હતો, એ છે નાતાલ અને ટ્રાન્સવાલ. નાતાલ તો મારાથી દૂર છે. એટલે એની વાત હું નહિ કરું. પણ ટ્રાન્સવાલ તો મારી જ બન્ને બાજુ ફેલાએલો છે. બાપુના અહિંસક યુદ્ધનું કુરુક્ષેત્ર ટ્રાન્સવાલ જ હતું. એટલે હું અહીંના બે પ્રમુખ શહેર પ્રિટોરિયા અને જોહાન્સબર્ગની વાત જ કહીશ.

બાપુ જે કેસ અંગે અહીં આવેલા એ પ્રિટોરિયામાં ચાલતો હતો. અહીં તેઓ એક વરસ રહ્યા. એમનું સાર્વજનિક જીવન અહીંથી જ શરૂ થયું. અહીંના હિંદીઓ સાથે તેઓ એકરસ થઇ ગયા. એમનાં દુઃખદર્દને પોતાનાં દુઃખદર્દ બનાવી લીધાં. જે કેસને અંગે તેઓ અહીં આવ્યા હતા, એના બન્ને પક્ષો વચ્ચે એમણે પરસ્પર સમજૂતી કરાવી દીધી. આમ, વરસો સુધી ચાલનાર કેસ એક જ વરસમાં પતી ગયો!

પછી બાપુ જોહાન્સબર્ગમાં રહ્યા. અહીં એમની વકાલત ખૂબ ચાલી. છતાં પણ તેઓ એમના ઢંગના એક જ વકીલ. ન ખોટું બોલતા, ન ખોટા કેસ લેતા. મને એ દિવસ આજે પણ યાદ છે, જ્યારે કચેરીમાં કેસ લડતી વેળા એમને ખબર પડી કે એમના અસીલનો કેસ જૂઠો છે. એમણે જજને તરત કહ્યું કે મારો અસીલ જૂઠું બોલી રહ્યો છે; આવો કેસ હું ન લડી શકું. જજ હેરાન! અસીલના મોં પરથી લોહી ઊડી ગયું. ત્યાર બાદ તો બાપુની એવી આણ વર્તી કે એમની પાસે જૂઠો કેસ લાવવાની કોઈ હિંમત જ ન કરતું.

બીમારોની સેવા કરવાનો બાપુમાં જે અનુપમ ગુણ હતો, એનું ઉજ્જવલ રૂપ સૌ પહેલાં મેં જ જોયું. ૧૯૦૪માં જોહાન્સબર્ગની હિંદીઓની વસ્તીમાં પ્લેગ ફાટી નીકળ્યો. બાપુએ પોતાના પ્રાણની પરવા કર્યા વગર બીમારોની સેવામાં દિવસરાત એક કર્યા. પાછળથી જ્યારે એ હિંદીઓને શહેરથી ૧૩ માઇલ દૂર રાખવામાં આવ્યા, ત્યારે એમના ખબરઅંતર પૂછવા બાપુ પોતાની સાઈકલ પર દરરોજ ત્યાં જતા. ભારતમાં ભાગ્યે જ કોઇએ એમને સાઈકલ પર જોયા હોય. હું એમને ૨૬-૨૬ માઇલ સાઇકલ ચલાવતા જોઈ ચૂકી છું!

પણ મારા જોહાન્સબર્ગને જે સૌથી મોટું ગૌરવ મળ્યું છે તે તો એ કે બાપુએ સત્યાગ્રહના શ્રીગણેશ આ જ શહેરમાં કર્યા. સત્ય અને અહિંસા પર દૃઢ રહી વિરોધીને પ્રેમથી જીતવાની વાત એમને અહીં જ સૂઝી. ભારત આજે મોટે ભાગે બુદ્ધ અને ગાંધીના દેશ'ને નામે ઓળખાય છે. બુદ્ધને જ્ઞાનની પ્રાપ્તિ ગયામાં થઈ હતી. બાપુને જોહાન્સબર્ગમાં. એકને કર્કરેખાની નજીક, બીજાને મકરરેખાની પાસે!

આ સત્યાગ્રહ દરમ્યાન બાપુ પર એક વાર કેસ ચાલ્યો. જે અદાલતમાં તેઓ સેંકડો વાર એક પ્રતિષ્ઠિત વકીલની રૂએ હાજર રહી ચૂક્યા હતા, એ જ અદાલતમાં તેઓ અપરાધીના પાંજરામાં ઊભા રહ્યા. જજ, જે એમને બહુ માનથી જોતો હતો એ તો સંકોચમાં પડી ગયો. બાપુએ કહ્યું: 'જજ મહોદય મેં સાંભળ્યું છે કે પ્રિટોરિયામાં મારા સાથીઓને સખત સજાઓ આપવામાં આવી રહી છે. મારી પણ આપને વિનંતી છે કે મને પણ આપ સખતમાં સખત સજા આપો!'

બાપુએ એમનું સુપ્રસિદ્ધ 'ટૉલ્સ્ટૉય ફાર્મ' જોહાન્સબર્ગથી ૨૧ માઇલ દૂર વસાવ્યું હતું. અહીં સત્યાગ્રહીઓનાં કુટુંબોને વસાવવામાં આવ્યાં હતાં. અહીં તેઓ સાદગીથી રહેતા અને સ્વેચ્છાથી શારીરિક શ્રમ કરતા. બાપુએ અહીં આરોગ્ય માટે કુદરતી ઉપચાર અજમાવ્યા ને ખોરાકના પ્રયોગો કર્યા. પાંચ વરસ સુધી કેવળ ફળ ખાઈને રહ્યા. એમાં કમજોરી અનુભવવી તો દૂર રહી એક દિવસમાં ૫૦-૫૦ માઈલ ચાલવું એમને મન મામૂલી વાત હતી. આ દિવસોમાં એમનો ઉમંગ ને ઉત્સાહ જોવા જેવાં હતા. પાછળથી એમણે કહેલું પણ ખરું કે 'ટૉલ્સ્ટૉય ફાર્મ'માં મારી હિંમત અને શ્રદ્ધા પરાકાષ્ઠાએ પહોંચેલા હતાં.

બાપુનો સત્યાગ્રહ આઠ વરસ ચાલ્યો. એનાં કેટલાંયે પાવક સ્મરણો હું સાચવી બેઠી છું. એમાંનું એક જ કહું. જોહાન્સબર્ગની જ વાત છે. સરકાર જોડે થએલા જે સમજૂતી મુજબ બધા હિન્દીઓએ અહીં રહેવા માટે સ્વેચ્છાએ પરવાના કઢાવી લેવાના હતા. પરંતુ કેટલાક પઠાણોએ આનો વિરોધ કર્યો. બાપુને મારી નાખવાની ધમકી આપી. બાપુ જ્યારે પરવાનો કઢાવવા જતા હતા, ત્યારે એમણે લાઠીઓથી એમના ઉપર હુમલો કર્યો. બાપુ બેહોશ થઈને પડી ગયા. ભાન આવતાં પહેલી વાત એમણે એ કહી કે અપરાધીઓને કોઈ પણ સજા ન થવી જોઇએ. બીજી એ કે સરકારી અધિકારીને તરત બોલાવવામાં આવે, જેથી હું સૌ પ્રથમ પરવાનો કઢી શકું. મને આજે પણ યાદ છે, કણસતા બાપુએ જ્યારે પોતાનાં દસે આંગળીની છાપ આપીને પરવાનો મેળવ્યો, ત્યારે ગોરા અધિકારીની આંખો ભીની થઈ હતી! અને એ પછી જ્યારે સરકારે વિશ્વાસભંગ કર્યો, ત્યારે આ જ શહેરમાં બાપુએ એ જ પરવાનાઓની હોળી સળગાવીને સત્યાગ્રહ શરૂ કર્યો.

બાપુ કઈ માટીના બન્યા હતા, એ ભારતવાસીઓએ પાછળથી જાણ્યું. એની પહેલી જાણ મને થઈ. આ મારું સૌભાગ્ય છે. એથી જ મારા મનમાં એક નાની શી ઇચ્છા છે. પણ હું એ નહિ કહું. મારા તરફથી બહેન કર્કરેખા જ એ કહેશે.

ટેલિવિઝન વિષે થોડું

'ટેલ ધ ટ્રુથ' 'લવ ગેઇમ' અને એવું એવું

છોકરાં ભણાવવા નીકળ્યા છો, તો પછી અહીં આ ન્યૂ યાર્કમાં શું દાટ્યુ છે તે અહીં જ ચિટકી રહ્યા છો, એમ કોઈ ટકોર કરે તે પહેલાં હવે અહીંથી નીકળી જઈએ તો સારું. પણ ભણાવવાનું હોય તો મહેતાજી પહેલાં જરા વિચાર તો કરે ને. કે છોકરા કિયા પ્રકારનાં છે, કઈ ઓલાદનાં છે, કેવા ઘાટનાં છે; એટલે જરા પ્રજાજનોનો તાગ કાઢીએ એમાં ખોટું શું?

રેડિયોનું ખાતું આપણે ત્યાં દિવસેદિવસે વધારે અને વધારે બગડતું ને રેઢિયાળ થતું જતું જાણ્યું. માટે મારે ન્યૂ યૉર્કનું રેડિયોસિટી ન જોવું એમ? બી. બી. સી. તો હમને દેખા–બહોત વાર દેખા. વડાંસે બ્રોડકાસ્ટ ભી કિયા. પણ અહીંના ઠાઠ તો દેખ ભૈ! અહીં તો વળી ટેલિવિઝન છે 'હી હી હી! આપણા હિન્દુસ્તાનમાં ભી જનાબ! ટેલિવિઝન હય!' એટલે ટૂંકમાં એનો અર્થ એ કે હિન્દુસ્તાન ગરીબ દેશ નથી. બધાં જ જાણે છે કે સાચા અર્થમાં પાકું ટેલિવિઝન બતાવવું હોય તો એમાં સામાન્ય રેડિયો કાર્યક્રમ કરતાં ખરચા દશ ગણા નહિ સોગણા વધી જાય! અને રંગીન ટેલિવિઝન રજૂ કરવાનું હોય તો આંકડો ક્યાં જઈને અટકે (કે અટકે ખરો?) એનો ગુણાકાર ન કરાય. વિચાર કરો: વીશીમાં બ્રિટિશ રાજ્ય દરમ્યાન એક સાહસિક ગુજરાતી વેપારી સર સુલતાન ચિનાઈએ બ્રોડકાસ્ટિંગ શરૂ કરવાની હામ ભીડી પોતે ખાનગી કંપની કાઢી, ત્યારે એ સજ્જનને સ્ટૂડિયો એટલે શું એની ખબર હતી. અવાજનાં મોજાં ક્યાં અને કેમ વિસ્તરવાં જોઈએ, અને જ્યાંથી અવાજ પ્રસારણ વિસ્તારણ કરવામાં આવે તે ખંડની દીવાલો ડેડ એટલે કે પડઘા પેદા ન કરે એ પ્રમાણેની, એટલે કે ધ્વનિના ગુણધર્મ બરાબર સચવાએલા રહે એ પ્રકારની હોવી જોઈએ. એ સાદો મૂળ સિદ્ધાંત એ જાણતા, અને પોતાના સ્ટૂડિયો તે પ્રમાણે બાંધેલા. પછી ત્રીશીમાં બ્રિટિશ સરકારે એ ખાતુ પોતાને હાથ લીધું ત્યારે બી. બી. સી.થી નિષ્ણાતો બોલાવી પોતાના સ્ટૂડિયોની બાંધણી કરી. ત્યાર બાદ ભારત સરકારે એ ખાતું પોતાને હાથ ધર્યું તે પછી જે નિષ્ણાતો પધાર્યા, જેમાંના કેટલાક સર્વસત્તાધીશ અધિકારીઓ કેવળ મતદાનની સંખ્યાને કારણે વહીવટ સંભાળવા આવ્યા એ મહાશયોએ શું કર્યું તે જોઈએ: એમને જ્ઞાન-વિજ્ઞાનના સંકુચિત ગણાતા ખાબોચિયામાં પગપેસારો કરવા ફુરસદ ન જ હોય. વિશાળ અગાધ જનતા જનાર્દન જ એમના જ્ઞાનનો મહાસાગર હોય! એટલે ૧૯૨૮થી ૧૯૬૮નાં ચાલીસ વર્ષ બાદ આપણા ઘરઆંગણાનો સ્ટૂડિયો જુઓ તો એ જ્ઞાનમાં એમની પ્રગતિનો ખયાલ આવે.

વડોદરા જ લ્યોને, જ્યાં ૧૯૩૮ની આસપાસ ગાયકવાડ સરકારે એમની રીતે પણ બ્રોડકાસ્ટિંગને ઘટારત સ્ટૂડિયો બાંધેલા; ખાસ મકાન લઈ એને સ્ટૂડિયોને માફક આવે એમ ફેરફારો કરેલા. પરંતુ ૧૯૬૮ની આસપાસ એટલે કે બીજાં ત્રીશ વર્ષની પ્રગતિમાં, કોઈ સાત આઠ મજલાના ઍપાર્ટમેન્ટવાળા મકાનમાં—એટલે કે એક માળ ઉપર બે કે ત્રણ બબ્બે બેડ રૂમના કિચન-દીવાનખાનાવાળા કુટુંબને રહેવા માટે બાંધેલા ઍપાર્ટમેન્ટમાં—સ્ટૂડિયો લઈ જવામાં આવ્યા. ત્યાં બે જાડી ગાદી, ચાર તકિયા, અને બે પાંચ પરદા નાખી દીધા એટલે બ્રોડકાસ્ટિંગ સ્ટૂડિયો થઈ ગયો! ધન્ય છે, દિલ્હીથી ખાસ પધારેલા નિષ્ણાત સાહેબોને, અને ધન્ય છે આને સ્ટૂડિયો કહેનારા અધિકારી સાહેબોને—એમાં બહારના રસ્તા પરનાં મોટર ભૂંગળાં, છાશવારે નહિ હાશ કલાકે (કલાકે કલાકે છાશ નથી થતી એ જાણીએ છીએ, છતાં છાશ કલાક શબ્દ વાપર્યો; વિજ્ઞાન આગળ વધશે અને કલાક કલાકે છાશ થશે, પણ આ સાહેબોનું સ્ટૂડિયો-જ્ઞાન આગળ નહિ વધે)—પરણવા જતા વરરાજાઓ સાથે વગાડતાં બેન્ડવાજાંના, ને એવા એવા કંઈક વાદી સંવાદી સૂરો (કારણ આ ક્ષેત્રમાં વિસંવાદી સૂરો તો હોતા જ નથી) સાથે સ્ટૂડિયોમાં બ્રોડકાસ્ટ થાય છે. કોઈ ગેરસમજણમાં ન પડે: વડોદરા અમદાવાદમાં કામ કરનારાઓનો આમાં જરા યે વાંક નથી. એમને બિચારાએ ને પૂછે છે જ કોણ? આ રચના તો દિલ્હી—નઈ દિલ્હી—ત્યાંની અનુભવે જ્ઞાને સુસમૃદ્ધ એવી નિષ્ણાત બુદ્ધિને આભારી છે! ટૂંકમાં, આપણે કોઈ સ્ટેશનના પ્લૅટફૉર્મ ઉપર, યા કોઈ શાકબજારના ચોકમાં ચાર દીવાલ ઊભી કરી છાપરું બાંધી બ્રોડકાસ્ટિંગ કરી શકીએ! કોઈ ચબરાક એમ કહી પણ શકે કે 'વ્હાઈ નોટ?' આકાશવાણી બહારના મેળામાંથી, સ્ટેડિયમમાંથી, નાટકના તખ્તા ઉપરથી માઇક્રોફોન મૂકી વાણીવિસ્તાર કરી શકે છે. તો આવા મજલાવાળા કે ચાલી જેવા મકાનમાંથી કેમ ન થઈ શકે? થઈ જ શકે. એને ઓ. બી. સ્ટૉક–(આઉટસાઈડ બ્રોડકાસ્ટનું મથક) કહો તો અમને કશો વાંધો નથી. ઉપરાંત બીજાં શહેરોમાં પણ ખરચાળ સ્ટૂડિયો બાંધવાની જરૂર નથી. એમ નક્કી કરો તો અમને વડોદરાનો વાંધો નથી.

એટલે હવે અમેરિકાનું એન બી સી આપણે સો ગણા ખર્ચની વાત કરી આપણે રેડિયો પર જેમ મોગરો ફેરવી બેપાંચ ચૅનલ મેળવી શકીએ છીએ એમ અહીં રંગીન ટેલિવિઝનમાં અગિયાર બાર પંદર ચૅનલોમાં પંદર જુદી જુદી જાતના કાર્યક્રમો લઈ શકીએ–એક આખી ચૅનલમાં શિક્ષણ વિષયી પ્રોગ્રામો જ આવે; આજે તબિયત ઠીક નથી, ઘેર રહ્યા હો, કે હોટેલના રૂમમાં પડ્યા છો, (લગભગ દરેક નોંધાએલા નાના મોટા હોટેલોમાં ખંડખંડે ટેલિવિઝન સેટ ખરાજ) બજારના ઘોંઘાટ નથી સાંભળવા, તો પડ્યાપડ્યા શીખ્યા કરો, જાતને ભણાવ્યા કરો, ઘણા વિસ્તૃત અર્થમાં 'એડ્યુકેટ યૉર સેલ્ફ'. એમાં વિજ્ઞાનના વિષયમાં તો ઓ હો હો. એ લોકો ક્યાંના ક્યાં નીકળી ગયા છે! અહીં ત્રણચાર યુનિવર્સિટીઓના કેટલાક ગણિતના અધ્યાપકો–પ્રાધ્યાપકો સાથે મને ઠીક પ્રમાણમાં સંપર્ક છે. તેઓમાંના ઘણા કહે છે કે આપણે ગણિતનો વિષય શીખવવામાં યુરોપ અમેરિકા અને જાપાનની યુનિવર્સિટીઓના પ્રમાણમાં ઘણાઘણા પાછળ છીએ. હોઈશું જ. પણ એમ બળાપા કરવામાં કે વારેવારે સરખામણી કરવામાં ઊતરીશું તો ન્યૂ યૉર્કમાંથી બહાર જ નહિ નીકળી શકીએ.

'એન બી. નૅશનલ બ્રોડકાસ્ટિંગ કૉર્પોરેશન–સી'ના ચાક્ષુ-પ્રેક્ષક શ્રોતા મંડળોની હાજરી સાથેના–કાર્યક્રમોમાં તો જે વૈવિધ્ય છે તેની શી યાદી આપું? બે પ્રકારના પસંદ કરીએ. એમાંથી એક તો આપને જરૂર ગમશે, કારણ એમાં કલ્પના અને બુદ્ધિ દોડાવી સત્યને શોધવાની વાત છે. બીજો કાર્યક્રમ નહિ ગમે તો પણ ટચાકેદાર લાગશે; કારણમાં લગ્નવિવાહ! કિશોરને કિશોરી ગમે યા વાઈસા વરસાની, અને નીતિ રૂઢિ પ્રથ ને તિલાંજલી આપવાની એમાં વાત છે! જોઇએ.

'ટેલ ધ ટ્રુથ' (ખરું કહો) એ કાર્યક્રમને મારા રોકાણના સાતે દિ-

સંસ્કૃત કાવ્યશાસ્ત્રની સારણી

* કાવ્યાંગવિવેચનમાં કાવ્યનાં દશ અંગોનું વિવેચન આવરી લેવામાં આવ્યું છે.

કર્તા: પ્રા. રઘુનાથ આર. ભટ્ટ

કાવ્યશાસ્ત્ર

નાટ્યશાસ્ત્ર

- નંદિકેશ્વર ? — અભિનયદર્પણ
- ભરતમુનિ (ઈ. પૂ. ૧લી શતા૦) — નાટ્યશાસ્ત્ર
- ધનંજય અને ધનિક (ઈ. ૧૦મી શતા૦) — દશરૂપક
- સાગરનંદી (૧૧મી શતા૦ પૂર્વાર્ધ) — નાટકલક્ષણ રત્નકોષ
- રામચંદ્ર અને ગુણચંદ્ર (૧૨મી શતા૦ ઉત્તરાર્ધ) — નાટ્યદર્પણ
- શારદાતનય (૧૩મી શતા૦ મધ્ય)
- શિંગભૂપાલ (૧૪મી શતા૦) — નાટક-પરિભાષા
- ત્ર્યંબક ? — નાટક-પરિભાષા
- વસંતરાજ (૧૪મી શતા૦) — નાટ્યશાસ્ત્ર
- રૂપ ગોસ્વામી (૧૬મી શતા૦) — નાટકચંદ્રિકા
- સુંદરમિશ્ર ઓબ્નગરિ (૧૭મી શતા૦) — નાટ્યપ્રદીપ
- ત્રિલોચનાદિત્ય ? — નાટ્યલોચન
- પુંડરીક ? — નાટકલક્ષણ

કાવ્યાંગવિવેચન

- વિષ્ણુધર્મોત્તર પુરાણ (ઈ. ૫મી શતાબ્દી)
- અગ્નિપુરાણ (૧૧મા શતાબ્દી)
- ભોજરાજ (૧૧મી શતા૦ પૂર્વાર્ધ) — સરસ્વતીકંઠાભરણ
- મમ્મટ (૧૧મી શતા૦ ઉત્તરાર્ધ) — કાવ્યપ્રકાશ
- હેમચંદ્ર (ઇ. ૧૦૮૮-૧૧૭૨) — કાવ્યાનુશાસન
- વાગ્ભટ (૧૨મી શતા૦ પૂર્વાર્ધ) — વાગ્ભટાલંકાર
- મલધારિ નરેન્દ્રપ્રભ (૧૨મી શતા૦) — અલંકાર મહોદધિ
- વિશ્વનાથ (૧૪મી શતા૦) — સાહિત્યદર્પણ
- વિદ્યાધર (ઈ. ૧૨૭૫-૧૩૨૫) — એકાવલી
- વિદ્યાનાથ (૧૪મી શતા૦ પૂર્વાર્ધ) — પ્રતાપરુદ્રયશોભૂષણ
- વાગ્ભટ (બીજા) (૧૪મી શતા૦) — કાવ્યાનુશાસન
- કવિ કર્ણપૂર (૧૬મી શતા૦) — અલંકાર-કૌસ્તુભ
- કેશવમિશ્ર (૧૬મી શતા૦ ઉત્તરાર્ધ) — અલંકારશેખર
- પંડિતરાજ જગન્નાથ (૧૭મી શતા૦) — રસગંગાધર
- નરસિંહ કવિ (૧૮મા શતા૦) — નઞ્જરાજયશોભૂષણ

સિદ્ધાંતપ્રવર્તન

અલંકાર સમ્પ્રદાય

- ભામહ (૬ઠ્ઠી શતા૦ મધ્ય ભાગ) — કાવ્યાલંકાર
- દંડી (૭મી શતા૦ ઉત્ત૦) — કાવ્યાદર્શ
- ઉદ્ભટ (૮મી શતા૦ પૂર્વાર્ધ) — અલંકારસારસંગ્રહ
- રુદ્રટ (૯મી શતા૦ પૂર્વાર્ધ) — કાવ્યાલંકાર
- રુય્યક (૧૨મી શતા૦ મધ્ય ભાગ) — અલંકારસર્વસ્વ
- શોભાકરમિત્ર (૧૨મી શતા૦) — અલંકાર રત્નાકર
- અજિતસેન (૧૨મી શતા૦) — અલંકાર ચિંતામણિ
- જયદેવ (૧૩મી શતા૦) — ચંદ્રાલોક
- અપ્પય દીક્ષિત (૧૬મી શતા૦) — કુવલયાનંદ
- આશાધર ભટ્ટ (૧૭મી શતા૦) — અલંકારદીપિકા
- કલ્યાણ સુબ્રહ્મણ્યમ (૧૮મી શતા૦) — અલંકાર કૌસ્તુભ
- વિશ્વેશ્વર પંડિત (૧૮મી શતા૦) — અલંકાર કૌસ્તુભ

રસ સમ્પ્રદાય

રસવિવેચન

- નંદિકેશ્વર ? — અભિનયદર્પણ
- ભરતમુનિ — નાટ્યશાસ્ત્ર
- અભિનવગુપ્ત — અભિનવ ભારતી
- શિંગભૂપાલ (૧૪મી શતાબ્દી) — રસાર્ણવ સુધાકર
- ભાનુ દત્ત (૧૩મી શતા૦ અન્તભાગ અને ૧૪મી આરંભ) — રસતરંગિણી
- પૌણ્ડરીક રામેશ્વર (ઇ. ૧૫૦૦-૧૫૫૦) — રસસિન્ધુ
- ભૂદેવ શુક્લ (ઈ. ૧૬૬૦-૧૭૨૦) — રસવિલાસ
- ગંગારામજડિ (૧૮મી શતા૦) — રસમીમાંસા

શૃંગારવિવેચન

- રુદ્ર ભટ્ટ (૧૦મી શતા૦) — શૃંગારતિલક
- ભાનુ દત્ત (૧૩-૧૪મી શતા૦) — રસમંજરી
- ભોજરાજ (૧૧મી શતા૦) — શૃંગારપ્રકાશ
- અજિતસેન દેવયતીશ્વર (૧૧મી શતાબ્દી) — શૃંગારમંજરી
- મંડન (ઇ. ૧૪૦૦-૪૮) — શૃંગારમંડન
- પદ્મસુંદર (૧૬મી શતા૦) — શૃંગારરસવિવેચન
- સામરાજ દીક્ષિત (૧૭મી શતા૦) — શૃંગારામૃતલહરી
- અકબર શાહ (૧૭મી શતા૦) — અકબરસાહિ શૃંગારદર્પણ

રીતિ સમ્પ્રદાય

- વામન (ઈ. ૭૫૦-૮૫૦) — કાવ્યાલંકાર સૂત્ર

ધ્વનિ સમ્પ્રદાય

- આનંદવર્ધન (ઈ. ૮૫૫-૮૮૩) — ધ્વન્યાલોક
- અભિનવગુપ્ત (ઇ. ૯૬૦-૧૦૨૦) — ધ્વન્યાલોક લોચન

વક્રોક્તિ સમ્પ્રદાય

- કુન્તક (૧૦મી શતા૦) — વક્રોક્તિજીવિત

ઔચિત્ય સમ્પ્રદાય

- ક્ષેમેન્દ્ર (૧૧મી શતા૦ ઉત્ત૦) — ઔચિત્યવિચારચર્ચા

કાવ્યશિક્ષા

- રાજશેખર (ઈ. ૮૮૦-૯૨૦) — કાવ્યમીમાંસા
- ક્ષેમેન્દ્ર (૧૧મી શતા૦) — કવિકંઠાભરણ
- જયમંગલ (ઇ. ૧૦૯૪-૧૧૪૩) — કવિશિક્ષા
- અમરચંદ્ર અરિસિંહ (૧૩મી શતા૦ મધ્યભાગ) — કાવ્ય કલ્પલતા
- દેવેશ્વર (૧૪મી શતા૦ પ્રારંભ) — કવિ કલ્પલતા
- અનંતાચાર્ય (૧૪મી શતા૦) — કવિસમય કલ્લોલ
- ગંગાદાસ (૧૫મી શતા૦) — કાવ્યશિક્ષા
- રઘુનાથ (ઇ. ૧૭૫૮-૧૮૩૬) — કવિકૌસ્તુભ

અંક (૫૪૮)માં સંસ્કૃતનાં મહાકાવ્યો રામાયણ અને મહાભારત પરથી થએલી રચનાઓની તથા સંસ્કૃત સાહિત્યના પ્રકારોની આપેલી સારણીઓના અનુસંધાનમાં પ્રો. રઘુનાથ ભટ્ટે તૈયાર કરી મોકલેલી

વસમાં મેં એક વાર પણ (નક્કી હોય ત્યારે) મેં છોડયા નહિ હોય. ઈસ્ટ લાન્સિંગમાં ગયા પછી મારા ક્લાસિઝ ત્યાં હમેશાં સવારના રહેતા (જોકે સવારના આઠે પહોંચવું કે નવે પહોંચવું પણ અઘરું લાગતું પણ એ સમય મને ફાવતો હોવાથી બાર પહેલાં તો મારું કામ પતી જતું). એટલે બપોરના દોઢ વાગ્યાના આ કાર્યક્રમ માટે બધું છોડી હું ઘેર દોડતો. બપોરે હોય અને પાછો તે જ દિવસે રાત્રે બીજી ચૅનલ પર આ કાર્યક્રમ ફરી રજૂ થતો તો બે વાર પણ જોતો-સાંભળતો. (જી, મારા ઍપાર્ટમેન્ટમાં મેં મહિનાના આઠ ડૉલરે રંગીન ટેલિવિઝન સેટ ભાડે રાખેલો) ભવિષ્યમાં આપણે ત્યાં એવો કાર્યક્રમ યોજાય તો એ માટે આપણા દેશમાં કેટલો બધો મસાલો મળી શકે, ને આપણે કેટલું જાણી શકીએ, એ હેતુથી અહીં જરા વિસ્તારીને કહ્યું.

બટન દબાવીને આપણે સેટની સામે ગોઠવાયા છીએ. જરા નહિ જેવું સંગીત, અને 'રેલ બ્રુક્થ'ની જાહેરાત. પરદા ઉપર રંગમંચ. ડાબી બાજુએ ચાર ન્યાયાધીશો—બે સુંદર, દેખાવડી ઠરેલ, ઠાવકી બાઈઓ; બે સશક્ત, છટાદાર પ્રોફેસરો; એમ ચાર નિર્ણાયકો બિરાજમાન છે. વચ્ચે સંચાલક (પોતે ચપલ, ચબરાક, સજાગ, સુંદર, સ્પષ્ટ સ્વચ્છ અવાજદાર સજ્જન) આવતા અને નમીને ખુરશી પર બેસતા દેખાય છે. જમણી બાજુ નાનકડું પ્લૅટફોર્મ છે. એના ઉપર લગભગ એક જ સરખા ચહેરામહોરાવાળા અને એક જ જાતનો પહેરવેશ પહેરેલા ત્રણ જણ ઊભા છે દરેકને એક બે ને ત્રણ એમ નંબર આપેલા છે. ચારે નિર્ણાયકોને દરેકને પૂરી બે મિનિટ નિર્ણય માટે અપાય છે. કુલ્લે આઠ. સંચાલક પાસે ક્ષણક્ષણનો હિસાબ દેતું ઘડિયાળ આપણી સામે પણ એવું ઘડિયાળ મોજૂદ. સંચાલક જાહેર કરે છે: 'ખરું કહો જોઈએ, આ ત્રણમાં એક નિકોલસ છે. ગયા જર્મન યુદ્ધમાં સબમરીન લઈ સૌથી પહેલા કીલ કૅનાલમાં દાખલ થઈ દુશ્મનને હંફાવવામાં એમણે સફળતા મેળવી હતી આ ત્રણમાં એક સાચા મિ. નિકૉલસ અને બાકીના બીજા બે નકલી છે.' હવે નિર્ણાયકો સવાલ પૂછે. પહેલી બાઈ પૂછે છે: 'નંબર એક, તમારી ઉમર કેટલી થઈ છે? નંબર ત્રણ તમે કહો કે તમારો જન્મ ક્યાં થયો હતો? નંબર બે તમે હવે પરણેલા છો?' ઘંટડી વાગે છે. હવે બીજા નિર્ણાયક પોતાની બે મિનિટ લે છે, એમાં તડાતડ પેલા ત્રણેની ઊલટ તપાસ કરે છે. એમ ચારે નિર્ણાયક પોતાની ઊલટ તપાસ પૂરી કરે કે તરત એમણે એકબીજાને પૂછ્યા વિના, કશી મસલત કર્યા વિના પોતાના ટેબલ પર ત્રણમાંથી પોતાને જે સાચો નિકોલસ લાગે એનો નંબર લખીને પડદા પર આપણને દેખાય એમ મૂકી દેવાનો. ચારમાંથી ચારેના સરખા નંબર આવે, યા ત્રણમાંના એક ને બે મળે, અને બાકીનાને એક એક મત મળે એમ પણ બને આમ ત્રણમાંના એકને બે મત તો ઓછામાં ઓછા મળે જ. એ પછી સંચાલક પેલા ત્રણને કહે કે તમારામાંથી જે સાચા નિકોલસ હોય તે આગળ આવે, ને એ બે ડગલાં આગળ આવે. કેટલીક વાર જે બનાવટી હોય એને ચારે ચાર મતો પણ મળ્યા હોય, ને સાચો માણસ ન પકડી પાડી શકાય એવું પણ બને. પછી એ વ્યક્તિની થોડી ઓળખાણ, બે ત્રણ સવાલજવાબ અને કાર્યક્રમ ખતમ.

પણ આ તો રૂપરેખા થઈ હવે જરા ઊંડા ઊતરીએ. પાત્રવરણીમાં ન્યૂ યૉર્કમાં બહુ ન રહ્યાં હોય એવાં પાત્રો, વીસત્રીસ વર્ષથી રંગભૂમિ ઉપરથી વિદાય લઈ લીધી હોય એવાં નટનટીઓ, દસપંદર વર્ષ પહેલાં નવી શોધ કરી હોય એવા ડૉક્ટરો–સંશોધકો–ઈજનેરો; તાજેતરમાં પણ કંઈ નવું શોધ્યું હોય અને એની છબી પ્રગટ ન થઈ હોય એવી વ્યક્તિઓ; નૌકાખાતામાં, હવાઈદળમાં, પરદેશમાં, એમ જેમણે વિક્રમો સર્જ્યા હોય એવા દેશજનો; ન્યૂ યૉર્કમાં જ એક ખૂણામાં હિન્દુસ્તાન જઈ થોડા મહિના હિન્દમાં રહી યોગની ક્રિયાઓ શીખી, યોગના વર્ગો ચલાવતી હોય એવી કોઈ બાઈ... એવી એવી કઈક જાણીતી, જાણવા લાયક વ્યક્તિઓને, મુંબઈથી કલકત્તા કરતાં પણ દોઢા લાંબા પૂર્વ-પશ્ચિમ, અને લગભગ એટલા જ લાંબા ઉત્તર-દક્ષિણ વિસ્તારવાળા આ દેશમાં ક્યાંક કોઈ કિશોરે ગઈ કાલે કઈ નવું કર્યું તો તેની ભાળ કાઢી, કો કે કૉલેજમાં મોટો વિક્રમ સર્જ્યો તો તેને પકડી ચાર-પાંચ કલાકમાં એરોપ્લેન દ્વારા હાજર કરી કાર્યક્રમો યોજવાના. મુખ્ય વ્યક્તિ જેવી જ બીજી બે વ્યક્તિઓ ન્યૂ યૉર્કની કરોડની વસ્તીમાંથી શોધી, પકડી અને પેલા યા પેલી જેવાં કપડાં રાતોરાત સીવડાવી પહેરાવવાનાં, એમને સમજાવવાના અને તૈયાર કરવાના. એમાંનું કોઈક વળી કોઈ સ્ટોરમાં નોકરી કરતું હોય, તો કોઈ છાપાના ખાતામાં, રેલવેમાં કે બસખાતામાં હોય તો એમને રજા લેવડાવીને હાજર કરવાના. અને કાર્યક્રમમાં જો એ બે બનાવટી પોતાના જવાબ દ્વારા પકડાય નહિ, પોતે બનાવટી છે એ જણાવા દે નહિ અને મતદાનમાં વધારે મત લઈ જાય અને નિર્ણાયક ભોંઠા પડે તો એમને સો સો ડૉલર સુધીનાં, એમની રીતસરની ફી ઉપરાંત ઇનામો મળે તે જુદાં!

બીજી વાત. આ કાર્યક્રમ થાય તે એમના ખાસ બંધાવેલા થીએટરમાં, શ્રોતા–પ્રેક્ષકો સમક્ષ. કેટલીક વાર તો આ શ્રોતાઓ-પ્રેક્ષકોના હાથમાં પણ અકેકી દાબડી આપવામાં આવે. પેલા ચાર નિર્ણાયકોએ તો સવાલજવાબ પૂરા થયા બાદ તરત જ નિર્ણયો લખી નાખવાના, એટલે કે આંકડો આપી દેવાનો; પણ આ પ્રેક્ષકોના હાથમાંની દાબડીમાં પણ ચાર આંકડા હોય. તે પૈકીનો આંકડો તરત દબાવી તેમણે પણ પોતાનો મત આપી દેવાનો. જેવા એ સૌ પોતાના આંકડા દબાવે કે સામેના કૉમ્પ્યુટરમાં તુરત જ સરવાળો થઈ આંકડા પડે કે પહેલાને ૪૫, બીજાને ૭૮, ત્રીજાને ૧૦૨, અને પેલા નિર્ણાયકોના મત પણ ખરા. આમાં ઘણી વાર નિર્ણાયકો ખોટા પડે અને જાહેરમાંના સામાન્ય શ્રોતા સાચા પડે! યા બંને ખોટા પડે! તો પણ જે જ્ઞાનગમ્મત જામે છે એનો ખયાલ તો ત્યાં હાજર રહે એમને જ આવી શકે.

હવે એવા જ બીજા અનેક આકર્ષક કાર્યક્રમોમાંથી 'લવ ગેઇમ' અને 'મૅરિડ કપલ્સ ગેઈમ' (પ્રેમની રમત અને પરણેલાં સજોડાંની રમત) જોઇએ. ટેલિવિઝન સેટના પરદા ઉપર પેલા ભાગ લેનારા તો દેખાવાના જ છે. તખ્તો વિભાજેલો છે—એટલે કે વચ્ચે એક આડો પરદો છે. એક બાજુ એક કિશોરી બેઠી છે એને આપણે જોઈએ; અને પરદાની બીજી બાજુ ત્રણ મુરતિયા કિશોરો બેઠા છે એને પણ આપણે જોઇ શકીએ. પણ એ ત્રણ પેલી કિશોરીને નથી જોઈ શકતા, તેમ કિશોરી એમને નથી જોઈ શકતી. સંચાલક સ્હેમ હરેફરે છે, ને કાર્યક્રમ આગળ ચલાવે છે: 'અહીં બેઠી છે એક કિશોરી. સત્તર-અઢારની લાગે છે. દેખાવડી છે. આટલી ઊંચી, જાડી પાતળી વગેરે. વચ્ચે એને એનું નામઠામ ભણતર વગેરે પણ પૂછી લે. એમ એનો અવાજ પેલા ત્રણ જણા સાંભળી શકે. સાદ સાંભળીને કોઇ પ્રેમમાં પડવા માગે તો તરત પ્રેમમાં પડી જાય. (નળ-દમયંતીમાં દમયંતીનું વર્ણન સાંભળીને જ નળરાયા આકુળવ્યાકુળ નહોતા થઈ ગયા?)

હવે આ ત્રણ મુરતિયાને નંબર આપવામાં આવ્યા છે. એમના ત્રણેના ધંધા જાહેર કરવામાં આવ્યા છે, અને ઉમર પણ. એ ભણે છે, કે ખલાસી છે, કે હવાઇ જહાજ ચલાવે છે, યા તાજેતરમાં થએલા દાક્તર છે, કે માસ્તર છે, ક્યાંક સેલ્સમૅન છે વગેરે. પણ ત્રણે કુંવારા તો છે જ. એમની આટલી જાહેરાત બાદ સુકન્યાને સવાલો પૂછવાની તક મળે છે: 'નંબર એક—કૃપા કરી કહેશો કે જો તમે પરણો તો તમારી વહુને કદી એકલી કે કોઈ સાથે સિનેમા જોવા જવા દો ખરા?

જવાબ: 'ના'. 'તમે તમારો પગાર લાવીને તમારી વહુને એ જ ધરી દો ખરા?'—જવાબ હા યા ના પણ મળે!—જેવો કમાનાર હીરો! એમ ત્રણેને કિશોરી જાતજાતના સવાલો પૂછે છે. પાંચથી સાત મિનિટ તો બહુ થઈ ગઈ. અને કિશોરીએ તરત જ (આ તો નવરાશ છે જ કોને?) ત્રણમાંથી કોઈ પણ એક નંબરનો મુરતિયો પસંદ કરી તેનો નંબર જાહેર કરવાનો; એટલે તુરત પેલો અંતરપટ ખસી જઈ (ઘડી પાંચ સાવધાન! કન્યાદાન દાતા સાવધાન! એમ અહીં તો કોઈ કન્યાદાન દેનાર છે જ નહિ એટલે) સંચાલક બંનેને શેકહૅન્ડ કરાવે, બંનેને આઠ દિવસનાં ખર્ચનું પરબીડિયું, અને ન્યૂ યૉર્કથી સાનફ્રાન્સિસ્કો કે લોસ ઍન્જેલિસ કે એટલામાં ક્યાં જવું હોય ત્યાં જવાની ઍરોપ્લેનની બે ટિકિટ અને હોટેલ બુકિંગની રસીદ હાથમાં પકડાવીને અભિનંદન આપી દે! અને પેલાં મારાં વા'લાં હસતાંહસતાં વિદાય લે! પેલા બે ઠા પડેલા બે વરરાયા હતાશ થઈને પાછા ફરે. હવે પેલાં બે જણાં આઠ દિવસની સહેલગાહ બાદ પરણે છે, કે છૂટાં પડે છે, કે આઠ દિવસમાંથી બે દિવસમાં જ લડીઝઘડી પાછાં ફરે છે, એના હિસાબ કોઈ રાખતું નથી. કાર્યક્રમ એટલે કે 'લવગેમ' પૂરી થઈ બધાં જ લગ્નો હંમેશાં અતૂટ જ રહ્યાં હોય છે, એવું સંસારમાં મોટે ભાગે જોવા મળે છે, છતાં અંતે ભંગાણભાગલા પડે છે, એ પણ જાણીતી વાત છે.

આમ જ પરણેલાં સજોડાંને પણ સારાં ઇનામો આપવામાં આવે છે. માત્ર એ તાજેતરમાં પરણેલાં હોવાં જોઈએ. સામે ત્રણ સજોડાંને બેસાડવામાં આવે ને સજોડાના ટોટલ માર્ક એકઠા કરવામાં આવે: સાચા કે ખોટા જવાબો પ્રમાણે ૧) બોલો બાઈ—સજોડા નંબર એકમાંનાં વહુ—તમારા પતિ પસેરી જવાબમાં અમે આ ચિઠ્ઠી હમણાં જ મેળવી છે તમે શું કહો છો? તમારા પતિને ભોજન બાદ કેવું પુડિંગ ગમે? ચૉકલેટનું, ફ્રૂટનું, એ લા ક્રીમનું કે ઈંડા ક્રીમનું?—તમે લખો. ૨) બીજો સવાલ: તમારા પતિની હૉબી? અમે આગળથી લખાવી લીધું છે હવે તમે પરણ્યાં છો એટલે એમને ઓળખો છો, માટે લખો. ૩) ત્રીજો સવાલ: તમારા પતિને કિયો રંગ વધારે ગમે?... એમ સવાલપરંપરાના તરત જવાબો બાઈએ લખવાના પછી પતિદેવને પણ એ પ્રમાણે સવાલો: ૧) મહિના આખરે પગાર વપરાઈ ગયો હોય ત્યારે તમારો મિજાજ ખુશમાં હોય કે ચીડિયો? ૨) પાંચ ડૉલર રસ્તેથી જડ્યા હોય તો એમાં એક નાટક જુઓ કે બે સિનેમા? વગેરે આગળથી જવાબો તૈયાર. પછી વહુ વરના જવાબોની ત્યાં જ સરખામણી. એમાં ખરા પ્રમાણે માર્ક—પાંચ કે વીસ. એમાં જે સજોડાંના માર્ક વધારે નીકળે એના જયજયકાર. સારું જેવું ઇનામ, ઍરોપ્લેનની ટિકિટથી માંડી ઘરમાં ટોસ્ટર કે નવું ફ્રિજ કે ડાઇનિંગ ટેબલ એવું જે એક જોઈતું હોય તે આપવામાં આવે.

આવા, ટેલિવિઝન માટે ખાસ બંધાવેલાં થિયેટરોમાં, પ્રોગ્રામો ચાલે તે બહારથી પણ જોવા મળે ઉપરાંત કિસમકિસમના, બાળકોથી માંડી વૃદ્ધો સુધીનાને રસ લાગે એવા કાર્યક્રમો યોજાય. અલબત્ત, 'સાચું જ કહેજો' જેવા કાર્યક્રમો યોજવા માટે આપણા સંચાલક પાસે છેલ્લી ઘડીએ વગર રીઝર્વેશન મુંબઈથી દિલ્હી કે દિલ્હીથી રામેશ્વર ઊડીને પાછા આવવાની ઍરની ટિકિટ ઉપરાંત ઍરની સર્વિસ જોઈએ, દરેક ભાગ લેનારને એના મોભા પ્રમાણમાં આપવાની રકમ જોઈએ, સંશોધનની વ્યક્તિને પહેલા શોધી લાવવાની સગવડ જોઈએ, એટલો સમય, એટલા તાર ટેલિફોનની સગવડ જોઈએ, અને 'લવગેમ'ના પ્રોગ્રામો કરવા માટે પહેલાં તો આપણી પ્રજાની રજા જોઈએ. પછી હિંદુધર્મના અડસટ્ટ ઓરડાની મથામણમાં પડીએ. અને જ્યારે આવા ટેલિવિઝન પ્રોગ્રામ આપણે કરતા થઈશું, ત્યારે અમેરિકા કેટલું આગળ—કે કેટલાકને મતે પાછળ નીકળી ગયું હશે કે પડી ગયું હશે—એનો અંદાજ પણ કાઢી લેવો જોઈએ.

હવે ન્યૂ યૉર્કમાં તાજા આવી બ્રોડવે ખૂંદવામાં પડ્યા હોઈએ, ત્યાં 'એન. બી. સી.'ના મ્યુઝિક હૉલમાંના કે આવા કિવઝ પ્રોગ્રામમાં હાજર રહેવા માટે કોને કહેવા જવું? કે સીધા ક્યૂમાં ઊભા રહી ટિકિટબારી પરથી ટિકિટની તજવીજમાં પડવું? શું કરવું એની મથામણમાં પડ્યો હતો ત્યાં તો બીજે દિવસે લંચનું નોતરું રણક્યું. જે વ્યક્તિ દિલ્હીમાં બે મિનિટ મળી હતી તે—'જૉન ડી રૉકફેલર સ્કૉલરશિપ થર્ડ ફન્ડ'ના મંત્રી મિ. પૉર્ટર મૅકરેનું નિમંત્રણ. એને મારી પહોંચવાની તારીખની ખબર, પણ હોટેલ કઈ તેની ખબર નહિ. (મને પણ ક્યાં ખબર હતી જો?) પરંતુ એની સેક્રેટરી બાઈએ પોણા કલાકમાં આઠથી દશ ડૉલરની અને એમ ચડતા ભાવના હોટેલોના યાદી લઈ ટેલિફોન લગાડવા માંડ્યા, અને મને ટ્યૂડર હોટેલમાંથી પકડી પાડ્યો. ના જી; હું વિવેક નહોતો ચૂક્યો. ત્યાં જઈ એમને મેં કાગળ તો લખ્યો જ હતો કે હું મારી મેળે જગ્યા શોધતો બેત્રણ દિવસમાં આવી ચડીશ. રૉકફેલર પ્લાઝામાં જ એમની ઑફિસ; અને એનો ત્રીસમો મજલો. ત્યાં પહોંચ્યા, તો તેની નીચે જ રેડિયો સિટી ને ટેલિવિઝન હૉલ, અને એ બધો મામલો ભોંયતળિયે—એટલે મિ. મૅકરેને જ જમતાંજમતાં આપણી મનીષા વ્યક્ત કરી. જૉન ડી રૉકફેલરના આવા નિમંત્રેલા સ્કૉલરને એટલી વ્યવસ્થા કરી આપવી એમને અઘરી પડે ખરી? પછી તો જ્યારેજ્યારે બંદા ન્યૂ યૉર્ક પહોંચતા ત્યારે આવા પ્રોગ્રામો જોવા ચૂકતા ન હતા. આગળથી ટેપરેકૉર્ડ કે ટાઈપ થઈ જાય તો પાછા મિશિગન જઈ ઑડિયન્સમાં બેઠેલા તમે બંદાને જોશો, એવી સૂચના પણ મિત્રમંડળને આપવામાં બાકી રાખેલું નહિ! એમ તો મિશિગનમાં અમારી યુનિવર્સિટીમાં જ રેડિયો અને ટેલિવિઝનના પ્રોગ્રામો ચાલે, એટલે ત્યાંના યુનિવર્સિટી કેન્દ્ર પરથી ઓરિજિનેઈટ થાય, વિસ્તારાય, અને એ કેન્દ્ર અમારી યુનિવર્સિટીના ત્રણ થિયેટરોના ગ્રુમએહર મકાનમાં એક ભાગમાં કેન્દ્રિત. પછી ત્યાં જ એકાદા માળા ઉપર શીખવનારો હું એ વિભાગમાં જઈ શીખવા-જાણવાનો લાભ ન લઉં એવો મૂરખ તો નહોતો જ. ફરી દેશ આવીને દિલ્હીના દફ્તરદારોને જો કંઈક આવી નવી વાત કરું તો અહીંના ટેલિવિઝનના એ.ડ્રેદરો મને હસે છે. મજાકમાં નહિ. થોડા અજ્ઞાનને લઈ અને બાકીના જાણકારોમાંથી ક્યાં રાજા ભોજ અને ક્યાં—'એ અર્થમાં!

તો હવે ચલો મિશિગન. કેમ? ન્યૂ યૉર્ક પૂરું થયું? ના. હજી તો ત્રણચાર વાર આવીશું. હજી તો મિ. પાર્ટર સાથે મેક્સિકોમાંના માયા અવશેષો કરતાં પણ જૂની પેરૂની ઈન્કા સંસ્કૃતિ વિષે વાતો કરવાની છે; (બને તો એ જોવા જવાની પણ એ સગવડ કરી આપશે.) ત્યાંની આદિ સૂર્યપૂજા, વેદ જેવા મંત્રો કેટલુંક સામ્ય જાણવા જેવું છે. જવું જરા છેવટના ભાગમાં. વિકટ તો નહિ પણ આડકતરું કપરું છે, તેના વિચાર કરવાના છે. પણ હમણાં તો અહીંથી ઊપડીએ.

રેલવે સ્ટેશન? અહીં રેલવે માટે માન જ કોને છે? બને તો પાટા જ ઉખેડી નાખવાની વાત ચાલુ છે. ગાડાં ખટારાનો જમાનો ગયો તેમ રેલપાટા પણ હવે એમને મન જૂનવાણી થઈ ગયા છે! એટલે તો મિલાનોમાં છે એવું કે ફ્રૅન્કફુર્ટ-સ્ટટગાર્ટ કે મ્યુનિક-રોમનું નવું, એવાં રેલવે સ્ટેશનો જેવું એક પણ સ્ટેશન-જોવા ગમે એવું-અહીં છે નહિ. અરે લાઈપઝિગનું રેલવે સ્ટેશન જુઓ. જોતાં જ ભવ્યતાનો ખયાલ આવે. મિલાનોનું પણ એવું ભવ્ય, રોચક, આલીશાન નક્કર લાગે કે વરાળિયો રાક્ષસ અહીં જ કાબૂમાં રહી હળું કરે (હવે તો ડીઝલ ઇલે-

ટ્રિકમાં ઘણો ફેરફાર થઈ ગયો છે, છતાં) શહેરને શોભે એવાં એ સ્ટેશનો છે. આપણું જૂનું મુંબાઇનું વિક્ટોરિયા ટર્મિનસ પણ સારું લાગે એવું અમેરિકાનું રેલવેનું સ્ટેશન જોવા ન મળ્યું. અને મારે તો એર ટિકિટ હતી એટલે સ્વભાવ પ્રમાણે પાકી ખબર કાઢી, સવારના જ ટ્યૂડર હોટલમાંથી ગચ્છતી કરી નજીકના ઇસ્ટ એર ટર્મિનસમાં જઈ બસ પકડી. દોઢેક કલાકે કેનેડી એરપોર્ટ પર પહોંચ્યો. ન્યૂયૉર્કમાં ત્રણ એરપોર્ટ. ચોકસ ન રહીએ તો રખડી જઈએ, અને એર લાઈન પણ જાતજાતની. મોહક: 'અમેરિકન', 'યુનાઇટેડ', 'ઇસ્ટર્ન', 'નૉરથવેસ્ટ'-જેવી આપણી જુદી જુદી રેલવે હતી તેવી. અને દરેકનાં પોતીકાં એરમથકો. એટલે ક્યાંક આડા ફંટાયા, તો જવું હોય દિલ્હી પણ જઈ પહોંચો જોધપુર જેવું થાય. અહીં કોઈ વળાવવા કે 'ટા-ટા આવજો' કરનારા મળે નહિ, એટલે દસ ઠેકાણે બાર નંબરનો મલકાટ ફાઇલમાંથી કાઢી મોં ઉપર મલકાવી, પૂછી સાચા નંબર ઉપર હાજર.

અરેરે, ફરી કહેશો કે સરખામણી! પણ શું કરું? અમદાવાદનું સ્ટેશન નવું બંધાયું જાતજાતના સમાંતરે પાટા નંખાયા. તો પણ સવારનો ૧૯૦૧મા ઊપડતો સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ત્યારે ઊપડતો તેમજ અત્યારે ઊપડે છે, અને સાઠ વર્ષ પહેલાં જ્યારે મુંબાઈ પહોંચતો ત્યારે જ પહોંચે છે. ડબ્બાની અંદરનાં ઘાટ માપ બદલાયાં છે, બહારનાં બદન હિન્દુસ્તાનમાં જંગલો કાપી કાપી લાકડું મોંઘું કર્યા બાદ અને વરસાદને રીસાળવો કર્યા પછી લોખંડની કાયનાં બનાવ્યાં છે, પણ અમદાવાદથી ઊપડેલો ફાસ્ટ મણિનગર પહોંચતાં કે મણિનગરથી અમદાવાદ પહોંચતાં વચ્ચે બે વાર ડચકિયાં ન ખાય તો એનું નામ ફાસ્ટ ન કહેવાય! શું નડે છે? સામેથી આવતી ટ્રેઇન? પ્લૅટફૉર્મ ખાલી નથી? કે પાટામાં એ દકામ ચાલે છે? આજ વર્ષોથી આ પરિસ્થિતિ! હજી શું નડે છે? નવા પાટા નખાયા, નવાં સ્ટેશનો બંધાયાં, નવાં ડીઝલો લાવવામાં આવ્યાં, તો યે મણિનગરથી અમદાવાદ જતાં વીશ મિનિટ? ટાઈમટેબલ પ્રમાણે અમે વાત કરીએ છીએ. ગાડી અમદાવાદથી ઊપડે તે પણ વચમાં અટકે જ! કેમ? મુસાફરોને મોઢે એક જ વાક્ય—સંતોષ લેવા માટે-હમેશાં ફરકે છે. 'સિગ્નલ નથી આવ્યા' પણ શેના કારણે 'સિગ્નલ નથી આવ્યા' એ કોઈ જાણવા મહેનત કરે છે?

તે સવારે એકની પાછળ એક એમ સાત પ્લેનની લંગાર ઊપડવાની હતી. અરધા અરધા મિનિટે પ્લેન ઊપડ્યાં, અને બીજી બાજુ એરી સાથે બે કે ત્રણ પ્લેન ઊતર્યાં. પણ ન કોઈ એમાં આડાઅવળા અડફટે ચઢ્યાં કે ન અફળાયાં. અને અમારે ત્યાં નવા અમદાવાદ સ્ટેશનથી સાત પચાસનો ઊપડેલો ફાસ્ટ મણિનગર જતાં ડચકાય છે? શું નડે છે?

અમારો પહેલો જ હૉલ્ટ ડીટ્રાઈટ. ત્યાં ઊતરી પ્લેન બદલવાનું, અને ત્યાંથી લાન્સિંગ જવાનું. કુલ્લે દોઢેક કલાકનો મામલો. ડેટ્રોઈટ પણ હવાઇ મથક, મોટી અટ્ટાલિકા-મહલી, અને અમારે પાસેના એરપોર્ટ ઉપર નાનકડી એર બસ લઈ, જરા ચક્કર મારી પહોંચવાનું. ચાલતું હોય તો ચાલો, અરધા માઈલ ઉપરની કસરત થાય!



લાન્સિંગના પાદરમાં ફાર્લી રિચમંડ, યાસ્મિન મોદી, એન બિકર અને ચન્દ્રવદન મહેતા

નંબર શોધતા પેટા એરમથક ઉપર જઈ, ત્યાંથી લાન્સિંગ જનારા નાના પ્લેનની રાહ જોતા બેઠા જ. પંદરવીશ મિનિટમા તો ટૂકડામાં લાન્સિંગ, અને ઊતરતાં જ મને દિલ્હીમાં મળેલા મારા ત્યાંના થનારા સાથીદાર ફાર્લી રિચમંડ મળ્યા. ફ્લૅગ સ્ટેશન જેવું નાનું એરમથક. લાન્સિંગ ગામ પણ નાનું; અને ત્યાંથી છ માઈલ ઉપર ઈસ્ટ લાન્સિંગ તે મિશિગન સ્ટેટની યુનિવર્સિટીનું કૅમ્પસ.

રિચમંડના હૈયામાં હેત ઊભરાતું હતું. ઘણા ઉમળકાથી અમે ભેટ્યા, સામાન લઈ એની મોટરમાં ઊપડ્યા, અને સીધા યુનિવર્સિટીમાં ચેરી લેઇનમાં મારે માટે એણે મુકરર કરેલા ઍપાર્ટમેન્ટમાં પહોંચી ગયા. એક મોટો ઓરડો, સરસ બાથરૂમ, અને બીજી બાજુ બધી રીતે સગવડવાળું રસોડું: ફ્રિજીડેર, ઇલેક્ટ્રિક ચૂલો-એકી વખતે ચાર વસ્તુ સાથે રંધાય એવો. પણ ફાર્લી રિચમંડ મારા આ વસવાટનો અભ્યાસ શાનો કરવા દે? 'ચલો ખાને કો.' અને એણે પસંદ કરેલા એક રેસ્ટોરામાં જઈ લંચની ત્રેવડમાં પડ્યા. સવારના ટ્યૂડર હોટલથી એરપોર્ટ જતાં વખત લાગ્યો એ કરતાં ઓછા સમયમાં અહીં પહોંચ્યો. હવામાન મઝેનું હતું, ઘણે સમયે એક ઓળખીતો મળ્યાનો આનંદ હતો, એટલે બે ગ્લાસ બીઅરની મેં માગણી કરી, તો હસમુખી મેઈડ ધીમે રહીને કહે છે, 'માફ કરજો, અહીં પ્રોહિબિશન છે! નારંગીનો રસ કહો તો લાવું,—યા કે કોક લા!' અને ફાર્લીએ નારંગીનો રસ પીતાં આ કેમ્પસનો મારા કામકાજનો ખયાલ આપવો શરૂ કર્યો. (ચાલુ)


પ્રૌઢ-સાહિત્યલેખન-સ્પર્ધા

પુખ્ત વયે લખતાં-વાંચતાં થએલા નવશિક્ષિત વાચકો માટેના લેખનની સ્પર્ધા 'ગુજરાત રાજ્ય સમાજશિક્ષણ સમિતિ' (સૂરત) તરફથી યોજવામાં આવી છે, જેમાં ખેતી, આરોગ્ય, વિજ્ઞાન, સાહિત્ય વગેરે લોકજીવનને સ્પર્શતા કોઈ પણ વિષય ઉપર વાર્તા, નાટક, કાવ્ય, અનુભવકથા, નિબંધ વગેરે લખી શકાશે. આવેલી કૃતિઓમાંથી ગુણવત્તાના ક્રમે પહેલી કૃતિને રૂ. ૫૦૦/- બીજી કૃતિને રૂ. ૩૦૦/- ત્રીજી કૃતિને રૂ. ૨૦૦/-નું પારિતોષિક એનાયત થશે. સ્પર્ધા માટેની કૃતિઓ ૩૧મી ડિસેમ્બર ૧૯૬૯ સુધીમાં મળી જવી જોઈએ. આ અંગેના વિગતવાર નિયમો મંત્રી, ગુજરાત રાજ્ય સમાજ શિક્ષણસમિતિ, દરિયા મહેલ, સૂરતના સરનામેથી મગાવી લેવા.

શતરંજ .... સુરેશ મોદી

ઈ. ૧૯૩૭માં ડૉ. યુવેને હરાવીને અલેખાઇન ફરી વિશ્વવિજેતા બન્યા. ૧૯૩૯માં તેમની અને બૉટવિનિકની ચૅલેન્જ મૅચ ગોઠવાઈ હતી, પણ વિશ્વયુદ્ધ શરૂ થતાં તે રમી શકાઇ નહિ. ફરી ૧૯૪૨માં તેની ગોઠવણ થઈ ત્યાં અલેખાઇનનું અવસાન થયું. વિશ્વવિજેતાના ખાલી પડેલા પદ માટે તે વખતના પાંચ અગ્રગણ્ય ખેલાડીઓ વચ્ચે ટુર્નામેન્ટ યોજાઈ અને બૉટવિનિકે ૧૯૪૮ થી ૧૯૬૩ (વચ્ચે બે વર્ષ બાદ કરતાં) સુધી તે પદ જાળવી રાખ્યું.

વિશ્વવિજેતાના પદ માટેની 'ચૅલેન્જ મૅચ'ના નિયમો ચોક્કસ થતાં દર ત્રણ વર્ષે નિયમિત રીતે એ રમાવા લાગી. ૧૯૫૧માં બ્રોન્સ્ટાઈન અને ૧૯૫૪માં સ્માયસ્લોવ સાથેની હરીફાઈનાં ૧૨-૧૨ પૉઇન્ટ મેળવી Status quo નિયમ પ્રમાણે પદ જાળવી રાખ્યું. ૧૯૫૭માં સ્માયસ્લોવ સામે હારીને ૧૯૫૮ની વળતી Return) મૅચમાં જીતીને એ પદ પાછું મેળવ્યું. તેવી જ રીતે ૧૯૬૦માં ટાહલ (Tahl) સામે હારીને ૧૯૬૧માં પાછા જીત્યા. ૧૯૬૩માં પેટ્રોસ્યન સામે હાર્યા ત્યાં સુધીમાં વળતી ચૅલેન્જ મૅચના નિયમ રદ થઈ ગયો હતો તેથી તેમણે 'કૅન્ડિડેટ ટુર્નામેન્ટ'માંથી રમીને પદ પાછું મેળવવાનો વિચાર માંડી વાળ્યો. જો તે નિયમ ચાલુ હોત તો એ પદ તેઓ ફરી એક વાર પાછું મેળવી શકત કે કેમ તે કહેવું મુશ્કેલ છે. એક વખતના વિશ્વવિજેતા કાપાબ્લાન્કા સામેની એમની રમતમાંથી એક અચૂક કૉમ્બિનેશન આપણે આ વખતે જોઈશું.



આ પરિસ્થિતિમાં સફેદ પાસે એક પ્યાદું ઓછું છે, પણ તે એક સુંદર અને સચોટ કૉમ્બિનેશનથી જીતે છે.

1 R-K6!

પ્યાદું K5 ઉપર આવે તો બહુ જ શક્તિશાળી થાય તે હકીકત ઉપર આ કૉમ્બિનેશનનો આધાર છે. કાળાએ હાથીને મારીને પ્યાદાને ત્યાં આવવા દેવું પડે તેમ છે, કારણ કે ઘોડાને ખસેડવાથી કે રાજા વડે તેનું રક્ષણ કરવાથી તે જલ્દી હારે તેમ છે. જુઓ 1..., N-K5; 2N×N, P×N; 3 P×P, પછી સફેદ વજીરને KB પંક્તિ ખુલ્લી મળવાથી તે જીતે. (3...R×R? 4Q-B7ch, -R1; K5, Q×Pmate) અથવા 1..., K-B2; 2, R×Nch, K×R; 3 P×Pch પછી ત્રણ ખાસ વિકલ્પો છે જે બધા સફેદની તરફેણમાં છે: (૧) 3..., K-K2; 4Q-B7ch, K-Q1; 5 P-N7! (૨) 3..., K-K3; 4 Q-B7ch, K-Q8; 5 N-B5ch, K-B3; 6 Q×Rch અને 7 Q×Q અને (૩) 3..., K×P; 4 Q-B5ch, K-N2; (4..., K-R3??; 5 Q77 B6 mate); 5 N-R5ch! અહીં ફરી કાળા પાસે બે વિકલ્પો છે: (અ) 5..., K-N1; 6 Q-N5ch, K-B2; 7. Q-B6ch, K-N1; 8. Q-N7 mate અને (બ) 5..., K-R3, 6P-KR4, R-KN1 (7Q-N5 mate અટકાવવા); 7P-N4, Q-B3 (8Q-B4ch, K-N3; 9 Q-B6 mate અટકાવવા); 8 B-R3 અને હવે 9 B-B8chની ધમકી સામે કાળા પાસે કોઈ જવાબ નથી. આ બધું જોતાં તેને ફરજિયાત રમવું પડે છે.

1..., R×R; 2 P×R, K-N2

ઘોડાને તેની જગ્યાએથી ખસેડી શકાય તેમ નથી.-Q-B7ch તે લે છે-માટે તેનું રક્ષણ કરવું જ રહ્યું.

3 Q-B4!

હવે સફેદ 4 N-B5ch, P×N; 5 Q-N5ch, K-B1; 6 Q×Nch, K-K1; 7Q-B7ch, 8-Q1; KP-K7chની ધમકી આપે છે. 3..., Q-K1; 4 Q-K5, Q-K2; 5 B-R3!

બૉટવિનિક અહીં ઊંટનો ભોગ આપે છે. તે સ્વીકાર્યા સિવાય છૂટકો નથી. દા.ત. 5..., Q-K1; 6 Q-B7ch, K-N1; 7 B-K7, N-N5; 8 Q-Q7, Q-R1; 9 B-Q8. અથવા 5..., Q-Q1; 6 N-R5ch, P×N; 7; Q-N5ch, K-R1 8 P-K7 અને સફેદ જીતે.

5...,Q×B; 6 N-R5ch!!

ઉપરાઉપર બીજા મહોરાનો ભોગ. આ વખતે પણ કાળાને તે સ્વીકાર્યા સિવાય કોઈ રસ્તો નથી. કારણ 6,...K-R3; 7 N×N, Q-B8ch: 8 K-B2. Q-Q7ch; 8 K-N3, Q×BPch; 10. K-R4, Q×Pch! અને હવે એમ લાગે છે કે 11 Q×Q? N×Q; 12 P-K7, N-B4ch અને 13..., N×Pથી કાળા એ બાજી તેની તરફેણમાં ફેરવી લીધી પણ બૉટવિનિક પાસે તેના કરતાં સુંદર ચાલ હતી 11 N-N4ch! આ સામા શેહ (Cross-Check) પછી 11..., Q×N ફરજિયાત છે. 12 K×Qથી સફેદ જીતે છે માટે.

6..., P×N; 7 Q-N5ch, K-B1; 8 Q×Nch, K-N1;

અહીં 8..., K-K1 પછી 9 Q-B7ch, K-Q1; 10 Q-Q7 mate છે.

9×P-K7!

અહીં સફેદ 9 Q-B7ch, K-R1; 10 P-K7 રમે તો કાળાને કાયમી શેહથી ડ્રૉ મળી જાય છે. જુઓ 10..., Q-B8ch: 11 K-B2, Q-Q9ch; 12 K-N3, Q×BPch; 1 K-R4, Q×Pch; 14 K×P, Q-K4ch વિ.વિ. વજીર B6 ઉપર જ રાખીને બૉટવિનિક આ જાળમાંથી બચે છે.

9..., Q-B8ch; 10 K-B2, Q-B7ch; 11 K-N3, Q-Q6ch; 12 K-R4, Q-K5ch, 13 K×P, Q-K7ch.

અહીં 13..., Q-N3ch પછી 14 Q×Qch, P×Qch; 15 K×P અને પછી 16 P-K8 (=Q અથવા) mate જીતે છે.

14. K-R4, Q-K5ch; 15. P-N4!

અહીં સફેદ 15 K-R3 રમત તો 15 P-KR4! પછી 16..., -QN5 mateની ધમકીને લીધે સફેદે કાયમી શેહ આપીને ડ્રૉ મેળવવો પડત.


15..., Q-K8ch; 16 K-R5.

હવે એક પણ શેહ અપાય તેમ નથી અને સફેદનું KP વજીર થશે માટે

16..., Resions.

બૉટવિનિકએ લાંબા કૉમ્બિનેશનની દરેક ચાલ અને પેટા વિકલ્પોના પહેલેથી વિચાર કર્યો હશે તે જોઈએ. એ સિવાય કાપાબ્લાન્કા જેવા મહાન ખેલાડી સામે બે મહોરાંનો ભોગ આપવો શક્ય નથી.

જાન્યુઆરી ૧૯૭૦થી ડિસેમ્બર ૧૯૭૦ સુધી કોયડા ઉકેલવાની હરીફાઈમાં જુદીજુદી જાતના કોયડા આપવામાં આવશે. તેમાં ૨ ચાલના Direct-mate, ૩ ચાલના Direct-mate, End-game Stady અને Fairy Problems - એમ ચાર પ્રકારના ત્રણત્રણ કોયડા હશે. દરેક કોયડા ઉકેલવા માટે એક સરખા ગુણાંક રાખવામાં આવશે.



ઇંગ્લૅંડે 'સૉવરેઈન ઑવ ધ સીઝ' બનાવ્યા પછી બીજે વર્ષે ફ્રાન્સે પણ 'કૉરૉને' નામે એક મોટું વહાણ બનાવ્યું. તે ૨૦૫ ફૂટ લાંબું હતું અને એનો મુખ્ય કૂવાથંભ ૧૮૭ ફૂટ ઊંચો હતો. આવા વિશાળ કદ છતાં, બુદ્ધિપૂર્વકની એની બાંધણી એટલી વહેવારુ હતી કે દરિયામાં એનું સંચલન ઘણું સરળ હતું અને એથી એ પછીની બે સદી સુધી એની બાંધણી આદર્શ રૂપ ગણાતી રહેલી.

પણ ૧૭મી સદીમાં હવે વહાણ બાંધવાની કળા એક પેઢી ઉતાર ધંધાકીય રહસ્ય રહેવાને બદલે વધુ વિકસી. ફિનિયાસ પેટ, એનો પુત્ર પીટર ને સર ઍન્થની ડીન વગેરેએ વહાણના નકશાઓમાં વધુ ચોકસાઈ આણી. સઢની રચનાઓમાં ફેરફાર થયા. ફ્રાંસ સાથેના વિગ્રહોને કારણે મૂળ કરતાં પોતાની અમેરિકન વસાહતોમાંથી ખજાનો મેળવવામાં વધુ લોભ હતો, એટલે ઈસ્ટ ઇંડિયા કંપનીને દરિયાઈ વ્યાપારમાં ઘણી મોકળાશ મળી ગઈ.

વહાણવટાના આ વિકાસથી ઇંગ્લૅંડમાં વિવિધ મદ્યોની સાથે પીણાં તરીકે વપરાતાં તેમાં હવે કૉફી, કોકો અને ચા પણ ઉમેરાયાં.

વહાણો પરની શોભાના આડંબરોની બિનઉપયોગિતા સ્પષ્ટ થવા લાગતાં એમાં પણ હવે ઘટાડો દેખાવા માંડ્યો.

આ પછી ઈ. ૧૭૫૬ની આસપાસમાં 'ફ્રિગેટ' નામની યુદ્ધનૌકાઓનો વિકાસ વધ્યો. અગાઉ પણ એ વપરાતી, પણ હવે એનો પ્રકાર વધુ નિશ્ચિત થવા લાગ્યો. નવી ફ્રિગેટોના કૂવાથંભ વધુ લાંબા બન્યા અને એની ઝડપ પણ વધી.





મધુકરી

એકદમ જ્યાં સાવ નાના ભાઇએ પૂછ્યું:
'તમે ગાંધીજીને જોયા હતા?'
ત્યાં હું અચિંતો ને સહજ બોલી ગયો કે 'હા'. અને એ
ઓશિયાળી આંખથી જોઈ રહ્યો મુજને, અને બબડી ગયો:
'ત્યારે અમે તો હીંચતા'તા ઘોડિયામાં,
પેનપાટી લૈ હજી તો એકડાને ઘૂંટતા'તા રે અમે.'
હું હવે કોને કહું કે 'ના તમે,
એ તો અમે.'

—પ્રિયકાન્ત મણિયાર

સ્વ. ગુલામહુસેન મુસ્તુફા

છેલ્લાં ૩૨ વર્ષથી કરાચીમાં જ વસતા હોવાને લીધે, તેમજ પોતાના નિરાડંબરી અને શાલીન સ્વભાવને કારણે આપણને ઓછા જાણીતા એક પીઢ સાહિત્યપ્રેમી, ભાષાવિશારદ અને ઇતિહાસ-સંશોધક શ્રી ગુલામહુસેન મુસ્તુફાનું ગઈ તા. ૧૦મી સપ્ટેમ્બરે સવારે છાપું વાંચતાં વાંચતાં, હૃદયરોગના (બીજા) હુમલામાં ૬૨ વર્ષની વયે કરાચીમાં ઓચિંતુ અને દુ:ખદ અવસાન થઇ ગયાના સમાચાર અમારા મિત્રતાના દાવે વધુ દુ:ખદ લાગ્યા. ૩૧મી ઑગસ્ટે એમના પર પહેલો હુમલો થયો ત્યારથી તબિયત નાદુરસ્ત તો રહેતી જ હતી, પણ આવું અચાનક બની જવાની કલ્પના કોઇને ન હતી.

સુરત પાસેના નાના વરાછા ગામના વતની શ્રી ગુલામહુસેન યુવાનીમાં જ રંગૂન પહોંચી ગએલા, જ્યાં એમને વાચન અને સાહિત્યનો શોખ લાગ્યો; અને પંદર વર્ષ ત્યાં ગાળી સિંધિયા સ્ટીમ નૅવિગેશન કંપનીની કચેરીમાં કૅશિયર તરીકે ઈ. ૧૯૩૭માં કરાચી આવીને ત્યાં સ્થાયી થયા પછી એ શોખ ઉત્તરોત્તર વધતો રહી અભ્યાસી સાહિત્યકાર તથા ઈતિહાસ-સંશોધકના સ્થાન પર એમને લઈ ગયો. ઉર્દૂ, અંગ્રેજી અને ગુજરાતી ત્રણે ભાષા ઉપર સારો કાબૂ ધરાવનાર એ અઠંગ વાચનપ્રેમીના પોતાના અંગત સંગ્રહમાં સાહિત્ય, ઇતિહાસ આદિનાં ઘણાં વિરલ પુસ્તકો હતાં.

'પાકિસ્તાનમાં ગુજરાતી સાહિત્ય પ્રવૃત્તિ તેમના આશ્રયે જ શરૂ થઈ હતી. ત્યાંના રાઇટર્સ ગિલ્ડમાં ગુજરાતી ભાષા અને ગુજરાતી લેખકોને સ્થાન અપાવવામાં તેમણે નોંધપાત્ર ફાળો આપેલો. પાક મુસ્લિમ ગુજરાતી સાહિત્યમંડળના પ્રમુખસ્થાને છેક ઈ. ૧૯૫૮થી તેઓ બિનહરીફ ચૂંટાઈ આવી સેવા બજાવતા રહેલા. ભારત-ગુજરાતનાં ઘણાં સામયિકોમાં એમના સાહિત્ય તેમજ ઇતિહાસ વિષયક લેખો આવતા, અને એ એકલા એવા સાહિત્યકાર હતા કે જેમને સાહિત્ય પરિષદોમાં હાજરી આપવા નિમંત્રણ મળતું.'—આમ કરાચીનાં પત્રોએ એમની અવસાનનોંધ લેતાં લખ્યું છે.



ભાષાના આડંબરથી પર એવી સરળ ને સચોટ એમની શૈલી હતી. (ઉર્દૂ કવિ 'ગાલિબ' વિષયક એમનો લેખ 'સંસ્કૃતિ'માંથી તારવીને આપેલો 'કુમાર'ના વાચકોને યાદ હશે.) ઈસ્લામી ઇતિહાસ અને સાહિત્યનાં સંશોધન એ એમના શોખનો વિષય હતો. ઇમામ ગઝાલીના જીવનચરિત્રનું એમના હાથ પરનું કાર્ય અચાનક અવસાનથી અધૂરું રહી ગયું છે.

'સ્વભાવે મિલનસાર, દિલે ઉદાર અને દિમાગે ધર્મપરાયણ' એ સ્નેહાળ સજ્જન પોતાના ઉચ્ચ ગુણોની સુવાસ સાથે પોતાની પાછળ એક વિધવા, બે પુત્રો, પાંચ પુત્રીઓ અને બહોળા મિત્રમંડળને વિયોગમાં મૂકતા ગયા છે. પરમાત્મા એમને પરમ ધામમાં શાન્તિ આપે.

કુલપતિ ઉમાશંકર

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે શ્રી ઉમાશંકર ફરી ચૂંટાયા તેથી આનંદ થાય છે. સ્વાધ્યાય ને પ્રવચનનો આજીવન બ્રાહ્મણધર્મ પાળનારા આચાર્યોની ઉજ્જ્વળ પરંપરામાં ઉમાશંકરનું નામ અંકાઈ ચૂક્યું છે. મણિલાલ નભુભાઈ, આનંદશંકર ધ્રુવ આદિની પંડિત પરંપરામાં ઉમાશંકર પોતાની વિદ્યોપાસનાના બળથી સ્થાન પામ્યા છે. તે ઉપરાંત છેલ્લા એક સૈકાના આપણા પ્રતિભાશાળી જે ત્રણ કે ચાર અગ્રયાયી કવિઓ છે તેમાં પણ તેમનું સ્થાન નિશ્ચિત છે. તેઓ ગુજરાત યુનિવર્સિટી દ્વારા ગુજરાતની સંસ્કારસંપત્તિ ઉજ્જ્વળતા સમગ્ર રાષ્ટ્રમાં પ્રસારી દેશને સાચા અર્થમાં સંપત્તિમાન કરશે એવી આશા સૌ રાખે છે.

આજે આપણો દેશ માત્ર આર્થિક ગરીબાઈ દૂર કરવાની ધૂને ચડયો છે, પરંતુ આપણી વિદ્યાકલા અને સંસ્કારક્ષેત્રની ગરીબાઈ પશ્ચિમના દેશોના મુકાબલે ઓછી નથી. આપણાં ઝનૂનો, આપણા રાગદ્વેષો, આપણા પૂર્વગ્રહો, આપણી સંકુચિત ભાવનાઓ એ બધાં આપણી કેળવણીની આગેકૂચમાં અંતરાયો છે, અને તેને પરિણામે વિશાળ અને વ્યાપક દૃષ્ટિનો સાર્વત્રિક અભાવ ચોમેર વ્યાપ્યો છે. કોમવાદ, પ્રાંતવાદ, જ્ઞાતિવાદ ઇત્યાદિ દૂષણો યથાર્થ કેળવણી પામવાથી જ દૂર થાય છે અને તેમ નહિ તો હળવાં તથા નજીવાં બને છે, એ સત્ય ઉમાશંકર પોતાના ઉજ્જ્વળ બ્રાહ્મણધર્મ દ્વારા પ્રકાશિત કરો એવી દેવી સરસ્વતીને પ્રાર્થના છે.

(જનસત્તા) —યશોધર મહેતા

બલવંતરાય જન્મશતાબ્દી

ગુજરાતની વિદ્વત્પરંપરામાં બલવંતરાય કલ્યાણરાય ઠાકોરનું સ્થાન અજોડ છે. ગુજરાતી સાહિત્યની અનેકવિધ સેવા કરનાર આ મહા વિદ્વાન અને સમર્થ કવિ તથા વિવેચક સ્વભાવે અને ઘડતરે ગ્રીક હતા; એટલે કે એમની વિચારસૃષ્ટિમાં કશું તકલાદી, ઉપરછલ્લું, ફિસ્સું કે ક્ષણજીવી અને સભારંજની તત્ત્વ કદી પ્રવેશી શકતું નહિ. સાહિત્ય અને કલાનાં જે સર્જનો બુદ્ધિગમ્ય અને વિચારપ્રેરક ન હોય તેની એમને મન જરા પણ કિંમત નહોતી. કવિતામાં કેવળ પોચીપોચી, ઊર્મિલ અને દૃષ્ટિહીન કૃતિઓને તેઓ ફેંકી દેતા અને કેવળ શબ્દોના ફટાટોપને હસી કાઢતા. સાહિત્યસર્જકની ચોટ, તેનું નિશાન, બહુ ઊંચાં હોવાં જોઈએ તેનું અરધી સદી સુધી તેમણે સબળ પ્રતિપાદન કરીને ઉચ્ચાર્યું કે: 'નિશાનચૂક માફ, માફ નહિ કિંતુ નીચું નિશાન.'

અનેક નવયુવાન લેખકોને મોટા મનના આ સમર્થ ચિંતક સાહિત્યકારે ઉત્સાહિત કરેલા, અને તેમની પ્રેરણા તથા હૂંફનો અનુભવ ઘણા ઊગતા સાહિત્યકારોને થયો હશે તેઓ આ માસમાં એમની જન્મશતાબ્દીના દિવસે એ અવિસ્મરણીય મૂર્તિને સપ્રેમ યાદ કરશે.

ગુજરાતી સાહિત્યમાં એક સમર્થ કવિ તરીકે તેમનું સ્થાન બહુ ઊંચું છે. એમણે કવિતાનો ઢંગ તથા ઢાંચો બદલી નાખ્યો અને ગુજરાતી સાહિત્યને એક અપૂર્વ ઢબનું ગદ્ય આપી ગયા. જેવું વિચારપ્રેરક અર્થઘન, ચોટીલું અને પ્રૌઢ એમનું ગદ્ય હતું તેવું જ હતું એમનું પદ્ય.

ગુજરાતી સાહિત્ય જીવે છે ત્યાં સુધી બ. ક. ઠા. જીવતા જ છે.

(જનસત્તા) —યશોધર મહેતા

શ્રીકૃષ્ણનું વંશવૃક્ષ (ગયા અંકના અનુસંધાને)

દ્વાપર યુગનો મધ્યાહ્ન હતો ત્યારે યાદવો યમુનાના ફળદ્રુપ તટપ્રદેશ પર આવીને વસ્યા હતા. તે વ્રજભૂમિને નામે વિખ્યાત હતો. ત્યાં હરિયાળાં વનોના વિસ્તારોમાં સમૃદ્ધ ગોકુલો વિહરતાં. આ ગોકુલો યાદવોની ખરેખરી સંપત્તિ હતી. યાદવસંઘ કુકુર, અન્ધક, વૃષ્ણિ, સાત્વત, ભોજ, મધુ અને શૂર આદિ જાતિઓનો બન્યો હતો. આ બધાં કુળોમાં અન્ધકો સૌથી શક્તિમાન હતા. યાદવસંઘ વીર અને વીર્યવાન હતો, અને બ્રહ્મામાંથી જ પોતે ઊતરી આવ્યાનું માનતો.

બ્રહ્માને બે પુત્રો હતા. અત્રિ અને દક્ષ. દક્ષને અદિતિ સાંપડી. તેને પેટે વિવસ્વત જન્મ્યો. વિવસ્વતનો પુત્ર મનુને નામે વિખ્યાત થયો. મનુની પુત્રી ઈલાને સોમ સાથે વરાવી. તેમનો પુત્ર પુરુરવા, ભર જવાનીમાં દેવોની પ્રિય અપ્સરા ઉર્વશી જોડે પ્રેમમાં પડ્યો.

પુરુરવાના બે પુત્રો પૈકી મોટા આયુષને પાંચ પુત્રો. તેમાં નહુષ બળવાન હતો. એનો પુત્ર યયાતિ પૃથ્વીપતિ થયો. તેણે દેવો ને દાનવ બંનેને જીત્યા. યયાતિની પ્રથમ પત્ની ભૃગુકુળોત્પન્ન શુક્રાચાર્યની પુત્રી દેવયાની હતી. તેને બે પુત્રો થયા: યદુ અને તુર્વસુ. યદુના પુત્રો યાદવો કહેવાયા. યદુનો પુત્ર ક્રોષ્ટુ, ક્રોષ્ટુનો દેવમિઢુષ, ને તેનો પુત્ર શૂર.

ત્રેતાયુગમાં વ્રજભૂમિનાં વનોમાં મધુ નામનો રાક્ષસ રાજ્ય કરતો હતો. તેનો પ્રભાવ એટલો વધ્યો કે એ ભૂમિનું નામ મધુવન પડ્યું. મધુએ જંગલો કાપી યમુનાને તીરે નગર વસાવ્યું. તેનું નામ મદુરા.

મધુના પુત્રોએ ઘણો પાપાચાર માંડ્યો. તેથી શ્રી રામચંદ્રજીના ભાઈ શત્રુઘ્ને ક્રોધે ભરાઈ મથુરા પર આક્રમણ કર્યું ને પાપાચારી મધુપુત્રોનો નાશ કર્યો. અને વિસ્તાર પામેલા મધુવન પર ઈક્ષ્વાકુ વંશના રાજાઓનું રાજ્ય શરૂ થયું. પછી યાદવોમાં પ્રભાવશાળી એવો શૂર થયો. તેણે મથુરા પર આક્રમણ કર્યું અને શત્રુઘ્નોના વંશજોને હાંકી યમુનાના તટપ્રદેશમાં સંસ્થાનો સ્થાપ્યાં. સમૃદ્ધિ તેમને વરી. ત્યારથી વ્રજભૂમિ શૂરસેન કહેવાઈ.

વસુદેવ રાજા એ શૂરના વંશજ હતા. વસુદેવને પાંચ બહેનો હતી. તેમાં એક હતી પૃથા. તે હસ્તિનાપુરના પાંડુ રાજાને પરણી અને પાંચ પાંડવોમાંના ત્રણની માતા થઈ. વસુદેવની બીજી બહેન શ્રુતશ્રવા ચેદિરાજની સાથે વરાવવામાં આવી. તેની કૂખે શિશુપાળ જન્મ્યો.

વસુદેવ વીર શૂરવંશીઓના અગ્રણી હતા અને અનેક ગોકુલોના ધણી હતા. પણ અંધક વંશ વધારે પ્રતાપી હતો. તેના અગ્રણી રાજા ઉગ્રસેન તેના નાયક હતા. ઉગ્રસેનને પાંચ પુત્રો ને નવ પુત્રીઓ હતી. આ પુત્રોમાં અગ્રજ તે કંસ. રાજા ઉગ્રસેનના ભાઈ દેવકને ચાર પુત્રો ને સાત પુત્રીઓ હતાં. તેમાં દેવકી બધાંથી અતીવ સુંદર હતી. શૂરો અને અંધકો વચ્ચે ઝગડા થયા કરતા. આખરે બંને કુળના અગ્રણીઓએ આ ઝગડાનો ઉકેલ લાવવા શૂરશ્રેષ્ઠ વસુદેવને દેવકી વરાવી. તેમનાં લગ્ન રાજા ઉગ્રસેને પૂર ઠાઠથી કરાવ્યાં. યાદવોના સુખનો પાર નહોતો. આવાં સુયોગ્ય દંપતીના સંયોગ તેમણે ભાગ્યે જ જોયો હતો.

(કૃષ્ણાવતાર) —ક. મા. મુનશી

ઍપોલો-૧૨

ઈ. ૧૯૬૭માં અમેરિકન ચંદ્રયાન સર્વેયરે 'સી ઑવ સ્ટૉર્મ્સ'ના વિસ્તારમાં ઊતરીને જે સ્થળેથી ચંદ્રની સપાટીનાં ચિત્રો પૃથ્વી પર મોકલ્યાં હતાં એ સ્થળની લગભગ ૨૦૦ મીટર આસપાસમાં આવતા નવેમ્બર માસની ૧૯ તારીખે અમેરિકન ચંદ્રયાન 'ઈન્ટ્રેપિડ' ઊતરવાનું છે. અવકાશયાન 'ઍપોલો-૧૨' દ્વારા કૉન્રાડ, રિચર્ડ ગૉર્ડન અને ઍલન બિન નામના ત્રણ અમેરિકન અવકાશયાત્રી તા. ૧૪ નવેમ્બરે પોતાની એ યાત્રાનો આરંભ કરશે.

ચંદ્રની સપાટીથી ૨૦૦ મીટર ઊંચે હશે ત્યારે કૉમ્પ્યુટરની સહાયથી અને નજરે જોઈને સ્થાન નક્કી કરી કૉન્રાડ અને ઍલન બિન ચંદ્રયાન (જેને યાત્રીઓએ 'ઈન્ટ્રેપિડ' નામ આપ્યું છે.) દ્વારા સર્વેયરની શક્ય એટલા નજીક ઊતરશે; જ્યારે રિચર્ડ ગૉર્ડન કમાન્ડ મૉડયુલ 'યાન્કી ક્લિપર'માં ચંદ્રની પ્રદક્ષિણા કરતા રહી ૧૯૭૦-૭૧નાં ભાવિ ઉતરાણો માટેનાં સ્થળોનાં ફોટોચિત્રો લેશે.

આ દરમિયાન ચંદ્રની સપાટી પર ૩૨ કલાક માટે ઊતરેલા બંને ચંદ્રયાત્રીઓ સાડા ત્રણ કલાકની એક એવી બે મજલ માટે ઈન્ટ્રેપિડની બહાર આવી ચંદ્રને લગતી માહિતી આપે એવાં પાંચ યંત્રો ચંદ્રની સપાટી પર ગોઠવશે. ફરી વખત તેઓ યાનની બહાર આવે ત્યારે બીજી કામગીરીઓ પતાવી લેતાં જો અનુકૂળતા હશે તો વધુ અર્ધો કલાક રોકાઈને 'સર્વેયર'ની નજીક જવા પ્રયાસ કરશે. આ સર્વેયર એક મોટા છીછરા કેડરના ૧૦°ના ઢોળાવ પર પડયું છે. ત્યાં પહોંચવા માટે જરૂર પડે તો કામ લાગે એ સારૂ તેઓ પર્વતારોહકો રાખે છે એવી નવેક મીટર લાંબી દોરી પણ સાથે રાખશે. કદાચ એની જરૂર નહિ પડે. પણ સર્વેયર પાસે જવાનો ઉદ્દેશ ગૌણ છે અને એટલે જ એ કામ છેલ્લે રાખ્યું છે. ખાસ કરીને સર્વેયરમાં રાખેલો ૧૭ રતલનો ટી. વી. કૅમેરા પાછો લાવવાનો ખયાલ છે. હવા વિનાની ચંદ્રની સપાટી પર ૩૧ મહિના દરમિયાન તેને કેવો ઘસારો લાગ્યો છે એ જાણવાનો આની પાછળ ઉદ્દેશ છે. ચંદ્રની સપાટી પરની પોતાની બધી કામગીરી દરમિયાન બંને યાત્રીઓ ત્યાંના માટી પથ્થરના નમૂના પણ એકઠા કરતા જ રહેશે એ માટે આ બંને યાત્રીઓએ બે વર્ષ સુધી ભૂસ્તરશાસ્ત્રનો અભ્યાસ કર્યો છે. બે પેટી ભરીને લગભગ ૨૦ કિલોગ્રામ નમૂના લાવવાની તેમની નેમ છે. 'અપોલો-૧૧'ની યાત્રા પેઠે આ બીજી સફરમાં ચંદ્રની ધરતી પર ધ્વજ કે તકતી મૂકવાનો યા પ્રમુખની સાથે ફોન પર વાતચીત કરવાનો કોઈ કાર્યક્રમ નથી; પણ આ યાત્રીઓ પોતાની સાથે રંગીન ટેલિવિઝનનો કૅમેરા લઇ જવાના છે.

વળતી સફરમાં ચંદ્રયાત્રીઓ કમાન્ડ મૉડયુલમાં આવી ગયા પછી લ્યુનર મૉડયુલ નકામું હોઈ એને અવકાશમાં છોડી દેવાને બદલે આ વખતે તેને ચંદ્રની સપાટી પર જોરથી અથડાય એ રીતે પાછું ફેંકવામાં આવશે. એના પડવાથી પેદા થતાં કંપનો નોંધવાનો આની પાછળ ઉદ્દેશ છે. એ પડતા ચંદ્રયાનની તસવીરો પણ લેવાની યોજના છે.

મસાલાની મહારાણી

હળદર રસોઈના મસાલાની મહારાણી છે. મહારાણી સભામાં પધારતાં આખી સભા પ્રભાવિત થાય અને દીપી ઊઠે, તેમ દાળ કે કઢી, શાક કે કઠોળ, મૂઠિયા કે ભજિયાંમાં હળદરનો ઉપયોગ થતાં તે શોભી ઊઠે છે. તેમાં માત્ર મનોહર રંગ આવે છે એટલું જ નહિ, પણ તે સુંવાળાં, સુપાચ્ય, આરોગ્યપ્રદ અને રોગ નિવારક બને છે.

હળદર નિર્દોષ મસાલો છે. એ વાત પિત્ત કફ ત્રણે દોષોનું શમન કરે છે. અજમો, મરી, મરચાં વધારે ખવાતાં પિત્ત અને દાહ પેદા કરશે, હિંગ વધારે ખવાતાં દાહ અને ખૂજલી પેદા કરશે, પણ હળદર જરા વધારે ખવાઈ જતાં હાનિ નહિ કરે, ફાયદો જ કરશે.

આયુર્વેદની દૃષ્ટિએ હળદર જરા વળવળાટ પેદા કરનારી તીખી, કડવી, લૂખી અને ગરમ છે. ચામડીના રોગો, પ્રમેહ, લોહીવિકારના રોગ, સોજા, પાંડુરોગ અને વ્રણ મટાડનારી છે, વળી લાંબા વખતનું સળેખમ, અરુચિ અને અપચાનો નાશ કરનારી છે.

હળદર યોષિત્પ્રિય એટલે સ્ત્રીઓને વહાલી કહેવાય છે. અને સ્ત્રીઓને કેમ વહાલી ન હોય? પોતાની ચામડીને સુંદર અને મનોહર રાખવાની કઈ સ્ત્રીને ઇચ્છા નથી હોતી? રસોડામાં વપરાતી હળદરમાં ચામડીને મનોહર અને તંદુરસ્ત રાખવાનો ગુણ છે. તે આપણી બહેનો જાણતી નથી, તેથી ચામડીને સુંદર દેખાડવા ભાતભાતના મોંઘા પાઉડર અને હોઠ લાલ કરવા લિપસ્ટિક વાપરે છે, આકરી સુગંધવાળાં સ્નો વાપરે છે. એમના ઉપયોગથી ચામડી દેખાવ પૂરતી તેજસ્વી દેખાય છે પણ એ લુછાઈ જતાં હોય તેવી રૂક્ષ અને ફીકી રહે છે. એ વનસ્પતિજ દ્રવ્યો નથી. રાસાયનિક દ્રવ્યો છે. એ દ્રવ્યો ચામડીનું આરોગ્ય વધારતાં નથી. હલકી જાતનાં હોય તો એ દ્રવ્યો ચામડી સુધારવાને બદલે બગાડે છે. પણ આ વરવર્ણિની હળદરનો બહેનો બાહ્યાંતર ઉપયોગ કરે તો તેમની ચામડી સુંવાળી, મુલાયમ અને તેજસ્વી બને.

નહાતાં પહેલાં મલાઈ, તેલ, દૂધ કે પછી પાણીમાં હળદરની એક નાની ચમચા ભૂકી મેળવી તેનું આખા શરીરે મર્દન થાય, થોડા સમય પછી હૂંફાળા પાણીથી શરીર ચોળીને સ્નાન થાય, સાબુ ન વાપરતાં ચીકાશ કાઢવા ચણાની કે મસુરની દાળનો ચમચો લોટ પાણીમાં મેળવી તે ચોળીને સ્નાન થાય અને જાડા સ્વચ્છ કપડાથી શરીર સારી રીતે ઘસીને લુછાય. આ થયો બાહ્ય ઉપયોગ. ભોજનમાં દળેલી હળદરનો છૂટથી ઉપયોગ થાય અને જ્યારે લીલી હળદર મળતી હોય ત્યારે એની પા અરધો તોલો કચુંબર મીઠું અને જરા લીંબુનો રસ ભેળવી ભોજન સાથે ખવાય. આ થયો આંતર ઉપયોગ.

લૂખી, ફીકી, તેજોહીન અને કાળાશપડતી ચામડીવાળી બહેનો આ રીતે હળદરનો બાહ્યાંતર ઉપયોગ કરશે તો સમય જતાં તેમની ચામડીની કાળાશ અને બરછટપણું જઇ તંદુરસ્ત ને તેજસ્વી બનશે. પછી પાઉડર-ક્રીમ જેવાં મોંઘાં સાધનો વાપરવાં નહિ પડે.

હળદરમાં લોહ, ચૂનો ઘણા સારા પ્રમાણમાં છે અને લોહીમાં આલ્કલીનું પ્રમાણ જાળવનાર તથા હૃદયના કાર્યમાં સહાયક પોટૅસ્યમ તો તેમાં વિપુલ પ્રમાણમાં છે. આથી હળદર પોષક અને રોગનિવારક બની છે, પૂર્વ પશ્ચિમના વૈદક પ્રમાણે હળદરમાં કલેજાને તંદુરસ્ત રાખનારું દ્રવ્ય છે. કલેજું પાચક પિત્ત ઉત્પન્ન કરે છે.

હળદરના મંગળા, ભદ્રા અને શિવ એવાં નામ છે. આવાં નામ આરોગ્યપ્રદ દ્રવ્યોને અપાય છે. એવાં દ્રવ્યોને સામાજિક ધાર્મિક પ્રસંગોમાં સ્થાન મળ્યું છે. આથી વરકન્યાને પીઠી ચોળવામાં આવતી. કંકુ પણ હળદરની બનાવટ છે, તેથી એ મંગળ પ્રસંગે વપરાય છે.

દેશી વૈદક પ્રમાણે હળદરના કેટલાક રોગનિવારક પ્રયોગો.

(૧) બે વાલપુર હળદર મધ સાથે દિવસમાં ત્રણ વખત ચાટવાથી સુકાએલો કફ છૂટો પડે છે ને નવો પેદા થતો નથી. ગરમ દૂધમાં બે ત્રણ વાલપુર હળદર નાખી પીવાથી પણ આવી અસર થાય છે, (૨) (૩) કમળા પર અરધોપોણો તોલો હળદરનું ચૂર્ણ, ચારેક તોલા મોળા દહીંમાં ભેળવી સવારમાં એક વાર લેવાથી કમળો મટે છે. કમળો નબળા લીવરનો રોગ છે. (૪)વાગવાથી સૂજેલા ભાગ પર હળદર મીઠું પાણીમાં ગરમ કરી ચોપડવાથી અથવા સ્વચ્છ રૂ તેમાં ભિજાવી સૂજેલા ભાગ ઉપર બાંધવાથી સોજો ઊતરે છે. (૫) આંખો આવી હોય ત્યારે તોલો હળદર અચ્છેરેક સ્વચ્છ પાણીમાં ઉકાળી, સ્વચ્છ કપડાથી પાણી ગાળી, ઠંડું પડયે સ્વચ્છ રૂ તેમાં ભીંજવી આંખ પર પોતાં મૂકવાં

(ગુજરાત મિત્ર) —જ. એ. કાનૂગાં

સાચો લૉર્ડ કર્ઝન


હિંદના વાઇસરૉયપદ દરમ્યાન બંગાળના ભાગલા પાડી પોતાની કારકિર્દીને નાલેશી લગાડી જનાર લૉર્ડ કર્ઝનને આપણામાંના બહુ ઓછા તેના સાચા સ્વરૂપે ઓળખતા હશે. સાચો કર્ઝન કલાકાર, શિક્ષણશાસ્ત્રી, ને એથી યે વધુ પર્યટનશોખીન કર્ઝન દબાઈ ગયો છે. તે અનેક વિષયોમાં રસ ધરાવતો. રાજકારણ, પરદેશના બનાવો, પર્યટન, સાહિ-

ત્ય, કલા, સ્થાપત્ય વગેરેથી માંડીને ગૃહનિર્માણ સુધીના સઘળા વિષયોમાં તેને રસ હતો. ધૈર્ય અને સહનશક્તિના દાખલા તો એના જેવા બહુ ઓછા મળે. કરોડમાં સખ્ત દર્દ રહેતું હોવા છતાં દિવસ ને રાત તે અવિશ્રાંત કામ કરતો. કોઈ પણ સરકારી અધિકારી ન વાંચે એટલા સરકારી પત્રો, અહેવાલો ને પરિપત્રો તે વાંચી કાઢતો. પોતાના 'Tales of Travel' પુસ્તકની પ્રસ્તાવનામાં પોતાના રઝળુ જીવનનો એણે આપેલો ચિતાર તેને સમજવામાં સહાયક નીવડશે.

'મને હજુ ય સાંભરે છે કે પ્રૌઢ વયના આજના આ બેઠાડુ રાજદ્વારીએ યુવાનીના પગથિયે પગ મૂકતાં જ પામીરનો ઉચ્ચ પ્રદેશ ખૂંદી નાખેલો; આસામના કાંઠે ભયંકર તોફાનમાં એ સપડાએલો; અફઘાનિસ્તાનમાં એનું ખૂન થયાની વિગતો બહાર આવેલી. હું એ જ તરુણ રઝળું છું જેના પર વેનેન્સિયાના કાંઠા પર ક્રોધિત સ્પૅનિયર્ડોએ પથ્થરમારો કરેલો; જે સુંદર સૂર્યોદય જોવા માટે ઠંડી રાતે બરફમાં થઈને એના જ્વાળામુખીના શિખરે ચડીને બેઠેલો, ને એવી જ રીતે સીલોનનો સૂર્યોદય જોવા 'ઍડમ્સ પીક' પર ચડેલો; જે કાબૂલના અબ્દુર્રહમાન સાથે, અને તે પછી, પાછળથી જેનું ખૂન થએલું એ ચિત્રાલના મેહતર સાથે રહેલો; કોરિયામાં પોતાનું ઘડિયાળ ચોરવા બદલ એક સાધુને જેણે પકડેલો અને પાછળથી ખોરાસાન અને વાખાનમાં એ પોતે એક જાસૂસ તરીકે ગિરફતાર થએલો; ડાલમેશિયાને કાંઠે જેનું વહાણ ભાંગી પડેલું અને આમુદર્યા (ઑક્સસ) નદીનું મૂળ જેણે શોધી કાઢયું...દાર્જીલિંગના પ્રભાતના પરદા પાછળથી કાંચનગંગાનું ભવ્ય દર્શન; વચમાંથી ઝરી ગએલા હિમાલયમાંના દોરડાના પૂલ પરથી નીચેના ધરામાં તૂટી પડતાં બચાવતી એકમાત્ર ડાળી; શિકારી બની નીકળેલા સામે નીરવ પગલે એકાએક પહોંચી આવેલા વાઘની ઉપસ્થિતિ; અંકોર વાટની અસ્તંગત જાહોજલાલી; તાજના સૌન્દર્યનો કલ્પનાતીત આહ્લાદ...મારા માનસિક સંગ્રહસ્થાનની આ સઘળી દોલતછે.' વર્ષો સુધી જગતભરમાં રસપૂર્વક વંચાએલા એના એ 'Tales of Travel' પુસ્તકને તો કોઈ કુમારે જતું કરવું ન જોઈએ. —'પ્રકર્ષ'

હથેળીમાં છાયાયંત્ર

ઘડિયાળ પાસે ન હોય, ને વખત જાણવા ની જરૂર આવી પડે તો તમારી હથેળીમાં જ એક કામચલાઉ સૂર્ય-છાયા-યંત્ર (Sun-dial) બનાવી લઈને તમે અંદાજી વખત જાણી લઈ શકો. પેન્સિલ, દાતણ કે કોઈ સીધી ડાળખી લઈ તમારા ડાબા હાથના અંગૂઠા ને હથેળી વચ્ચે તેને એવી રીતે પકડો કે



તેનો ત્રણચાર ઇંચનો છેડો ઉપર રહે (જુઓ ચિત્ર). પછી સૂર્યના પ્રકાશમાં હથેળીને બને તેટલી સપાટ એવી રીતે ધરી રાખો કે તમારી આંગળીઓ પશ્ચિમ દિશા તરફ ને અંગૂઠો દક્ષિણ દિશાને અભિમુખ રહે. હવે તમારા અંગૂઠાનો પડછાયો તેના મૂળમાં આવેલી રેખા જોડે બરાબર મળી રહે ત્યાં સુધી તમારા હાથને જરૂર પ્રમાણે ફેરવી લો. આમ થઈ ગયા પછી પેન્સિલનો જે પડછાયો તમારી હથેળીમાં પડશે તેના સ્થળ પરત્વે દિવસનો તે તે સમય એ બતાવી રહેશે. જો પડછાયો અંગૂઠાની જોડેની આંગળી પર પડે તો સમય સવારના લગભગ સાતનો સમજવો; વચલી પર પડે તો ૮, અનામિકા પર પડે તો ૯ ને ટચલી પર પડે તો ૧૦ વાગ્યા સમજવા. તે પછીના સમયો ચિત્રમાં બતાવ્યા પ્રમાણેના હથેળીના ભાગ ઉપર જુદાજુદા સ્થળે પડયા પ્રમાણે ગણવા.

ધુમાડાનો પરદો

આવતે વર્ષે જાપાનમાં ભરાનારા એક્સ્પો '૭૦ના જગતમેળાની જે જંગી તૈયારીઓ ત્યાં થઇ રહી છે તેમાં ધૂમ્ર-જવનિકાની એક નવતર શોધ પહેલી વાર જાહેરમાં મુકાવાની છે. જાણીતી ઔદ્યોગિક પેઢી મિત્સીબુશીના મંડળ તરફથી રજૂ થનારા આ ધુમાડાના પરદાના સમાચારે દેશવિદેશમાં ભારે કલ્પના–કુતૂહલ જગાડયું છે.

એમાં પ્રેક્ષકોની સન્મુખ હવાના જ એક પરદા ઉપર, ફૂલો, માછલી, કોઈ સુંદર નિસર્ગદ્રશ્ય આદિ મૂળ રંગોમાં પ્રત્યક્ષ થશે. કહેવાય છે કે મિત્સુબિશીના મંડપ તરફ જતી ફરસબંધી પર આગળ વધતા મુલાકાતીઓની નજર સામે એક રાક્ષસી માછલી જાણે તેમને ગળી જવા માટે પોતાનું વિરાટ મોં ઉઘાડતી જણાશે. પ્રેક્ષકો કદાચ તેને પકડવા મથશે તો પણ ફાવવાના નહિ, કેમ કે તે દરમ્યાન તો તેઓ એ માછલીની આરપાર નીકળી ગયા હશે!

એનું નામ દર્શાવે છે તેમ, આ નવતર શોધમાં ધુમાડાના એક ગાઢા પડદા ઉપર વિવિધ દ્રશ્યો પ્રોજેક્ટ કરવામાં આવે છે. લાંબા સમયથી સેવાઇ રહેલું આ સ્વપ્ન સાકાર કરવામાં ધુમાડાને ફેલાઈ જતો અટકાવીને સ્થિર કેમ રાખવો એ એક જ કોયડો હતો, અને તે પડદાની બંને બાજુએ હવાનાં જાડાં પડ ઊભાં કરીને ઉકેલવામાં આવ્યો છે.

આ શોધના હવે તો ઘણા ઉપયોગ થશે. નાટકશાળાઓમાં વિવિધ પૃષ્ઠભૂમિનાં દ્રશ્યો ક્ષણાર્ધમાં પલટી શકાશે, ડિપાર્ટમેન્ટ સ્ટૉર, હોટેલો વગેરેમાં ભીંતો પરનાં ચિત્રો આદિ આંતરિક શોભનો માટે પણ તે ઉપયોગી થઈ પડશે. (જાપાન ટાઇમ્સ)

મોહનાષ્ટકમ્

ગાંધીશતાબ્દી વર્ષ દરમિયાન નીચેનું 'मोहनाष्टकम्' જે મ. ઠા. બા. કૉલેજ સૂરતના સ્વ. વાઈસ-પ્રિન્સિપલ કમળાશંકર સુ. ત્રિવેદી દ્વારા રચિત ને કૉલેજ મૅગેઝીન 'सार्वजनिकम्'માં પ્રગટ થએલ તે વાચકોમાં આદર પામશે એવા આશયથી લખી મોકલું છું:

पीडितानाम् अनाथानाम् दीनानाम् श्रमजीवनाम् ।
उद्धाराय जनीः यस्य तम् गांधीम् प्रणतोऽस्म्यहम् ॥१॥
पराकार्यरतोनित्यम् सत्यम् यस्यै हृदि स्थितम् ।
अहिंसासीद् व्रतम् यस्य नमः तस्मै महात्मने ॥२॥
वदीर्णम् हृदयम् यस्य दृष्ट्वा देशम् द्विधाकृतम् ।
क्षमा यस्य महामंत्रः तम् गांधीम् प्रणतोऽस्म्यहम् ॥६॥
भ्राताभ्रातरम् अज्ञाननाम् हन्ति वैरम् व वर्धते ।
तद दृष्ट्वा व्यथितोनित्यम् तम् गांधीम् प्रणतोऽस्म्यहम् ॥४॥
निर्मोहोः मोहनाप्यासित् व्यथितोऽपि गतः ज्वरः ।
कृषोऽपि शक्तिसंपन्नः तम् गांधीम् प्रगतोऽस्म्यहम् ॥५॥
स्वजनान् हृदस्तक्त्वा य अधुना पीडितम् गतः ।
हन्तेऽपि प्रगति यस्य तम् गांधीम् प्रगतोऽस्म्यहम् ॥६॥
महात्मे इति अर्थम् युक्तम् ते नाम सर्वत्र विश्रुतम् ।
श्रवणात् कीर्तनात् यस्य जनाः पापैः विमुच्यते ॥७॥
देहि नः संमतिम् नित्यम् सदाचार रतिम् तथा ।
तेजसा स्वेन दौर्बल्यम् अस्माकम् भस्मसात् कुरु ॥८॥

(ભરૂચ) —રાજેન્દ્ર બ. વૈદ્ય

અથાણું

બારીમાંથી પથારીમાં તડકો આવવાને કારણે એક ભાઈ મોડે સુધી ઊંઘવાની મઝા માણી શકતા નહોતા. એક રવિવારે બજારમાંથી કાળો રંગ લાવી એમણે બારીના કાચ રંગી નાખ્યા. એ રાત્રે એમણે નિરાંતે ઊંઘ ખેંચી. સવારે જાગીને જોયું તો ઑફિસે જવાનું મોડું થઈ ગયું હતું. દોડાદોડ કરી તેઓ ઑફિસે પહોંચ્યા ને ઉપરીને કહેવા લાગ્યા: 'સાહેબ, જરા એક કલાક મોડું થઈ ગયું, પણ હું આજનું કામ ઝડપથી સાંજ સુધીમાં પતાવી દઈશ.'

'એક કલાક?!' સાહેબે આશ્ચર્યથી પૂછ્યું: 'પણ તમે સોમવારે ને મંગળવારે ક્યાં હતા?'

આ માસ રોજનીશીમાં: સમાજચિત્ર • સાહિત્યપ્રસંગ • જીવનઘટના

૨-૯-૧૯૪૭ (દિલ્હી):...બાપુજીને ફરી ઉધરસ ચડી એટલે—એ કહ્યું: 'હજી આપને ઉધરસ તો ન મટી. બાપુજી કહે: 'મારો રામ હશે તો મટશે. નહીંતર આમાં જ ચાલ્યું જવું ગમશે. હવે મને જીવવાનો જરાય મોહ નથી. હું બ્રિટિશરોની આટલી લડાઈ એમાં કદી ય નાસીપાસ નહોતો બન્યો. પણ આજે ઘરની વાત ક્યાં કરીએ? ભાઈઓ ભાઈઓને મારવા પ્રયત્ન કરીએ છીએ. એ જોવા હું નથી જીવવા માગતો.' (મનુબહેન ગાંધી)

૧૦-૧૦-૧૯૩૨ (યરવડાજેલ): મેઘાણીને 'છેલ્લી સલામ' કાવ્ય વિષે (ગાંધીજીએ) લખ્યું: 'વિલાયત જતાં જે પ્રસાદી તમે મોકલી હતી તે બહુ ગમી હતી. તેની સાથે આને હું નથી મૂકી શકતો.' રમણ સોનીને લખ્યું: 'કાવ્યો એકંદર ગમ્યાં છે. પણ કેટલાકની ભાષા કડવી લાગી છે ખરી.' પણ બંને કાગળમાં એક સામાન્ય વાક્ય: 'મને કાવ્યોની પરીક્ષા આવડતી નથી.' (મહાદેવ દેસાઇ)

૧૩-૧૦-૧૯૧૩ (અમદાવાદ): આનંદશંકરે આટલે દહાડે પોતાની એક બે વાતો, પ્રશંસા જેવી, કહી: સંસ્કૃતમાં ભાષણ કરવાનો અભ્યાસ (એમણે) અસલ બહુ રાખ્યો હતો તે એક. બીજું—ફર્સ્ટ બી. એ.માં તર્કસંગ્રહમાં પ્રશ્ન હતો કે એરિસ્ટોટલનું ત્રણ અવયવનું સિલૉજિઝમ સંસ્કૃત પાંચ અવયવના અનુમાન જોડે સરખાવો; તે વખત તેમણે ઉત્તર લખ્યો કે આ પ્રશ્નમાં જ ભૂલ છે. સંસ્કૃતમાં પણ જૈન ગ્રંથોમાં ત્રણ અવયવનું અનુમાન એરિસ્ટોટલ જેવું જ છે એ પોતે જાણતા હતા. (નરસિંહરાવ દિવેટિયા)

૧૪-૧૦-૧૯૪૯ (અમદાવાદ): તાત્યાસાહેબ (નરસિંહ ચિંતામણ) કેળકર ગુજરી ગયાના સમાચાર...૭૫ની ઉમર હતી. એક મહાન પુરુષ ચાલ્યો ગયો. લોકમાન્ય ટિળક સાથેની જીવંત સાંકળરૂપ વ્યક્તિ. એમને ઘેર તાર કર્યો. સૌ. શ્રી સરલાબેન અંબાલાલ (સારાભાઈ) આવ્યાં કસ્તૂરબા ગાંધીના ફંડ માટે અહીંથી ૭-૮ માઈલ પર કોબા ગામે જમીન લેવા વિષે ચર્ચા કરી. (ગ. વા. માવળંકર)

૧૫-૧૦-૧૯૩૨ (યરવડા જેલ) :...'લોકશિક્ષણ'માં 'તિલકભક્ત' નામધારી લેખકે કેળકરને સાઠ વરસ પૂરાં થયાં તે નિમિત્તે મહારાષ્ટ્રમાં થએલા ઉત્સવો ઉપર એક બહુ કડવો લેખ લખ્યો છે. એનામાં ધ્યેયશૂન્યતા છે, એ સ્વસ્થ-પ્રકૃતિ છે, તિલકની ગાદી સાચવવાને બદલે તિલકની સત્તાનો લોપ એણે આણ્યો, એવી ટીકા કડવી ભાષામાં કરેલી છે. આ વાત બાપુની આગળ કરતાં બાપુ કહે: 'એ બધું અસ્થાને છે, અપ્રસ્તુત છે. તિલકની ગાદી લેવી એટલે શું? તિલકના જેવા જ થવું એ અર્થ હોય તો કોઈએ તિલકની ગાદી લીધી નથી. અને એમ ગાદી લેવાતી હોય તો તિલકની વિશિષ્ટતા ચાલી જાય. ગાદી એણે જરૂર જાળવી, 'કેસરી' ચલાવ્યું, વધાર્યું. તે એટલે સુધી કે તિલક પાછા આવ્યા ત્યારે એ ગાદી પર બેસી ગયા ને બહાર ન ગયા હોય એ રીતે ચલાવવા માંડયું, મહાસભાનો કબજો લીધો અને હોમરૂલની ચળવળ ઉપાડી. એ બધાંનો યશ કેળકરને છે. (મહાદેવ દેસાઇ)

૧૭-૧૦-૧૯૨૧ (વાંદરા): કાગળ આવ્યો. ભાનુ (રાજકોટ). 'લોબરી' શબ્દ માટે તપાસ કરી. ધાબળી રંગે ધોળી, 'કાંબળી' કાળી અને 'લોબરી' લાલ હોય છે. ત્રણે વસ્તુ એક છે. પણ 'લોબરી' કુમાશમાં સારી ને કીમતી હોય છે. કાંબળી પેઠે ઓઢવાનું વસ્ત્ર છે. 'લોબરી'માં વચ્ચે છાંટ અથવા છાપો પાડેલી હોય તો ત્હેને ચુંદડી કહે છે, ને તે સ્ત્રીઓ પહેરે છે. (ન. દિ.)

૧૮-૧૦-૧૯૪૭ (ઉરલી કાંચન): વલ્લભભાઈનો...તાર: Your presence urgently required here for a couple of days મને આનો અંદાજ આવતો નથી. વલ્લભભાઈ મને શા સારુ બોલાવે! મિનિસ્ટ્રી વિષે કશુંક છે કે શું? (ગ. વા. માવળંકર)

૨૨-૧૦-૧૯૪૭ (દિલ્હી): મુકામ સરદાર વલ્લભભાઇને ઘેર...જૂની જ વાત. બંધારણસભાની ધારાકીય શાખા પ્રેસિડેન્ટના હાથ નીચે હોવી જોઇએ...પણ પ્રેસિડેન્ટ જો પ્રધાનમંડળમાં હોય તો ધારાસભાનો સ્પીકર સ્વતંત્ર જ જોઈએ. રાજેન્દ્રબાબુને પ્રધાનપદ છોડવું નથી, એટલે સ્પીકરને પ્રેસિડેન્ટના હાથ નીચે રાખવો એનો અર્થ...પ્રધાનમંડળને ધારાસભાના માથા પર બેસાડવું. રાજેન્દ્રબાબુની તબિયત સારી નથી...પણ એમનો પ્રેસિડેન્ટના માનનો મોહ છૂટતો નથી અને પ્રધાનમંડળના માણસોને સાફ વાત એમને કહેવાની હિંમત નથી. (ગ. વા. માવળંકર)

૨૩-૧૦-૧૯૧૫ (અમદાવાદ): ગાંધીના આશ્રમમાં ગયો. બંગલાના મેદાનમાં જાજમો ઉપર બધા બેઠા હતા...વાલજી દેસાઈ (ગુજરાત કૉલેજમાં આસિ. પ્રો. છે તે) પણ આશ્રમમાં હાલ છે તે મળ્યા. 'લીડ કાઈન્ડલી લાઈટ'નું ભાષાંતર ગાંધીની માગણીથી બધા મંડળ આગળ ગાઈ બતાવ્યું. ભાષાન્તર ગમ્યું. માત્ર 'પ્રેમલ' શબ્દ ખૂંચ્યો...ન્હાનાલાલ કવિને પણ ભાષાંતર કરવાનું સોંપ્યું છે. મ્હેં કહ્યું: એ સારું કરશે. હેમનામાં શબ્દો યોજવાની શક્તિ સારી છે. પછી કોકવાર વિચિત્રતા પણ થાય છે. તો ગાંધી કરે: મ્હેં હેમના વિશેની (તમારી) એ ટીકા—ગૂર્જર ભાષારૂપી માતાને પજવવા માટે પસ્તાવો કોકવાર થશે તે—વાંચી છે. ('જયા ને જયન્ત'ના અવલોકનમાં. ત્યહારે) 'વસન્ત' વગેરે ગાંધી વાંચતા જણાય છે. (નરસિંહરાવ દિવેટિયા)

૨૩-૧૦-૧૯૪૭ (દિલ્હી):...જૂનાગઢે કાઠિયાવાડને સારી પેઠે ગજાવ્યું છે. બાપુજી કહે: 'કાઠિયાવાડને ઓળખવામાં બહુ કુનેહ જોઈએ...એ પ્રજા ધારે તો ઘણું કરી શકે છે. કાઠિયાવાડમાં ઈતિહાસ પડયો છે, નૂર પડયું છે. ગામડાંઓમાં ગુણ, ભક્તિ અને નેકદિલી છે. પ્રજા ભોળી છે...આ અજ્ઞાન પ્રજામાં કળા, સૌંદર્ય વગેરે ઘણું ભર્યું છે. રાજકીયતામાં પણ તેઓ બહુ કુશળ છે, એના સાહિત્યની શોધખોળ પાછળ મેઘાણી ગાંડા હતા...જ્યારે આવું ડહોળાએલું વાતાવરણ હોય ત્યારે મેઘાણી જેવા...જો એ પ્રદેશોમાં હોય તો આખું વાતાવરણ પલવારમાં પલટાવી નાખે. સાહિત્યકારની સેવાઓની આટલી મોટી કદર છે. આવેલા પત્રો પરથી બાપુજીએ મેઘાણીને ઠીક ઠીક વખત યાદ કર્યા. (મનુબહેન ગાંધી)

૩૧-૧૦-૧૯૦૧ (માલેગાંવ): બે દિવસથી મ્હારી આગળ એક સારી ચાલના જામીન માગવાનો કેસ ચાલે છે. પાંચ ઈરાની-સોદાગરો તહોમતદાર છે. હેમને તો કાફલો તો બૈરાં છોકરાં સહિત ૧૦૦ એક જણાનો છે. નાસિકથી આવતે રસ્તામાં ગામડાંના લોકોને સતાવ્યા, જબરજસ્તીથી માલ લઈ ગયા વગેરે કર્યું છે. સાક્ષીઓ પૂરા થયા છે. આજ નિર્ણય આપવાનો છે. પુરાવા પરથી એ લોકોના જામીન લેવાની જરૂર જણાય છે, ને હું તે પ્રમાણે કરીશ. બહુ ભય નથી; પણ અસંભવ પણ નથી કે આ જંગલી લોકોના જંગલી સોબતીઓને હાથે મ્હારી સલામતી ને જીવ જોખમમાં પડશે. પણ તેથી કરીને ન્યાય આપવામાં ચૂક કરું તો ધિક! ધિક! (નરસિંહરાવ દિવેટિયા)

આ માસ (ઑકટોબર) ઇતિહાસમાં

તા. ૧, ૧૯૧૭: આદર્શ હિંદુત્વને ફરી ધબકતું કરવા 'ભારતભૂષણ' પંડિત મદનમોહન માલવીયજીએ બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયની સ્થાપના કરી.

તા. ૩, ૧૬૭૦: 'સ્વરાજ્ય'ની યોજનાને આર્થિક રીતે સધ્ધર કરવા શિવાજીએ સૂરત લૂટ્યું.



તા. ૪, ૧૯૧૭: રશિયાએ સૌપ્રથમ માનવસર્જિત ઉપગ્રહ 'સ્પુટનિક-૧' અવકાશમાં તરતો મૂક્યો એ ૧૮૪.૩ રતલ વજનનો ને ૨૨.૮ ઇંચ વ્યાસનો હોઈ ૫૬૦ માઈલ ઊંચે રહી કલાકના ૧૭,૭૧૨ માઈલના વેગે એ ૯૬.૨ મિનિટે પૃથ્વીની આસપાસ એક ચક્કર લેતો હતો. બીજે જ મહિને એણે વધુ મોટો ગ્રહ મોકલ્યો.



તા. ૮, ૧૮૭૩: વીસમી સદીની પહેલી પચ્ચીસીમાં વિવેકાનંદ પછી એટલો જ આદર પામનાર વેદાંત તત્ત્વજ્ઞ સ્વામી રામતીર્થ–મૂળ નામ તીર્થરામ–નો પંજાબના ગુજરાનવાલા ગામમાં ગોંસાઈ હીરાનંદજીને ત્યાં જન્મ. સિયાલકોટ અને લાહોરની કૉલેજમાં ગણિતના પ્રાધ્યાપક બન્યા પછી ૨૨ વર્ષની વયે ઘર છોડી હિમાલય ચાલ્યા ગયા ને એકાદ વર્ષ પછી સંન્યસ્ત લીધું. મથુરાના ધર્મોત્સવમાં પોતાનાં તેજ અને વ્યાખ્યાન-પ્રભાવથી દેશ-વિખ્યાતી પામી, તેહરીના રાજાના મોકલ્યા જાપાન-અમેરિકાનો વ્યાખ્યાન-પ્રવાસ કરીને અઢી વર્ષ પછી મિસરમાં ફારસી ભાષણો વડે જનહૃદય જીતી ૧૯૦૫માં ભારત આવ્યા ને હરદ્વાર જઈ રહ્યા, જ્યાં પોતાના ૩૪મા જન્મ-દિવસે ગંગામાં જળ સમાધિ લીધી.

તા. ૧૦, ૧૯૧૩: પૅસિફિક-ઍટલાંટિક મહાસાગરોને જોડતી પનામાની નહેર બંધાઈ.

તા. ૧૫, ૧૭૯૩: ફ્રાન્સની રાણી મારી આંત્વાનેતનો શિરચ્છેદ. પોતાના દુરાગ્રહી સ્વભાવ અને વિલાસી ઉડાઉગીરીથી ઘણી અળખામણી બની ગએલી એ રાણીને, સુઇ સોળમાના બિહંગ રાજ્યવહીવટમાં વર્ષોની હાડમારીથી ત્રાસીને બંડખોર બનેલી પ્રજાએ રાજાની સાથે કેદ કરી. અને એને દેશની દુર્દશાના એક કારણરૂપ ગણીએ પ્રજાએ એનો શિરચ્છેદ કર્યો.

તા. ૨૫, ૧૮૫૪: ક્રીમિયાના યુદ્ધમાં બાલાકલવામાં 'સૅન્ડ બૅગ બૅટરી' નામનું એક આગચનું મથક હાથ કરવા માત્ર ગણ્યાગાંઠ્યા જ સૈનિકો હોવા છતાં અંગ્રેજ સેનાપતિએ હુમલાનો હુકમ આપ્યો. એ ભૂલભરેલો હોવા છતાં ચોતરફથી રશિયન ગોળીમાર વચ્ચે અંગ્રેજોની 'લાઇટ બ્રિગેડ' હુમલો કર્યો અને બધા જ સૈનિકો એનાં ખપી ગયા. નિરર્થક



છતાં મર્દાનગીના ગૌરવભર્યા એ હુમલો આજ્ઞાપાલનનું એક અતિ ઉત્કૃષ્ટ ઉદાહરણ ગણાયો છે. 'ચાર્જ ઑવ ધ લાઈટ બ્રિગેડ'નામના કાવ્યમાં કવિ ટેનિસને એને બિરદાવ્યો છે.



તા, ૨૬, ૧૭૬૪ લંડનના જનસમાજનાં કેટલાંક પાસાં પર વેધક ચિત્રમાળા આપવા માટે વિખ્યાત ચિત્રકાર વિલિયમ હૉગાર્થનું અવસાન. લંડનના એક શિક્ષકના એ પુત્રે સોનીને ત્યાં કારીગરી શીખ્યા પછી કલા-સૂઝની અધૂરપ પૂરી કરવા કલાશિક્ષણ લીધું



એણે ઘણાં સારાં ચિત્રો આપ્યાં છે, પણ વધુ તો એણે નાટકના તખ્તા પર રજૂ થતાં દશ્યોની રીતે સમાજના કેટલાક સડા પર લઘુ ચિત્રોની જે હારમાળા આપેલી તે યુરોપભરમાં ખ્યાતિ પામેલી છે. (સાથેની એની એક કૃતિમાં એકાએક મોટો વારસો મેળવનાર આછકલા યુવાનનું આલેખન છે.)

તા, ૨૮, ૧૯૩૪ ગાંધીજીએ સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ લીધાની જાહેરાત કરી.

તા. ૩૧, ૧૫૧૭ અશિક્ષિત જનસમુદાયમાં પૈસા પેદા કરવા માટે મરણોત્તર સ્વર્ગની



બાંહેધરી આપતાં 'માફીપત્ર' વેચીને તથા અન્ય અનેક અંધશ્રદ્ધાનો ફેલાવો કરી સ્વાર્થ સાધતા ખ્રિસ્તી ધર્મગુરુઓની ગેરરીતિઓ ઉઘાડી પાડતા, ૯૫ જેટલા મુદ્દા લખીને જર્મનીની વિટનબર્ગ વિદ્યાપીઠના ધર્મશાસ્ત્રના અધ્યાપક માર્ટિન લ્યૂથરે ત્યાંના દેવળ પર જાહેર જનતાને વાંચવા માટે ચોડ્યા એ કાળે આ એક ઘણું ઉદ્દામ પગલું હતું લોકોની ધાર્મિક ગુલામી દૂર કરવા એણે ચલાવેલી આવી અનેક જેહાદ બદલ તેને ઘણો ત્રાસ વેઠવો પડયો પણ એણે પોતાનું સ્પષ્ટ વક્તવ્ય ફેરવ્યું નહિ જ. એણે લોકો વાંચીને આપમેળે વિચારી શકે એ સારુ બાઇબલનું જર્મનીમાં ભાષાંતર પણ કરેલું.

હાથની રેખા પ્રમાણે ચાલનારા છે ઘણા,
ચાલ તારાઓની બદલે એ જ શક્તિમાન છે.

—શેખાદમ આબુવાલા

ઇસ્ટ ઇંડિયન રેલવે કંપનીના જૂના કરારો પૂરા થતા હોઈ હવે વહીવટ રાજ્યે લઈ લેવો કે ફરી કરાર કરવા, એની ભલામણ કરવા ભારતમાંની અંગ્રેજ સરકારે લંડનમાં એક કમિટી બોલાવેલી. આખરી નિર્ણય વેળા સભ્યો સરખા મતે સામસામા હતા, ત્યારે રેલવેનું રાષ્ટ્રીયકરણ કરવાનો પોતાનો મત જો ફેરવે તો ભારતીય સભ્ય સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસને ત્રીસ વર્ષ સુધી વાર્ષિક સાત લાખ રૂપિયાની આવકવાળી જી. આઈ. પી. રેલવેની મૅનેજિંગ એજન્સી આપવાની દરખાસ્ત તેમની સામે આવી; પણ એમણે તો રોકડું પરખાવ્યું કે 'કમિટીના સભ્ય તરીકે હું મારો મત વેચીને પૈસા બનાવવા નથી માગતો.'

અનેકાર્થી શબ્દ: ઝાલર=ચીણવાળી કોરની કિનારી; ઝૂલ; પક્ષીની ચાંચ નીચે લટકતી માંસની ઝૂલ—અધોગંડ; માછલાંને શ્વાસ લેવાની ચૂઈ; મોગરી વડે વગાડાતી કાંસાની ઘડિયાળ—ગોળ જાડું ચકતું; દ્વિદળ કઠોળ—વાલ; એક પ્રકારનું પકવાન; કિનારો; મોલ.

ગણિતગમ્મત: તમે તમારા મિત્રને કોઈ બે આંકડાની રકમ ધારવાનું કહો. તેના દશકના અંકને પાંચ વડે ગુણાવો. હવે તેમાં કોઈ પણ એક અંક ઉમેરાવો (દાખલા તરીકે ૭). જે આવે તેના બમણા કરાવો. તેમાં એની ધારેલી રકમનો એકમનો આંક ઉમેરાવો અને શું આવ્યું તે એને પૂછો. તે જે જવાબ કહે તેમાંથી, તમે વચ્ચે જે રકમ ઉમેરવાની તેને કહેલી (૭) તેના બમણા તમારા મનમાં બાદ કરો, એટલે તેણે ધારેલી રકમ તમને મળી જશે. એ તેને કહો એટલે ચકિત થશે.

કહેવતોના અર્થ: 'વાતે પાપડ, વાતે વડી; વાતે વહુ ગધેડે ચડી.' વાતોના રસમાં પોતાનાં કામ રખડતાં મૂકતી, કે પોતાની આવડતનાં ખોટાં બણગાં ફૂંકતી વાતોડિયણ સ્ત્રી વસ્તુતઃ પોતે નુકસાનમાં ઊતરતી હોય છે અને પારકામાં વગોવાતી હોય છે તેનું નિદર્શન કરાવતી કહેવત.

આપણા જમણા ફેફસાનું વજન ૨૪ ઔંસ અને ડાબા ફેફસાનું ૨૦ ઔંસ હોય છે. એમાં રહેલા શ્વાસકોષોની સંખ્યા સાડા બોંતેર કરોડ જેટલી હોય છે!



જોડિયા પેટાળવાળું માટીનું આ મૂળ પાત્ર રંગે કાળું છે અને એના એક પેટાળ પર મથાળે માનવ મુખાકૃતિ ઉપરાંત 'રે' માછલી ને પેલિકન પક્ષીની સ્પષ્ટ સુંદર આકૃતિ ઉપસાવેલી છે. મધ્ય અમેરિકાના વિસ્તારમાં પ્રાચીન કાળમાં વિકસેલી ઇન્કા સંસ્કૃતિના સમયનું આ કલાકૌશલ એમની સિદ્ધિનું દ્યોતક છે.

સંતતિનિયમન આયોગ તરફથી બહાર પડતી માસિક પત્રિકાના છેલ્લા અંકમાં જાહેર કર્યા પ્રમાણે તા. ૧ જૂનથી ૧ જુલાઈ ૧૯૬૯ સુધીના એક માસમાં થએલા ૧૧,૩૭,૫૯૪ જીવ-વધારા સાથે ભારતની વસતિ તા. ૧ જુલાઇના રોજ ૫૩,૬૦,૬૮,૧૪૬ની થઇ છે.

ડમરો (યા મરવો)—સુગંધીદાર પાન ધરાવતી ઔષધી—અને તુલસીના પાનના રસનાં ટીપાં કાનમાંથી નીકળતા પરુ, કાનમાંની ફોલ્લી તથા બહેરાશ પર ગુણ કરશે.

દાદર ઉપર કુદીનાનો રસ ચોપડી જોજો.



ઑક્ટો. ૩૦ થી નવે. ૭ સુધી નવી દિલ્હીમાં યોજાનાર ૫૭મા આંતર્સંસદીય સંમેલન નિમિત્તે ૩૦ ઑક્ટોબરે બહાર પડનારી ભારતની ખાસ ટપાલટિકિટ, જેમાં આપણા સંસદ ભવન ને પૃથ્વીના ગોળાનું સૂચક આલેખન છે.




આંતર્શાસનસમુદ્રીપરામર્શ સંગઠનની દસમી જયંતી નિમિત્તે આ માસની ૧૪મી તારીખે બહાર પડેલી ભારતની ૨૦ પૈસાની ખાસ ટપાલટિકિટ, જેમાં એ સંગઠનની ધ્યાનસંજ્ઞા અને તેલવાહક જહાજનું આલેખન છે.

જગુ: (ડેન્ટિસ્ટને) મારે એક દાંત ખેંચાવવો છે. પણ મારે જરા ઉતાવળ છે; એટલે પેઢામાં ઇન્જેકશન નહિ આપો તો ચાલશે. એમ ને એમ જ ખેંચી કાઢજો!

ડેન્ટિસ્ટ: વાહ બહાદુર છોકરો લાગે છે! જોઉં, કયો દાંત છે.

જગુ: (પોતાના નાના ભાઈને) જમુ, તારો દાંત એમને બતાવ.



બીજા મહાયુદ્ધમાં જાપાને ત્રણ વરસ સુધી બ્રહ્મદેશ પર કબજો રાખેલો ત્યારે તેણે ત્યાં કાઢેલી નોટ